નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૪૯ |
| પાઉન્ડ | ૧૦૫.૬૫ |
| યુરો | ૯૦.૬૭ |
| સઉદી રિયાલ | ૨૨.૨૬ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૫,૬૨૫ |
| ચાંદી (૧ કિલો) | ૮૯,૧૦૦ |

FZRA International Services
મોહર્રમ ઉમરાહ
28-07-2024
Day - 20
Rs. 78999
GOLD PACKAGE
August Umrah
Day - 20/
Rs. 85999
August -7, 18, 24
Fix Departure :- 28-07-2024
AHD To AHD
Mob. No. 90544 18103 / 97129 94010
Off. C-1 Aaysha Market, Mandvi BARODA.

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૨૮૮ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### મની લોન્ડ્રિંગ કેસોમાં મનસ્વી ધરપકડ સામે સર્વોચ્ચ અદાલતનો દૂરોગામી ચુકાદો

# સુપ્રીમે PMLA કેસોમાં EDની ધરપકડની સત્તા ઘટાડી, જામીનના નિયમો હળવા કર્યા

## ચુકાદામાં સર્વોચ્ચ અદાલતની માર્ગદર્શિકાનો ઉદેશ્ય PMLA હેઠળ આરોપીના અધિકારો અને ન્યાયીપણાને બહોળો કરવાનો છે, આરોપીની ધરપકડ કરવાની EDની સત્તાને પ્રતિબંધિત કરતો ચુકાદો મની લોન્ડ્રિંગના કેસોમાં વધુ મજબૂત પ્રક્રિયાગત રક્ષણ રજૂ કરે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ભારતની સર્વોચ્ચ અદાલતે પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રિંગ એક્ટ (PMLA) સાથે સંબંધિત કેસોમાં મનસ્વી ધરપકડ સામે રક્ષણાત્મક પગલાં સ્થાપિત કરવા અને જામીનના નિયમો હળવા કરવાના હેતુથી સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે, એક વખત સ્પેશિયલ કોર્ટે મની લોન્ડ્રિંગની ફરિયાદને ધ્યાનમાં લીધા પછી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) PMLAની કલમ ૧૯ હેઠળ સત્તાનો ઉપયોગ કરીને આરોપીની ધરપકડ કરી શકે નહીં. ચુકાદો એવા કેસ (તરસેમ લાલ વિરુદ્ધ ઈડી)ના જવાબમાં આવ્યો હતો જેમાં સ્પેશિયલ કોર્ટે ગુનાનું સંજ્ઞાન લીધા પછી પણ મની લોન્ડ્રિંગ કેસમાં આરોપીએ જામીન માટે આકરી કસોટીને પૂર્ણ કરવી જોઈએ કે કેમ તે ધ્યાને લીધું હતું. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, એકવાર વિશેષ અદાલતે સંજ્ઞાન લીધા પછી ઈડી અને તેના અધિકારીઓને પીએમએલએની કલમ ૧૯ હેઠળ આરોપીઓની ધરપકડ કરવા પર પ્રતિબંધ છે. તેના બદલે જો ઈડી આરોપીની કસ્ટડી માંગે છે તો તેઓએ સ્પેશિયલ કોર્ટમાં અરજી કરવી પડશે જે પછી આરોપીને સમન્સ જારી કરશે. વધુમાં સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે, PMLA હેઠળ જારી કરાયેલા સમન્સના અનુસંધાનમાં સ્પેશિયલ કોર્ટ સમક્ષ હાજર થનાર આરોપીને એક્ટની કલમ ૪૫ હેઠળ જામીન માટેના આકરી બે કસોટીને સંતોષવાની જરૂર નથી. તેણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સમન્સ જારી કરવાનો અર્થ એવો નથી થતો કે આરોપી કસ્ટડીમાં છે. વધુમાં જો આરોપી હાજર થવામાં નિષ્ફળ જાય તો સ્પેશિયલ કોર્ટ ક્રિમિનલ પ્રોસિજર (CrPC)ની કલમ ૭૦ હેઠળ વોરંટ જારી કરી શકે છે જે જામીનપાત્ર વોરંટથી શરૂ થાય છે અને જો જરૂરી હોય તો બિનજામીનપાત્ર સુધી વધારી શકે છે. જો આરોપી વોરંટનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો જામીન રદ થઈ શકે છે. સુપ્રીમ કોર્ટે એ પણ રૂપરેખા આપી હતી કે, જો ઈડી સ્પેશિયલ કોર્ટમાં હાજર થયા પછી આરોપીઓની કસ્ટડી લેવા માંગે છે તો ઈડીએ કસ્ટડીની પૂછપરછને યોગ્ય ઠેરવતા કારણો આપીને કોર્ટમાં અરજી કરવી પડશે. વધુમાં કોર્ટે ચુકાદો આપ્યો હતો કે, જો ઈડી સમાન ગુનામાં વધુ તપાસ કરવા માંગે છે તો તે એવી વ્યક્તિની ધરપકડ કરી શકે છે કે, જેને ફરિયાદમાં શરૂઆતમાં આરોપી તરીકે નામ આપવામાં આવ્યું હોય, જો કે, કલમ ૧૯ની જરૂરિયાતો પૂરી કરવાની જરૂર છે. વધુમાં સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે, જો ઈડી ફરિયાદ દાખલ ન થાય ત્યાં સુધી આરોપીની ધરપકડ ન કરે તો વિશેષ અદાલતે સંજ્ઞાન લેતી વખતે વોરંટને બદલે આરોપીને સમન્સ જારી કરવું જોઈએ. જો આરોપી જામીન પર હોય તો પણ સમન્સ જારી કરવું જ પડશે. આ ચુકાદામાં સર્વોચ્ચ અદાલત દ્વારા નિર્ધારિત માર્ગદર્શિકાનો ઉદેશ્ય PMLA હેઠળ આરોપી વ્યક્તિઓના અધિકારોની નિષ્પક્ષતા અને રક્ષણ કરવાનો છે. આ ચુકાદો સ્પેશિયલ કોર્ટે સંજ્ઞાન લીધા પછી આરોપીઓની ધરપકડ કરવાની ઈડીની સત્તામાં ઘટાડો કરે છે જેનાથી મની લોન્ડ્રિંગના કેસોમાં વધુ પ્રક્રિયાગત સુરક્ષા પૂરી પાડવામાં આવે છે.

CELEBRATING EXCELLENCE
33 years
GT

# જો સ્પેશિયલ કોર્ટે PMLA ફરિયાદની નોંધ લીધી હોય તો ED આરોપીની ધરપકડ કરી શકે નહીં : સુપ્રીમ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

સુપ્રીમ કોર્ટે ગુરૂવારે ઠરાવ્યું કે જો સ્પેશિયલ કોર્ટ મની લોન્ડ્રિંગની ફરિયાદ પર ધ્યાન આપે તો એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અને તેના અધિકારીઓ મની લોન્ડ્રિંગ નિવારણ એક્ટ (PMLA)ની કલમ ૧૯ હેઠળ સત્તાનો ઉપયોગ કરતા આરોપીની ધરપકડ કરી શકશે નહીં. જસ્ટિસ અભય એસ. ઓકા અને ઉજ્જલ ભૂયાનની બનેલી સર્વોચ્ચ અદાલતની બેન્ચે કહ્યું કે, જો ઈડી આવા આરોપીની કસ્ટડી ઈચ્છે છે તો તેમણે વિશેષ અદાલતમાં અરજી કરવી પડશે. બેન્ચને ટાંકવામાં આવતાં અહેવાલમાં કહેવાયું કે, 'સેક્શન ૪૪ હેઠળ ફરિયાદના આધારે પીએમએલએની કલમ ૪ હેઠળ સજાપાત્ર અપરાધની નોંધ લેવામાં આવે તે પછી ઈડી અને તેના અધિકારીઓ કલમ ૧૯ હેઠળ ફરિયાદમાં આરોપી તરીકે દર્શાવાયેલા વ્યક્તિની ધરપકડ કરવા માટે સત્તાનો ઉપયોગ કરવામાં શક્તિહીન છે. જો ઈડી એ જ ગુનાની વધુ તપાસ કરવા માટે સમન્સ બજાવ્યા પછી હાજર થયેલા આરોપીની કસ્ટડી માંગે છે તો ઈડીએ સ્પેશિયલ કોર્ટમાં અરજી કરીને આરોપીની કસ્ટડી લેવી પડશે.' બેંચે ઉમેર્યું કે,



**ED ફરિયાદ દાખલ કર્યા પછી કોર્ટની મંજૂરી વિના PMLA હેઠળ આરોપીની ધરપકડ ન કરી શકે : સર્વોચ્ચ અદાલત**

આરોપીને સાંભળ્યા પછી વિશેષ અદાલતે સંક્ષિપ્ત કારણો નોંધ્યા પછી અરજી પર આદેશ પસાર કરવો જોઈએ. અરજીની સુનાવણી કરતી વખતે કોર્ટ કસ્ટડીની પરવાનગી આપી શકે છે જો તે સંતુષ્ટ હોય કે કસ્ટોડિયલ પૂછપરછ જરૂરી છે, તેમ છતાં કલમ ૧૯ હેઠળ આરોપીની ક્યારેય ધરપકડ કરવામાં આવી ન હોય.

ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટની બેન્ચે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જો ઈડી એ જ ગુના અંગે વધુ તપાસ કરવા માંગે છે તો 'તે એવી વ્યક્તિની ધરપકડ કરી શકે છે જે પહેલાથી દાખલ કરાયેલ ફરિયાદમાં આરોપી તરીકે દર્શાવવામાં આવી ન હોય અને જો કલમ ૧૯ની જરૂરિયાતો પૂરી કરવામાં આવી હોય.' વધુમાં અહેવાલો મુજબ બેન્ચે કહ્યું કે, 'જો ફરિયાદ દાખલ ન થાય ત્યાં સુધી ઈડી દ્વારા આરોપીની ધરપકડ કરવામાં ન આવી હોય તો વિશેષ અદાલતે સામાન્ય નિયમ તરીકે ફરિયાદની સંજ્ઞાન લેતા આરોપી સમન્સ જારી કરવું આવશ્યક છે પરંતુ વોરંટ નહીં. જો આરોપી જામીન પર હોય તો પણ સમન્સ જારી કરવું જ પડશે.' ન્યાયાધીશોએ એવું પણ સૂચન કર્યું હતું કે, જો આરોપી સમન્સના અનુસંધાનમાં સ્પેશિયલ કોર્ટ સમક્ષ હાજર થાય તો તેને કસ્ટડીમાં ગણી શકાય નહીં અને આવા કેસમાં જામીનની જરૂર નથી. વધુમાં બેન્ચે કહ્યું કે, જો આરોપી હાજર ન થાય તો સ્પેશિયલ કોર્ટ કલમ ૭૦ સીઆરપીસીના સંદર્ભમાં વોરંટ જારી કરી શકે છે, જો કે, વિશેષ અદાલતે પહેલા જામીનપાત્ર વોરંટ જારી કરવું જોઈએ. જો જામીનપાત્ર વોરંટની સેવા લાગુ કરવી શક્ય ન હોય તો બિનજામીનપાત્ર વોરંટનો આશરો લઈ શકાય છે.

## ક્યા બાત હૈ ?!

**મુખ્યમંત્રી પાછળ રોજના દશ કરોડ રૂપિયા ખર્ચાય છે એ જાણીને મને ગર્વની લાગણી થાય છે, તમને થાય છે ?**



- જામી

# પાંચ જૂને ભાજપના ભાગલા પડી જશે, મોદી વડાપ્રધાન પદે જળવાઈ નહીં રહે : ઉદ્ધવ ઠાકરે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

નાસિકની રેલીમાં ઉદ્ધવ ઠાકરેએ કેન્દ્ર સરકાર પર જોરદાર નિશાન સાધ્યું છે. મંચ પરથી બોલતા શિવસેના (યુબીટી) પ્રમુખે દાવો કર્યો હતો કે, ભાજપ પાંચ જૂને વિભાજિત થઈ જશે. ઠાકરેએ એવો પણ દાવો કર્યો હતો કે, હવે નરેન્દ્ર મોદી વડાપ્રધાન નહીં બને. ઉદ્ધવ ઠાકરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સવાલ કર્યો હતો કે, તું હવે તમારી પાસે આગામી કોઈ પ્લાન છે. એ નક્કી છે કે, તમે હવે વડાપ્રધાન નથી બનવાના. ભાજપ અને વડાપ્રધાન મોદીએ મહારાષ્ટ્રની છેતર્યા છે. ઉદ્ધવ ઠાકરેએ એકવાર ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં પીએમ મોદી માટે વોટ માંગ્યા હતા. હવે

## ઉદ્ધવ ઠાકરેએ એકવાર ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં PM મોદી માટે વોટ માંગ્યા હતા, હવે તેમણે આ માટે માફી માંગી છે, ઉદ્ધવ ઠાકરેએ ભવિષ્યવાણી કરી છે કે, આગામી પાંચ જૂન પછી મોદી વડાપ્રધાન નહીં બને

તેમણે આ માટે માફી માંગી છે. ઉદ્ધવ ઠાકરેનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પીએમ મોદીએ કહ્યું હતું કે, શિવસેના (યુબીટી) કોંગ્રેસમાં ભળી જશે. પીએમ મોદીના દાવાના જવાબમાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું, 'તમે દાવો કર્યો છે કે, અમારી પાર્ટી કોંગ્રેસમાં ભળી જશે, મને બીજેપીની વધુ ચિંતા છે. ૩૦ વર્ષથી બીજેપી સાથે હોવા છતાં અમે તેમાં ભળી શક્યા નથી. તે નક્કી થઈ ગયું છે કે, તમે પાંચ જૂન પછી પૂર્વ PM બનશો.' શિવસેના (UBT)ના વડા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, 'જો વિપક્ષનુ ઈન્ડિયા આગળ બંધન સત્તામાં આવશે તો મહારાષ્ટ્રનું ખોવાયેલું ગૌરવ પુનઃ સ્થાપિત થશે.' અહીં તેમના પક્ષના નાસિક લોકસભા બેઠકના ઉમેદવાર રાજાભાઈ વાઝે માટે પ્રચાર રેલીમાં બોલતા તેમણે ખેડૂતોને કૃષિ પેદાશો માટે લઘુત્તમ ટેકાના ભાવની ખાતરી અને કૃષિ ઈનપુટ્સ પર જીએસટી નાબૂદ કરવાનું વચન પણ આપ્યું હતું. ઠાકરેએ આરોપ લગાવ્યો કે મહારાષ્ટ્રએ ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૪૦થી વધુ સાંસદો આપ્યા, પરંતુ બદલામાં કંઈ મળ્યું નહીં. તમે બે કરોડ નોકરીઓનું વચન આપ્યું હતું. તે નોકરીઓ ક્યાં છે ? કેટલાક ગુજરાતીઓ મરાઠી લોકોને પ્રવેશ નકારે છે. શું આપણે આ સહન



કરીશું ? આશા વર્કરોને મહિનાઓથી માનદ વેતન મળતું નથી. અહીં આરોગ્યની સુવિધા નથી, નોકરીઓ નથી, ખેડૂતોને પૈસા નથી અને પાક લોન પણ મળતી નથી.

# કેજરીવાલને વચગાળાના જામીન આપવામાં 'કોઈ અપવાદ નથી', ચુકાદાના આલોચનાત્મક વિશ્લેષણનું સ્વાગત છે : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

સુપ્રીમ કોર્ટે ગુરૂવારે દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલને લોકસભાની ચૂંટણીમાં પ્રચાર માટે વચગાળાના જામીન આપવાનું અપવાદ હોવા અંગે રાજકીય વાટાઘાટો વિશે સ્પષ્ટતા કરી હતી અને કહ્યું હતું કે, આ ચુકાદાનું વિવેચનાત્મક વિશ્લેષણ આવકાર્ય છે. ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચે આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય સંયોજકને વચગાળાના જામીન આપવા સંબંધિત નિવેદનો પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અને કેજરીવાલના વકીલોના દાવાઓ અને કાઉન્ટર દાવાઓને ધ્યાનમાં લેવાનો ઈન્કાર કર્યો હતો. બેન્ચે કહ્યું કે, અમે કોઈના માટે કોઈ અપવાદ કર્યો નથી. અમે અમારા આદેશમાં એવું જ કહ્યું છે કે, અમને જે વાજબી લાગ્યું છે. ED માટે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ચૂંટણી રેલીઓમાં કેજરીવાલના એવા ભાષણો સામે વાંધો ઉઠાવ્યો હતો કે, જો લોકો AAPને મત આપશે તો તેમને ૨ જૂને પાછા જેલમાં જવું પડશે નહીં. બેન્ચે કહ્યું કે, આ તેમની ધારણા છે, અમે તે અંગે કંઈ કહી શકતા નથી. તેમણે ક્યારે આત્મસમર્પણ કરવું પડશે તે અંગે અમારો આદેશ ખૂબ જ સ્પષ્ટ છે. તે સર્વોચ્ચ અદાલતનો આદેશ છે. કાયદાનું શાસન આ આદેશ દ્વારા સંચાલિત થશે. મહેતાએ આરોપ લગાવ્યો હતો કે, કેજરીવાલે તેમના નિવેદનથી જામીનની શરતનું ઉલ્લંઘન કર્યું છે. જસ્ટિસ ખન્નાએ કહ્યું કે, કોર્ટનો આદેશ સ્પષ્ટ છે કે, તેણે ૨ જૂને આત્મસમર્પણ કરવું પડશે. ગૃહપ્રધાન અમિત શાહનું નામ લીધા વિના વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવી, જે કેજરીવાલના વકીલ છે, તેમણે એક મુલાકાતનો ઉલ્લેખ કર્યો જ્યાં શાહે કહ્યું કે, ઘણા માને છે કે, કોર્ટે AAP નેતાને ખાસ સુવિધા આપી હતી.

બેન્ચે સિંઘવીને કહ્યું કે, તે આ મુદ્દે ચર્ચા કરશે નહીં.

વરિષ્ઠ વકીલે કહ્યું કે, જો લોકો તેમની પાર્ટીને મત નહીં આપે તો કેજરીવાલે પાછા જેલમાં જવું પડશે તેવું કોઈ નિવેદન તેઓએ આપ્યું નથી. સિંઘવીએ એમ પણ કહ્યું કે, તે આ માટે સોગંદનામું આપી શકે છે. સુપ્રીમ કોર્ટ કથિત એક્સાઈઝ કૌભાંડમાંથી ઉદ્ભવતા મની લોન્ડ્રિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તેમની ધરપકડ સામે કેજરીવાલની અરજી પર સુનાવણી કરી રહી હતી.




# મુસ્લિમો માટે અલગ બજેટ ? : વડાપ્રધાન મોદીનો મોટો દાવો, 'મનમોહનસિંહ સરકાર બજેટના ૧૫ ટકા મુસ્લિમો પર ખર્ચવા માંગતી હતી'

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પાર્ટી પર મોટો આરોપ લગાવ્યો છે કે, તેઓ બજેટને ધાર્મિક આધાર પર વહેંચવાનો પ્રયાસ કરી રહ્યા છે, મોદીએ સ્પષ્ટતા કરી હતી કે, તેમની ક્રિયાઓનો હેતુ ધ્રુવીકરણ કરવાનો નથી પણ કોંગ્રેસની વિભાજનકારી વ્યૂહરચનાને ઉજાગર કરવાનો હતો**

**ન્યુઝ GT પોઈન્ટ:** કોંગ્રેસે તો રદિયો આપ્યો છે પરંતુ ૨૦૨૩ના બજેટમાં રૂા.૨૦૦ કરોડ તાલિબાની અફઘાનિસ્તાન સરકારને ફાળવેલ તે અંગે પોતે તેમજ મીડિયા કેમ ચૂપ છે ? તમારા મારા ટેક્સના પૈસા અન્ય દેશને ઈનામ કે ખેરાત તરીકે આપવાની જરૂર ? આ પૈસા જો કોંગ્રેસે આપ્યા હોત તો આખો દેશ ભડકે ના બળ્યો હોત ? શું શાળામાં કોઈ તોફાની વિદ્યાર્થીને જ ક્લાસ મોનિટર બનાવી દેવાય તો બધા જ શાંત બેસી જાય ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પાર્ટી પર બજેટને ધર્મના આધારે વહેંચવાનો આરોપ લગાવતા મોટો દાવો કર્યો છે. મોદીએ મનમોહનસિંહ સરકાર પર આરોપ લગાવ્યો છે કે, તે બજેટનો ૧૫ ટકા મુસ્લિમો પર ખર્ચ કરવા માંગતી હતી પરંતુ ભાજપના વિરોધને પગલે તે રોકાઈ ગઈ હતી. મોદીએ કહ્યું કે, કોંગ્રેસ તે સમયે ઈચ્છતી હતી કે, દેશના સમગ્ર બજેટનો ૧૫ ટકા હિસ્સો માત્ર મુસ્લિમો પર ખર્ચવામાં આવે. મોદીએ જણાવ્યું હતું કે, મનમોહનસિંહની આગેવાની હેઠળની સરકારે તેમની ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના તેમના કટ્ટર વિરોધને કારણે યોજના છોડી દેવી પડી હતી. પરંતુ હવે તેઓ આ તમામ જૂના એજન્ડાને લાગુ કરવા આતુર છે. તેમણે કહ્યું કે, જો કોંગ્રેસ ચૂંટાય છે તો તે ધર્મના આધારે બે બજેટ બનાવશે. હું બજેટને 'હિન્દુ બજેટ' અને 'મુસ્લિમ બજેટ'માં વિભાજિત કરવાની મંજૂરી આપીશ નહીં. પીએમ મોદીએ ધ્યાન દોર્યું હતું કે, તેમના આ નિવેદનો ધ્રુવીકરણને બદલે કોંગ્રેસની વિભાજનકારી યુક્તિઓનો પર્દાફાશ કરવાનો હતો. તેમણે કહ્યું કે, કોંગ્રેસની ઈકોસિસ્ટમ દ્વારા મારા પર હિન્દુ-મુસ્લિમ મુદ્દાઓ ઉઠાવવાનો આરોપ મૂકવામાં આવી રહ્યો છે, પરંતુ કોંગ્રેસ જ વિભાજન કરી રહી છે. શું મારે તેમના ઈરાદાઓ જાહેર ન કરવા જોઈએ ? શું મારે મારી છબીની ચિંતા કરવી જોઈએ અને મૌન રહેવું જોઈએ ? હું મારા દેશને આવી રીતે વિભાજિત થવા દઈશ નહીં. શું આપણે બધા ભારતીય નથી ? તેઓ ધર્મના આધારે રાષ્ટ્ર બનાવવા ઈચ્છતા હતા. કોંગ્રેસ લાચાર હતી. હવે તેઓ 'હિંદુ બજેટ' અને 'મુસ્લિમ બજેટ' વિશે વાત કરે છે. શું કોઈ દેશમાં હિંદુઓ અને મુસ્લિમો માટે અલગ બજેટ હોઈ શકે ? મોદીએ ધ્યાન દોર્યું હતું કે, કોંગ્રેસે ધર્મના આધારે ભંડોળની ફાળવણીને મંજૂરી આપી હતી અને રાજ્ય સરકારોને તેમના બજેટના પંદર ટકા માત્ર લઘુમતી સમુદાયના સભ્યોને ફાળવવા વિનંતી કરી હતી. તમે કલ્પના કરી શકો છો કે, આ રીતે બજેટને વિભાજિત કરવાનો વિચાર કેટલો ખતરનાક છે અને તમે જાણો છો, કોંગ્રેસ માટે માત્ર એક લઘુમતી તેમની પ્રિય વોટ બેંક છે.

# 'ખોટા અને વિચિત્ર આરોપ' : ચિદમ્બરમે મોદીના 'મુસ્લિમોને ૧૫ ટકા બજેટ ફાળવણી'ના આરોપની ટીકા કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

કોંગ્રેસના નેતા પી. ચિદમ્બરમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એવા દાવાને નકારી કાઢ્યો હતો કે, કોંગ્રેસ પાર્ટીએ કેન્દ્રીય બજેટના ૧૫ ટકા માત્ર મુસ્લિમો માટે ફાળવવાની યોજના ઘડી હતી, તેઓએ આ આરોપને વિચિત્ર, ખોટા અને આક્રોશજનક ગણાવ્યો હતો. કોંગ્રેસ બજેટને 'મુસ્લિમ બજેટ' અને 'હિંદુ બજેટ'માં વિભાજિત કરીને પોતાની વોટ બેંકને ખુશ કરવાનો પ્રયાસ કરે છે તેવા મોદીના આક્ષેપને જવાબ આપતા પૂર્વ કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, આ આરોપો તદ્દન ખોટા છે અને પીએમ મોદી પર દંભનો આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું કે, તેમણે હિંદુઓ અને મુસ્લિમોને વિભાજિત કરવાની તેમની સામાન્ય ચાલ રમી રહ્યા છે. વડાપ્રધાનના નિવેદનો વધુને વધુ વિચિત્ર થતાં જાય છે અને તે દર્શાવે છે કે, તેમના ભાષણ લેખકોએ તેમનું સંતુલન ગુમાવ્યું છે. મનમોહનસિંહે કેન્દ્રીય બજેટના ૧૫ ટકા માત્ર મુસ્લિમો પર ખર્ચ કરવાની યોજના ઘડી હોવાનો માનનીય મોદીનો આરોપ તદ્દન ખોટો છે. કોંગ્રેસ મુસ્લિમ બજેટ અને હિંદુ બજેટ રજૂ કરશે તેવો તેમનો વધુ આક્ષેપ આક્રોશજનક છે. ચિદમ્બરમે કહ્યું, વિશ્વભરના લોકો આવી ઘટનાઓને નજીકથી જોઈ રહ્યા છે અને વડાપ્રધાનના નિવેદનો વૈશ્વિક મંચ પર ભારતને યોગ્ય રીતે પ્રતિબિંબિત કરતા નથી. માત્ર ભારતીય લોકો જ નહીં, વિશ્વ ભારતીય વડાપ્રધાનના નિવેદનોને જોઈને વિશ્લેષણ કરી રહ્યું છે અને તે ભારતનું ગૌરવ નથી. જ્યારે મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં પિંપલગાંવ બસવંત ખાતે ચૂંટણી રેલી દરમિયાન વડાપ્રધાને કોંગ્રેસ પર સરકારી બજેટના ૧૫ ટકા મુસ્લિમો માટે ફાળવીને ભંડોળનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે બજેટના વિભાજન અને ધર્મના આધારે નોકરીઓ અને શિક્ષણમાં અનામતનો અમલ અટકાવવાનું પણ વચન આપ્યું હતું. મોદીએ કહ્યું કે, બજેટને ધાર્મિક આધાર પર વિભાજિત કરવું ખતરનાક છે.

# 'કોંગ્રેસે બજેટના ૧૫ ટકા મુસ્લિમોને ફાળવવાનું આયોજન કર્યું હતું' એવો વડાપ્રધાનનો આક્ષેપ દેશમાં ધર્મો અને જાતિઓ વચ્ચે વિસંવાદિતતા વધારી શકે છે : શરદ પવાર

**નાસિકમાં પાણીની ઉપલબ્ધતા અને તેના વિતરણનો મુદ્દો છે, NCP (SP)ના વડાએ કહ્યું કે, ઉપલબ્ધ પાણી ગુજરાત તરફ વાળવામાં આવે છે, NCP (SP)ના વડા શરદ પવારે આરોપ લગાવ્યો કે, મોદી ટીકા સહન કરી શકતા નથી પરંતુ અન્યો વિરુદ્ધ મનફાવે તેમ બોલે છે**

(એજન્સી) તા.૧૬

NCP (SP)ના વડા શરદ પવારે દાવો કર્યો હતો કે, તાજેતરના દિવસોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લેવામાં આવેલું વલણ સમુદાયોને નજીક લાવવાને બદલે દેશમાં સાંપ્રદાયિક વિસંગતતામાં વધારો કરી શકે છે. પવાર મહારાષ્ટ્રના ડિંડોરી (ST) લોકસભા મતવિસ્તારમાં તેમની પાર્ટીના ઉમેદવાર ભાસ્કર ભગરેના સમર્થન માટે એક રેલીમાં બોલી રહ્યા હતા જ્યાં ભાજપે વર્તમાન સાંસદ અને કેન્દ્રીય આરોગ્ય રાજ્ય મંત્રી ભારતી પવારને મેદાનમાં ઉતાર્યા છે.

નરેન્દ્ર મોદી દેશના પ્રથમ વડાપ્રધાન છે જેમણે વિવિધ ધર્મો અને જાતિઓ વચ્ચે વિસંગતતા વધારતા નિવેદનો કર્યા છે. મેં આજે તેમનું ભાષણ નાસિકમાં સાંભળ્યું અને તે મારી અપેક્ષા મુજબ હતું. તેમણે એવી સ્થિતિ ઊભી કરી છે જેનાથી વિવિધ ધર્મો અને જાતિઓ વચ્ચે વિસંગતતા વધી શકે છે. આ સમુદાયો અને ધાર્મિક જૂથો એકબીજાની નજીક છે.

મોદીએ અગાઉના દિવસે આ જ મતવિસ્તારમાં એક રેલીમાં દાવો કર્યો હતો કે, કોંગ્રેસ, કેન્દ્રમાં તેના શાસન દરમિયાન, મુસ્લિમોને બજેટના ૧૫ ટકા ફાળવવાની યોજના બનાવી હતી. પવારે આ પ્રદેશમાં પાણીની અછતનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે, નાસિક જિલ્લામાં પાણીની ઉપલબ્ધતા અને તેના વિતરણનો મુદ્દો છે. ઉપલબ્ધ પાણીમાંથી અમુક ગુજરાત તરફ વાળવામાં આવે છે; રાજ્યનું નેતૃત્વ તેના વિશે શું કરી રહ્યું છે. પવારે આરોપ લગાવ્યો કે, મોદી ટીકા સહન કરી શકતા નથી પરંતુ અન્ય લોકો વિરુદ્ધ કંઈ પણ બોલે છે. તેઓ ખુલ્લેઆમ મુસ્લિમોને નિશાન બનાવી રહ્યા છે, વડાપ્રધાન તરીકે તેમણે તમામ જાતિ અને સંપ્રદાયના નાગરિકો માટે કામ કરવું જોઈએ.

# મોદીએ સપા અને કોંગ્રેસ પર CAA વિશે જૂઠાણું ફેલાવીને રમખાણો કરાવવાનો પ્રયત્ન કરવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) આઝમગઢ, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારના રોજ કહ્યું હતું કે, દેશે નાગરિકતા સુધારા કાયદા હેઠળ નાગરિકત્વ આપવાનું શરૂ કર્યું છે, તેમ છતાં વિરોધ પક્ષ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસે કાયદા વિશે જૂઠાણાં ફેલાવીને દેશમાં રમખાણો કરાવવાનો પ્રયત્ન કર્યો હતો. લાલગંજ વિસ્તારમાં લોકસભાની ચૂંટણીની રેલીને સંબોધતા તેમણે કહ્યું, CAA હેઠળ શરણાર્થીઓને નાગરિકતા આપવાનું કામ શરૂ થઈ ગયું છે. આ એવા લોકો છે જે લાંબા સમયથી દેશમાં શરણાર્થી તરીકે રહે છે અને જેઓ ધર્મના આધારે દેશના વિભાજનનો ભોગ બન્યા છે મોદીએ કોંગ્રેસ પર આ શરણાર્થીઓને નજરઅંદાજ કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો, કોંગ્રેસ અને સપાએ CAAના નામે જૂઠાણાં ફેલાવવાનો પ્રયત્ન કર્યો. તેઓએ ઉત્તરપ્રદેશ અને સમગ્ર દેશને રમખાણો તરફ ધકેલવાનો પ્રયાસ કર્યો. વડાપ્રધાને કહ્યું કે, જો કે, ઈન્ડિયા જૂથમાં રહેલા લોકો દાવો કરે છે કે, તેઓ CAA હટાવી દેશે, કોઈ પણ એવું કરી શકશે નહીં.

# જેમના છેલ્લા શબ્દો 'હે રામ' હતા, કોંગ્રેસ તે ગાંધીજીને અનુસરે છે : પ્રિયંકા

(એજન્સી) તા.૧૬

કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ ગુરુવારે કહ્યું હતું કે, તેમની પાર્ટી મહાત્મા ગાંધીના આદર્શોને અનુસરે છે, જેમના છેલ્લા શબ્દો 'હે રામ' હતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના તેમના પર ધર્મ વિરોધી હોવાનો આરોપ લગાવવાના ખોટા છે. પ્રિયંકાએ રાયબરેલીના જિલ્લા મુખ્યાલયથી લગભગ ૨૦ કિ.મી. દૂર ચૌહદ મિલ રાઉન્ડઅબાઉટ ખાતે એક ચૂંટણી રેલીને સંબોધતા જણાવ્યું હતું કે, 'તેઓ અમારા પર હિંદુ ધર્મની વિરુદ્ધ હોવાનો આરોપ મૂકે છે. અમે મહાત્મા ગાંધીના આદર્શને અનુસરીએ છીએ, જેમણે મૃત્યુ પામ્યા હતા ત્યારે 'હે રામ' કહ્યું હતું.' તેણીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે, જ્યારે ભગવા પક્ષ 'હિંદુ ધર્મનો ચેમ્પિયન' હોવાનો દાવો કરે છે, ત્યારે ઉત્તરપ્રદેશમાં રાજ્ય સંચાલિત ગૌશાળાઓની સ્થિતિ દયનીય છે. તેમણે કહ્યું, 'તેઓ અયોધ્યામાં અભિષેક સમારોહ માટેના આમંત્રણોને નકારવા માટે અમને વિરુદ્ધ હોવાનો આરોપ મૂકે છે. જરા યુપીમાં ગૌશાળાઓની સ્થિતિ જુઓ, જ્યાં એક વીડિયોમાં કૂતરાઓ મૃત ગાયનું માંસ ખાતા જોવા મળે છે.'

# હલ્દવાની હિંસા : પોલીસે વધુ આરોપીઓ પર UAPA હેઠળ આરોપ મૂક્યો કૌમી એકતા મંચે સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળની તપાસની માંગ કરી

(એજન્સી) દેહરાદૂન, તા.૧૬

ઉત્તરાખંડ પોલીસે ૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બનેલી હલ્દવાની હિંસા કેસમાં સાત મહિલાઓ સહિત તમામ ૧૦૭ આરોપીઓ સામે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) હેઠળ કડક જોગવાઈઓ ઉમેરી છે. પોલીસ ગોળીબાર અને પોલીસ દમનમાં હિંસામાં સાત લોકોનાં મોત થયા હતા અને ડઝનેક લોકો ઘાયલ થયા હતા. આ હિંસામાં કરોડોની ખાનગી મિલકતોને પણ નુકસાન થયું હતું. કૌમી એકતા મંચે આ હિંસા અંગે સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળની તપાસની માંગ કરી છે. તમામ આરોપીઓ હાલ જેલમાં છે. પોલીસે ૨૬ ફેબ્રુઆરીએ જ યુએપીએ હેઠળ ૩૬ લોકો સામે કાર્યવાહી કરી હતી. તેણે હવે યુએપીએ હેઠળ સાત મહિલાઓ સહિત ૭૧ વધુ વ્યક્તિઓ પર આરોપ મૂક્યો છે. કુલ ૯૮ આરોપીઓને જિલ્લા ન્યાયાધીશ, હલ્દવાની સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ તેઓને વધુ ૨૮ દિવસ માટે ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. કૌમી એકતા મંચ (QEM)ના કન્વીનર રજની જોશીએ તેના અહેવાલના મુખ્ય તારણો વિશે સમજાવ્યું અને બનફૂલપુરા ઘટનાની સુપ્રીમ કોર્ટ દ્વારા દેખરેખ હેઠળની તપાસની માંગ કરી છે. મંચે તેના અહેવાલમાં હિંસામાં માર્યા ગયેલા લોકોના પરિજનોને ૨૫ લાખ, ઘાયલ વ્યક્તિઓ માટે પાંચ લાખ અને પોલીસ કાર્યવાહીમાં તેમની સંપત્તિ ગુમાવનારાઓને નાણાકીય વળતરની માંગ કરી હતી. પ્રેસ કોન્ફરન્સમાં ભાગ લેનારાઓમાં પ્રગતિશીલ મહિલા એકતા કેન્દ્રના રજની જોષી, ઉત્તરાખંડ મહિલા મંચના બસંતી પાઠક, ક્રાંતિકારી લોક અધિકાર મંચના પીપી આર્ય, સીપીઆઈ(એમએલ)ના કે.કે. બોરા, ઈન્કલાબી મઝદૂર કેન્દ્રના રોહિત, પ્રવર્તનકામી સંગઠનના મહેશ અને સંગઠન મંત્રી મંડળના મહેશ અને સંગઠન મંત્રી સંઘના મંત્રીનો સમાવેશ થાય છે. ફેક્ટ-ફાઈન્ડિંગ ટીમે શોધી કાઢ્યું હતું કે, આ હિંસક ઘટના વહીવટની સંપૂર્ણ નિષ્ફળતા અને રાજ્ય સરકારના સાંપ્રદાયિક-પક્ષપાતી વલણનું પરિણામ છે. આ અહેવાલમાં ઉત્તરાખંડના મુખ્યપ્રધાન પુષ્કરસિંહ ધામી અને સ્થાનિક સાંસદે ઘાયલ પોલીસ કર્મચારીઓની મુલાકાત લીધી હતી પરંતુ પોલીસ ગોળીબારમાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોની અવગણના કરી હતી તે દર્શાવીને રાજકીય નેતૃત્વના બેવડા ધોરણોને પણ દર્શાવવામાં આવ્યા છે. કર્ફ્યુ દરમિયાન ગરીબ લોકો પર કથિત પોલીસ દમનને સંપૂર્ણપણે અવગણવામાં આવ્યું હતું. મંચના ફેક્ટ-ફાઈન્ડિંગ રિપોર્ટ દ્વારા બનફૂલપુરા હિંસા પહેલા, દરમિયાન અને પછીના તેમના કથિત પક્ષપાતી સાંપ્રદાયિક અભિગમ માટે ભાજપ રાજ્ય સરકાર અને પોલીસ વહીવટીતંત્ર પર આરોપ મૂક્યો છે. આ અગાઉ પૂર્વ અમલદારો, પોલીસ અધિકારીઓ અને રાજદ્વારીઓ સહિત ૮૩ વરિષ્ઠ નિવૃત્ત નાગરિક કર્મચારીઓના જૂથે, આ વર્ષે માર્ચમાં ઉત્તરાખંડના મુખ્ય સચિવ રાધારાતુરીને લખેલા પત્રમાં, હલ્દવાનીમાં હિંસા અંગે તેમની ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી અને તેને રોકવા માટે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી હતી. પૂર્વ વરિષ્ઠ અમલદારોએ પણ હલ્દવાની ઘટનાની નિષ્પક્ષ ન્યાયિક તપાસ અને વહીવટીતંત્ર દ્વારા અનુગામી પગલાંની માગણી કરી હતી. હસ્તાક્ષરકર્તાઓએ તેમના ૧૨ જૂન, ૨૦૨૩ અને ૧૮ જુલાઈ, ૨૦૨૩ના અગાઉના પત્રો તરફ પણ ધ્યાન દોર્યું હતું, જેમાં તેઓએ ઉત્તરાખંડ રાજ્યમાં લઘુમતી સમુદાયને નિશાન બનાવતા હિંસક અને ગુનાહિત અભિયાન અંગે ચિંતા વ્યક્ત કરી હતી. પુરોલા, બડકોટ અને હલ્દવાની નગરોમાં તોડફોડ અને દુકાનોના વિનાશ સહિત હિંસાની ઘટનાઓ બની હતી અને આતંકનું વાતાવરણ સર્જાયું હતું જેના કારણે મુસ્લિમ પરિવારોને વિસ્તાર છોડવાની ફરજ પડી હતી. આમાંથી ઘણા લોકો હજુ સુધી પરત ફરી શક્યા નથી. તે ખૂબ જ ચિંતાજનક છે કે, આ ઘટનાઓ પર કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. દ્વેષપૂર્ણ ભાષણોમાં સામેલ વ્યક્તિઓ સામે કાર્યવાહી પણ કરવામાં આવી નથી અને આ ગંભીર ગુનાઓ માટે આજ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. કાયદો ફક્ત બધા માટે સમાન રીતે લાગુ થવો જોઈએ. પૂર્વ અધિકારીઓએ એવી પણ વિનંતી કરી હતી કે ઉત્તરાખંડમાં અપ્રિય ભાષણ અને ટોળાની હિંસા અંગેના સુપ્રીમ કોર્ટના આદેશોને તાત્કાલિક લાગુ કરવામાં આવે અને સરકાર તેની તમામ ક્રિયાઓ ધાર્મિકતાને ધ્યાનમાં લીધા વિના રાજ્યના તમામ નાગરિકોને સુરક્ષાનો સંદેશ આપે તે સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક પગલાં લેવામાં આવે.

# શું તમે નશામાં છો કે મરી ગયા છો ? અમિત શાહે મમતા બેનરજીને 'મુલ્લાહ, મદ્રેસા, માફિયા કહ્યા બાદ મહુઆ' મોઈત્રાનો ચૂંટણી પંચને સવાલ

(એજન્સી) તા.૧૬

તૃણમૂલ કોંગ્રેસના ઉમેદવાર મહુઆ મોઈત્રાએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીની આગેવાની હેઠળની સરકાર વિરૂદ્ધ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા "મુલ્લા, મદરેસા, માફિયા" જેવી ટિપ્પણી મામલે આકરા પ્રહાર કર્યા હતા. તેમણે આવી ટિપ્પણી કરવા બદલ પણ અમિત શાહ સામે પગલાં ન લેવા બદલ ચૂંટણી પંચનો ઉધડો લઈ નાખ્યો હતો અને તેની આકરી ઝાટકણી કાઢતાં કહ્યું હતું કે શું ચૂંટણીપંચે નશો કર્યો છે, ડ્રગ્સ લીધો છે કે પછી તે મરી જ ગયું છે. ઉલ્લેખનીય છે કે, અમિત શાહે પ.બંગાળમાં રેલી દરમિયાન મુસ્લિમો વિરૂદ્ધ ટિપ્પણી કરતાં મુલ્લા, મદ્રેસા, માફિયા જેવા શબ્દો વાપરીને મમતા બેનરજીની સરકાર સામે નિશાન તાક્યું હતું. તેના પર વળતો પ્રહાર કરતાં મહુઆ મોઈત્રાએ સવાલોનો મારો ચલાવ્યો હતો અને તેમને ઘેર્યા હતા.



મહુઆ મોઈત્રાએ ચૂંટણી પંચને ટેગ કરતાં સવાલ કર્યો હતો કે શું તમે મરી ગયા છો કે ડ્રગ્સનો નશો કર્યો છે ? શું પીએમ મોદીની ઘૃણાસ્પદ, વિભાજનકારી અને હત્યારી વિચારધારા જ તમારી માર્ગદર્શક છે કે શું ?

બુધવાર ૧૫ મેના રોજ બંગાળમાં ચૂંટણી પ્રચારને સંબોધિત કરતા, અમિત શાહે પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC) સરકાર પર આકરા પ્રહારો કર્યા અને આરોપ મૂક્યો કે મમતા બેનરજીએ મા, માટી, માનુષ સરકારના પ્રારંભિક વચનને છોડી દીધું છે. અને તેના બદલે "મુલ્લા, મદ્રેસા, માફિયા" પર વધારે ધ્યાન આપી રહ્યા છે.

હાઈકોર્ટના ચૂકાદા છતાં કેન્દ્રીય ગૃહ પ્રધાને પશ્ચિમ બંગાળ સરકારની રાજ્યના ભંડોળમાંથી ઈમામો અને મુઅજ્જીનને માનદ વેતન આપવા બદલ પણ ટીકા કરી હતી. તેમણે સવાલ કર્યો કે "શું ઈમામો અને મુલ્લાઓને સરકારી તિજોરીમાંથી માનદ વેતન આપવું યોગ્ય છે ? કલકત્તા હાઈકોર્ટે તેની સામે આદેશ જારી કર્યો હતો, પરંતુ, બંગાળ સરકારે તેને વકફ બોર્ડ દ્વારા આપવાનું શરૂ કર્યું.

# એસ્ટ્રાઝેનેકાની કોવિડ રસી અન્ય દુર્લભ રક્ત વિકૃતિ સાથે જોડાયેલી છે

**એક અભ્યાસ એસ્ટ્રાઝેનેકાની કોવિશિલ્ડ રસીને રસી-પ્રેરિત રોગપ્રતિકારક થ્રોમ્બોસાયટોપેનિયા અને થ્રોમ્બોસિસ (VITT) નામના અન્ય જીવલેણ રક્ત ગંઠાઈ જવાના વિકાર સાથે જોડે છે, VITT ૨૦૨૧માં કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ઉભરી આવ્યું હતું, વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું કે, VITTએ પ્લેટલેટ ફેક્ટર-૪ (PF4) નામના પ્રોટીનને લક્ષ્ય બનાવતા હાનિકારક રક્ત ઓટોએન્ટિબોડીને કારણે થાય છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

એસ્ટ્રાઝેનેકાએ વેચાણમાં મંદી અને બજારમાં પૂરતા વિકલ્પોની ઉપલબ્ધતાને ટાંકીને કોરોના વાયરસ સામેની તેની રસી વૈશ્વિક પાછી ખેંચી લેવાની જાહેરાત કર્યાના એક અઠવાડિયા પછી નવા સંશોધનોએ તેને એક દુર્લભ ડિસઓર્ડર સાથે જોડ્યું છે.

સંશોધકોએ શોધી કાઢ્યું છે કે, ભારતમાં કોવિશિલ્ડ બ્રાન્ડ નામ હેઠળ વેચાતી એસ્ટ્રાઝેનેકા રસી, રસી-પ્રેરિત ઈમ્યુન થ્રોમ્બોસાયટોપેનિયા અને થ્રોમ્બોસિસ (VITT) નામના દુર્લભ રક્ત ગંઠાઈ જવાના વિકાર સાથે જોડાયેલી છે.

ઓસ્ટ્રેલિયાની ફ્લિન્ડર્સ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, જેમણે તાજેતરમાં ન્યુ ઈંગ્લેન્ડ જર્નલ ઓફ મેડિસિનમાં તેમનો અભ્યાસ શેર કર્યો હતો, VITT ૨૦૨૧માં કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ઉભરી આવ્યો હતો, ખાસ કરીને ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકા રસીના ઉપયોગ પછી જે એડેનોવાયરસ વેક્ટર પર આધારિત છે.

૨૦૨૩માં અલગ સંશોધનમાં સમાન PF4 એન્ટિબોડી સંડોવતા સામાન્ય શરદી જેવા કુદરતી એડેનોવાયરસ ચેપ સાથે સંકળાયેલ સમાન, ક્યારેક જીવલેણ ડિસઓર્ડર બહાર આવ્યું હતું.

ઓટોએન્ટિબોડીએ રોગપ્રતિકારક તંત્ર દ્વારા ઉત્પાદિત એન્ટિબોડીનો એક પ્રકાર છે જે ભૂલથી શરીરના પોતાના પેશીઓને નિશાન બનાવે છે અને હુમલો કરે છે, એવું વિચારીને કે તેઓ વિદેશી આક્રમણકારો છે. આ સ્વયંપ્રતિરક્ષા રોગો તરફ દોરી શકે છે, જ્યાં રોગપ્રતિકારક શક્તિ તંદુરસ્ત કોષો અને પેશીઓને નુકસાન પહોંચાડે છે.

અસરગ્રસ્ત દર્દીઓ ઘણીવાર મગજ અથવા પેટ જેવા અસામાન્ય સ્થળોએ લોહીના ગંઠાવાનું વિકાસ કરે છે. તેઓના લોહીમાં ડી-ડીમર નામના પદાર્થનું ઉચ્ચ સ્તર પણ હોય છે.

ફ્લિન્ડર્સ યુનિવર્સિટીના સંશોધકો ડૉ.જિંગ જિંગ વાંગ અને પ્રોફેસર ટોમ ગોર્ડન, અગાઉ ૨૦૨૨માં PF4 એન્ટિબોડીથી સંબંધિત આનુવંશિક જોખમ પરિબળને ઓળખી કાઢ્યું હતું.

આંતરરાષ્ટ્રીય સંશોધકો સાથેના તેમના તાજેતરના સહયોગમાં જાણવા મળ્યું છે કે, રસી-સંબંધિત VITT અને કુદરતી એડિનોવાયરસ ચેપ બંનેમાં PF4 એન્ટિબોડીઝ સમાન પરમાણુ હસ્તાક્ષર ધરાવે છે.

આ નવો અભ્યાસ, ફ્લિન્ડર્સ યુનિવર્સિટીમાં વિકસિત નવી પદ્ધતિનો ઉપયોગ કરીને દર્શાવે છે કે, વાયરસ અને રસીઓમાં એક સામાન્ય પરિબળ આ હાનિકારક એન્ટિબોડીઝને ઉત્તેજિત કરે છે.

સંશોધન સૂચવે છે કે, આ વિકૃતિઓમાં એન્ટિબોડી ઉત્પાદનની પદ્ધતિઓ લગભગ સમાન છે અને સમાન આનુવંશિક જોખમ પરિબળોને શેર કરે છે.

પ્રોફેસર ગોર્ડને સમજાવ્યું કે આ તારણોમાં નોંધપાત્ર ક્લિનિકલ અસરો છે. VITTમાંથી શીખેલા પાઠ કુદરતી એડેનોવાયરસ ચેપ પછી લોહી ગંઠાઈ જવાના દુર્લભ કેસોમાં લાગુ થઈ શકે છે અને રસીની સલામતી સુધારવામાં મદદ કરી શકે છે.

**તમારે ચિંતા કરવી જોઈએ ? :-** અમેરિકન સોસાયટી ઓફ હેમેટોલોજી અનુસાર, રસી-પ્રેરિત રોગપ્રતિકારક થ્રોમ્બોટિક થ્રોમ્બોસાયટોપેનિયા (VITT) કોવિડ રસી લીધાના ૪થી ૪૨ દિવસમાં થાય છે. તેથી ચિંતા કરવાની કોઈ જરૂર નથી. લક્ષણોમાં ગંભીર માથાનો દુઃખાવો, દૃશ્ય ફેરફારો, પેટમાં દુઃખાવો, ઉબકા અને ઉલટી, પીઠનો દુઃખાવો, શ્વાસ લેવામાં તકલીફ, પગમાં દુઃખાવો અથવા સોજો અને સરળ ઉઝરડા અથવા રક્તસ્રાવનો સમાવેશ થઈ શકે છે.

# સર્વોચ્ચ અદાલતે ન્યુઝક્લિકના સ્થાપક પ્રબીર પુરકાયસ્થની ધરપકડને કેમ અમાન્ય ઠરાવી ?

**મનસ્વી પોલીસ કાર્યવાહી સામે આરોપીઓને રક્ષણ આપતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ધરપકડના લેખિત કારણોની જાણકારી આપવી 'પવિત્ર' ફરજ છે અને UAPAના તમામ કેસોમાં લાગુ પડે છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

એક મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે ૧૫ મેના રોજ ઓનલાઈન પોર્ટલ ન્યુઝક્લિકના સ્થાપક પ્રબીર પુરકાયસ્થને કસ્ટડીમાંથી મુક્ત કરવાનો એમ કહીને આદેશ આપ્યો હતો કે, દિલ્હી પોલીસ દ્વારા કઠોર ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ, ૧૯૬૭ (UAPA) હેઠળ તેમની ધરપકડ અને રિમાન્ડ કાયદાની દૃષ્ટિએ 'અમાન્ય છે.'

જસ્ટિસ બી.આર. ગવઈ અને સંદીપ મહેતાની ખંડપીઠે એ ધ્યાન દોર્યું હતું કે, પુરકાયસ્થ કે તેમના નિયુક્ત વકીલને તેમની ધરપકડ માટે લેખિતમાં કોઈ આધાર પૂરો પાડવામાં આવ્યો ન હતો, જે 'પવિત્ર' ફરજ છે અને કોઈપણ પરિસ્થિતિમાં તેનો ભંગ કરી શકાતો નથી.

આ ચુકાદો કાયદા અમલીકરણ એજન્સીઓની યોગ્ય પ્રક્રિયા અને યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે, ખાસ કરીને કડક UAPA કેસમાં જ્યાં આરોપીઓ પર પુરાવા પૂરા પાડવાનો વિપરીત બોજ હોય. આના કારણે આવા કેસોમાં જામીન મેળવવું અત્યંત મુશ્કેલ બને છે.

**ધરપકડની 'ગેરકાયદેસરતા' :-** ધરપકડના મેમો મુજબ પુરકાયસ્થની ૩ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ સાંજે ૫:૪૫ વાગ્યે ધરપકડ કરવામાં આવી હતી. તેણે કથિત રીતે ચીન તરફી પ્રચાર ફેલાવવા માટે ચીની કંપનીઓ દ્વારા ભંડોળ મેળવ્યું હોવાના આધારે કડક UAPA જોગવાઈઓ લાગુ કરીને તેમની ધરપકડ કરવામાં આવી હતી. અગાઉ ૧૭ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ દિલ્હી પોલીસ દ્વારા UAPAની કલમ ૧૩ (ગેરકાયદેસર પ્રવૃત્તિઓ), ૧૬ (આતંકવાદી અધિનિયમ), ૧૭ (આતંકવાદી કૃત્યો માટે ભંડોળ એકત્ર કરવા), ૧૮ (ષડ્યંત્ર) અને ૨૨ (સી) (કંપનીઓ, ટ્રસ્ટો દ્વારા અપરાધો) અને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ (IPC)ની કલમ ૧૫૩-એ (વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવી) અને ૧૨૦-બી (ગુનાહિત કાવતરૂં)હેઠળ ગંભીર ગુનાની પરિકલ્પના કરતી FIR દાખલ કરવામાં આવી હતી.

કાર્યવાહી દરમિયાન પુરકાયસ્થ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે એવી દલીલ કરી હતી કે, કલમ હેઠળ બાંયધરી આપવામાં આવેલ મૂળભૂત અધિકારના ઉલ્લંઘનમાં તેમની ધરપકડ અને રિમાન્ડ ન થાય ત્યાં સુધી એફઆઈઆર જાહેરમાં ઉપલબ્ધ કરાવવામાં આવી ન હતી અને ન તો તેમને તેની નકલ આપવામાં આવી હતી. બંધારણના ૨૨(૧) વધુમાં કોર્ટને જાણ કરવામાં આવી હતી કે, ૪ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ સવારે પુરકાયસ્થને તેમના નિયુક્ત વકીલ અર્શદીપ ખુરાનાને જાણ કર્યા વિના તેમના નિવાસસ્થાને રિમાન્ડ જજ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. તેના બદલે તેનું પ્રતિનિધિત્વ કાનૂની સહાયતા વકીલ દ્વારા કરવામાં આવ્યું હતું જેની સાથે તેઓ અગાઉ ક્યારેય જોડાયેલા ન હતા.

પુરકાયસ્થના વકીલને આખરે સવારે ૭:૦૭ વાગ્યે વ્હોટ્સએપ મેસેજ દ્વારા રિમાન્ડની કાર્યવાહી વિશે જાણ કરવામાં આવી હતી - ૭ દિવસની પોલીસ કસ્ટડી મંજૂર કરતો રિમાન્ડ ઓર્ડર પહેલાથી જ પસાર થઈ ગયો હતો. જો કે, રિમાન્ડના હુકમમાં પાછળથી બે વાક્યો દાખલ કરવામાં આવ્યા હતા, જેથી હુકમ પસાર થાય તે પહેલાં વકીલને સાંભળવામાં આવ્યા છે તેવી છાપ ઉપસાવવામાં આવી હતી. આથી સિબ્બલે દલીલ કરી હતી કે, પંકજ બંસલ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા એન્ડ અદર્સ (૨૦૨૩)માં સુપ્રીમ કોર્ટના ચુકાદાનું ઉલ્લંઘન કર્યું હતું, જેમાં એવું માનવામાં આવ્યું હતું કે, બંધારણીય સુરક્ષાને અસર કરવા માટે તે જરૂરી છે, હવેથી આવી નકલ ધરપકડના લેખિત કારણો ધરપકડ કરાયેલ વ્યક્તિને ફરજિયાત અને અપવાદ વિના આપવામાં આવે છે.

બીજી તરફ, એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુ, દિલ્હી પોલીસ વતી હાજર થયા, તેમણે ધ્યાન દોર્યું કે પંકજ બંસલનો દાખલો માત્ર મની લોન્ડ્રિંગ નિવારણ અધિનિયમ, ૨૦૦૨ (PMLA) હેઠળ મની લોન્ડ્રિંગ કેસોમાં લાગુ થાય છે, UAPA હેઠળના કેસોમાં નહીં. કાયદા અધિકારીએ દલીલ કરી હતી કે, UAPAએ પોલીસને આરોપીને લેખિતમાં આપ્યા વિના ધરપકડના કારણોની માત્ર 'જાણ' કરવાની જરૂર છે.

**PMLA, UAPA અને કલમ ૨૨ :-** પુરકાયસ્થનો કેસ બંધારણના અનુચ્છેદ ૨૨(૧) હેઠળ પૂરા પાડવામાં આવેલ બંધારણીય સુરક્ષા પર આધારિત છે, જે સૂચવે છે કે, ધરપકડ કરવામાં આવેલી કોઈપણ વ્યક્તિને તેમની ધરપકડ માટેના કારણોની તાત્કાલિક જાણ કર્યા વિના કસ્ટડીમાં રાખી શકાય નહીં. તે વધુમાં જણાવે છે કે, ધરપકડ કરાયેલ વ્યક્તિને 'તેમની પસંદગીના કાનૂની વ્યવસાયી દ્વારા સલાહ લેવાનો અને બચાવ કરવાનો અધિકાર' નકારી શકાય નહીં.

નોંધનીય રીતે, PMLA અને UAPA બંનેમાં સમાન જોગવાઈઓ છે, જે અનુસાર આરોપીને ધરપકડના કારણોની સૂચના આપવી ફરજિયાત છે. PMLAની કલમ ૧૯ હેઠળ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અધિકારી પાસે માત્ર એવી સામગ્રી હોવી જોઈએ નહીં કે તે 'માનવા માટેના કારણો' આપે કે કોઈ વ્યક્તિ કાયદા હેઠળ ગુના માટે દોષિત છે, પરંતુ આવા કારણો પણ કોઈપણ વ્યક્તિની ધરપકડને અસર કરે તે પહેલા લેખિતમાં નોંધાયેલા હોવા જોઈએ. વધુમાં ધરપકડના આ લેખિત આધારો આરોપીને માન્ય ધરપકડ કરવા માટે જણાવવા જોઈએ.

પંકજ બંસલના સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર, આ ચુકાદો ધરપકડ કરાયેલ વ્યક્તિને ટ્રાયલ કોર્ટ સમક્ષ સાબિત કરવાની તક પૂરી પાડે છે કે, જામીનની રાહત મેળવવા માટે તે/તેણી આવા ગુના માટે દોષિત નથી તેવું માનવાના આધારો છે. તેવી જ રીતે, UAPAની કલમ 43A અને 43B આરોપીને વહેલી તકે ધરપકડના આધારો આપવાનો આદેશ આપે છે.

સિબ્બલે નિર્દેશ કર્યો હતો કે, બંને વૈધાનિક જોગવાઈઓની પરી ભાષા સમાન વિષયો પર જ છે અને આમ પંકજ બંસલમાં નિર્ધારિત કાયદો પુરકાયસ્થના કેસને પણ બરાબર રીતે લાગુ પડે છે.

**દિલ્હી હાઈકોર્ટનો ચુકાદો :-** ૧૩ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ આપવામાં આવેલા ચુકાદામાં દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ તુષાર રાવ ગેડેલાએ દિલ્હી પોલીસ સાથે સંમત થયા કે પુરકાયસ્થના કેસના તથ્યો પર પંકજ બંસલનો દાખલો લાગુ થશે નહીં. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પંકજ બંસલનો ચુકાદો કેવળ PMLA જોગવાઈઓના સંબંધમાં આપવામાં આવ્યો હતો અને તે 'કોઈપણ પ્રકારની કલ્પના દ્વારા UAPA હેઠળ ઉદ્ભવતા કેસોને લાગુ કરવા યોગ્ય નથી.'

# સરકારે સામાન્ય વપરાશની ૪૧ દવાઓના ભાવમાં ઘટાડો કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ફાર્માસ્યુટિકલ્સ વિભાગ અને નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA), એન્ટાસિડ્સ, મલ્ટીવિટામિન્સ અને ડાયાબિટીસ, હૃદય અને યકૃત જેવા રોગોની સારવારમાં ઉપયોગમાં લેવાતી ૪૧ સામાન્ય દવાઓ અને છ ફોર્મ્યુલેશનની કિંમતોમાં સરકારે ઘટાડો કર્યો છે. એન્ટિબાયોટિક્સ એવી દવાઓમાં સામેલ છે જે સસ્તી થશે.

ફાર્મા કંપનીઓને તાત્કાલિક અસરથી ડીલરો અને સ્ટોકિસ્ટોને વિવિધ દવાઓના નીચા ભાવ વિશે માહિતી આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

આ નિર્ણય NPPAની ૧૪૩મી બેઠકમાં લેવામાં આવ્યો છે જેથી કરીને જરૂર દવાઓની કિંમતો જનતા માટે પોષણક્ષમ રહે.

ભારતમાં ડાયાબિટીસના સૌથી વધુ કેસોમાંનું એક છે, દેશમાં ૧૦ કરોડથી વધુ ડાયાબિટીસના દર્દીઓ છે, જેમને ભાવ ઘટાડાથી ફાયદો થવાની અપેક્ષા છે. ગયા મહિને ફાર્માસ્યુટિકલ્સ વિભાગે ૯૨૩ સુનિશ્ચિત દવાઓના ફોર્મ્યુલેશન માટે તેની વાર્ષિક સુધારેલી ટોચમર્યાદા કિંમતો અને ૬૫ ફોર્મ્યુલેશન માટે રિવાઈઝ્ડ છૂટક કિંમતો જારી કરી હતી, જે ૧ એપ્રિલથી લાગુ થઈ હતી.

# UGC NET જૂન ૨૦૨૪ માટે અરજીની અંતિમ તારીખ ૧૯ મે સુધી લંબાવવામાં આવી; જાણો કેવી રીતે અરજી કરવી

(એજન્સી) તા.૧૬

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ UGC NET જૂન ૨૦૨૪ના સત્ર માટે અરજી કરવાની સમયમર્યાદા બીજી વખત લંબાવી છે. રસ ધરાવતા અને લાયક ઉમેદવારો હવે એજન્સીની સત્તાવાર વેબસાઈટ ugcnet.nta.ac.in પર ૧૯ મે સુધી ઓનલાઈન અરજી કરી શકે છે. આ ઉપરાંત અરજી ફી સબમિટ કરવાની તારીખ લંબાવીને ૨૦ મે કરવામાં આવી છે.

UGC NET અરજદારો ૨૧ મેથી ૨૩ મે સુધી તેમના રજિસ્ટ્રેશન ફોર્મમાં ફેરફાર કરી શકે છે. એકવાર નોંધણી પ્રક્રિયા પૂર્ણ થઈ જાય પછી પરીક્ષા કેન્દ્રના સ્થાન સંબંધિત માહિતી જાહેર કરવામાં આવશે.

**યુજીસી નેટ જૂન ૨૦૨૪ સત્ર માટે કેવી રીતે અરજી કરવી ? :-**

**પગલું ૧ :** નેશનલ ટેસ્ટિંગ એજન્સીની સત્તાવાર વેબસાઈટ ugcnet.nta.ac.in પર જાઓ.

**પગલું ૨ :** હોમપેજ પર 'UGC NET જૂન ૨૦૨૪ નોંધણી લિંક' શોધો અને તેના પર ક્લિક કરો.

**પગલું ૩ :** એપ્લિકેશન વિન્ડો દેખાશે. કાળજીપૂર્વક ફોર્મ ભરો અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરો.

પગલું ૪ : સબમિટ પર ક્લિક કરો અને એપ્લિકેશન ફી ચૂકવો અને તમારી અરજી સબમિટ થઈ ગઈ છે.

**પગલું ૫ :** યુજીસી નેટ જૂન ૨૦૨૪ એપ્લિકેશન ફોર્મ ડાઉનલોડ કરો અને ભાવિ સંદર્ભ માટે તેની પ્રિન્ટઆઉટ લઈ લો.

**યુજીસી નેટ જૂન ૨૦૨૪ : અરજી ફી :-** જે ઉમેદવારોની પાત્રતા અરજીના માપદંડ સાથે મળતા હોય તેઓ અરજી ફી ભરીને UGC NET માટે અરજી કરે છે. જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ફી રૂા.૧૧૫૦ છે. જો કે, અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને વિકલાંગ વ્યક્તિઓ (PWD) માટે તે રૂા.૩૭૫ છે અને સામાન્ય-EWS/OBC-NCL માટે તે રૂા.૬૦૦ છે.

UGC NET પરીક્ષા ૨૦૨૪ જૂન ૧૮ના રોજ લેવામાં આવશે. ઉમેદવારો તરફથી ઘણી વિનંતીઓ મળ્યા પછી NTAએ UPSC પ્રિલિમ પરીક્ષાઓ સાથે અથડામણ ટાળવા માટે પરીક્ષાની તા.૧૬ જૂનથી ૧૮ જૂન સુધી બદલી છે. અગાઉ UGC NET પરીક્ષા ૨૦૨૪ માટે અરજી કરવાનો છેલ્લો દિવસ ૧૫ મે હતો. પરીક્ષા કમ્પ્યુટર આધારિત ટેસ્ટ (CBT) હશે અને તેમાં બે પેપર (પેપર ૧ અને પેપર ૨) હશે. બંને પેપરમાં ઉદ્દેશ્ય-પ્રકારના અને બહુવિધ પસંદગીના પ્રશ્નો હશે. પરીક્ષામાં બંને પેપર માટે ૩ કલાકનો સમયગાળો છે જેમાં ૧૫૦ પ્રશ્નો હશે. UGC NET પરિણામ ૨૦૨૪ની સત્તાવાર તારીખ હજુ જાહેર કરવામાં આવી નથી. કોઈપણ વધુ માહિતી માટે વિદ્યાર્થીઓને NTAની સત્તાવાર વેબસાઈટની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે.

# 'દરેક પડકારો દૂર કરી અમિત શાહ માટે PM બનવાનો માર્ગ મોકળો કરાશે' : કેજરીવાલનો મોટો દાવો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અંગે મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે, દરેક પડકારો દૂર કરવામાં આવશે.

કેજરીવાલે કહ્યું કે, ભાજપ જો ચૂંટણી જીતશે તો અમિત શાહને વડાપ્રધાન બનાવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમિત શાહ માટે વોટ માંગી રહ્યા છે. ભાજપ બે મહિનાની અંદર યુપીના સીએમ યોગી આદિત્યનાથને તેમના પદ પરથી પણ હટાવવાનું છે.

યુપીની રાજધાની લખનૌમાં સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવની સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરીને અરવિંદ કેજરીવાલે ભાજપ પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે, ભાજપનો ઈરાદો બંધારણને બદલવાનો છે, ત્યારે ૪૦૦ બેઠકોનો નારો આપવામાં આવી રહ્યો છે.

જો કે, ભાજપ પહેલા જ સ્પષ્ટ કરી ચૂકી છે કે, તે બંધારણની રક્ષા કરનારી પાર્ટી છે. તેણે એ પણ કહી દીધું છે કે, ચૂંટણી જીત્યા બાદ પીએમ મોદી જ પાંચ વર્ષ સુધી વડાપ્રધાન રહેવાના છે.

કેજરીવાલે કહ્યું, આજે હુ લખનૌમાં યુપીના વોટર્સથી વિનંતી કરવા આવ્યો છું કે તેઓ ઈન્ડિયા ગઠબંધનને વોટ કરે. હું અહીં ચાર મુદ્દા પર વાત કરવા માંગુ છું. પહેલી એ કે આ ચૂંટણીમાં પીએમ મોદી અમિત શાહને પીએમ બનાવવા માટે વોટ માંગી રહ્યા છે. બીજી એ કે જો ભાજપ સત્તામાં આવી તો સીએમ યોગી આદિત્યનાથને ૨-૩ મહિનાની અંદર તેમના પદ પરથી હટાવી દેવામાં આવશે. ત્રીજી એ કે તેઓ બંધારણ બદલવા જઈ રહ્યા છે એસસી, એસટીની અનામત હટાવવાના છે. ચોથી એ કે ૪ જૂને ઈન્ડિયા ગઠબંધન સત્તામાં આવી રહ્યું છે.

કેજરીવાલે પીએમ મોદીની નિવૃત્તિની ભવિષ્યવાણી પણ કરી



દીધી. તેમણે કહ્યું, પીએમ મોદી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫એ ૭૫ વર્ષના થઈ જશે. પીએમ મોદીએ અમિત શાહને પોતાના ઉત્તરાધિકારી બનાવતા ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫એ તેમને વડાપ્રધાન બનાવવાનો નિર્ણય કર્યો છે. વડાપ્રધાને અત્યાર સુધી એ નથી કહ્યું કે તેઓ ૭૫ વર્ષ બાદ નિવૃત્ત નહીં થાય પરંતુ પીએમ મોદીએ એ નિયમ બનાવ્યો છે અને મને પૂર્ણ આશા છે કે, તેઓ આ નિયમનું પાલન કરશે.

દિલ્હીના મુખ્યમંત્રીએ ભાજપને મળનારી બેઠકોની સંખ્યા પણ જણાવી. કેજરીવાલે કહ્યું, રૂઝાનથી જાણ થાય છે કે, ભાજપને ૨૨૦થી પણ ઓછી બેઠકો મળી રહી છે. હરિયાણા, દિલ્હી, પંજાબ, કર્ણાટક, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, યુપી, બિહાર, ઝારખંડ અને રાજસ્થાનમાં તેમની બેઠકો ઓછી થવાની છે. ભાજપ સરકાર બનાવવા જઈ રહી નથી. ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનવાની છે.

# 'સીતામઢીમાં ભવ્ય સીતા મંદિર બનાવીશું' બિહાર રેલીમાં અમિત શાહે આપ્યું મોટું વચન

**લોકસભા ચૂંટણી : કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું કે, માત્ર નરેન્દ્ર મોદી અને ભાજપ જ દેવી સીતામાતાનું મંદિર બનાવી શકે છે**

(એજન્સી) તા.૧૬

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુરૂવારે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી બિહારના સીતામઢીમાં દેવી સીતાનું મંદિર બનાવશે.

બિહારના સીતામઢીમાં એક રેલીમાં ગૃહમંત્રીએ કહ્યું, 'અમે 'વોટ બેંક'થી ડરતા નથી. પીએમ મોદીએ અયોધ્યામાં રામલલ્લાનું મંદિર બનાવ્યું, હવે જે કામ બાકી છે તે માતા સીતાના જન્મસ્થળ પર એક મહાન સ્મારક બનાવવાનું છે. જેમણે પોતાને રામ મંદિરથી દૂર રાખ્યા છે તે મંદિર ન બનાવી શકે.

જો કોઈ માતા સીતાના જીવન જેવું આદર્શ મંદિર બનાવી શકે છે, તો તે નરેન્દ્ર મોદી છે, તે ભાજપ છે.

હિંદુ શાસ્ત્રો અનુસાર, જ્યારે રાજા જનક, સીતામઢીમાં ખેતર ખેડતા હતા ત્યારે સીતા માટીના ઘડામાંથી જીવિત થઈ હતી.

સીતામાતા મંદિર માટે શાહનું આ વચન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ વર્ષે જાન્યુઆરીમાં અયોધ્યામાં રામ મંદિર અભિષેક સમારોહની અધ્યક્ષતાના મહિનાઓ પછી આવ્યું છે.

બિહારની ૪૦ સીટોમાંથી સીતામઢીમાં ૨૦ મેના રોજ લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કાનું મતદાન થશે.

રેલી દરમિયાન અમિત શાહે વિપક્ષી ઈન્ડિયા બ્લોકની સહયોગી, રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના વડા લાલુ પ્રસાદની નિંદા કરી હતી.



તેમણે કહ્યું, 'આજે લાલુ યાદવ, સત્તાની રાજનીતિ ખાતર, પોતાના પુત્રને મુખ્યમંત્રી બનાવવા માટે કોંગ્રેસ પાર્ટીના ખોળામાં જઈને બેઠા છે. આ એક જ કોંગ્રેસ છે, જેણે હંમેશા પછાત અને અતિ પછાત લોકોનો વિરોધ કર્યો છે. કોંગ્રેસ અને આરજેડીએ બિહારના પૂર્વ સી.એમ. કર્પૂરી ઠાકુરને ભારત રત્ન આપવાનું ક્યારેય વિચાર્યું ન હતું, તે મોદી સરકારે કર્યું હતું. બિહારને 'જંગલરાજ'ની નહીં, 'વિકાસરાજ'ની જરૂર છે.'

૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના NDAએ બિહારમાં ૪૦માંથી ૩૯ સીટો જીતી હતી.

# છેવટે વારાણસીમાં કોમેડિયન શ્યામ રંગીલાનું નામાંકન રદ કરી દેવાયું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ભારતના ચૂંટણી પંચ (ECI)એ ૧૫ મે બુધવારના રોજ કોમેડિયન શ્યામ રંગીલાનું સોગંદનામું ફગાવી દીધું હતું, જેણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે અપક્ષ ઉમેદવાર તરીકે વારાણસીથી ઉમેદવારી નોંધાવી હતી.



મતદાન પેનલની વેબસાઈટ મુજબ, ૫૫ ઉમેદવારોમાંથી ૩૬ ઉમેદવારોના ફોર્મ નકારી કાઢવામાં આવ્યા હતા જ્યારે પીએમ મોદી અને કોંગ્રેસના અજય રાય સહિત ૧૫ ઉમેદવારોના સોગંદનામા સ્વીકારવામાં આવ્યા હતા.

શ્યામ રંગીલાએ મંગળવારના રોજ વારાણસીથી અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી હતી. કોમેડિયન-મીમિકે એવો પણ આરોપ લગાવ્યો હતો કે, તેમને ઉમેદવારી પત્રો સબમિટ કરતા અટકાવવામાં આવ્યા હતા.

રંગીલાએ પત્રકારોને જણાવ્યું હતું કે, ૧૦ મેથી તેનું નામાંકન દાખલ કરવાના તેના પ્રયત્નો છતાં વડાપ્રધાન મોદીએ તેમના નામાંકન પત્રો સબમિટ કર્યા તે દિવસે તેને જિલ્લા મેજિસ્ટ્રેટની ઓફિસમાં પ્રવેશ નકારવામાં આવ્યો હતો.

એક સમયે પીએમ મોદીના અનુયાયી રંગીલાએ અગાઉ કહ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષમાં પરિસ્થિતિ બદલાઈ ગઈ છે અને તેથી જ તેણે વારાણસીથી ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો.

૨૦૧૪માં હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો અનુયાયી હતો. મેં વડાપ્રધાનને સમર્થન આપતાં ઘણાં વીડિયો શેર કર્યા હતા. રાહુલ ગાંધી અને અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ પણ વીડિયો શેર કરવામાં આવ્યા હતા. તેમને જોઈને કોઈ કહી શકે છે કે, આગામી ૭૦ વર્ષોમાં હું ફક્ત ભારતીય જનતા પાર્ટીને જ મત આપીશ. પરંતુ પરિસ્થિતિ બદલાઈ ગઈ છે અને હવે હું વડાપ્રધાન સામે અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડીશ. રંગીલાએ કોમેડી શોમાં પીએમ મોદી અને રાહુલ ગાંધીની નકલ કરવા માટે પ્રસિદ્ધિ મેળવી હતી. વારાણસીમાં સાતમા અને અંતિમ તબક્કામાં ૧લી જૂને મતદાન થશે.

# આ ભારતીય પ્રતિભાએ વેઈટર, ત્યારબાદ મિકેનિક તરીકે કામ કર્યું, પ્રથમ સ્વદેશી મોટર બનાવી, તેમને 'ભારતના એડિસન' તરીકે ઓળખવામાં આવે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ભારતમાં ઘણા પ્રતિભાશાળી લોકો છે જેમણે તેમના દેશને તેના વિકાસમાં મદદ કરી છે. તેમાંથી કેટલાકની આર્થિક સ્થિતિ સારી ન હતી. તેમ છતાં તેઓ તેમની મહેનત અને નવીનતા દ્વારા સફળ થયા. આ લેખમાં આપણે શોધક અને એન્જિનિયર ગોપાલસ્વામી દોરાઈસ્વામી નાયડુ વિશે વાત કરીશું, જેમને ભારતના એડિસન કહેવામાં આવે છે. તેમણે ડી. બાલાસુંદરમ નાયડુ સાથે મળીને ૧૯૩૭માં ભારતમાં પ્રથમ ઈલેક્ટ્રિક મોટર બનાવી. જી.ડી. નાયડુ તરીકે પ્રખ્યાત, તેઓ એક ઉદ્યોગપતિ, ફોટોગ્રાફર અને પરોપકારી પણ હતા. ૧૮૯૩માં કોઈમ્બતુરના કલાંગલમાં એક ખેડૂતમાં જન્મેલા, તેમણે મોટરસાઈકલ ખરીદવા માટે પૈસા બચાવવા માટે હોટલમાં વેઈટર તરીકે કામ કર્યું. તેમણે થોડો સમય મિકેનિક તરીકે પણ કામ કર્યું. માત્ર પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું હોવા છતાં તેઓ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. નાયડુએ ૧૯૨૦માં ઓટોમોબાઈલ કોચની ખરીદી સાથે તેમનો ટ્રાન્સપોર્ટ બિઝનેસ શરૂ કર્યો હતો. નાયડુ ૧૯૪૪માં તેમની ઓટોમોબાઈલ કંપનીના સક્રિય સંચાલનમાંથી નિવૃત્ત થયા. ત્યારબાદ તેમણે તેમના કર્મચારીઓ અને સમાજના વંચિત વર્ગો



માટે સંશોધન શિષ્યવૃત્તિ અને કલ્યાણ યોજનાઓ માટે અનુદાન સહિત અનેક પરોપકારી પગલાંની જાહેરાત કરી. ગોપાલસ્વામીને કોઈમ્બતુરના સંપત્તિ સર્જક પણ માનવામાં આવે છે. મિરેકલ મેન તરીકે જાણીતા નાયડુનું ૪ જાન્યુઆરી, ૧૯૭૪ના રોજ ૮૦ વર્ષની વયે અવસાન થયું હતું.

# IAS અધિકારીઓનો પગાર : સરકારી કર્મચારીઓના લાભો, ભથ્થાં શું છે ? જાણો...

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) પરીક્ષા આ પ્રતિષ્ઠિત ભૂમિકાના પ્રવેશદ્વાર તરીકે સેવા આપવા સાથે ભારતીય વહીવટી સેવા (IAS) અધિકારી બનવું એ ભારતની નોકરીના દૃષ્ટિકોણમાં એક ટોચની સિદ્ધિ છે. જો કે,આ પરીક્ષા પાસ કરવી એ એક મુશ્કેલ કાર્ય છે. એકવાર કોઈ વ્યક્તિ સફળતાપૂર્વક UPSC પરીક્ષા પાસ કરી લે અને IAS અધિકારીનું પદ ધારણ કરી લે, ત્યારે તેની કારકિર્દીનો માર્ગ મોકળો થતો જાય છે. શરૂઆતમાં પ્રોબેશનરી સમયગાળા દરમિયાન સામાન્ય રીતે કેટલાક વર્ષો સુધી સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ તરીકે સેવા આપતા અધિકારીઓ પછી એક્ઝિક્યુટિવ વહીવટી ભૂમિકાઓ જેમ કે જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટર તરીકે આગળ વધે છે. આ કાર્યકાળ પછી અધિકારીઓ વિભાગીય કમિશનર તરીકે સમગ્ર રાજ્યના વહીવટી વિભાગોની દેખરેખ માટે આગળ વધી શકે છે. જેમ-જેમ IAS અધિકારીઓ રેન્ક વધે છે અને પગાર મેટ્રિક્સના ઉચ્ચ સ્કેલ સુધી પહોંચે છે, તેઓ સરકારી વિભાગો અથવા મંત્રાલયોમાં નેતૃત્વની ભૂમિકાઓ નિભાવી શકે છે. ૫૦,૦૦૦ રૂપિયાથી શરૂ કરીને અને સંભવિત રીતે ૧,૫૦,૦૦૦ રૂપિયા સુધી વધીને IAS અધિકારીઓના પગાર માળખામાં વિવિધ સ્તરોનો સમાવેશ થાય છે જેમ કે જુનિયર સ્કેલ, સિનિયર ટાઈમ સ્કેલ અને જુનિયર એડમિનિસ્ટ્રેટિવ ગ્રેડ.

સિલેક્શન ગ્રેડ, સુપર ટાઈમ સ્કેલ અને તેનાથી ઉપરના સુપર ટાઈમ સ્કેલ કૌંસમાં અધિકારીઓ ૧,૦૦,૦૦૦ રૂપિયા અને ૨,૦૦,૦૦૦ રૂપિયા વચ્ચેની કમાણી કરી શકે છે, જ્યારે સર્વોચ્ચ સ્કેલ અને કેબિનેટ સેક્રેટરી ગ્રેડના અધિકારીઓ ૨,૫૦,૦૦૦ રૂપિયા મેળવી શકે છે.

**લાભો :-** ● **રહેઠાણ :-** IAS અધિકારીઓને કેન્દ્રીય જાહેર બાંધકામ વિભાગ દ્વારા નિર્ધારિત કદ સાથે તેમના રેન્ક, પગાર ધોરણ અને વરિષ્ઠતાના આધારે બંગલા અથવા રહેણાંક એકમો ફાળવવામાં આવે છે.




● **વાહનવ્યવહાર :-** અધિકારીઓ તેમના રેન્ક અને પોસ્ટિંગ અનુસાર વાહનો મેળવે છે.

● **સુરક્ષા :-** જ્યારે અધિકારીઓ અન્ય નાગરિકોની જેમ લાયસન્સવાળા હથિયારો ધરાવી શકે છે, ત્યારે સરકાર તેમના અને તેમના પરિવારો માટે ત્રણ હોમગાર્ડ અને બે બોડીગાર્ડ પૂરા પાડે છે.

● **ઉપયોગિતા :-** IAS અધિકારીઓ મફત અથવા અત્યંત સબસિડીવાળી વીજળી, પાણી, ગેસ અને ફોન કનેક્શનનો લાભ મેળવે છે.

● **મુસાફરી :-** સત્તાવાર અથવા બિનસત્તાવાર પ્રવાસ દરમિયાન, અધિકારીઓ સરકારી ગેસ્ટ હાઉસ અથવા બંગલામાં સબસિડીવાળા આવાસનો આનંદ માણે છે.

● **રજા :-** સાત વર્ષની સેવા ધરાવતા અધિકારીઓ બે વર્ષ સુધી અભ્યાસની રજાઓ લઈ શકે છે, જેમાં સરકાર વિદેશી યુનિવર્સિટીઓમાં અભ્યાસક્રમોના ખર્ચને આવરી લે છે.

● **નિવૃત્તિ લાભો :-** IAS અધિકારીઓ આજીવન પેન્શન અને નિવૃત્તિ લાભો મેળવે છે, સેવા પછી નાણાકીય સુરક્ષા સુનિશ્ચિત કરે છે.

# છેલ્લા ૨૭ વર્ષોમાં રાજ્ય અને સંઘ જાહેર સેવા આયોગ માટે ૭૩ પ્રારંભિક પરીક્ષાઓ, ૪૩ મુખ્ય પરીક્ષાઓ અને ૮ ઈન્ટરવ્યુ આપનાર શ્રીવાસ્તવ, જ્યાં સુધી તે સિવિલ સર્વન્ટ બનશે નહીં ત્યાં સુધી તેઓ પ્રયાસ કરવાનું છોડશે નહીં



(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

પુષ્પેન્દ્ર શ્રીવાસ્તવ સરકારી નોકરી માટે ઈચ્છુક છે. તેમણે છેલ્લા ૨૭ વર્ષોમાં રાજ્ય અને સંઘ જાહેર સેવા આયોગ માટે ૭૩ પ્રારંભિક પરીક્ષાઓ, ૪૩ મુખ્ય પરીક્ષાઓ અને ૮ ઈન્ટરવ્યુ આપ્યા છે. તેઓની ઉંમર ૪૮ની થઈ રહી છે પણ તેઓ હજુ સફળ થયા નથી.

શ્રીવાસ્તવે કહ્યું કે, મેં એક અધિકારી બનવાનું નક્કી કર્યું છે અને જ્યાં સુધી હું નહીં બનું ત્યાં સુધી હું અટકીશ નહીં.

તેના એક રૂમના ફ્લેટમાં તેના ડેસ્ક પર અખબારો, નકશાઓ, પુસ્તકો અને ચાલુ ચૂંટણી પ્રચાર, ચૂંટણી બોન્ડની જટિલતા અને વર્તમાન બાબતોની નોંધો જોવા મળે છે. તે મધ્યપ્રદેશ પબ્લિક સર્વિસ કમિશન માટે ઈન્ટરવ્યુ રાઉન્ડની તૈયારીમાં વ્યસ્ત છે. મધ્યપ્રદેશમાં કટ-ઓફ ઉંમર ૪૦ વર્ષ હતી, જે રાજ્ય સરકારે કોવિડ-૧૯ રોગચાળાને પગલે ૨૦૨૨માં વધારીને ૪૩ કરી હતી જ્યારે અનામત વર્ગો (EWS, SC, ST, OBC) અને મહિલાઓ માટે વય મર્યાદામાં વધુ પાંચ વર્ષ છૂટછાટ આપી હતી. શ્રીવાસ્તવે મેન્સ ક્લીયર કર્યા અને આગામી લેવલ ક્લિયર કરવાનો વિશ્વાસ છે. તે હવે તેમની સફળતાની ખૂબ નજીક છે.

પરંતુ જો તેવું ન થાય તો વધુ એક પરીક્ષા છે. બિહાર પબ્લિક સર્વિસ કમિશનમાં બ્લોક એજ્યુકેશન ઓફિસરની જગ્યા માટે ૨૦૧૧માં હતી પરંતુ તેમાં વિલંબ થયો. હું પરીક્ષા માટે પાત્ર હતો અને જ્યારે નોટિફિકેશન બહાર પાડવામાં આવશે ત્યારે તે આપીશ. મેં અધિકારી બનવાનું નક્કી કર્યું છે અને જ્યાં સુધી હું નહીં બાનુ ત્યાં સુધી હું અટકીશ નહીં

શ્રીવાસ્તવ ૨૪ વર્ષ પહેલા અહીં આવ્યા હતા. તેમની સાથે ભણેલા લોકો IPS અને IAS ઓફિસર બની ગયા છે. અન્ય ટોચની સંસ્થાઓમાં કોચ બન્યા છે અને મોટાભાગનાએ હાર માની લીધી અને કારકિર્દીના વિવિધ ટ્રેક પર આગળ વધ્યા છે. દૃષ્ટિ IAS કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાં ભણાવતા લેખક-શિક્ષક યુટ્યુબ પ્રભાવકનો ઉલ્લેખ કરતાં શ્રીવાસ્તવ કહે છે કે, મેં વિકાસદિવ્યકીર્તિ સાથે અભ્યાસ કર્યો છે. મેં (IPS)મનોજ શર્મા અને (IRS) શ્રદ્ધા શર્મા સાથે અભ્યાસ કર્યો છે. તે બધા મને ફોન કરે છે અને મને શુભેચ્છા આપે છે. શ્રીવાસ્તવને તેમના મુખર્જી નગરમાં ખ્યાતિ મળી છે. તેઓ નવા જૂથ માટે 'પુષ્પેન્દ્ર ભૈયા' છે. શ્રીવાસ્તવની વાર્તા સરકારી નોકરીઓ માટેના ભારતના ક્રેઝને દર્શાવે છે, જેને સંજીવ સાન્યાલ 'યુવાન શક્તિનો વ્યય' કહે છે.

તેઓ કહે છે કે, હું ૨૦૦૦માં દિલ્હી આવ્યો હતો અને હું ૭૫૦ રૂપિયા ભાડું આપતો હતો. હવે મારા વર્તમાન રૂમનું ભાડું દર મહિને રૂા.૧૨,૦૦૦ છે. તેઓ તેના પરિવાર તરફથી આર્થિક સહાય ઉપરાંત તે કોચિંગ સંસ્થા સાથે સહયોગ કરીને પૂરક આવક મેળવે છે. ભારતમાં નવ હિન્દીભાષી રાજ્યો છે અને શ્રીવાસ્તવે આ રાજ્યોમાં વર્ષોથી યોજાયેલી દરેક જાહેર સેવા આયોગ માટે પરીક્ષા આપવાનો પ્રયાસ કર્યો છે. મેં B.Ed અને MPPCS ફોર્મ ભર્યા અને બંને પરીક્ષાઓ પાસ કરી પણ મારે શિક્ષક બનવું ન હતું. શ્રીવાસ્તવના માતા-પિતા, બંને શિક્ષકો છે અને તેઓ ઈચ્છતા હતા કે તેઓ તેમના પગલે ચાલે. પરંતુ વિજ્ઞાનમાં તેમની સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા પછી તેમણે અસંખ્ય ભારતીયોની જેમ, તેમણે ભારતની અમલદારશાહી પર નજર રાખી હતી. તે અલ્હાબાદ ગયો અને UPSC માટે તૈયારી કરવાનું શરૂ કર્યું હતું. દિલ્હી સ્થળાંતર કરતા પહેલા ત્રણ વર્ષ ત્યાં વિતાવ્યા હતા.

શ્રીવાસ્તવે વીસના દાયકામાં યુપીએસસીનો પ્રયાસ કર્યો ત્યારથી પરીક્ષાની પેટર્નમાં ફેરફાર થયો છે. તે સમયે જનરલ કેટેગરીના ઉમેદવારોને ચાર પ્રયાસોની મંજૂરી આપવામાં આવી હતી અને વય મર્યાદા ૩૦ હતી. આજે સામાન્ય શ્રેણીના ઉમેદવારો છ પ્રયાસો આપી શકે છે અને તેમની ઉંમર ૩૨ વર્ષથી વધુ હોવી જોઈએ. આ મર્યાદા ઉત્તરપ્રદેશમાં ૪૦ વર્ષ, ઉત્તરાખંડમાં ૪૨ અને હરિયાણા અને મધ્યપ્રદેશમાં ૪૩ વર્ષ છે.

તેમના માટે યુવાન દેખાવું મહત્ત્વપૂર્ણ છે. તે તેના વાળને રંગ કરે છે, ટી-શર્ટ સાથે જીન્સનો સમકાલીન દેખાવ પસંદ કરે છે અને ફિટ રહેવા માટે કસરત કરે છે. તે કહે છે કે, હું સ્વસ્થ જીવનશૈલીનું પાલન કરૂં છું. હું દરરોજ ૬-૭ કલાક ઊંઘવાનો પ્રયત્ન કરૂં છું અને યોગા પણ કરૂં છું અને હું સ્વસ્થ રહું છું, જે અભ્યાસ કરતી વખતે મહત્ત્વપૂર્ણ છે. તેના પરિવારે પણ તેના નિશ્ચયને સ્વીકારી લીધો હોય તેવું લાગે છે. લગ્ન કરવા માટે તેના પર કોઈ દબાણ નથી. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવી એ ખર્ચાળ છે - જેમાં કોચિંગ ફીથી માંડીને રહેવા, ભોજન અને અભ્યાસ સામગ્રી લાખો રૂપિયાના ખર્ચ થાય છે. તેઓ કહે છે કે, ૨૦૦૪માં મને પ્રકાશનમાં નોકરી મળી, પરંતુ મને લાગ્યું કે હું મારી પીસીએસની તૈયારી કરી શકતો નથી, તેથી મેં એક મહિનામાં જ છોડી દીધું. ભગવાનની કૃપાથી હું ભાગ્યશાળી છું કે મને નાણાકીય બાબતો વિશે ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે, મને મારા પરિવાર તરફથી મદદ મળી રહી છે. નાનો ભાઈ, ૩૭ વર્ષીય જયેન્દ્ર વકીલ છે અને સ્થાનિક મધ્યપ્રદેશ રાજકારણમાં સક્રિય છે. જો કે, અન્ય ઉમેદવારો માટે શ્રીવાસ્તવનો કેસ એક ચેતવણી છે અને એક રીમાઈન્ડર છે કે, તેમની પસંદગી થવાની શક્યતા ઓછી છે. ગયા વર્ષે લગભગ ૧૦ લાખ લોકોએ UPSC માટે અરજી કરી હતી અને માત્ર ૧૦૧૬ પસંદ કરવામાં આવ્યા હતા. શ્રીવાસ્તવ જે બિલ્ડિંગમાં રહે છે ત્યાંના તમામ રહેવાસીઓ સિવિલ સર્વિસના ઈચ્છુક છે, મોટાભાગના વીસ વર્ષના છે. જ્યારે તે તેના રૂમમાંથી બહાર નીકળે છે અને સીડીઓથી નીચે જાય છે, ત્યારે દરેક તેને આવકારવા માટે અટકી જાય છે અને ઈન્ટરવ્યુ માટે શુભેચ્છા આપે છે કે, ભૈયા ! તમે ચોક્કસ આ વખતે અંતિમ યાદીમાં સ્થાન મેળવશો.

# UPSC પરીક્ષા પાસ કરવા માટે સરકારી નોકરી છોડી અખિલ ભારતીય ક્રમાંક ૨ સાથે IAS અધિકારી બની

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

UPSC પરીક્ષાની સખત તૈયારીમાં પોતાને સમર્પિત કરનારા લાખો ઉમેદવારો IAS અધિકારી બનવાનું સ્વપ્ન શેર કરે છે. તે ઉમેદવારોમાંથી જાગૃતિ અવસ્થી એ દઢતા અને સંકલ્પનું એક અદભૂત ઉદાહરણ છે, જે એન્જિનિયરમાંથી IAS અધિકારી બની અને ગર્વથી દેશની સેવા કરે છે. ભોપાલના શિવાજી નગરના પાડોશમાંથી આવતી જાગૃતિનો ઉછેર તેના માતા-પિતા અને નજીકના પરિવારમાં એક ભાઈ દ્વારા થયો હતો. તેની માતા, મધુલતા અવસ્થી, પૂર્વ શાળા શિક્ષિકાએ જાગૃતિને તેના શૈક્ષણિક પ્રયત્નોમાં મદદ કરવાનો નિર્ણાયક નિર્ણય લીધો, જ્યારે તેના પિતા ડો. એસ.સી. અવસ્થી, હોમિયોપેથ ડોક્ટર છે. તેનો ભાઈ સુયશ અવસ્થી હાલમાં MBBSના બીજા વર્ષમાં છે. જાગૃતિએ નાનપણથી જ નોંધપાત્ર શૈક્ષણિક યોગ્યતા દર્શાવી તેના અભ્યાસક્રમ અને અભ્યાસેતર પ્રવૃત્તિઓ બંનેમાં અસાધારણ રીતે સારૂં પ્રદર્શન કર્યું. તેણે માનનીય મૌલાના આઝાદ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજીમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો, જ્યાં તેણે ૨૦૧૬માં ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગની ડિગ્રી સાથે સ્નાતક પૂર્ણ કર્યું. જાગૃતિએ તે જ વર્ષે એન્જિનિયરિંગમાં ગ્રેજ્યુએટ એપ્ટિટ્યુડ ટેસ્ટ



(GATE) આપી જેમાં તેણે પ્રથમ પ્રયત્નમાં અખિલ ભારતીય ક્રમાંક ૪૧ મેળવ્યો. ત્યારબાદ તેણે ભારત હેવી ઈલેક્ટ્રીકલ્સ લિમિટેડ (BHEL) માટે ટેક્નિકલ ઓફિસર તરીકે કામ કરવાનું શરૂ કર્યું. તેના શ્રેષ્ઠ પ્રયત્નો છતાં BHELમાં તેના સખત કાર્યને કારણે તે સિવિલ સર્વિસીસ પરીક્ષા પાસ કરવાનું ધ્યાન કેન્દ્રિત કરી શકતી ન હતી. જેના કારણે જાગૃતિએ તેની કારકિર્દી બદલવાનો નિર્ણય લીધો અને માત્ર UPSC પરીક્ષાની તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે તેની એન્જિનિયરિંગની નોકરી છોડી દીધી. પ્રોફેશનલ કોચિંગ મેળવવા માટે ૨૦૧૯માં તેણે દિલ્હીનો સ્થળાંતર કર્યું, પરંતુ ભાગ્યમાં કંઈક જુદું જ હતું. તેની યોજનાઓ કોવિડ-૧૯ રોગચાળા દ્વારા નિષ્ફળ ગઈ, જેણે તેને ભોપાલ પરત ફરવાની ફરજ પાડી હતી. નિરાશ જાગૃતિ સંજોગોને અનુરૂપ વર્ચ્યુઅલ વર્ગો દ્વારા તેની તાલીમ સાથે આગળ વધી. ૨૦૨૦માં જાગૃતિએ એક વર્ષના અતૂટ સમર્પણ અને દઢતા પછી સિવિલ સર્વિસ પરીક્ષા ફરી લીધી. તેની દઢતા આ વખતે ફળીભૂત થઈ કારણ કે તે સફળ રહી અને પ્રારંભિક રાઉન્ડ અને મુખ્ય રાઉન્ડ બંને માટે સરળતાથી પાસ થઈ અને અખિલ ભારતીય ક્રમાંક ૨ પ્રાપ્ત કર્યો. તેના ઉત્કૃષ્ટ પ્રદર્શનથી તેને સન્માનિત સિવિલ સર્વિસ પરીક્ષામાં મહિલાઓમાં ટોચના ગુણો મેળવનારનું બિરૂદ મળ્યું.

# આણંદની મદ્રસા હાઈસ્કૂલનું ધો.૧૦નું ૮૮.૪૬ ટકા અને ધો.૧૨નું ૧૦૦ ટકા પરિણામ




આણંદ, તા.૧૬

ગુજરાત શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધો-૧૦ અને ધો-૧૨ (સામાન્ય પ્રવાહ)નું પરિણામ જાહેર થયું. જેમાં આણંદની મદ્રસા જામેઆ અરબીયા તાલીમુલ ઈસ્લામ સંચાલિત મદ્રસા હાઈસ્કૂલનું ધોરણ-૧૦નું ૮૮.૪૬% અને ધોરણ-૧૨નું ૧૦૦% ઝળહળતું પરિણામ આવેલ છે. ધોરણ-૧૦માં પ્રથમ ક્રમાંકે રાયમા આશિયા સોહિન્દભાઈ પી.આર-૯૭.૨૭ (A-1 ગ્રેડ), બીજા ક્રમાંકે વહોરા જીયા સલીમભાઈ પી.આર-૯૬.૭૬ (A-1 ગ્રેડ), ત્રીજા ક્રમાંકે પઠાણ મિસ્બા અનવર અહેમદ પી.આર-૯૬.૫૧ (A-2 ગ્રેડ) અને ધોરણ-૧૨માં પ્રથમ ક્રમાંકે વહોરા તમન્ના સિદ્દીકભાઈ પી.આર-૯૮.૮૪ (A-1 ગ્રેડ), બીજા ક્રમાંકે વહોરા હુસ્ના અબરારભાઈ પી.આર-૯૮.૬૪ (A-2 ગ્રેડ), ત્રીજા ક્રમાંકે વહોરા અયના સાજીદભાઈ પી.આર–૯૮.૩૪ (A-2 ગ્રેડ) પ્રાપ્ત કરીને શાળા અને સમગ્ર મુસ્લિમ સમાજનું નામ રોશન કરેલ છે. ધોરણ-૧૦માં બે વિદ્યાર્થીનીઓએ A-1 ગ્રેડ, ૧૧ વિદ્યાર્થિનીઓએ A-2 ગ્રેડ અને ધોરણ ૧૨માં એક વિદ્યાર્થિનીએ A-1 ગ્રેડ, ૧૫ વિદ્યાર્થિનીઓએ A-2 ગ્રેડ પ્રાપ્ત કરેલ છે. ઝળહળતું પરિણામ પ્રાપ્ત કર્યુ તે બદલ મંડળના પ્રમુખ વહોરા મુહંમદ અફઝલ મો.અબ્દુલહક્ક મેન્સન, નાયબ મોહતમીમ મો.સાજીદ, આચાર્ય નઈમ એમ.પઠાણ, શાળાના કેમ્પસ ડિરેક્ટર ઈર્શાદ એચ. વહોરા (ચાંગાવાળા) અને શાળાના તમામ શિક્ષકોએ આગામી ઉજ્જવળ કારકિર્દીમાં ખુબ આગળ વધે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

### રાધનપુર સેશન્સ કોર્ટનો ચુકાદો

# અદાવતમાં મોતને ઘાટ ઉતારનાર પાંચને આજીવન કેદની સજા

(સંવાદદાતા દ્વારા)

પાટણ,તા.૧૬

અદાવતમાં મોતને ઘાટ ઉતારવાના બનાવમાં રાધનપુર સેશન્સ કોર્ટે પાંચ આરોપીઓને આજીવન કેદની સજા ફરમાવી હતી જયારે એકને શંકાનો લાભ આપીને છોડી મૂકાયો છે. રાધનપુર તાલુકાના અગીચણાના બાબુભાઈ રાયમલભાઈ આચાર અને ધોળકડા ગામની આહીર લીલાબેન ઉર્ફે નીમુબેનનું બાલ્ય વયે સગપણ થયેલ હતું પરંતુ નીમુબેને મોટા થતાં ૨૦ વર્ષ બાદ લગ્ન કરવાનો ઈન્કાર કરી સગાઈ તોડી નાખી હતી. જેમાં નીમુબેન સાથે નજીકના ૧૨ગામોમાં કોઈએ લગ્ન કરવા નહીં તેવો સામાજિક નિર્ણય કરાયો હતો. પણ આ પછી મોમાયાભાઈ ઉર્ફે મયુર મલાભાઈ આહીર રહે. દહેગામે લીલાબેન સાથે ૭ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ અમદાવાદ મુકામે પ્રેમલગ્ન કરી લીધા બાદ સામાજિક રીતે લગ્ન કરવા ૧૭મે ૨૦૧૯ના રોજ ધોળકડા મુકામે જાન લઈને જવાનું હતું. ત્યારે ૧૫મે ૨૦૧૯ના રોજ અગીચણાના શખ્સો દ્વારા દહેગામ જઈ હુમલો કર્યો હતો. જેમાં ઘાયલ મલાભાઈ ભુરાભાઈ આયરનું મૃત્યુ થયું હતું જયારે આહીર રત્નાભાઈ મલાભાઈ રહે. દહેગામ અને આહીર કાનાભાઈ દેવરાજભાઈ રહે. મોટીપીંપળી ઘાયલ થયા હતા. આ અંગે મૃતકના દીકરા રત્નાભાઈએ ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી આરોપીને શોધી કાઢ્યા હતા. આ કેસ રાધનપુરના એડિશનલ સેશન્સ જજ આર. આર. ચૌધરી સમક્ષ ચાલી જતા આરોપી આયર બાબુભાઈ રાયમલભાઈ, આયર દિનેશભાઈ રાયમલભાઈ, આયર દેવાયતભાઈ રાયમલભાઈ, આયર તેજાભાઈ ભલાભાઈ અને આયર અરજણભાઈ ઉર્ફે અજાભાઈ તેજાભાઈને આજીવન કેદ સુધીની સજા કરાઈ હતી જયારે આયર રાયમલભાઈ ભલાભાઈને શંકાનો લાભ આપીને છોડી મૂકાયા હતા.

### પાટણ પાલિકાના સત્તાધીશોએ કામગીરી શરૂ કરી માત્ર દેખાડો કર્યો

# ગુંગડી કેનાલમાં માત્ર આગળના ભાગે સફાઈ કર્યા બાદ કામગીરી બંધ કરી દેવાતાં સ્થાનિકોમાં રોષ

(સંવાદદાતા દ્વારા)

પાટણ, તા.૧૬



(તસવીર : ઈલ્મુદ્દીન સૈયદ, પાટણ)

પાટણ નગરપાલિકા દ્વારા પ્રિ મોન્સૂન પ્લાન હેઠળ ગુંગડી કેનાલમાંથી કચરો કાઢવાનો માત્ર દેખાવ કરવામાં આવે છે તેવી ફરિયાદ સ્થાનિક લોકોએ કરી છે ગઈકાલે મંગળવારે માત્ર ફોટો સેશન માટે જ કામગીરી કરાઈ હોવાની પ્રતીતિ બાદ આજે ગંદકીથી ખદબદતી કેનાલ થઈ છે. ત્યારે ચોમાસા પૂર્વે નગરપાલિકા દ્વારા નક્કર અને વાસ્તવિક રીતે કામગીરી કરી આ કેનાલની યોગ્ય સફાઈ કરાવવામાં આવે તેવી માંગ ઉઠી છે. પાટણ શહેરમાં ચોમાસાના આગમન સાથે ઠેર-ઠેર વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ રહેવાની સમસ્યા સર્જાય છે તેમજ પાટણના આનંદ સરોવરને જોડતી કેનાલ દર વર્ષે આફત રૂપ બને છે. કેનાલની યોગ્ય સાફ-સફાઈ નહીં કરાતા અને ઠેર-ઠેર કચરાના ઢગના કારણે વરસાદી પાણીનો નિકાલ નહીં થતાં આ પાણી કેનાલમાંથી બેક મારી આસપાસની સોસાયટીઓમાં ઘૂસે છે. જેને લઈ દર વર્ષે ચોમાસામાં આ વિસ્તારની સોસાયટીઓમાં વિકટ પરિસ્થિતિ સર્જાય છે. ત્યારે પાટણ નગરપાલિકા દ્વારા પ્રિમોનસૂન પ્લાન હેઠળ મંગળવારે નાટક કરી માત્ર આગળના ભાગેથી જ કચરો બહાર કાઢી ફોટો સેશન બાદ આજે આ કામગીરી બંધ કરી દેવાતા સ્થાનિકોમાં નગરપાલિકાની આવી દેખાવ પૂરતી જ કામગીરી સામે રોષ ફેલાયો છે. ચોમાસાના આગમન પૂર્વે દર વર્ષે આ રીતે માત્ર દેખાવ પૂરતી કેનાલની સાફ-સફાઈ કરવામાં આવે છે પરંતુ વત્રાસર તળાવને મળતી આ લાંબી કેનાલની છેક સુધી સફાઈ નહીં કરાતા અધવચ્ચે જ પાણી અવરોધાય છે અને આ અવરોધાયેલું પાણી આસપાસની સોસાયટીઓમાં ઘૂસે છે ભારે વરસાદ પડે ત્યારે કેનાલના કારણે સમગ્ર વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. નગરપાલિકાના સત્તાધીશો દેખાવ કરવાને બદલે પ્રજાહિતમાં આનંદ સરોવરથી લઈ સમગ્ર કેનાલની છેક સુધીની સફાઈ કરી તેમાં રહેલ કચરો અને કાદવ ઉલેચવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# ભાવનગર શહેરની મહિલા કોલેજ નજીક પોલીસના સ્વાંગમાં પરપ્રાંતીયને લૂંટી લીધો

ભાવનગર, તા.૧૬

ભાવનગર શહેરની મહિલા કોલજ નજીક યશવંતરાય નાટ્યગૃહની પાછળ એક પરપ્રાંતિય યુવક તેના ભાઈ સાથે ખરીદી કરીને જતો હતો. તે દરમિયાન બાઈક ઉપર આવેલા શખ્સે થેલીમાં શુ છે. હું ખાતાવાળો છું. તેમ કહી છરીની અણીએ યુવકના રૂા. ૫૦ હજારની લૂંટ ચલાવી યુવકને પોલીસ મથક લઈ જવાના બહાને બાઈક પાછળ બેસાડી દઈ નાસી છૂટ્યો હતો. આ બનાવની જાણવા મળતી વિગતો અનુસાર ઉત્તરપ્રદેશના બલરામપુરના વતની અને હાલ ભાવનગરના મોતીતળાવમાં રહેતા કુલદીપ ગંગારામ ચૌહાણે ઘોઘારોડ પોલીસ મથકમાં ૧૮થી ૨૦ વર્ષિય શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી કે, ગઈકાલે સાંજના તેઓ અને તેના ભાઈ શિવકુમાર બન્ને શિવકુમારના પત્નીના ખાતામાંથી રૂપિયા ઉપાડીને તિલક નગર જઈને પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન યશવંતરાય નાટ્યગૃહની પાછળના ભાગેથી શાક બકાલાની થેલી લઈ ચાલીને જઈ રહ્યા હતા. તે સમયે એક શખ્સે બાઈક ઉપર આવી તેઓને રોકી થેલીમાં શુ છે. હું ખાતાવાળો છુ. તેમ કહી કમરમાંથી છરી કાઢી તેઓને દેખાડી તારા ખીસ્સામાં જે છે તે આપી દે તેમ કહેતા તેઓના પેન્ટના ખીસામાં રહેલા ૫૦ હજાર બહાર કાઢતા શખ્સે તેના પાસેથી લઈને તને પોલીસ સ્ટેશન લઈ જવાનો છે. તેમ કહી તેના બાઈક પાછળ બેસાડી બાઈક ચલાવતા તેઓએ ડરના માર્યા બાઈક પાછળથી ઉતરી જતા શખ્સ પોતાનું બાઈક લઈ નાસી છુટ્યો હતો. આ ફરિયાદ અનુસંધાને ઘોઘારોડ પોલીસે અજાણ્યા શખ્સ સામે આઈપીસી ૩૯૪ તેમજ જીપી એક્ટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

# બોડેલીની ખત્રી વિદ્યાલયનું ૯૬.૨૩ ટકા પરિણામ : ચાર વિદ્યાર્થિનીઓ પરિણામમાં ઝળકી



(તસવીર : સોયેબ ખત્રી, બોડેલી)

બોડેલી, તા.૧૬

ગુજ.માધ્યમિક અને ઉ.માં.શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું. જેમાં છોટાઉદેપુર જિલ્લાનું ૯૧.૮૪%, જ્યારે બોડેલી કેન્દ્રનું ૯૩.૨૦% પરિણામ આવ્યું. જેમાં બોડેલીની ખત્રી વિદ્યાલયનું ૯૬.૨૩ % ઉત્કૃષ્ટ પરિણામ આવ્યું. બોડેલી તાલુકાના પ્રથમ અને દ્વિતીય નંબર પણ આજ શાળાની વિદ્યાર્થીનીઓએ મેળવ્યો છે. જેમાં શાળામાં અને તાલુકામાં પ્રથમ નંબરે બે દીકરીઓ આવી છે. જેમાં પ્રથમ ૧, ખત્રી આઈશાબેન મો.નઈમ અને લુહાર પરવીનબાનું ફિરોજભાઈ જેઓના સરખા માર્ક્સ ૭૦૦માંથી ૬૨૦, પર્સેન્ટાઈલ રેન્ક ૯૭.૮૪, બીજો નંબર ખત્રી સઈદા બાનું મુસ્તાક ૭૦૦માંથી ૬૧૩ પર્સેન્ટાઈલ રેન્ક ૯૭.૧૪ જ્યારે ત્રીજા નંબરે શેખ રેશમા રમજાન અલી ૭૦૦માંથી ૬૦૨ પર્સેન્ટાઈલ રેન્ક ૯૫.૮૨.મેળવી શાળા અને બોડેલી ગામનું નામ રોશન કર્યુ છે. આ તકે શાળાના ટ્રસ્ટી મંડળ અને આચાર્ય યુ.વાય. ટપલા અને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા અને દીકરીઓ ભવિષ્યમાં અભ્યાસમાં અગ્રેસર રહે તેવી શુભકામનાઓ આપવામાં આવી.

# જંબુસર એસટી ડેપોના શૌચાલયમાં પાણીનો ખુલ્લેઆમ બગાડ

જંબુસર એસટી ડેપોનું નવીનીકરણ થયાને વર્ષો વિત્યા નથી ત્યાં તો વરસાદી પાણી ભરાવા, શૌચાલયોમાં નળ ન હોય, પાણી વહી જતું હોય પાણીનો બગાડ થઈ રહ્યો છે. જંબુસર એસટી ડેપોનું શૌચાલય જેનો કોન્ટ્રાક્ટ અંદાજિત વીસ દિવસથી પૂર્ણ થયો હોય શોચાલયની દુર્દશા થઈ છે. એસટી ડેપો સંચાલકો શૌચાલયના નળ તૂટેલા હોય, વોશબેસિનમાં પાણી સતત વહી જતું હોય પાણીનો ખોટો બગાડ થતો હોય તે પરત્વે કેમ ધ્યાન આપતા નથી. આમ તો પાણી બચાવો વીજળી બચાવો માટે સરકાર મોટી મોટી જાહેરાતો કરે છે. તો ડેપો સંચાલકોને આ ખ્યાલ નહીં હોય તેવા જન માનસમાં પ્રશ્નો ઉદભવે છે.

# સિદ્ધપુરના વાઘરોલની પીર સૈયદ એમ.ઝેડ. જાફરી વિદ્યાલયનું ૧૦૦ ટકા પરિણામ

સિદ્ધપુર, તા.૧૬

નવજીવન કેળવણી મંડળ સંચાલિત પીર સૈયદ એમ.ઝેડ. જાફરી વિદ્યાલય, વાઘરોલનું માર્ચ-૨૦૨૪ એસ.એસ.સી.નું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે. જેમાં કડીવાલા એજાજહુસેન બાકરઅલી ૯૦.૫૦% સાથે શાળામાં પ્રથમ, ઠાકોર પ્રિયાબેન મંગાજી ૮૭.૬૭% સાથે દ્વિતીય અને સુણસરા ફીજજાફાતમા આબીદઅલી ૮૬.૧૭% સાથે તૃતીય નંબર પ્રાપ્ત કરેલ છે. વિદ્યાર્થીઓએ આ સિદ્ધિ પ્રાપ્ત કરી શાળાનું અને ગામનું ગૌરવ વધારેલ છે. પ્રાપ્ત કરેલ સિદ્ધિ બદલ શાળા સંચાલક મંડળના પ્રમુખ મહંમદઅલી કડીવાલા તથા કારોબારી સભ્યો તેમજ શાળાના આચાર્ય હુસેનઅલી અવાડિયા તથા શાળાના કર્મચારીગણ દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# જૂનાગઢ મનપામાં બોગસ ફાયર એનઓસી રજૂ કરવા મામલે આરોપીની જામીન અરજી રદ

## બોગસ ફાયર એનઓસી રજૂ કરી એક બહુમાળી ઈમારતના બાંધકામને મંજૂરી આપી દેવાઈ હતી

જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢ મહાનગરપાલિકામાં બોગસ ફાયર એનઓસી રજૂ કરી એક બહુમાળી ઈમારતના બાંધકામને મંજૂરી આપી દેવાના પ્રકરણમાં જેને મુખ્ય આરોપી દર્શાવવામાં આવ્યો છે એવા છૂટા કરી દેવાયેલા હંગામી કર્મચારી સુજલ પોમલની જામીન અરજી જૂનાગઢ સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. મંગળવારે જૂનાગઢ સેશન્સ કોર્ટમાં આરોપી હિમાંશુ ઉર્ફે સુજલ નલીનભાઈ પોમલની જામીન અરજી ઉપરની સુનાવણી હતી. આ સુનાવણી દરમ્યાન કોર્ટ દ્વારા કહેવાયું હતું કે, પ્રિ ફાયર એનઓસી ખૂબ અગત્યની છે. તેના આધારે એ નક્કી થાય છે કે મંજૂરીવાળા સ્થળ ઉપર ફાયરના સાધનો છે. આ બેદરકારી ચલાવી લેવાય તો લોકોના જીવનું જોખમ થાય એ ઉપરાંત આ કેસમાં સરકારી વકીલ કે તપાસનીશ પોલીસ અધિકારી દ્વારા આજ સુધી જામીન અરજી સામે વાંધા રજૂ કરવામાં આવ્યા નથી. પરંતુ ગુણદોષના આધારે આ કેસમાં આરોપીની મુખ્ય ભૂમિકા હોય તેવું સ્પષ્ટ થયું હોઈ હાલના તબક્કે જામીન આપી શકાય નહીં.

# ધોળકાના મીરકૂવા મોહલ્લામાં તેજસ્વી વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો



ધોળકા, તા.૧૬

ધોળકા ખાતે મીરકુવા મોહલ્લામાં પૂર્વ કાઉન્સિલર માજીદમિયાં મુસ્તુફામિયાં મલેક દ્વારા મીરકુવા મોહલ્લાના તેજસ્વી તારલાઓને ઈનામ આપી સન્માનિત કરવાનો કાર્યક્રમ મુસ્લિમ અગ્રણી મુસ્તુફામિયાં મલેકના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. ધો.૧થી ૧૨ તથા કોલેજની ૨૮ છોકરીઓ અને ૨૩ છોકરા એમ કુલ ૫૧ તેજસ્વી વિદ્યાર્થીઓને ફુલહાર કરી તથા ઈનામ આપી મહેમાનો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મીરકુવા મોહલ્લાના વિદ્યાર્થીઓ, વાલીગણ તથા મીરકુવા મોહલ્લાના આગેવાનો અને યુવા મિત્રો હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે મોટી સંખ્યામાં બહેનો પણ હાજર રહી હતી.

# મહુવા-રાજુલા હાઈવે પર અજાણ્યા વાહનની ટક્કરે બાઈક સવાર બેનાં મોત

ભાવનગર, તા.૧૬

મહુવા તાલુકાના બિલડી ગામના ત્રણ યુવાનો રાત્રીના અરસામાં જાફરાબાદ તરફ રામાપીરનુ આખ્યાન જોવા જઈ રહ્યા હતા. તે દરમિયાન મહુવા રાજુલા હાઈવે પરના દાતરડી ગામ પાસે અજાણ્યા વાહનના ચાલકે બાઈકને ટલ્લો મારતા બે યુવાનના ઘટનાસ્થળ પર મોત નિપજવા પામ્યા હતા. જ્યારે એકને ગંભીર ઈજા થતાં મહુવાની હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવના પગલે ભારે અરેરાટી સાથે આઘાતની લાગણી છવાઈ જવા પામી હતી. બનાવની જાણવા મળતી વિગત મુજબ મહુવા તાલુકાના બીલડી ગામે રહેતા ભોળાભાઈ નરસીભાઈ ધૂંધળવા, બાવકુભાઈ રસાભાઈ ધૂંધળવા અને પ્રવીણભાઈ ભરતભાઈ ચુડાસમા બુધવારે રાત્રીના એક બાઈક ઉપર ત્રણેય આખ્યાન જોવા માટે જાફરાબાદ પંથકમાં જઈ રહ્યા હતા. તે દરમિયાન રાજુલા તાલુકાના દાતરડી ગામ નજીક પહોંચતા મહુવા રાજુલા હાઈવે ઉપર પસાર થતા કોઈ હેવી વાહનના ચાલકે બાઈકને અડફેટે લઈ અકસ્માત સર્જાતા ત્રણેય યુવાનને ગંભીર ઈજા પહોંચતા ભોળાભાઈ નરશીભાઈ (ઉં.વ.૩૯) અને બાવકુભાઈ રસાભાઈ ધૂંધળવા (ઉં.વ.૩૫)ના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. જ્યારે પ્રવીણભાઈ ભરતભાઈ ચુડાસમા (ઉં.વ.૨૫)ને ગંભીર ઈજા થતાં તાત્કાલીક સારવાર અર્થે ૧૦૮ મારફતે મહુવાની હનુમંત હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ઘટનાની જાણ થતા મોટી સંખ્યામાં લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અને બન્ને મૃતકનો કબજો સંભાળી પીએમ અર્થે મહુવા હોસ્પિટલ ખસેડાયા હતા. બનાવના પગલે મોટી સંખ્યામાં લોકો હોસ્પિટલ દોડી ગયા હતા અને ભારે અરેરાટી સાથે આક્રંદ છવાઈ જવા પામ્યો હતો. બનાવ અનુસંધાને મોડીરાત્રીના પોલીસે કેસ કાગળ કર્યા બાદ અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# બુટલેગર શિવમ કહારની બર્થ-ડે ઉજવણીમાં પોલીસ સાથે માથાકૂટ કરનાર પાંચની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વાઘોડિયા રોડ પર પ્રભાતનગરના નાકે જાહેરમાં મોડી રાત્રે કેક કાપી ફટાકડા ફોડી જન્મદિવસની ઉજવણી કરતા બૂટલેગર અને તેના સાગરિતોએ પોલીસ સાથે માથાકૂટ કરી હતી. જે ગુનામાં પોલીસે બૂટેલગર સહિત પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. બાપોદ પોલીસ સ્ટેશનની પીસીઆર વાનમાં પોલીસ જવાનો રાત્રે પેટ્રોલિંગમાં હતા ત્યારે પ્રભાતનગરના નાકે જાહેર રોડ પર ઉભેલા ટોળાની વચ્ચે શિવમ લખેલી કેક ટેબલ પર ગોઠવેલી હતી અને ૨૦થી ૨૫નું ટોળું બૂમાબૂમ કરી ફટાકડા ફોડતું હતું. પોલીસે આવું કૃત્ય નહી કરવા સમજાવતાં તેઓએ પોલીસ સાથે માથાકૂટ કરી હતી.

આ બનાવમાં બાપોદ પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.આર. સંગાડાએ પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં (૧) શિવમ જતિનભાઈ કહાર (૨) નરેશ ઉર્ફે લાલી શિવાભાઈ કહાર (૩) હર્ષ નરેશભાઈ કહાર (૪) આદર્શ નરેશભાઈ કહાર ( તમામ રહે. ચંદ્રનગર સોસાયટી, વાઘોડિયા રોડ) તથા (૫) અહેમદ ઈસ્માઈલભાઈ સૈયદ ( રહે. શાલિમાર ફ્લેટ, આજવા રોડ)નો સમાવેશ થાય છે. પોલીસ સાથે માથાકૂટ કરનાર આરોપીઓને ઉભા પગે બેસાડી તેઓની શાન ઠેકાણે લાવવામાં આવી હતી.

### કોંગ્રેસ તેમજ ઈન્ડિયા ગઠબંધન દ્વારા કલેક્ટરને આવેદન

# વડોદરામાં MGVCL દ્વારા લગાવવામાં આવી રહેલા પ્રીપેઈડ સ્માર્ટ મીટરની કામગીરી બંધ કરવા માંગ

## જ્યાં પ્રીપેડ સ્માર્ટ મીટર લગાડાયા છે તે કાઢી જૂના મીટર લગાવવા માંગ કરી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬



નવા વીજ સ્માર્ટ મીટરના વિરોધમાં આજરોજ જેતલપુર વિસ્તારના રહીશો પણ કલેકટર કચેરીએ પહોંચી જૂના મીટર પરત લગાવવા રજૂઆત કરી હતી. **(તસવીર : અતિક શેખ, વડોદરા)**

વડોદરા કોંગ્રેસ તેમજ INDIA ગઠબંધન દ્વારા હાલ વડોદરા શહેરમાં MGVCL દ્વારા લગાવવામાં આવી રહેલા પ્રીપેઈડ સ્માર્ટ મિટરની કામગીરી બંધ કરવા માગ કરી છે અને જ્યાં પ્રીપેઈડ સ્માર્ટ મિટર લગાવવામાં આવ્યા છે તે કાઢીને જૂના મીટર લગાવવા માગ કરતું આવેદનપત્ર આજે જિલ્લા કલેકટરને આપી રજૂઆત કરવામાં આવી હતી.

ઈન્ડિયા ગઠબંધન દ્વારા આજે આપેલા આવેદનપત્ર સમયે શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષીએ જણાવ્યું હતું કે, શહેરમાં MGVCL દ્વારા જુના મીટરો કાઢીને પ્રીપેઈડ સ્માર્ટ મિટર લગાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. જેનો વીજ ગ્રાહકો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. વીજ સબસ્ટેશન ઉપર લોકો હલ્લાબોલ કરી રહ્યા છે ત્યારે પ્રીપેઈડ સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી બંધ કરવામાં આવે અને જ્યાં લગાવી દેવામાં આવ્યા છે તે કાઢી જૂના મીટરો લગાવવા અમારી માગ છે. આ સમયે પૂર્વ વિપક્ષી નેતા ચંદ્રકાન્ત શ્રીવાસ્તવ તેમજ આમ આદમી પાર્ટીના શબનમ શેખ સહિતના કાર્યકરો અને શિવસેના સહિત પક્ષના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા અને તેઓએ સ્માર્ટ મીટરનો વિરોધ કર્યો હતો. તેમજ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ઉગ્ર રજૂઆત કરી હતી.

INDIA ગઠબંધન દ્વારા આક્ષેપ કરાયો હતો કે, કેન્દ્રની ભાજપ સરકાર ખાનગીકરણના ભાગરૂપે દેશના વીજળી ઉત્પાદન અને વીજ વિતરણને નવા કાયદાથી અદાણી, અંબાણી, ટોરેન્ટ, એનરોન, સિમેન્સ જેવી કંપનીઓને દાખલ કરવા દરવાજા ખોલી રહી છે. ગુજરાત સરકાર દ્વારા નવા વીજ કાયદાના અમલીકરણના ભાગરૂપે સ્માર્ટ રીચાર્જ મીટર લગાવવા કરોડો રૂપિયાની ફાળવણી કરી દીધી છે.આજના સમયમાં વીજળી જીવનની અતિઆવશ્યક જરૂરીયાત છે. તેવા સંજોગોમાં વીજળીના ખાનગીકરણની અસરો સામાન્ય માનવીના જીવનધોરણ ઉપર પડશે. હાલમાં પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત વડોદરામાં અનેક ઘરોમાં સ્માર્ટ મીટર નાખવામાં આવ્યા છે. જેને પરિણામે રીચાર્જ કેવી રીતે કરવું ? તેની પણ પૂરતી જાણકારીના અભાવે અનેક ઘરોમાં રાત્રીના સમયમાં વીજપુરવઠો બંધ થઈ જાય છે. સદર સ્માર્ટ રીચાર્જ મીટરોએ માત્રને માત્ર ખાનગી કંપનીઓને નફો કરવા હેતુસર હોવાથી અમારી માગ છે કે તાત્કાલિક અસરથી સ્માર્ટ રિચાર્જ મીટરની કામગીરી બંધ કરવામાં આવે અને જે જગ્યાએ સ્માર્ટ મીટર લગાવામાં આવ્યા છે ત્યાં જૂનું મીટર લગાવવામાં આવે.

### જેતલપુરના રહીશો પણ સ્માર્ટ મીટરના વિરોધમાં રજૂઆત કરવા કલેક્ટર કચેરીએ પહોંચ્યા

જેતલપુર વિસ્તારના રહીશો દ્વારા પણ સ્માર્ટ મીટર કાઢી જુના મીટર લગાવવા બાબતે કલેકટરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.

જેતલપુર રહીશોના જણાવ્યા અનુસાર, સ્માર્ટ મીટરમાં વીજ બિલ વધુ આવે છે અને વિસ્તારમાં ગરીબ લોકો રહેતા હોવાથી ઘણા લોકો પાસે સ્માર્ટ ફોન નથી તો તેઓ રિચાર્જ અને વપરાશ જોઈ શકતા નથી. સ્થાનિકો દ્વારા કલેકટર કચેરી બહાર દેખાવો કરી સૂત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા હતા તેમજ તાત્કાલિક નવા સ્માર્ટ મીટર કાઢી જૂના મીટર પ્રત લગાવી આપવા રજૂઆત કરાઈ હતી.

# યુવક મંડળ હાઈસ્કૂલ મનુબરનું એસ.એસ.સી.નું ૯૫.૨૪ ટકા પરિણામ

મનુબર, તા.૧૬



બારીવાલા સાદિયા અનવર સમશેર સમીના સરફરાજ મજા હુમેરા અબ્દુલવહાબ

માર્ચ ૨૦૨૪માં લેવાયેલી એચ.એસ.સી. બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થતા યુવક મંડળ હાઈસ્કૂલ મનુબરનું ધો.૧૦નું ૯૫.૨૪ ટકા પરિણામ જાહેર થયેલ છે. જેમાં શાળામાં પ્રથમ ક્રમે બારીવાલા સાદિયા અનવરે ૯૭.૮૫ પી.આર. રેન્ક તેમજ દ્વિતીય ક્રમે સમશેર સમીના સરફરાજે ૯૭.૭૩ પીઆર રેન્ક અને તૃતીય ક્રમે મજા હુમેરા અબ્દુલવહાબે ૯૭.૧૫ પીઆર રેન્ક મેળવી શાળા અને ગામનું ગૌરવ વધાર્યું છે. સંચાલક મંડળ, આચાર્ય તથા શાળા પરિવાર તરફથી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### શંકરસિંહ આદરણીય, પરંતુ આંદોલન અંગે તેમને અધિકાર નહીં

# ક્ષત્રિય આંદોલન હાલ સ્થગિત રાખવાની સંકલન સમિતિ દ્વારા કરાઈ જાહેરાત

## ક્ષત્રિય સમાજે ડંકાની ચોટ પર ભાજપ સામે મતદાન કર્યું : કરણસિંહ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૬

રાજકોટ લોકસભા મતવિસ્તારમાં ક્ષત્રિયોએ પરશોત્તમ રુપાલા વિરુદ્ધ મતદાન કર્યું હોવાનું મનાય છે. ક્ષત્રિયોની સાથેસાથે અન્ય સહયોગી સમાજે પણ રાજકોટ બેઠક પર ૮૦ ટકા મતદાન કર્યું છે. રુપાલા સામેનું આંદોલન હાલમાં સ્થગિત કરવામાં આવ્યું છે. ક્ષત્રિય સમાજ અન્ય સમાજે કરેલા ભાજપ વિરુદ્ધના મતદાનથી પરશોત્તમ રુપાલા રાજકોટ બેઠક પરથી હારશે તેવો વિશ્વાસ સંકલન સમિતિના કરણસિંહે વ્યક્ત કર્યો હતો.



કરણસિંહે વધુમાં કહ્યું હતું કે, અત્યારે અમે આંદોલનને વિરામ આપી રહ્યા છીએ. અમારા અગ્રણીઓને રંજાડવામાં આવશે તો અમે ફરીવાર આક્રમક થઈ સામે આવીશું. શંકરસિંહ વાઘેલાએ આંદોલન પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી, શંકરસિંહ વાઘેલા અમારા આદરણીય જરૂર છે, પરંતુ આંદોલન અંગે અધિકાર એમનો નથી. સમાજમાં કોઇ દ્વિધા ઉભી ના થાય એટલે આજે સ્પષ્ટતા કરાઈ રહી છે. ક્ષત્રિય સમાજે ડંકાની ચોટ પર ભાજપ સામે મતદાન કર્યું છે. પરિણામની ચિંતા કર્યા વગર અમે અમારી લડત લડ્યા છીએ. જય પરાજયની ચિંતા કર્યા વગર લડત લડ્યા છીએ. ક્ષત્રિય સમાજે સહયોગી સમાજ સાથે ૮૦ ટકા જેટલું મતદાન કર્યું છે.

વસ્તીના પ્રમાણમાં પ્રતિનિધિત્વ આપવામાં આવે તેવી માંગ ચૂંટણી સમયે કરીશું. જે બેઠક પર ક્ષત્રિય સમાજની વસ્તી વધુ હશે ત્યાં બંને પાર્ટીઓ પાસે ટીકીટ માંગીશુ. રૂપાલાએ મતદાન બાદ માંગેલી માફી અંગે પણ સંકલન સમિતિની બેઠકમાં ચર્ચા થઇ છે. આ બાબતને કોર કમિટી અને અન્ય સંસ્થાઓ વચ્ચે મૂકવામાં આવશે. તમામ સંસ્થાઓ દ્વારા વિસ્તૃત ચર્ચા કરી માફી અંગે નિર્ણય કરવામાં આવશે. તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

### ગુજરાત યુનિ.ના એનિમેશનના વિદ્યાર્થીઓને સુવિધા ન મળતા આક્રોશ સાથે રેલી કાઢી

# બે મહિના ભણાવી ૬ મહિનાની ફી લે છે, આપે છે નાપાસ કરવાની ધમકી

## પીવાના પાણીની સુવિધા નથી : ટોઈલેટમાં સ્વચ્છતા નથી

અમદાવાદ, તા.૧૬

ગુજરાત યુનિવર્સિટી અવારનવાર ચર્ચામાં રહે છે ત્યારે આજે યુનિવર્સિટીના ગુજરાત યુનિવર્સિટીના એનિમેશન ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓએ સુવિધાઓ ન મળતા આક્રોશ સાથે રેલી કાઢી હતી. વિદ્યાર્થીઓ પાસેથી હજારો રૂપિયા ફી લીધા બાદ પણ સુવિધા આપવામાં આવતી નથી. વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે, ભણાવ્યા વિના પરીક્ષા લેવામાં આવી રહી છે. ૨ મહિના ભણાવે છે અને ૬ મહિનાની ફી માંગે છે. ફેકલ્ટી, પ્લેસમેન્ટ, લેબ, પાણી સહિતની સુવિધા બતાવી જેમાંથી અત્યારે કોઈ સુવિધા નથી. તેમજ ખુલ્લેઆમ ધમકી આપવામાં આવે છે કે નાપાસ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ એનિમેશન ડિપાર્ટમેન્ટથી રેલી કાઢીને ટાવર પહોંચ્યા હતા, જ્યાં કુલપતિ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. રજૂઆત દરમિયાન જ કુલપતિ ઊભા થઈ અંદરના કેબિનમાં જતા રહેતા વિદ્યાર્થીઓમાં રોષ જોવા મળ્યો હતો.

ગુજરાત યુનિવર્સિટીના એનિમેશન ડિપાર્ટમેન્ટમાં ૩ મહિના અગાઉ ફેકલ્ટી અને અસુવિધાઓને કારણે વિવાદ સર્જાયો હતો, ત્યારે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ફેકલ્ટી આપવાની તેમજ અસુવિધાઓ દૂર કરવાની બાંહેધરી આપી હતી, ત્યારે હવે ફરી એક વાર એનિમેશન ડિપાર્ટમેન્ટ ફેકલ્ટી અને અસુવિધાઓને કારણે વિવાદમાં આવ્યો છે. વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર અત્યારે રૂમમાં એસી ચાલી રહ્યા નથી, પીવાના પાણીની વ્યવસ્થા નથી, ફેકલ્ટી નથી, ટોઈલેટમાં સ્વચ્છતા નથી, પ્રેક્ટિકલના અભ્યાસ માટે પૂરતા કોમ્પ્યુટર નથી.

વિદ્યાર્થીઓએ એનિમેશન ડિપાર્ટમેન્ટ બહાર જ નારાબાજી કરી હતી, ત્યારબાદ વિદ્યાર્થીઓએ રેલી યોજીને યુનિવર્સિટી ટાવર સુધી પહોંચ્યા હતા. જ્યાં તેમણે કુલપતિને મળવા જતા રોકતા ઝાડી પછાડી બેસી ગયા હતા. વિદ્યાર્થીઓને કુલપતિને મળવા જવા દેવાતા કુલપતિ અને વિદ્યાર્થીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વિદ્યાર્થીઓની રજૂઆત ચાલી રહી હતી, ત્યારે અચાનક જ કુલપતિ અંદરની કેબિનમાં જતા રહ્યા હતા. જેથી વિદ્યાર્થીઓ વધુ રોષે ભરાયાં હતાં. કુલપતિ નીરજા ગુપ્તાએ જણાવ્યું હતું કે, બે મુદ્દાઓ હતા. વિદ્યાર્થીઓને ગેરસમજ છે. ફી ઘટાડો ન કરી શકાય કારણ કે, ખાનગી કોર્ષ છે. બે પરીક્ષાની વચ્ચે અંતર જોઈતું હતું તે મુદ્દો સ્વીકાર્યો છે. સ્વચ્છતાનો મુદ્દો પણ અમે સ્વીકાર્યો છે. વિદ્યાર્થીઓ ખાનગી એજન્સીઓ હાથો બની રહ્યા હોય તેવું લાગી રહ્યો છે. ત્યારે આ અંગે વિદ્યાર્થીઓનો આક્રોશ વધતો જઈ રહ્યું છે.

# ૨૫ ગ્રાન્ટેડ સ્કૂલો ઓડિટમાં ગેરહાજર રહેતા કડક પગલાની ચીમકી

- ઓડિટ નહીં કરાવે તો આચાર્યનો પગાર અટકાવા તથા સ્કૂલની ગ્રાન્ટમાં કાપ કરાશે
- શહેરની ૩૯૩ સ્કૂલો પૈકી ૨૫ સ્કૂલોને સૂચના છતાં ઓડિટ કેમ્પમાં ગેરહાજર રહી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ શહેરની ૨૫ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો સામે અમદાવાદ શહેર DEO હવે કડક પગલા લેવાના મુડમાં જણાય છે. સ્કૂલોના ખાતાકીય ઓડિટ માટે સુચના આપ્યા બાદ પણ ૨૫ જેટલી સ્કૂલો ઓડિટ માટે હાજર રહી ન હતી. જેથી તેમને છેલ્લી તક આપવામાં આવી છે. જો આ વખતે સ્કૂલો દ્વારા ચુક કરવામાં આવશે તો સ્કૂલના આચાર્યના પગાર જૂન માસથી અટકાવવામાં આવશે. ઉપરાંત સ્કૂલની ગ્રાન્ટમાં પણ ૨૫ ટકાનો કાપ મુકવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ શહેરી વિસ્તાર હસ્તક આવતી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષના ખાતાકીય ઓડિટ માટે કેમ્પનું આયોજન ૨૯ નવેમ્બર, ૨૦૨૩થી ૪ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન કરવામાં આવ્યું હતું. જે માટે તમામ ૩૯૩ શાળાઓને કેમ્પના સ્થળે જરૂરી રેકર્ડ સાથે ઉપસ્થિત રહેવા માટે સુચના આપવામાં આવી હતી. જે અન્વયે અગાઉથી સ્કૂલોને જાણ કરેલી હોવા છતાં શહેરની ૨૫ જેટલી સ્કૂલો કેમ્પ સ્થળે જરૂરી આધારો સાથે હાજર રહી ન હોવાનું સામે આવ્યું છે.

આ શાળાઓ છેલ્લા બે કે તેથી વધુ વર્ષના સમયથી ખાતાકીય ઓડિટ માટે કેમ્પ સ્થળે ઉપસ્થિત રહી નથી કે રેકર્ડ રજુ કરેલા નથી. આમ, ખાતાકીય ઓડિટ માટે બાકી રહી ગયેલી તમામ શાળાઓને ખાતાકીય ઓડિટની કામગીરી ૨૨ એપ્રિલથી ૧૮ મે દરમિયાન ખાસ કિસ્સા તરીકે અમદાવાદ શહેર DEO કચેરી ખાતે પુનઃ શરૂ કરેલી હતી, જેમાં બાકી રહેલી તમામ શાળાઓનું રેકર્ડ સમયસર રજુ થાય અને ઓડિટની કામગીરી સમયસર પૂર્ણ થાય તે માટે ૨૦૨૦-૨૧ના વર્ષની જરૂરી ગ્રાંટની ફાઈલો આધારો સાથે હાજર રહેવા માટે જણાવાયું હોવા છતાં ૨૫ સ્કૂલો હાજર રહી ન હતી.

આમ, કોઈ ચોકકસ કારણોસર ખાતાકીય હિસાબી ઓડીટમાં શાળાઓ દ્વારા સહયોગ ન કરતી હોવાનું જણાય છે. આમ, છતાં આ સ્કૂલોને પુનઃ એક તક આપવામાં આવી છે અને તેમણે ૧૭ અને ૧૮ મેના રોજ કચેરી ખાતે તમામ શાળાઓનું રેકર્ડ સમયસર રજુ થાય અને ઓડિટની કામગીરી સમયસર પૂર્ણ થાય તેવી સુચના આપવામાં આવે છે. જો શાળા દ્વારા આ સમય દરમિયાન ઓડિટ કરાવવામાં નહી આવે તો આ બાબતે આચાર્ય અને સંચાલકની જવાબદારી થતી હોય જેથી શાળાના આચાર્યના પગાર જુન-૨૦૨૪થી અટકાવવાની કાર્યવાહી કરવામાં આવશે. ઉપરાંત શાળાની નિભાવ ગ્રાંટમા ૨૫ ટકાની ગ્રાંટ કાપ આપવામાં આવશે.

### સુરત રેલવે સ્ટેશને

# ચાલુ ટ્રેને ચઢવા જતા મહિલા ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે પડી : આરપીએફ જવાને બચાવી લીધી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

સુરત સ્ટેશને ચાલતી ટ્રેનમાં ચઢતી વખતે મહિલા પેસેન્જર પટકાઇ હતી. જેને આરપીએફે બચાવી લીધી હતી. સવારના નવ વાગ્યે આરપીએફ કોન્સ્ટેબલ પુષ્પેન્દ્ર પ્લેટફોર્મ નંબર ૧ ફરજ પર હતા. એ જ સમયે પ્લેટફોર્મ નંબર ૧ પર મારૂસાગર એક્સપ્રેસ ત્યાં આવી હતી. ટ્રેન ઉપડતા જ એક મહિલા પેસેન્જર દોડતી દોડતી ચાલતી ટ્રેનમાં ચડવા ગઈ હતી. પરંતુ તે બેલેન્સ ગુમાવી ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે ફસાઇ ગઈ હતી. જોકે, તે સમયે પુષ્પેન્દ્રે કુમારે દોડી આવી મહિલા પેસેન્જરને બહાર કાઢી લીધી હતી. અંતે મહિલા પેસેન્જરે માફી માંગવા સાથે આરપીએફ જવાનનો આભાર માન્યો હતો. જો કે, લોકોની આંખ ઉઘાડતી ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી.

સુરતના રેલવે સ્ટેશન પર તા. ૧૪મી મેની સવારે એક ઘટના બની હતી. તા.૧૪મી મેની સવારે ૯ વાગ્યે સુરત સ્ટેશન પર દોડતી ટ્રેનમાં ચઢવા જવાની ઉતાવળમાં મહિલા ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે આવી ગઈ હતી. જોકે, આરપીએફના જવાને તેને ખેંચી લઈ બચાવી લીધી હતી. સવારે ૯ વાગ્યે આરપીએફના કોન્સ્ટેબલ પુષ્પેન્દ્ર પ્લેટફોર્મ નં. ૧ પર ફરજ પર હતા. ત્યારે પ્લેટફોર્મ નંબર ૧ પર મારૂસાગર એક્સપ્રેસ આવી હતી. આ ટ્રેન તેના નિર્ધારિત સમયે ઉપડી હતી. ટ્રેન ઉપડી ત્યાર બાદ એક મહિલા પેસેન્જર પ્લેટફોર્મ પર દોડતી આવી હતી. તે મહિલા ટ્રેનમાં ચઢવા ગઈ હતી, પરંતુ તેણીએ બેલેન્સ ગુમાવી દીધું હતું અને તે ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે પડી હતી. જોકે, નજીકમાં જ ઉભેલા કોન્સ્ટેબલ પુષ્પેન્દ્રની નજર તેની પર પડી હતી અને તરત દોડી જઈ મહિલાને બાવડાંથી પકડી બહાર ખેંચી લઈ તેનો જીવ બચાવી લીધો હતો. મહિલાએ પોતાની ભૂલ બદલ માફી માંગી હતી અને આરપીએફ કોન્સ્ટેબલનો આભાર માન્યો હતો. આ સમગ્ર ઘટના રેલવે પ્લેટફોર્મના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

### ઈફકો ચૂંટણીથી બોધપાઠ લઈ નાફેડમાં સમજાવટથી બિનહરીફ જીત મેળવાઈ

# નાફેડમાં અસ્તિત્વની લડાઈ જ ન હતી ભાજપએ કોઈને મેન્ડેટ આપ્યો ન હતો

## ભાજપે અન્યને મેન્ડેટ આપ્યો હોત તો હું ચૂંટણી ના લડતો : કુંડારિયા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૬

નાફેડમાં ગુજરાતની ડિરેક્ટરની એક બેઠકની ચૂંટણીમાં ભાજપના પૂર્વ સાંસદ મોહન કુંડારિયા સહિત ૫ ઉમેદવારે ફોર્મ ભર્યા બાદ નાફેડમાં ઈફકોવાળી ન થાય અને ભાજપની આબરૂ બચી જાય તેવા પ્રયત્નો કરી સહકારી આગેવાનો અને પાર્ટી દ્વારા ચાર ઉમેદવારો સાથે વાટાઘાટ કરી ફોર્મ પરત ખેંચી લેવા મનાવવામાં આવ્યા હતા. ચારેય ઉમેદવારે ફોર્મ પરત ખેંચી લેતા મોહન કુંડારિયા બિનહરીફ થયા છે. આજે રાજકોટમાં મોહન કુંડારિયાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, આમાં અસ્તિત્વની લડાઈ જ નહોતી, પાર્ટીએ બીજા કોઈને મેન્ડેટ આપ્યો હોત તો હું ચૂંટણી લડવાનો જ નહોતો,.

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશની ટોચની સહકારી સંસ્થા ઈફકોની ચૂંટણીમાં ભાજપના સત્તાવાર ઉમેદવારની હારના પ્રત્યાઘાતો બાદ બીજી સહકારી સંસ્થા નાફેડની ચૂંટણીમાં ભાજપ વિરૂદ્ધ ભાજપનો જંગ છેડાતા રહી ગયો હતો. કારણ કે, ઈફકોમાં મેન્ડેટથી વિવાદ થતા નાફેડની ચૂંટણીમાં ભાજપ દ્વારા મેન્ડેટ જ આપવામાં આવ્યો નહોતો.

મોહન કુંડારિયાએ વધુમાં જણાવ્યું હતું કે, હું ૩૮ વર્ષથી પાર્ટીનો સૈનિક છું. પાર્ટીના આદેશથી જ હું લડી રહ્યો છું. નાફેડની ગુજરાત બેઠકમાં કુલ ૫ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. અમે બધા ભાજપના જ આગેવાનો છીએ. ગઈકાલે દિલ્હી ખાતે અમારી પાર્ટીના આગેવાનો તેમજ સહકારી ક્ષેત્રના આગેવાનો સાથે મળી બેઠક યોજી હતી. આ ચૂંટણીમાં નાફેડના સભાસદ હોય તેવા આખા દેશમાં ૫૫૬ મતદાર છે અને ગુજરાતમાં કુલ ૨૯૮ મતદાર છે. તે પૈકી રાજકોટ અને મોરબીના કુલ ૧૯૮ મતદારો છે. પાર્ટીની સમજાવટથી બાકીના ચાર ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતા મને બિનહરીફ વિજેતા બનાવવામાં આવ્યો છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ઈફકોની ચૂંટણી સમયે લોકસભા ચૂંટણીના કારણે અમારા આગેવાનો અને સહકારી આગેવાનો વચ્ચે બેઠક થઈ શકી નહોતી. એટલા માટે ચૂંટણી થઈ હતી. નાફેડની ચૂંટણી પહેલા અમને સમય મળતા બેઠક યોજાઈ હતી. જો ઈફકોની ચૂંટણી સમયે પૂરતો સમય મળ્યો હોત તો એમાં પણ ચૂંટણી ન થાત અને ૧૦૦% ઈફકોની ચૂંટણી પણ બિનહરીફ થઈ હોત તેવો મને પૂરો વિશ્વાસ છે. પાર્ટીએ મેન્ડેટ પ્રથાથી જો કોઈને પણ મેન્ડેટ આપવામાં આવ્યું હોત તો મને એ પણ માન્ય જ રહેત. હું પાર્ટીનો સૈનિક છું. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, નાફેડમાં સૌરાષ્ટ્રના વધુ સભ્યો છે જેની પાછળનું કારણ એ છે કે, વલ્લભભાઈ પટેલ જેવા દિગ્ગજ નેતાઓ આ સંસ્થામાં હતા અને ત્યારપછી એક બાદ એક સૌરાષ્ટ્રના નેતાઓ પ્રતિનિધિત્વ કરતા હતા. મોદી સરકારમાં પ્રથમ મંત્રીમંડળમાં હું કૃષિમંત્રી બન્યો એ સમયે કોંગ્રેસ દ્વારા નાફેડ બંધ કરવા ફાઈલ મૂકવામાં આવી હતી. જેને મેં નકારી પ્રધાનમંત્રીને વિશ્વાસમાં લઈ નાફેડ કાર્યરત રહે તે માટે કામ કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે નાફેડની ૨૧ બેઠકની ચૂંટણી હાથ ધરાઈ હતી. દર ૫ વર્ષે ચૂંટણી આવે છે અને તેમાં ૨૧ ડિરેક્ટર આખા દેશમાંથી ચૂંટાયા છે. આ વખતે ચૂંટણી આગામી ૨૧ મેના રોજ યોજવામાં આવી રહી છે અને તેમાં ગઈકાલે ઉમેદવારી પાછી ખેંચવાના અંતિમ દિવસે અન્ય પ્રતિસ્પર્ધી ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતા કુંડારિયા વિજેતા થયા હતા.

### ૭ પૈકી ચારનાં મૃતદેહ મળ્યા

# પોઈચામાં નર્મદા નદીમાંથી વધુ એક મૃતદેહ મળ્યો, ત્રણની શોધખોળ ચાલુ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

નર્મદા જિલ્લાના પોઈચા ગામ નજીક નર્મદા નદીમાં સુરતના આઠ લોકો ડૂબ્યા હતા, જેમાંથી સ્થાનિકોએ એકને ડૂબતા બચાવ્યો હતો. આજે ૧૬મી મે સતત ત્રીજા દિવસે એનડીઆરએફની ટીમ અન્ય લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે. ત્યારે વધુ એક મૃતદેહ આજે સવારે મળી આવ્યો હતો. નર્મદા જિલ્લાના પોઈચા ગામે મંગળવારે તા.૧૪મી મે નર્મદા નદીમાં ન્હાવા પડેલા સુરતના સાત લોકો ડૂબ્યા હતા. જેમાંથી અત્યાર સુધીમાં ચાર મૃતદેહ મળ્યા છે. એનડીઆરએફની ટીમને નંદરીયા ગામ નજીક નદીમાંથી મૃતદેહ મળ્યો હતો. જેની ઓળખ મૈત્રાક ભરત બદલાણિયા તરીકે થઈ હતી. હજી પણ અન્ય ત્રણ લાપતા લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે. મૂળ અમરેલીના રહેવાસી અને હાલ સુરત રહેતા પરિવાર રાજપીપળા પાસે આવેલા પોઇચા ગામે સ્વામીનારાયણ મંદિર તેમજ અન્ય ધાર્મિક સ્થાનોના દર્શનાર્થે નીકળ્યા હતા. ત્યારે પોઈચા નજીક નર્મદા નદીમાં પરિવાર ન્હાવા ઉતર્યા હતા. આ દરમિયાન નર્મદા નદીના ઊંડા પાણીમાં પરિવારના આઠ લોકો તણાયા હતા. આ બનાવની જાણ નજીકના ગ્રામજનોને થતા તેઓએ એક વ્યક્તિને બચાવી લીધો હતો. જ્યારે પરિવારના બાકીના સાત સભ્ય ડૂબી ગયા હોવાની માહિતી મળતા ફાયર બ્રિગેડ અને એનડીઆરએફની ટીમ ઘટના સ્થળે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી.

### શહેરમાં ગુનેગારો બન્યા બેફામ

# કુબેરનગરમાં દરોડા પાડવા ગયેલા પોલીસ કોન્સ્ટેબલ પર હુમલો : ત્રણની ધરપકડ

## દેશી-દારૂ વેચતી મહિલા બુટલેગર સહિત પરિવારે પોલીસ પર હુમલો કરી દીધો

અમદાવાદ, તા.૧૬

શહેરમાં ગુનાખોરીનો ગ્રાફ દિન-પ્રતિદિન વધતો જાય છે જેને કારણે ગુનેગારો બેફામ બન્યા છે ત્યારે કુબેરનગરમાં દેશી-દારૂના વેચાણ પર દરોડો પાડવા ગયેલ પોલીસ કોન્સ્ટેબલ પર મહિલા બુટલેગર સહિતના લોકોએ હુમલો કરી દેતા ચકચાર મચી જવા પામી છે.

સરદારનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ રમેશસિંહને બાતમી મળી હતી કે કુબેરનગર નજીક આવેલા કેકાડીવાસમાં દેશી દારુનું વેચાણ થઈ રહ્યું છે. જેના આધારે તેઓ દરોડા પાડવામાં ગયા હતા. તે દરમિયાન એક જ પરિવારના ચાર લોકોએ પોલીસકર્મી પર જીવલેણ હુમલો કરી દીધો હતો. આ મામલે સરદારનગર પોલીસે ચાર લોકો સામે ગુનો નોંધીને બે મહિલા સહીત એક પુરુષની કુલ ત્રણની ધરપકડ કરી ફરાર એક આરોપીની શોધખોળ હાથ ધરી છે.

હાલમાં અમદાવાદ શહેરના તમામ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનની ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે તેવા સંજોગોમાં સરદાનગર પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા રમેશસિંહને બાતમી મળી હતી કે કેકડીવાસમાં દારુની હેરફેર થઈ રહી છે. તેઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. પોલીસને આવેલી જોઈને દેશી દારૂના સ્ટેન્ડ પર દોડધામ મચી ગઈ હતી. કેકાડીવસમાં ઘરની બહાર દેશી દારુનું વેચાણ કરી રહેલી લીસ્ટેડ મહિલા બુટલેગર અલકા ગાયકવાડ ઉ.વ.૫૦ હાજર હતી જેથી પ્રવૃત્તિ બંધ કરી દેવાની વોર્નિંગ આપતા અલકા ગાયકવાડ, તેનો પતિ રાજુ ગાયકવાડ દીકરો સાગર ગાયકવાડ તથા પુત્રવધુ શ્વેતા ગાયકવાડ ચારેય ભેગા મળીને દરોડા પાડવા આવેલા પોલીસકર્મી ઉપર હુમલો કરી દીધો હતો અને માથામાં ગંભીર ઈજાઓ પહોચાડી હતી. પોલીસકર્મીને માર માર્યો હોવાની જાણ પોલીસ કંટ્રોલ રૂમને કરવામાં આવી હતી, જેથી સરદારનગર પોલીસે ઘટના સ્થળે પહોચી ત્યાં સુધીમાં ચારેય આરોપીઓ નાસી ગયા હતા. ત્યારબાદ ઘાયલ પોલીસકર્મીને ખાનગી હોસ્પિટલમાં સરાવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

સરદારનગર પોલીસે કોમ્બિંગ હાથ ધરીને મહિલા લીસ્ટેડ બુટલેગર અલ્કા ગાયકવાડ, પુત્રવધુ શ્વેતા ગાયકવાડ તથા પુત્ર સાગર ગાયકવાડની ગણતરીના કલાકોમાં ધરપકડ કરી છે ત્યારે રાજુ ગાયકવાડને દબોચી લેવામાં માટે પોલીસે કામગીરી આરંભી છે.

### વટવામાં પ્રદૂષણ માફિયા સામે GPCBની લાલ આંખ

# કેમિકલ વેસ્ટના નિકાલ માટે બારોબાર પાઈપ લાઈન ખોદી નખાતા ૨૫ લાખનો દંડ

## કંપનીએ કોઈપણ પ્રકારની પરવાનગી કે મંજૂરી મેળવ્યા વિના AMC, પોલીસ અને GPCBને જાણે ખુલ્લો પડકાર ફેંકતી હોય તેમ બારોબાર પાઈપલાઈન ખોદી નાખી

અમદાવાદ,તા.૧૬

અમદાવાદમાં વટવા GIDC વિસ્તારમાં પ્રદૂષણ માફિયા બેફામ બન્યા છે. કેમિકલ વેસ્ટના નિકાલ માટે બારોબાર દોઢ કિલોમીટરની કોઈની પણ પરવાનગી કે મંજૂરી મેળવ્યા વિના દોઢ કિલોમીટરની પાઈપલાઈન ખોદી નાખતા GPCBએ ૨૫ લાખનો દંડ ફટકાર્યો છે.

અમદાવાદના વટવામાં આવેલા GIDC વિસ્તારમાં પ્રદૂષણ માફિયાઓ બેફામ બન્યા છે. કેમિકલ વેસ્ટના નિકાલ કરવા માટે GIDC ફેઝ-૨માં આવેલી ડાય-ઓ-કેમ કંપનીએ બારોબાર દોઢ કિલોમીટરની પાઈપલાઈન ખોદી નાખી કેમિકલ વેસ્ટ નજીકમાં આવેલી કેનાલમાં ઠલવવામાં આવતો હતો. ગેરકાયદે રીતે કલર અને ડાય બનાવતી કંપનીએ કોઈપણ પ્રકારની પરવાનગી કે મંજૂરી મેળવ્યા વિના AMC, પોલીસ અને GPCBને જાણે ખુલ્લો પડકાર ફેંકતી હોય તેમ બારોબાર પાઈપલાઈન ખોદી નાખી. સામાન્ય દિવસોમાં પણ અહીંથી પસાર થનારા લોકો માટે પોતાનું નાક અને મોં ઢાંક્યા વિના પસાર થઈ શક્તા નથી. એટલી હદે તીવ્ર માત્રામાં અહીંથી કેમિકલનું પ્રોડક્શન ચાલતુ હોય છે. તેના કારણે સ્થાનિકોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. માત્ર વટવામાં આવેલી આ ડાય-ઓ-કેમ કંપની જ નહીં આવી અનેક કંપનીઝ આવેલી છે જે ગેરકાયદે કેમિકલ વેસ્ટ કરે છે. પરંતુ પકડાઈ નથી. હાલ તો ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB)ના ધ્યાને આ બાબત આવતા જ તેમણે તપાસ આદરી હતી અને ૮ દિવસની તપાસ બાદ GPCBએ વટવા GIDC ફેઝ-૨માં આવેલી ડાય-ઓ-કેમ કંપની પર કાર્યવાહી કરતા ૨૫ લાખનો દંડ ફટકાર્યો છે. કંપની સામે દંડનિય કાર્યવાહીની સાથોસાથ ક્લોઝર નોટિસ અને પોલીસ ફરિયાદ પણ નોંધાઈ છે.

# આર.ટી.ઓ કચેરી ખાતે લર્નિંગ લાયસન્સ તથા ડ્રાઈવિંગ લાયસન્સની સેવાઓ શનિવાર સુધી બંધ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૬

આરટીઓના સર્વરમાં કેટલીક વાર ખામીઓ સર્જાતા લોકોને મુશ્કેલી વેઠવાનો વારો આવે છે. ત્યારે હવે ફરી રાજયની આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ કચેરી ખાતે ડ્રાઈવિંગ ટેસ્ટ તેમજ લર્નિંગ ટેસ્ટ તા.૧૮ મેં સુધી બંધ રહેશે. ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે દ્વારા ડ્રાઈવિંગ લાયસન્સની સેવાઓ માટેના સારથિ પોર્ટલની વેબસાઈટ પર ડેટાબેઝ મેન્ટેનેન્સની કામગીરી ચાલુમાં હોવાથી રાજયની આર.ટી.ઓ./એ.આર.ટી.એ. કચેરી ખાતે લર્નિંગ લાયસન્સ તેમજ ડ્રાઈવિંગ લાયસન્સને લગતી સેવાઓ તા.૧૮-૫-૨૦૨૪ના રોજ સવારના ૧૦ વાગ્યા સુધી બંધ રહેશે તેમ વાહન વ્યવહાર કમિશનરની કચેરી દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# રાજયમાં ઈલેક્ટ્રિકલ સુપરવાઈઝર અને વાયરમેનની પરીક્ષા ૨૦ મેથી ૨૩ મે સુધી લેવાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૬

રાજયમાં ઈલેક્ટ્રિકલ સુપરવાઈઝર અને વાયરમેનની પરીક્ષાની તારીખ દર્શાવવામાં આવી છે ત્યારે પરીક્ષા આપનાર ઈચ્છુકો વેબસાઈટ પર પરીક્ષાની વિગતો જોઈ શકે છે.

લાયસન્સીંગ બોર્ડના સચિવ દ્વારા રાજયના જુદા-જુદા કેન્દ્રો ખાતે ૨૦ મેથી ૨૩ મે દરમ્યાન સુપરવાઈઝર અને વાયરમેનની પરીક્ષા લેવામાં આવનાર છે. પરીક્ષામાં પ્રવેશ પાત્ર ઉમેદવારોના નામ, રોલ નંબર તેમજ પરીક્ષાનું વિગતવાર સમય પત્રક આ ખાતાની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે. એમ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

### શાંતિ ડહોળવાનો અસામાજિક તત્ત્વોનો પ્રયાસ

# પાલનપુરમાં ઈન્સ્ટાગ્રામ પર મુસ્લિમ સમાજ ઉશ્કેરાય તેવી પોસ્ટ કરાતા રોષની લાગણી

## મુસ્લિમ આગેવાનોએ ફરિયાદ નોંધાવી, પી.આઈ.એ કાર્યવાહી કરવાની ખાતરી આપી

(સંવાદદાતા દ્વારા) પાલનપુર, તા.૧૬

પાલનપુરમાં કોટ વિસ્તાર અંદર વર્ષોથી ભાઈચારો રાખી રહેતા હિન્દુ મુસ્લિમ ધર્મના લોકોની શાંતિ ડહોળવાનો અસામાજિક તત્વો દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પર ઋત્વિક પલ્સર નામના આઈડીથી મુસ્લિમ સમાજના લોકોની લાગણી દુભાય તેવી એક પોસ્ટ કરવામાં આવી હતી ત્યારબાદ આ પોસ્ટ વાયુવેગે સોશિયલ મીડિયા વાઈરલ થતાં વાતાવરણ તંગ બની જવા પામ્યું હતું. ઈન્સ્ટાગ્રામ પર લખવામાં આવ્યું હતું કે ‘બજરંગદલસે મિયાભાઈ તો ક્યાં મિયાભાઈ કા બાપ ભી ડરતા હૈ.’ આવી પોસ્ટ કરવામાં આવી હતી જેથી મુસ્લિમ સમાજમાં રોષ ફેલાઈ ગયો હતો. ત્યારબાદ બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ માઈનોરિટી સમિતિના પ્રમુખ સાજીદ મકરાણી વોર્ડ નંબર પાંચના કોર્પોરેટર સરફરાજ સિંધી અને સામાજિક આગેવાન સઈદભાઈ અને સાદિકભાઈએ પાલનપુર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી હતી અને પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશનના પીઆઈ પટની દ્વારા તાત્કાલિક આ ઈસમની ધરપકડ કરવામાં આવશે અને તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી જેથી મામલો થાળે પડ્યો હતો.



# ઈઝરાયેલે ગાઝા પરના હુમલા વધારતાં ગાઝામાંથી લગભગ પાંચ લાખથી વધુ વિસ્થાપિત થઈ ગયા

(એજન્સી) તા.૧૬

સંયુક્ત રાષ્ટ્રનું કહેવું છે કે, તાજેતરના દિવસોમાં ઈઝરાયેલ ઘેરાયેલા પ્રદેશમાં તેના હુમલાઓને વધુ તીવ્ર બનાવતાં યુદ્ધગ્રસ્ત ગાઝામાં અડધા મિલિયનથી વધુ પેલેસ્ટીનીઓ વિસ્થાપિત થઈ ગયા છે.

પેલેસ્ટીની શરણાર્થીઓ માટેની યુએન એજન્સી (યુએનઆરડબ્લ્યુએ)એ અંદાજ લગાવ્યો છે કે, લશ્કરી કાર્યવાહીને કારણે લગભગ ૪,૫૦,૦૦૦ પેલેસ્ટીનીઓને ગીચ વસ્તીવાળા દક્ષિણ શહેર રફાહને છોડી દેવાની ફરજ પડી છે, જ્યાં ૧૦ લાખથી વધુ લોકોએ આશ્રય માંગ્યો હતો. ઉત્તરમાં લગભગ ૧,૦૦,૦૦૦ લોકો પણ વિસ્થાપિત થયા હતા.



UNRWAએ X પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ‘લોકો સતત થાક, ભૂખ અને ભયનો સામનો કરે છે. ક્યાંય સલામત નથી. તાત્કાલિક યુદ્ધવિરામ એ એકમાત્ર આશા છે.’

ઈઝરાયેલી ટેન્કો રફાહના પૂર્વીય ભાગોમાં વધુ અંદર સુધી આવી ગઈ છે. રહેવાસીઓએ જણાવ્યુ હતું કે, તેઓ શહેરના પૂર્વીય જિલ્લાઓ ઉપર ધુમાડો ઉડતો જોઈ શકે છે અને કબજા હેઠળના શાસન દ્વારા ઘરોના કલસ્ટર પર બોમ્બમારો કર્યા પછી વિસ્ફોટ સાંભળ્યા હતા. ઈઝરાયેલી ટેન્ક, બુલડોઝર અને સશસ્ત્ર વાહનોએ ઉત્તરી ગાઝાના જબાલિયા શરણાર્થી શિબિરમાં ખાલી કરાવવાના ક્ષેત્રો અને આશ્રયસ્થાનોને પણ ઘેરી લીધા છે. આ વિસ્તારમાં ભીષણ બંદૂકની લડાઈઓ ચાલુ છે.

ઈઝરાયેલી સૈન્યએ વધુ રહેવાસીઓને ઉત્તરના ભાગો ખાલી કરવાનો આદેશ આપ્યો છે, જ્યારે શાસનના અવિરત હવાઈ હુમલા દરમિયાન છેલ્લા ૨૪ કલાકમાં ઓછામાં ઓછા ૮૨ પેલેસ્ટીની માર્યા ગયા છે.

યુએનના ડેપ્યુટી પ્રવક્તા ફરહાન હકના જણાવ્યા અનુસાર, ઉત્તરમાં ખાલી કરાવવાના આદેશોએ અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧,૦૦,૦૦૦ લોકોને વિસ્થાપિત કર્યા છે.

ફ્રાન્સેસ્કા અલ્બેનિસ, કબજે કરેલા પેલેસ્ટીની પ્રદેશો પર યુએનના વિશેષ સંવાદદાતા X પરની એક પોસ્ટમાં પણ જણાવ્યું હતું કે, ઈઝરાયેલ ‘ખાલી કરવા’ના આદેશો અને ‘સુરક્ષિત ઝોન’ શબ્દોનો ઉપયોગ ભ્રમ બનાવવા માટે કરી રહ્યું છે કે, તેની લશ્કરી કામગીરી નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરે છે.

જો કે, તેણીએ કહ્યું, આ ‘માનવતાવાદી ઢાંકપિછાડા’એ ગાઝાને નાગરિકો વિનાના સ્થળમાં ફેરવી દીધું છે.

દરમિયાન યુએન સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસના પ્રવક્તા કહે છે કે, યુએન ચીફ રફાહ અને તેની આસપાસ ઈઝરાયેલની વધતી જતી સૈન્ય ગતિવિધિઓથી ‘ભયભીત’ છે.

સ્ટીફન ડુજારિકે કહ્યું, ‘રફાહ અને ગાઝામાં અન્યત્ર, નાગરિકોને દરેક સમયે આદર અને રક્ષણ આપવું જોઈએ. ગાઝાના લોકો હવે ક્યાંય સુરક્ષિત નથી.’

ગુટેરેસે તાત્કાલિક માનવતાવાદી યુદ્ધવિરામ માટે તેમના કોલને પુનરોચ્ચાર કર્યો છે.

૭ મેના રોજ ઈઝરાયેલી શાસને રફાહના પૂર્વીય ક્ષેત્રમાં પ્રવેશ કર્યો અને વ્યાપક આંતરરાષ્ટ્રીય વિરોધ હોવા છતાં ઈજિપ્ત સાથેની રફાહ સરહદ ક્રોસિંગની ગાઝા બાજુ પર નિયંત્રણ મેળવ્યું, જે ઘેરાયેલા પટ્ટીમાં સહાયના સ્થાનાંતરણ માટેનો મુખ્ય કોરિડોર છે. પેલેસ્ટીની પ્રતિકાર ચળવળ હમાસે કહ્યું કે, તે મધ્યસ્થી કતાર અને ઈજિપ્ત દ્વારા રજૂ કરાયેલ યુદ્ધવિરામ પ્રસ્તાવ માટે સંમત થયા બાદ આ આક્રમણ કરવામાં આવ્યું છે.

રફાહમાં લગભગ ૧૫ લાખ પેલેસ્ટીની આશરો લઈ રહ્યા છે. ઈઝરાયેલી સૈન્ય દ્વારા શહેરને ‘સુરક્ષિત ક્ષેત્ર’ તરીકે નિયુક્ત કરવામાં આવ્યું હતું. પેલેસ્ટીનીઓ હવે રફાહને ખાલી કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે કારણ કે, ઈઝરાયેલી સૈન્યએ તેમને છોડવાનો આદેશ આપતી પત્રિકાઓ છોડી છે.

નવી દુર્ઘટના ત્યારે આવી છે જ્યારે પેલેસ્ટીનીઓ ૧૫ મેના રોજ નક્બા દિવસ (આપત્તિનો દિવસ)ની ૭૬મી વર્ષગાંઠની ઉજવણી કરવા માટે તૈયાર છે, જ્યારે તેમના સેંકડો સાથી પેલેસ્ટીનીઓને ૧૯૪૮માં ઈઝરાયેલીઓ દ્વારા બળજબરીથી તેમના વતનમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા.

ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના અવિરત હુમલાઓ વચ્ચે આ વર્ષે નાકબા દિવસની ઉજવણી કરવામાં આવશે.

પેલેસ્ટીની પ્રતિકાર ચળવળ હમાસ દ્વારા પેલેસ્ટીની લોકો સામેના તેના તીવ્ર અત્યાચારનો બદલો લેવા માટે હમાસ દ્વારા ઐતિહાસિક કાર્યવાહી હાથ ધર્યા પછી ૭ ઓક્ટોબરે ગાઝામાં ઈઝરાયેલે ક્રૂરતા શરૂ કરી હતી. ત્યારથી ઈઝરાયલે ગાઝામાં ૩૫,૧૭૦થી વધુ પેલેસ્ટીનીઓની હત્યા કરી છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે.

# જ્યાં સુધી ઈઝરાયેલ અમારી માગણીઓ સ્વીકારશે નહીં ત્યાં સુધી બંધકોને મુક્ત કરવામાં આવશે નહીં : હમાસ

(એજન્સી) તા.૧૬

હમાસના નેતા સામી અબુ ઝુહરીએ જણાવ્યું હતું કે જ્યાં સુધી ઈઝરાયેલ પેલેસ્ટીની લડવૈયાની શરતોનો સ્વીકાર ન કરે ત્યાં સુધી ગાઝામાં રાખવામાં આવેલા ઈઝરાયેલી બંધકોને મુક્ત કરવામાં આવશે નહીં અને જ્યાં સુધી તે ગાઝા પટ્ટીમાં યુદ્ધવિરામનું પાલન ન કરે ત્યાં સુધી ઈઝરાયેલ સાથે કોઈપણ કરાર કરવાનો કોઈ અર્થ નથી.

ટ્યુનિશિયાની રાજધાનીમાં પેલેસ્ટીની જૂથોના નેતાઓ સાથે પ્રેસ કોન્ફરન્સમાં અબુ ઝુહરીએ કહ્યું કે: જો ઈઝરાયેલ પોતાનો કબજો અને આક્રમણને રોકવાનું સ્વીકારતું નથી તો અમારે શા માટે વાટાઘાટો કરવી જોઈએ અને કરાર પર હસ્તાક્ષર કરવા જોઈએ. તેમણે કહ્યું કે પ્રતિકાર ગાઝા પરના આક્રમણને રોકવા અને પેલેસ્ટીની કેદીઓને મુક્ત કરવા માંગે છે. તેલ અવીવનો અંદાજ છે કે ગાઝામાં લગભગ ૧૩૪ ઈઝરાયેલી યુદ્ધ કેદીઓ કેદ છે, અને હમાસ કહે છે કે તેમાંથી ૭૧ બંધકો ગાઝા પર ઈઝરાયેલના બોમ્બ ધડાકા અભિયાનમાં માર્યા ગયા હતા.




અબુ ઝુહરીએ જણાવ્યું હતું કે જ્યારે હમાસે યુદ્ધવિરામ અને કેદીઓની અદલાબદલી સોદા માટે મધ્યસ્થીઓની દરખાસ્ત સ્વીકારી લીધી છે, ત્યારે ઈઝરાયેલ તેને અવરોધે છે અને તેના બદલે ગાઝા પટ્ટીની દક્ષિણમાં રફાહ શહેર પર હુમલો કરી રહ્યું છે.

# અરબ લીગ : ઈઝરાયેલના નેતાઓએ તેમની માનવતા ગુમાવી દીધી

(એજન્સી) તા.૧૬

અરબ લીગના મહાસચિવ અહમદ અબુ અલ-ગીતે જણાવ્યું છે કે, ઈઝરાયેલના નેતાઓ બદલાની લાગણીથી પ્રેરિત છે, જેના કારણે તેઓ મૂળભૂત માનવતા સાથે સંપર્ક ગુમાવી ચૂક્યા છે અને વંશીય સફાઈ જેવા અપરાધો કરી રહ્યા છે.

૩૩મી અરબ સમિટ માટે અરબ વિદેશપ્રધાનોની તૈયારીની બેઠકના પ્રારંભિક સત્રમાં તેમના ભાષણ દરમિયાન તેમણે કહ્યું કે, ઈઝરાયેલના ગુનાઓ સંપૂર્ણ છે અને તેમનો ઉદ્દેશ્ય માત્ર મારવાનો જ નથી, પરંતુ પેલેસ્ટીની સમાજને વિખેરી નાખવાનો અને સંપૂર્ણ રીતે નાશ કરવાનો છે. તેના બંધારણો અને સંસ્થાઓનો નાશ કરવો.

તેમણે જણાવ્યું કે, ગાઝામાં કોઈ સુરક્ષિત સ્થાન નથી, જેમાં ૧૦ લાખથી વધુ પેલેસ્ટીનીઓ રાફાહમાં રહે છે અને ઈઝરાયેલ દ્વારા બહાર પાડવામાં આવેલા ઈવેક્યુએશન ઓર્ડરને કારણે સ્ટ્રીપમાં અન્ય વિસ્તારોમાં વિસ્થાપિત થઈ ગયા છે. કેટલાક ચોથી કે પાંચમી વખત વિસ્થાપિત થયા છે અને કેટલાકને આશ્રય વિના ખુલ્લામાં છોડી દેવામાં આવ્યા છે. અરબ લીગના અધિકારીએ જણાવ્યું હતું કે, રસ્તાઓ પર કાટમાળ અને તંબુઓ વચ્ચે તેઓ ગોળીબાર અને બોમ્બ દ્વારા અનુસરવામાં આવ્યા હતા.



અબુ અલ-ગીતે ગાઝા પર ઈઝરાયેલના ઘાતકી આક્રમણને સમગ્ર વિશ્વ માટે શરમજનક ગણાવ્યું હતું. તેમણે આ ગુનાઓને આજ સુધી ચાલુ રાખવા માટે આંતરરાષ્ટ્રીય સમુદાયની ટીકા કરી હતી, નોંધ્યું હતું કે, કેટલાક દેશોને તાત્કાલિક યુદ્ધવિરામની માંગ કરવામાં મહિનાઓ લાગ્યા હતા. તેમણે ઈઝરાયેલ દ્વારા આંતરરાષ્ટ્રીય કાયદા અને માનવતાવાદી કાયદાના ઉલ્લંઘનની પણ નિંદા કરી, જણાવ્યું કે, તેઓ માત્ર પેલેસ્ટીનીઓને અસર કરતા નથી પરંતુ વૈશ્વિક વ્યવસ્થા અને તેના સંચાલિત નિયમો અને સિદ્ધાંતોને પણ નબળા પાડે છે.

# સોકોત્રાના ગુફામેનને મળવા પ્રવાસીઓ ઊમટી પડે છે

(એજન્સી) તા.૧૬

સાઠના દાયકામાં એક યમનની વ્યક્તિએ સોકોત્રા ટાપુ પર ડેટવા બાયોસ્ફિયર રિઝર્વમાં તેની ગુફાઓ છોડીને તેના પડોશીઓ સાથે ન જોડાવાનું નક્કી કર્યું. તેઓ કાલાંશિયા ડિરેક્ટોરેટમાં તેમની ગુફામાં રહ્યા અને ૫૦ વર્ષ પછી તેમના અનન્ય આદિમ જીવન વિશે જાણવા માંગતા મુલાકાતીઓ માટે આકર્ષણ બની ગયા. ૬૨ વર્ષીય અબ્દુલ્લા અલ-સલિમ અલાઈ કહે છે કે, તે પાંચ દાયકાથી ડેટવા લગૂનમાં તેની ગુફામાં રહે છે, જીવિત રહેવા માટે માછીમારી અને ઘેટાંના પશુપાલન પર આધાર રાખે છે.

આ માણસ તેના શરીરના માત્ર નીચેના ભાગને લાક્ષણિક યેમેની લંગોટીથી ઢાંકે છે અને તેની છાતીને સીશેલથી બનેલા હાર સિવાય ખુલ્લી છોડી દે છે, જે તે દાયકાઓથી એકત્રિત કરી રહ્યો છે. તે લાકડું ભેગું કરીને અને પથ્થરોથી અગ્નિ પ્રગટાવીને પોતાનો ખોરાક રાંધે છે, જેમ તેના પૂર્વજો સદીઓ પહેલા કરતા હતા. અલાઈ તેમના મુલાકાતીઓનું સ્વાગત કરે છે અને તેમને તેમના અનુભવો અથવા ટાપુની દંતકથાઓની વાર્તાઓ



કહીને જૂની જાળ સાથે માછલી પકડવા માટે પાણીમાં લઈ જાય છે. તે અંગ્રેજીમાં અસ્ખલિત છે અને થોડી રશિયન, ઈટાલિયન અને પોલિશ બોલે છે, જે બધું તેણે ટાપુની મુલાકાત લેતા વાતચીત કરીને શીખ્યા છે.

# કતાર : જો ઈઝરાયેલ યુદ્ધ ચાલુ રાખવાની હઠ છોડી દે તો યુદ્ધવિરામ થઈ શકે છે

(એજન્સી) તા.૧૬

કતારના વિદેશ મંત્રાલયે ગઈકાલે કહ્યું હતું કે, જો ઈઝરાયેલ યુદ્ધ ચાલુ રાખવાનો પોતાનો આગ્રહ છોડી દે તો થોડા દિવસોમાં ગાઝામાં યુદ્ધવિરામ અંગે કરાર થઈ શકે છે. આ નિવેદન કતારના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માજિદ અલ-અન્સારીએ સાપ્તાહિક પ્રેસ બ્રીફિંગ દરમિયાન આપ્યું હતું અને તેમના ટ્વિટર એકાઉન્ટ પર પોસ્ટ કરવામાં આવ્યું હતું. અલ-અન્સારીએ કહ્યું કે, આ સતત હુમલાઓ, જમીન પરના હુમલાઓથી શરૂ કરીને અને અલ-અક્સા મસ્જિદ પર ચાલી રહેલા હુમલાઓ સાથે સમાપ્ત થાય છે, જે શાંતિની સ્થિતિ સુધી પહોંચવામાં ઈઝરાયેલની ગંભીરતાનો અભાવ દર્શાવે છે. ઈઝરાયેલની સ્થિતિમાં પરિવર્તન અને જો ઈઝરાયેલ યુદ્ધ ચાલુ રાખવાની પોતાની હઠ છોડી દે, તો થોડા દિવસોમાં સમજૂતી થઈ શકે છે.



# ગાઝા પર ઈઝરાયેલના બોમ્બમારાથી ૧૦,૦૦૦ પેલેસ્ટીનીઓ અક્ષમ થઈ ગયા

(એજન્સી) તા.૧૬

ઓક્ટોબર ૨૦૨૩થી ગાઝા પર ઈઝરાયેલી કબજાવાળા દળોના આક્રમણના પરિણામે ઓછામાં ઓછા ૧૦,૦૦૦ લોકો અપંગ બન્યા છે.

ગાઝામાં વર્લ્ડ ડિસેબલ્ડ એસોસિએશનના સભ્ય ઝરીફ અલ-ઘોરાએ જણાવ્યું કે, ઈઝરાયેલના બોમ્બિંગ અભિયાન દરમિયાન લગભગ ૨૦૦ વિકલાંગ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે.

તેમાં ૪૮ વર્ષીય મોહમ્મદ અલ સેલેકનો સમાવેશ થાય છે, જે ગાઝા સિટીના અલ-રેમાલ પડોશમાં એક મકાનમાં તેના ભાઈ અને કાકા સાથે ઈઝરાયેલી કબજાના દળો દ્વારા મૃત્યુ પામ્યા હતા.

ચાલીસ વર્ષીય ઈઝેદીન અલ-બન્નાને ઈઝરાયેલી કબજાવાળા દળોએ ગાઝા શહેરમાં તેમના ઘરે અટકાયતમાં લીધો હતો. વ્હીલચેરના અભાવે તેને ક્રોલ કરવાની ફરજ પડી હતી.



કબજાવાળા દળો દ્વારા ઈઝેડિનને ભારે ત્રાસ આપવામાં આવ્યો હતો અને તેને કસ્ટડીમાં મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

# ગ્રીસમાં પેલેસ્ટીન સમર્થન રેલીમાં વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી

(એજન્સી) તા.૧૬

એથેન્સ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સંઘ દ્વારા આયોજિત પેલેસ્ટીનના સમર્થનમાં રેલીમાં ભાગ લેવા બદલ ગ્રીક પોલીસે મંગળવારે ૨૭ વિદ્યાર્થીઓની ધરપકડ કરી હતી.

ગ્રીક રાજ્ય ટેલિવિઝન ચેનલ ERT અનુસાર, પોલીસ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ લૉમાં ગઈ, જ્યાં રેલી યોજાઈ હતી. સરકારી વકીલ સાથે પહોંચેલા અધિકારીઓએ વિરોધનો અંત આણ્યો હતો. ERTએ જણાવ્યું કે, પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચેની અથડામણ બાદ ધરપકડ કરવામાં આવી હતી.

ગ્રીસમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ સોમવારે સાંજે પેલેસ્ટીનના સમર્થનમાં પડાવ નાખ્યો હતો. તેઓ યુરોપ અને બાકીના વિશ્વમાં ઝડપથી ફેલાતા પહેલા અમેરિકા કેમ્પસમાં




શરૂ થયેલા સમાન વિરોધમાં જોડાયા હતા.

# ગાઝા યુદ્ધ : તેનો પ્રભાવ અને અસરો

(એજન્સી) તા.૧૬

ગાઝાનું યુદ્ધ, આ ૪૧ કિમી લાંબી અને ૬થી ૧૨ કિમી પહોળી જમીનની આ નાની પટ્ટી પર લગભગ ૨૫ કરોડની વસ્તી ઈઝરાયેલ અને ઈજિપ્ત વચ્ચે સેન્ડવીચ બની ગઈ છે. ઈઝરાયેલ દ્વારા ભયાનક બોમ્બમારરાને લીધે, વિનાશ અને હત્યા અને હજારોની સંખ્યામાં અસહાય નાગરિકો અને બાળકોની અપંગતાની ભયાનકતા છે. ઈઝરાયેલે ૧૯૬૭ના યુદ્ધમાં જીતના પરિણામે ઈજિપ્ત પાસેથી ગાઝા કબજે કર્યું હતું. ઈઝરાયેલે ૨૦૦૫માં ગાઝા પટ્ટીની નાકાબંધી શરૂ કરી હતી, તેના એરસ્પેસ, પ્રાદેશિક પાણી અને તેના અર્થતંત્રને સંપૂર્ણ રીતે નિયંત્રિત કરી હતી. તે તેના ત્રણ બોર્ડર ક્રોસિંગ પોઈન્ટ્સમાંથી બેને નિયંત્રિત કરે છે અને ત્રીજો ઈજિપ્ત દ્વારા નિયંત્રિત છે. આનાથી ગાઝાને “વિશ્વની સૌથી મોટી ઓપન-એર જેલ” તરીકે ઓળખવામાં આવે છે.

**આ યુદ્ધની અસરો :** ગાઝા યુદ્ધની વૈશ્વિક અર્થવ્યવસ્થા, સંરક્ષણ સંબંધિત બાબતો, રાષ્ટ્ર-રાષ્ટ્રોની આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક સંરેખણ અને ચેતનાને લગતી બાબતોમાં ઊંડી અસર પડી છે. તેણે વર્તમાન સત્તાના સંતુલનને ખલેલ પહોંચાડી છે. ઈઝરાયેલ, આ ક્ષેત્રની અગ્રણી સત્તા છે અને તે હવે મજબૂત દુશ્મનોથી ઘેરાયેલી છે જેને તે નિયંત્રિત કરવામાં અસમર્થ છે. તેના દુશ્મનોમાં લેબેનોનમાં શક્તિશાળી હિઝબુલ્લાહ, યમનમાં હૌથીઓ, સીરિયામાં મિલિશિયા અને ઈરાકનો સમાવેશ થાય છે. ઈઝરાયેલ વિરોધી દળો હુમલાઓ કરી રહ્યા છે અને ઈઝરાયેલ તેમને રોકવામાં અસમર્થ છે.

મિસાઈલો અને ફાયરપાવરના પ્રક્ષેપણ હિઝબુલ્લાએ લેબેનોનને અડીને આવેલા વિસ્તારમાં રહેતા ૧,૦૦,૦૦થી વધુ ઈઝરાયેલી નાગરિકોને વિસ્થાપિત કર્યા છે. ઈઝરાયેલ તેમની સામે લડવા અને તેને નિષ્ફળ બનાવવાની સ્થિતિમાં નથી. લાલ સમુદ્ર પર હૌથીઓના નિયંત્રણથી વૈશ્વિક વેપાર અને તેની અર્થવ્યવસ્થામાં ઈઝરાયેલની પહોંચ પર પ્રતિકૂળ અસર પડી છે. સીરિયામાં મિલિશિયાઓએ ગોલાનની ઊંચાઈમાં કિલ્લેબંધી મજબૂત કરી છે અને ગોલાનની ઊંચાઈઓ પર ઈઝરાયેલના કબજા માટે જોખમ ઊભું કર્યું છે. ઈરાકમાં લશ્કરોએ ઈઝરાયેલ સામેની લડાઈ માટે માનવબળ અને અન્ય સંસાધનો પૂરા પાડ્યા છે. તેઓ આ પ્રદેશમાં યુએસએની હાજરી માટે એક શક્તિશાળી ખતરો પણ છે. ઈરાન પ્રતિકારના પ્રભાવથી અગ્રણી સત્તા તરીકે ઉભરી આવ્યું છે. તે ગાઝા અને પશ્ચિમ કાંઠે ઈસ્લામિક જેહાદ અને હમાસ જેવા જૂથોને શસ્ત્રોનો મુખ્ય સપ્લાયર છે. ઈઝરાયેલને લશ્કરી સહાય અને નૈતિક સમર્થન માટે અત્યાર સુધી ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન બંને દ્વારા સર્વસંમતિથી સમર્થન આપવામાં આવ્યું છે. હવે યુએસએમાં મુખ્ય પ્રવાહ, ખાસ કરીને યુવા લોકો દ્વારા પ્રશ્ન ઉઠાવવામાં આવી રહ્યો છે. કેટલાક સેનેટરોએ પણ યુદ્ધવિરામની જરૂરિયાત વ્યક્ત કરી છે અને ઈઝરાયેલ દ્વારા સત્તાના દુરુપયોગ અને પેલેસ્ટીનીઓ સાથે તેના વર્તન અંગે ચિંતા વ્યક્ત કરી છે.

લગભગ તમામ વૈશ્વિક દેશોએ યુદ્ધવિરામની હાકલ કરી છે ત્યારે ઈઝરાયેલ દ્વારા યુદ્ધ ચાલુ રાખવાને સમર્થન આપીને અમેરિકાએ તેની નૈતિક સ્થિતિ ગુમાવી છે. તે, વર્ચ્યુઅલ રીતે, ઈઝરાયેલનો એકમાત્ર સમર્થક બની ગયો છે. ઈઝરાયેલ દ્વારા નાગરિકો અને બાળકોની હત્યા અને મોટા પાયે વિનાશની વૈશ્વિક નિંદાથી ઈઝરાયેલ સામે ગુસ્સો છે. આ યુએનમાં મતદાનમાં જોવા મળે છે, જ્યાં ૧૪૦થી વધુ દેશોએ ઈઝરાયેલની કાર્યવાહીનો વિરોધ કર્યો છે. સંખ્યાબંધ દેશોએ ઈઝરાયેલ સાથેના તેમના રાજદ્વારી સંબંધોને ડાઉનગ્રેડ કર્યા છે, અને કેટલાકે તેમના રાજદ્વારી અને વેપાર સંબંધો બંધ કર્યા છે. ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC) હવે ઈઝરાયેલી નેતાઓ સામે ધરપકડ વોરંટ જારી કરવા પર વિચાર કરી રહી છે. યુરોપિયન યુનિયન, ઈઝરાયેલનું અત્યાર સુધી સમર્થક રહ્યું છે, તે



ઈઝરાયેલને આ હત્યાઓ રોકવા અને વૈશ્વિક સહાય ગઝાન્સ સુધી પહોંચે તેની ખાતરી કરવા હાકલ કરે છે. જર્મની જેવા કેટલાક દેશો જ ઈઝરાયેલને સમર્થન આપી રહ્યા છે. જર્મની રક્ષણાત્મક બની ગયું છે, અને ગાઝાન સામે વપરાતા શસ્ત્રોના સપ્લાય દ્વારા ગાઝાન હત્યામાં તેની સંડોવણીની તપાસ કરવામાં આવી રહી છે. મધ્ય પૂર્વમાં, આરબોએ પેલેસ્ટીનીઓ માટે જુસ્સાદાર સમર્થન આપ્યું છે. આ ક્ષેત્રના લોકોના આ સમર્થને ઈજિપ્ત, જોર્ડન, સઉદી અરેબિયા અને UAE જેવા દેશોના નેતાઓને ઈઝરાયેલ અને યુએસએ સાથે કામ કરવાની ફરજ પાડી છે. ગાઝાએ વૈશ્વિક નાગરિકોને જુલમ સામે અને ન્યાય માટે યુવાનો અને કાર્યકરો ઈઝરાયેલ અને તેની રંગભેદ અને ક્રૂર હત્યાની નીતિની સખત નિંદા કરવા માટે શેરીઓમાં ઉતર્યા છે. હોસ્પિટલો, યુનિવર્સિટીઓ, ચર્ચો, મસ્જિદોને નષ્ટ કરવા અને મીડિયા અને યુએન રાહત કાર્યોને ઈરાદાપૂર્વક લક્ષ્ય બનાવવાના કારણે, વૈશ્વિક નાગરિકો દ્વારા ઈઝરાયેલી નેતૃત્વને એક ભયાનક શાસન તરીકે જોવામાં આવે છે, ફક્ત યુએસએમાં ખ્રિસ્તી પ્રચારકો અને યુરોપમાં જમણેરી પક્ષોએ ઈઝરાયેલને ટેકો જાહેર કર્યો છે. યુએનની પુનરાવર્તિત નિષ્ફળતા અને યુદ્ધ, પીડા અને વિનાશને ટાળવા અથવા ઘટાડવામાં તેની મર્યાદા દૂર કરવા માટે એક નિર્ણાયક ક્ષણ છે. તેણે યુએન અથવા સમાંતર અથવા વૈકલ્પિક સંસ્થા જે વધુ સંતુલિત (હોય અને વીટો પાવર વિના ઝડપથી અને અસરકારક રીતે કાર્ય કરવા સક્ષમ હોય તેવો સુધારો કરવો જોઈએ. જ્યારે ગાઝા પ્રશ્નની વાત આવે છે ત્યારે યુએસએ અને પશ્ચિમી વિશ્વના માનવ અધિકારો અને લોકશાહી અધિકારોના સક્રિય વૈશ્વિક પ્રચાર પોકળ બની જાય છે. તેમની વિશ્વસનીયતા પર ગંભીર અસર પડી છે અને તેઓ વિકાસશીલ વિશ્વના દેશોથી વિમુખ થઈ ગયા છે ઘણા પશ્ચિમી દેશો જેમ કે સ્પેન અને નોર્વે વગેરેએ પેલેસ્ટીનને એક દેશ તરીકે માન્યતા આપવાની ઈચ્છા દર્શાવી છે. આવી માન્યતા ઈઝરાયેલને નબળું પાડશે અને પેલેસ્ટીનને મજબૂત બનાવશે અને તેને ભૌતિક અને નૈતિક સમર્થન આપશે. ગાઝા યુદ્ધથી વિકાસશીલ વિશ્વ એકસાથે આવ્યું છે, અને તેઓએ ઝિઓનિઝમ અને ઈઝરાયેલ રાજ્ય તેમજ તેમને ટેકો આપતા દેશો સામે લડવા હાથ મિલાવ્યા છે. BRICS પ્લસ મજબૂત બન્યું છે અને તેના સભ્યપદમાં વધારો થઈ રહ્યો છે. ઈઝરાયેલને યુએસએ અને યુરોપના સમર્થને તેમને વિકાસશીલ વિશ્વથી અલગ કરી દીધા છે. યુક્રેન યુદ્ધ અને ગાઝા યુદ્ધે વિકાસશીલ દેશોને ડૉલરને બદલવા અને વેપાર માટે અન્ય ચલણોનો ઉપયોગ કરવા માટે કામ કરવા મજબૂર કર્યા છે. આ ટૂંક સમયમાં યુએસએ અને યુરોપને અસર કરશે કારણ કે તેમની કરન્સીનું મૂલ્ય ઘટશે.

શાંતિ ચળવળ અને વિદ્યાર્થીઓની ચળવળની સભાનતા સાથે, યુએસએમાં પ્રગતિશીલ વલણો સામે આવી રહ્યા છે અને AIPAC અને અન્ય રૂઢિચુસ્ત સંસ્થાઓ જેવી યહૂદી લોબીનો દબદબો ટૂંક સમયમાં ઘટશે કારણ કે નાગરિકો આવી સ્થાપિત એજન્સીઓને સમર્થન આપશે નહીં.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# મતદાનના ‘અંતિમ’ આંકડા અચાનક વધી જવા અંગે ચૂંટણીપંચ પારદર્શિતા દર્શાવે

વિશ્વ જેમ આધુનિક ટેક્નોલોજી તરફ આગળ વધતું જઈ રહ્યું છે એમ અનુમાનો કે આગાહી વધુ સચોટ બની છે અને ગણતરી તો બિલકુલ સટીક અને ઝડપી બની જ ગઈ છે. પરંતુ આપણે ત્યાં આ વખતની ચૂંટણીમાં નવું કૌતુક થયું છે. આપણે ત્યાં હાલ લોકસભાની ચૂંટણીઓ યોજાઈ રહી છે. જેના ચાર તબક્કા પૂર્ણ થઈ ગયા છે અને બાકીના ત્રણ તબક્કા પણ હવે પૂર્ણ થઈ જશે. ત્યારે આ ચૂંટણી દરમિયાન એક અભૂત પૂર્વ બાબત એ સામે આવી છે કે, કુલ મતદાનના આંકડાનો અંદાજ ચૂંટણી પંચ સાંજે છ વાગ્યા પછી દર્શાવે કે ૬૦ ટકા આસપાસ થયું છે...પણ પછી જ્યારે એ જ ચૂંટણી પંચ બિલકુલ-એક્યુરેટ એટલે કે સંપૂર્ણ આંકડા જારી કરે છે ત્યારે તેમાં ૩થી લઈને છ ટકા જેટલો જંગી ઉછાળો જોવા મળે છે. અગાઉની ચૂંટણીઓમાં પણ આ રીતે વાસ્તવિક આંકડા ચૂંટણી પંચ જાહેર કરતું પરંતુ તેમાં આટલો જંગી વધારો ક્યારેય જોવા મળતો ન હતો વળી ચૂંટણી પંચ આ વાસ્તવિક આંકડાઓ તેજ દિવસે મોડી રાત્રે અથવા બહુ-બહુ તો બીજા દિવસે પૂરેપૂરાં જારી કરી જ દેતું. પરંતુ આ વખતે તો ‘નવીન’ થઈ રહ્યું છે કે, મતદાનનો તબક્કો પૂર્ણ થયા બાદ એક તો દિવસો સુધી ચૂંટણી પંચ વાસ્તવિક આંકડા જારી કરતું નથી અને બીજું જારી કરે છે તો તેમાં પાંચથી છ ટકા સુધીનો ઉછાળો જોવા મળે છે...અર્થાત્ કરોડો મતો વધી જાય છે. દેશમાં ઘણી ચૂંટણીઓ ઈવીએમથી થઈ છે અને અગાઉ આવું ક્યારેય થયું નથી એટલે દેશભરના લોકોમાં ઠેર-ઠેર સંશયો-સવાલો પેદા થઈ રહ્યા છે. આવી જ પ્રશ્નાર્થભરી ચિંતા દેશના કર્મશીલો, વકીલો અને નિવૃત્ત અધિકારીઓને થતાં તેમણે તો દેશના ચૂંટણી પંચને પત્ર લખીને માંગ કરી છે કે, લોકોમાં ચૂંટણી પ્રક્રિયા બાબતે વિશ્વાસ વધારવા માટે મતદાન પૂરૂં થાય તો એના ૪૮ કલાકની અંદર જ કુલ મતદાનના આંકડા ચૂંટણી પંચની વેબસાઈટ પર પ્રદર્શિત કરે અને ખાસ કરીને દરેક મતદાન મથકના ફોર્મ ૧૭સીના ભાગ Iમાં સમાવિષ્ટ રેકોર્ડને પણ વેબસાઈટ પર મૂકે...દેશના જાગૃત નાગરિકોની આ ચિંતા બિલકુલ વ્યાજબી છે. તેમણે ચૂંટણી પંચને પાઠવેલા પત્રમાં લખ્યું છે કે, અમે વર્તમાન સામાન્ય ચૂંટણીઓના અત્યાર સુધીના તબક્કામાં મતદારોના મતદાનના આંકડામાં મોટી વધઘટને કારણે ઉદભવતી અમારી ચિંતાઓ દર્શાવવા માટે ભારતના ચૂંટણી પંચને તાત્કાલિક તેની વેબસાઈટ દ્વારા આ મતદાનના પ્રમાણિત રેકોર્ડના આંકડા જાહેર કરવા વિનંતી કરવા માટે પત્ર લખી રહ્યા છીએ. ચૂંટણી સંહિતાના નિયમોના નિયમ ૪૯જી મુજબ, મતદાનની સમાપ્તિ સમયે, પ્રિસાઈડિંગ ઓફિસરે ફોર્મ ૧૭Cના ભાગ Iમાં નોંધાયેલા મતનો હિસાબ તૈયાર કરવો પડે છે અને દરેક મતદાન એજન્ટને તેની એક પ્રમાણિત નકલ પણ આપવાની હોય છે.

ચૂંટણીના પ્રથમ તબક્કા વખતે ચૂંટણી પંચે મતદાનના દિવસે જણાવ્યું હતું કે, સાંજે ૭ વાગ્યા સુધીમાં અંદાજિત મતદાન ૬૦%થી વધુ હતું. પંચ દ્વારા તેના દ્વારા ૧૧ દિવસ પછી ૩૦મી એપ્રિલે પ્રકાશિત થયેલ મતદાર મતદાનનો ડેટા ૬૬.૧૪%નો આંકડો આપ્યો હતો. જે ૬%થી વધુનો વધારો દર્શાવે છે. એ જ રીતે, બીજા તબક્કા માટે, મતદાનના દિવસે ચૂંટણી પંચ દ્વારા જણાવાયું હતું કે અંદાજે ૭ વાગ્યા સુધીમાં ૬૦.૯૬% મતદાન થયું હતું, જે પછીથી ૩૦ એપ્રિલે સુધારીને ૬૬.૭૧% કરવામાં આવ્યું હતું. ૩૦મી એપ્રિલે ચૂંટણી પંચ દ્વારા કોઈ પણ સ્પષ્ટતા વિના, અસામાન્ય રીતે લગભગ ૬% વધુ મતદાન દર્શાવવામાં આવ્યું હતું અને મતદાનના આંકડાની રજૂઆતમાં અસાધારણ વિલંબે મતદાનના આંકડા વિશે લોકોમાં ચિંતા અને શંકાઓ ઊભી કરી છે. આપણી લોકશાહીની મજબૂત કામગીરી સુનિશ્ચિત કરવા માટે ચૂંટણી પ્રક્રિયામાં જનતાનો વિશ્વાસ ચાવીરૂપ છે. તેથી, ચૂંટણી પંચે દરેક મતદાન મથક જ્યાં અત્યાર સુધીના પ્રથમ ચાર તબક્કામાં મતદાન થયું હોય ત્યાંના ફોર્મ ૧૭Cના ભાગ Iની સ્કેન કરેલી સુવાચ્ય નકલ તરત જ કમિશનની વેબસાઈટ પર અપલોડ કરે. વધુમાં, બાકીના તબક્કાઓ માટે, આ માહિતી મતદાન સમાપ્ત થયાના ૪૮ કલાકની અંદર ECI વેબસાઈટ પર જાહેરમાં પ્રદર્શિત થવી જોઈએ.

ઉપરોક્ત માગણી અને લાગણી ચૂંટણી પંચને પત્ર લખનાર ઉક્ત પ્રબુદ્ધ નાગરિકોની જ નથી. પરંતુ લગભગ દરેક જાગૃત નાગરિકની છે. ત્યારે મતદારોને જાગૃત કરવાનું જણાવનાર ચૂંટણી પંચ આ બાબતે કેટલી જાગૃતિ અને પારદર્શિતા દર્શાવે છે એ બાકીના તબક્કામાં જોવું રહ્યું

# ભારતમાં મુસ્લિમ વસ્તી પરના અભ્યાસ અંગે ભાજપના નેતાઓની ટિપ્પણીઓ કેમ ભ્રામક છે

## મોદીની ઈકોનોમિક એડવાઈઝરી કાઉન્સિલ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં મુસ્લિમ વસ્તીના હિસ્સામાં વધારા અંગેના ડેટાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ પહેલાથી જ દાયકાની વસ્તી ગણતરીથી જાણીતું હતું

ગુરૂવારે, ૧૯૫૦ અને ૨૦૧૫ની વચ્ચે ૧૬૭ દેશોમાં ધાર્મિક લઘુમતીઓની વસ્તીના હિસ્સામાં થયેલા ફેરફારો પર વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ દ્વારા પ્રકાશિત અભ્યાસ પર ઘણા સમાચાર આઉટલેટ્સ અહેવાલ આપે છે.

મોટાભાગનાં પ્રકાશનોની હેડલાઈન એ હતી કે અભ્યાસમાં જણાવાયું છે કે ભારતમાં મુસ્લિમ વસ્તીનો હિસ્સો ૧૯૫૦માં ૯.૮૪%થી વધીને ૨૦૧૫માં ૧૪.૦૯% થઈ ગયો હતો - એટલે કે, ૪૩.૧૫% વધુ. બીજી તરફ, તે સમયગાળા દરમિયાન ભારતની હિંદુ વસ્તીનો હિસ્સો ૮૪.૬૮%થી ઘટીને ૭૮.૦૬% થયો - એટલે કે, ૭.૮૨% ઓછો.

કેન્દ્રીય પ્રધાન રાજીવ ચંદ્રશેખરે દાવો કર્યો હતો કે “વિશેષ સમુદાય”ની વસ્તીમાં વધારાને કારણે “ભારતની વસ્તી વિષયકતા” બદલાઈ રહી છે. તેમણે આ અભ્યાસને ભારતીય જનતા પાર્ટીના દાવા સાથે પણ જોડ્યો કે કોંગ્રેસ ધર્મના આધારે શિક્ષણ અને સરકારી નોકરીઓમાં આરક્ષણ લાવવા માંગે છે.

ચંદ્રશેખર દ્વારા કરવામાં આવેલો પહેલો દાવો ભ્રામક છે જ્યારે બીજો સદંતર ખોટો છે. ધર્મ મુજબ વસ્તીના હિસ્સામાં ફેરફાર અંગેના અભ્યાસના તારણો નવા નથી અને તે એક વલણને અનુસરે છે જે દશકની વસ્તી ગણતરીમાં સારી રીતે દસ્તાવેજીકૃત કરવામાં આવ્યું છે.

વસ્તી ગણતરીના ડેટા દર્શાવે છે કે દેશની વસ્તીની ધાર્મિક રચનામાં ૧૯૫૧થી માત્ર સાધારણ ફેરફારો થયા છે. વાસ્તવમાં, છેલ્લા ત્રણ દાયકામાં મુસ્લિમોનો વિકાસ દર ઘટી રહ્યો છે.

૨૦૧૫માં, શોએબ દાનિયલે હિંદુત્વ પાર્ટીના નેતાઓની દલીલોમાં રહેલી ખામીઓ વિશે લખ્યું હતું. “પાંચ ચાર્ટ કે જે મુસ્લિમ વસ્તી વૃદ્ધિના જુઠ્ઠાણાંને પંચર કરે છે” શીર્ષકવાળા લેખમાં, તેમણે દર્શાવ્યું કે કેવી રીતે વસ્તી વિષયક પરના દુષ્પ્રચારને ડેટા દ્વારા નકારી કાઢવામાં આવે છે. તે અહીં વાંચો.

કોંગ્રેસ ધર્મના આધારે ક્વોટા આપવા માગે છે તેવો બીજો દાવો જેને સ્ક્રોલ સહિતની અનેક સંસ્થાઓ દ્વારા રદિયો આપવામાં આવ્યો છે. કોંગ્રેસના મેનિફેસ્ટોમાં આવું કોઈ વચન નથી.

ભાજપના સાંસદ સુધાંશુ ત્રિવેદીએ સમાન દાવા કર્યા હતા, જ્યારે પાર્ટીના સોશિયલ મીડિયા સેલના વડા અમિત માલવિયાએ દાવો કર્યો હતો કે મુસ્લિમોની વસ્તીના હિસ્સામાં વધારો “કોંગ્રેસના દાયકાઓના શાસન”ને કારણે થયો હતો.

હકીકત એ છે કે ભાજપના નેતાઓ સામાન્ય ચૂંટણીની મધ્યમાં ભ્રામક દાવા કરવા માટે ભારતના વસ્તી વિષયક વિશે જાણીતી હકીકતનો ઉપયોગ કરી રહ્યા છે તે અભ્યાસના પ્રકાશનના સમય પર પ્રશ્નો ઉભા કરે છે. રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવે પૂછ્યું કે જ્યારે ૨૦૨૧માં યોજાનારી રાષ્ટ્રીય વસ્તી ગણતરી હજી શરૂ થઈ નથી ત્યારે અભ્યાસ કેવી રીતે ધર્મ અનુસાર દેશની વસ્તી નક્કી કરી શકે છે.

**ભારતની ધાર્મિક રચના મોટા ભાગે અપરિવર્તિત છે**

વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના સભ્ય શમિકા રવિ અને અન્ય બે વ્યક્તિઓ દ્વારા સહ-લેખિત અભ્યાસનો પરિચય જણાવે છે કે તે બદલાતા વસ્તી વિષયક વલણોનું વિશ્લેષણ કરવા માટે હાથ ધરવામાં આવ્યું હતું “દેશોની અંદર અને વચ્ચે આર્થિક અસમાનતા વધે છે, શાસનમાં તાણ આવે છે અને રાજ્યો અને લોકો વચ્ચે ઘર્ષણને વેગ આપે છે.”

આ અભ્યાસમાં યુનાઈટેડ સ્ટેટ્સના ટેક્સાસની બેલર યુનિવર્સિટીના સંશોધક ડેવિસ બ્રાઉન અને યુનિવર્સિટી ઓફ સધર્ન કેલિફોર્નિયાના આંતરરાષ્ટ્રીય સંબંધોના પ્રોફેસર પેટ્રિક જેમ્સ દ્વારા લખાયેલા કેટલાક દેશોની ધાર્મિક વસ્તી વિષયક પરના ૨૦૧૭ના સંશોધન પેપરના ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

સાઉથ એશિયન એસોસિએશન ફોર રિજનલ કોઓપરેશન દેશોમાં ધાર્મિક વસ્તી વિષયક ફેરફાર પરના એક વિભાગમાં, વડાપ્રધાનની સલાહકાર પરિષદ દ્વારા અભ્યાસમાં મુસ્લિમ વસ્તીમાં વધારો અને ભારતમાં હિન્દુ વસ્તીમાં ઘટાડો નોંધવામાં આવ્યો છે.



ચર્ચા - અભિક દેબ

છેવટે, ભારતમાં બહુમતી હિંદુ વસ્તીનો હિસ્સો ૧૯૫૦ અને ૨૦૧૫ની વચ્ચે ૭.૮૨ ટકા ઘટ્યો (૮૪.૬૮ ટકાથી ઘટીને ૭૮.૦૬ ટકા થયો). ૧૯૫૦માં મુસ્લિમ વસ્તીનો હિસ્સો ૯.૮૪ ટકા હતો અને ૨૦૧૫માં ૧૪.૦૯ ટકાનો વધારો થયો – તેમના હિસ્સામાં ૪૩.૫ ટકાનો વધારો. ખ્રિસ્તી વસ્તીનો હિસ્સો ૨.૨૪ ટકાથી વધીને ૨.૩૬ ટકા થયો - ૧૯૫૦ અને ૨૦૧૫ની વચ્ચે ૫.૩૮ ટકાનો વધારો. શીખ વસ્તીનો હિસ્સો ૧૯૫૦માં ૧.૨૪ ટકા વધીને ૨૦૧૫માં ૧.૮૫ ટકા થયો-તેમનો હિસ્સો ૬.૫૮ ટકા વધ્યો. બૌદ્ધ વસ્તીનો હિસ્સો પણ ૧૯૫૦માં ૦.૦૫ ટકાથી વધીને ૦.૮૧ ટકા થયો હતો.

બીજી તરફ, ભારતમાં જૈન વસ્તીનો હિસ્સો ૧૯૫૦માં ૦.૪૫ ટકાથી ઘટીને ૨૦૧૫માં ૦.૩૬ ટકા થયો હતો. ભારતમાં પારસી વસ્તીના હિસ્સામાન એકદમ ૮૫ ટકાનો ઘટાડો થયો હતો, જે ૧૯૫૦માં ૦.૦૩ ટકાથી ઘટીને ૨૦૧૫માં ૦.૦૦૪ ટકા થયો હતો. .

(સ્ત્રોત: વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ)

તારણો કંઈપણ નવું જાહેર કરતા નથી. ચંદ્રશેખરે સૂચવ્યા મુજબ ભારતની વસ્તીમાં નોંધપાત્ર ફેરફાર થઈ રહ્યો હોવાનો સંકેત પણ તેઓ આપતા નથી.

વસ્તીગણતરીના આંકડા દર્શાવે છે કે ૧૯૫૧માં ભારતની વસ્તીમાં મુસ્લિમોનો હિસ્સો ૯.૮% હતો, જ્યારે ૨૦૧૧માં આ હિસ્સો ૧૪.૨% હતો. સમાન સમયગાળામાં, હિન્દુઓનો હિસ્સો ૮૪.૧%થી ઘટીને ૭૯.૮% થયો હતો.

તેથી નવા અભ્યાસના તારણો વસ્તી ગણતરીના ડેટા સાથે સુસંગત છે.

વધુમાં, વડાપ્રધાનની સલાહકાર પરિષદના અભ્યાસમાં નોંધ્યું છે કે “વૈશ્વિક સ્તરે બહુમતી ધાર્મિક સંપ્રદાયનો હિસ્સો લગભગ ૨૨ ટકા નીચે ગયો છે.” તેથી, ભારતની હિંદુ વસ્તીમાં ૭.૮૨%નો ઘટાડો, અભ્યાસ મુજબ, વૈશ્વિક સરેરાશ કરતા નોંધપાત્ર રીતે ઓછો છે.

**સ્થળાંતર અને ધર્મપરિવર્તન**

ગુરુવારે ચંદ્રશેખરે ભારતમાં મુસ્લિમોની વસ્તીમાં વધારો થવાના કારણો અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા. “ગેરકાયદેસર સ્થળાંતર અને ધર્મપરિવર્તનને કારણે આમાં કેટલો વધારો થયો છે?” તેમણે પૂછ્યું.

આ અભ્યાસ પોતે મંત્રીના પ્રશ્નનો કોઈ ચોક્કસ જવાબ આપતો નથી, ભલે તે વસ્તીની ધાર્મિક રચનાઓમાં ફેરફારના કારણો તરીકે “સ્થળાંતર, ધર્માંતરણ, પ્રજનન દરમાં તફાવત અને પ્રાદેશિક સીમાઓમાં તફાવત” જેવા પરિબળોને નોંધે છે.

જો કે, તે ઉમેરે છે: “અમે આ પરિવર્તનના કારણોથી દૂર રહીએ છીએ અને તેના બદલે તેમની સુખાકારીના સંચિત પરિણામ માપદંડ તરીકે લઘુમતી વસ્તીના હિસ્સા પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ.”

પ્યુ રિસર્ચ સેન્ટરના અભ્યાસ દ્વારા ૨૦૨૧માં બહાર પાડવામાં આવેલા એક અભ્યાસમાં ભારતમાં વસ્તી પરિવર્તન માટે પ્રજનન દર મુખ્ય હોવાનું તારણ કાઢ્યું હતું. મુસ્લિમોમાં પ્રજનન દર હજુ પણ ભારતમાં સૌથી વધુ છે. પરંતુ ૨૦૨૨માં બહાર પાડવામાં આવેલા નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૫માં જાણવા મળ્યું છે કે છેલ્લા બે દાયકામાં તમામ ધાર્મિક સમુદાયોમાં મુસ્લિમોમાં પ્રજનન દરમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો છે.

ધી પોપ્યુલેશન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાએ ગુરુવારે નોંધ્યું હતું કે “મુસ્લિમોનો દાયકાનો વિકાસ દર ૧૯૮૧-૧૯૯૧માં ૩૨.૯% હતો જે ઘટીને ૨૦૦૧-૨૦૧૧માં ૨૪.૬% થયો હતો. આ ઘટાડો હિંદુઓની સરખામણીએ વધુ સ્પષ્ટ છે, જેમનો વિકાસ દર સમાન સમયગાળા દરમિયાન ૨૨.૭%થી ઘટીને ૧૬.૮% થયો છે.”

ધાર્મિક રૂપાંતરણની વાત કરીએ તો, પ્યુ રિસર્ચ સેન્ટરના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૯૮% ભારતીય પુખ્ત વયના લોકો તે ધર્મ સાથે ઓળખાય છે જેમાં તેઓ ઉછર્યા હતા, જે ધાર્મિક રચના પર ધર્માંતરણની અસરનો અભાવ દર્શાવે છે.

દરમિયાન, ભારતમાં રહેતા ૯૯%થી વધુ લોકોનો જન્મ પણ ભારતમાં થયો હોવાનું અભ્યાસમાં જાણવા મળ્યું છે. આ ડેટા દર્શાવે છે કે સ્થળાંતરની પણ ભાગ્યે જ કોઈ અસર થઈ છે.

**ધર્મ આધારિત ક્વોટા વિશે ખોટો દાવો**

ચંદ્રશેખર અને ત્રિવેદીએ અભ્યાસના તારણોનો ઉપયોગ ખોટા દાવાને પુનરાવર્તિત કરવા માટે કર્યો હતો કે જો કોંગ્રેસ સત્તામાં આવશે તો ધર્મના આધારે અનામત રજૂ કરશે. આ દાવો વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના નેતાઓ દ્વારા અનેક ચૂંટણી રેલીઓમાં વારંવાર કરવામાં આવ્યો છે. “આમાં કેટલો વધારો (મુસ્લિમ વસ્તીમાં) ગેરકાયદેસર સ્થળાંતર અને ધર્માંતરણને કારણે થયો છે ?” ચંદ્રશેખરે ગુરુવારે પૂછ્યું. “અન્ય લઘુમતી સમુદાયોના અધિકારો પર આ વધારાની અસર શું છે ? કેટલાક પક્ષો, જેમ કે કોંગ્રેસ દ્વારા બંધારણમાં ફેરફાર કરવા અને ધર્મ આધારિત આરક્ષણ લાવવાનો એક મોટો પ્રયાસ છે.” આ દાવો પાયાવિહોણો છે કારણ કે કોંગ્રેસના ઢંઢેરામાં ન તો ધર્મ આધારિત આરક્ષણની વાત કરવામાં આવી છે અને ન તો તેના કોઈ નેતાએ આવી જાહેરાત કરી છે.

**(સૌ. : સ્કોલ.ઈન)**

### ખેડૂતો પર પડતા પર પાટુ પડ્યા જેવો ઘાટ સર્જાયો

# વાવાઝોડાના લીધે આંબા પરથી ખરી પડેલ કેરી ડભોઈના બજારોમાં રૂા.૨૦માં વેચાઈ રહી છે

ડભોઈ, તા.૧૬

ડભોઈ તાલુકામાં વાવાઝોડું ફુંકાતા કેરીના પાકને વ્યાપક નુકશાન પહોંચ્યું હતું. એક તરફ આ વર્ષે આંબા ઉપર કેરીના પાક ઓછો આવ્યો હોઈ આંબાવાડીના સંચાલકો પહેલાં જ ઓછી આવકને લઈને ચિંતામાં હતાં. દરમિયાનમાં વાવાઝોડામાં આંબાવાડીમાં આંબા ખરી પડતા ખેડૂતો પર પડતા પર પાટું જેવો ઘાટ થયો છે. બીજી તરફ ડાંગર સહિતશાકભાજીના પાકને પણ વ્યાપક નુકસાન પહોંચ્યું છે. ડભોઈ તાલુકાના ટીંબી ભીલાપુર પલાસવાળા સહિત જિલ્લાભરમાં ગઈકાલે મોડી સાંજે અચાનક વાવાઝોડું ફૂંકાયું હતું. ભારે પવન ફૂંકાતા આંબાવાડીમાં આંબાના વૃક્ષો પર કેરીના પાકને મોટાપાયે નુકસાન થયું હતું. આ વર્ષે આંબાના વૃક્ષો પર મંજરી ઓછી લાગતાં આંબાનો ફાલ ઓછો લાગ્યો હતો. જેના કારણે એક તરફ આંબાવાડી સંચાલકોને નુકસાનનો ભય સતાવી રહ્યો હતો. ત્યાં ગત રોજ ફુંકાયેલાં વાવાઝોડાના કારણે વૃક્ષો પરથી કેરીઓ ટપોટપ ખરી પડી હતી. એક તરફ આંબા ઉપર કેરીના પાક ઓછો હતો તેવામાં ભારે પવન ફૂંકાતા બચેલી કેરીનો પાક ખરી પડતા ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ખેડૂતો નીચે ખરી પડેલી કેરીને વીણવા લાગ્યા છે. જો કે આંબા ઉપરથી ખરી પડેલી કેરીઓને નુકશાન થતા માર્કેટમાં ઓછો ભાવ મળી રહ્યો છે. ત્યારે ડભોઈના ખેડૂત આકાશ કાન્જીયાની આંબાવાડીમાં ઝૂલતી કેરીઓ ભારે પવનમાં ખરી પડતાં ૪૦૦ રૂપિયા પ્રતિ મણના ભાવે વેચવી પડી હતી. ટીબી ગામના નારણભાઈ સોમાભાઈ દેવીપુજકે જણાવ્યું હતું કે, અમારી આંબાવાડીમાં ૧૦૦ કિલોથી વધુ કેરીઓ ખરી પડતાં આખા વર્ષની મહેનત બાદ પણ અમારા હાથમાં રોકાણ કરેલાં રૂપિયા જેટલી પણ આવક આવે તેમ નથી. મીની વાવાઝોડાના કારણે કેરીનો પાક ખલાસ થઈ ગયો છે જે કેરી ૧૦૦થી ૨૦૦ રૂપિયા કિલો વેચાતી હતી એ કેરી ખરી જવાના કારણે માત્ર ૨૦ રૂપિયા કિલો વેચી દેવી પડે છે. અચાનક આવેલ વાવાઝોડાના કારણે મોટા પાયે નુકસાન થવા પામ્યું છે. કેરીમાં નુકસાન આમ્રપાલી, કેસર, દશેરી અને અન્ય કેરીમાં મોટાપાયે ખરી જવાના કારણે નુકસાન થવા પામ્યું છે.

### મુસાફરો હેરાન પરેશાન, તંત્ર ગાઢ નિંદ્રામાં

# પાલેજ રેલવે સ્ટેશને ફૂટઓવર બ્રિજનું કામ ક્યારે થશે ?




(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૧૬

પાલેજ રેલવે સ્ટેશને મુસાફરોની અવરજવર માટેનો ઉપયોગી ફૂટ ઓવર બ્રીજ એક વર્ષથી પતરાં મારી સીલબંધ કરી દેવાયો છે. મુસાફરોને ટ્રેનોના સમયે ટિકિટ વિન્ડો થઈ પ્લેટફોર્મ પર જવાની મુશ્કેલીમાં વધારો થયો છે. ટ્રેનોની અડફેટે અકસ્માતે મોત થયાંની કેટલીક ઘટનાઓ પણ બનવા પામી છે. અંગ્રેજોનાં સમયે બનાવેલો ફૂટ ઓવરબ્રિજ એક વર્ષથી ખખડધજ હાલતમાં બંધ પડ્યો છે. અહીં બજાર તરફ આવેલી એક માત્ર ટીકીટ વિન્ડો ઉપર પ્લેટફોર્મ ઓળંગી જીવના જોખમે ટિકિટ લેવા માટે આવવામાં ઘણી મુશ્કેલી પડી રહી છે. વાર્ષિક કરોડોની આવક ધરાવતું ભરૂચ અને વડોદરા વચ્ચેનું એક માત્ર પાલેજ સ્ટેશન છે. જ્યાં પ્રાથમિક સુવિધાનો ઘણો અભાવ વર્તાય રહ્યો છે. પશ્ચિમ વિસ્તારોમાંથી વારંવાર મુસાફરો તેમજ આમ જનતા રેલવે સ્ટેશન થઈ બજારોમાં આવે છે. બ્રીજના અભાવે પ્લેટફોર્મ ક્રોસ કરવાની નોબત આવી પડી છે. તંત્ર ઘોરનિદ્રામાંથી જાગે અને લોકોની મુશ્કેલીઓ દૂર કરવા માટે સર્વે હાથ ધરવા માંગ ઉઠી છે. પાલેજ રેલવે સ્ટેશને બે હજાર ફૂટની લંબાઈ ધરાવતાં બે પ્લેટફોર્મની વચ્ચે ફૂટ ઓવરબ્રિજનું બાંધકામ કરવામાં આવે જેથી પશ્ચિમનાં પંદરથી વીસ ગામડાંમાંથી રોજિંદા આવતાં મુસાફરો આમ જનતાને તેનો લાભ મળે એમ છે. રેલવે તંત્ર પાલેજ ગ્રામ પંચાયતની રજૂઆત પ્રત્યે પણ ધ્યાન આપતું નથી. લોકોમાં વ્યાપક રોષ ફેલાય રહ્યો છે. જન આંદોલન કરવાની ફરજ પડે એવી ચર્ચાઓ ચાલે છે.

### મુસાફરોમાં આનંદની લાગણી

# ભારજ નદીના રેલવેના પુલ નીચે પિલ્લરોના સંરક્ષણ માટે દીવાલની ચાલતી કામગીરી



પાવીજેતપુર, તા.૧૬

પાવીજેતપુર ભારજ નદી ઉપર બનેલ રેલવેના પુલના પીલરો ચોમાસામાં ધોવાઈ ન જાય તે માટે સંરક્ષણ, પડદી દિવાલની કામગીરી પુર જોશમાં ચાલી રહી છે. પાવીજેતપુર નજીક સિહોદ પાસે આવેલ ભારજ નદી ઉપર અંગ્રેજોના સમયનો રેલ્વે પુલ બનાવેલ હોય જે ચોમાસામાં પાણી વધુ આવતા પુલની નીચે પથ્થરનું ધોવાણ થઈ જતા રેલવે ટ્રેક બંધ કરવાની ફરજ પડે છે. વારંવાર આવી પરિસ્થિતિ સર્જાવાના કારણે આ વર્ષે તંત્ર દ્વારા ચોમાસા પૂર્વે પ્રીમોનસુન કામગીરી કરી આ પિલરોની ફરતે સંરક્ષણ માટે આરસીસીની મોટી પડદી દિવાલ બનાવવામાં આવી રહી છે. સવારથી સાંજ સુધી પૂર્વ પટ્ટી વિસ્તારમાં દસ જેટલી વાર ટ્રેનની અવરજવર થતી હોય, સ્વાભાવિક રીતે પૂર્વ પટ્ટી વિસ્તારના લોકો તેમજ વેપારીઓ વડોદરાથી અપડાઉન કરતા હોય જેથી આ રેલવે ટ્રેન ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થાય છે. વધુ વરસાદના કારણે ભારજ નદી ઉપર બનેલ રેલવેના પુલના પૂલરો ધોવાઈ જતા આ ટ્રેકને બંધ કરવાની ફરજ પડતી હતી. તે પરિસ્થિતિ ચોમાસામાં ન સર્જાય તે માટે તંત્ર દ્વારા પ્રીમોનસુન કામગીરીના ભાગ રૂપે જ્યાંથી પાણી પસાર થાય છે તે પટના બંને પિલરોને ફરતે સંરક્ષણ માટે પડદી દીવાલ બનાવવામાં આવી રહી છે જેનાથી પાવીજેતપુર તાલુકા સહિતના રોજ ઉપડાઉન કરતા પૂર્વ પટ્ટી વિસ્તારની જનતામાં આનંદ જોવાઈ રહ્યો છે.

### વડોદરા ગ્રામ્યમાં વરસાદ અને વાવાઝોડાને લીધે

# ખેતીના પાકને વ્યાપક નુકસાન થતાં ખેડૂતોએ વળતરની કરેલી માંગ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૬

વડોદરામાં કમોસમી વરસાદ પડવાના કારણે વડોદરા શહેરમાં આવેલા આજવા, નિમેટા, વડોદરા શહેરી, બાજવા વિસ્તાર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં ઘણા પાકને નુકસાન થવાથી ખેડૂતો પરેશાન થયા હોવાની હકીકત સામે આવી છે. ખેડૂતોએ જણાવ્યું હતું કે, વડોદરાના શિનોર તાલુકામાં પડેલા વરસાદને કારણે ખેતીમાં નુકસાન પહોંચ્યું છે. વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં વ્યાપક પ્રમાણમાં ખેતપેદાશ ધોવાઈ જતા ખેડૂતોને આર્થિક ફટકો પડ્યો છે. સુરાશામળ ગામે આશરે ૩૦૦ વિઘા જમીનમાં વાવેતર કરેલો બાજરીના પાકમાં પાણી ફરી વળ્યું છે. કાપણીમાં તૈયાર પાક પલળી જતા ખેડૂતોના મોંમાંથી કોળિયો છીનવાયો છે. ખેડૂતોને આર્થિક નુકસાન પહોંચતા સરકાર પાસેથી વળતરની માંગ કરી છે.

# મોહમ્મદ (સ.અ.વ.)સાહેબના જીવનનું નૈતિક સ્વરૂપ



ઈસ્લામની ઝલક - પ્રો. અખ્તરૂલ વાસે

મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ હંમેશા જ સાચા, ઈમાનદાર, દયાવાન, કૃપાશીલ, વચન પૂર્ણ કરનાર તથા અન્ય લોકોની સહાયતા કરતા અને સહયોગ પુરો પાડતા હતા. આ જ ગુણોને કારણે મક્કાના લોકો તેમને સત્યવાદી (સાદિક) તથા વિશ્વાસપાત્ર અને ન્યાયધારી(અમીન) જેવા ઉપનામોથી પોકારતા હતા.

કુર્આનમાં મોહમ્મદ (સ.અ.વ.) સાહેબના આચરણ અને વ્યવહારિક સંબંધો અંગે સ્પષ્ટપણે અલ્લાહનું કથન છે કે પયગમ્બર સાહેબ શિષ્ટતા, નૈતિકતા તથા ઉચ્ચ સ્વભાવના ઉચ્ચતમ શિખર ઉપર બિરાજમાન છે. આજ રીતે આપ આ ફાની દુનિયા છોડીને જન્નતનશીન થયા ત્યારબાદ એક વ્યક્તિએ જ્યારે પયગમ્બર સાહેબની પત્ની હઝરત આયશા (રદિ.) સાથે પયગમ્બર સાહેબના નૈતિક વ્યવહાર (અખલાક) અંગે પ્રશ્ન કર્યો તો તેમનો ઉત્તર હતો કે શું તમે કુર્આન નથી વાંચતા ? અર્થાત પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.)સાહેબનો નૈતિક વ્યવહાર કુર્આનની શિક્ષાઓ ઉપર જ આધારિત હતો.

કોઈપણ વ્યક્તિના સામાજિક સ્વભાવ અને અનૈતિકતાને જાણવા તથા પારખવા માટે એ જોવું અતિ આવશ્યક હોય છે કે તેમનો પોતીકા તથા પારકા, સગા-સંબંધીઓ તથા દૂરના લોકો, મિત્રો તથા શત્રુઓ સાથે વ્યવહાર કેવો હતો ? આ સામાજિક મૂળ નિયમનો પ્રયોગ જ્યારે આપણે મોહમ્મદ(સ.અ.વ.) સાહેબના જીવન પર કરવામાં આવે છે તો આપણે આ જાણીએ છીએ કે પરિચિત તથા અપરિચિત મિત્ર તથા શત્રુ બધાની સાથે તેમનો હરહંમેશ એક જેવો વ્યવહાર રહ્યો હતો. આને નબી અર્થાત પયગમ્બર (સ.અ.વ.) સાહેબના જીવનમાં ઘટેલી જુદી-જુદી ઘટનાઓથી સમજી અને સ્પષ્ટ કરી શકાય છે.

મક્કાવાસીઓ પયગમ્બર સાહેબની કત્લ કરવાનું ષડયંત્ર ઘડતા તથા બીજી તરફ તેમની ઉપર વિશ્વાસ મૂકીને પોતાની મહત્ત્વપૂર્ણ તથા મૂલ્યવાન વસ્તુઓને સુરક્ષાના ઉદ્દેશથી તેમની પાસે રાખતા હતા. એક પ્રસંગે મક્કાવાસીઓની યાતનાઓથી કંટાળીને જ્યારે પયગમ્બર સાહેબના અનુયાયીઓએ શ્રાપ (શાપ) આપવાની વાત કરી, તે વખતે પયગમ્બર સાહેબે પોતાના સાથીદારોને કહ્યું કે ‘હું સંસાર માટે નિર્દયી અને કઠોર નહીં પરંતુ કૃપાળુ અને દયાળુ બનાવીને મોકલવામાં આવ્યો છું.’

આ જ રીતે તાયફની ઘટના અંગે પણ તાયફવાસીઓએ પયગમ્બર સાહેબ પર પથ્થરમારો કરીને ઘાયલ કરી દીધા તે સમયે પણ પયગમ્બર સાહેબે શ્રાપ આપવાને બદલે ફક્ત એટલું જ કહ્યું કે ‘જો આ વખતે આ લોકો અલ્લાહનો સંદેશ સાંભળતા નથી અને તેની ઉપર વિશ્વાસ મૂકતા નથી તો કોઈ વાત નહીં, મને આશા છે કે આવનાર સમયમાં તેઓની આગામી પેઢીઓ અવશ્યપણે એક અલ્લાહ ઉપર વિશ્વાસ મૂકશે અને તેની ઈબાદત કે ઉપાસના કરશે.

મક્કાવાસીઓએ ૧૩ વર્ષ સુધી પયગમ્બર સાહેબ અને તેમના અનુયાયીઓને યાતનાઓ પહોંચાડી, તેમને કષ્ટ આપ્યું અને પીડિત કર્યા પરંતુ જ્યારે આઠ હિજરી સંવત દરમ્યાન મક્કા ઉપર વિજય મેળવ્યા પછી મોહમ્મદ (સ.અ.વ.) સાહેબે પોતાના દસ હજાર સાથીદારોની સાથે મક્કામાં પ્રવેશ કર્યો તો પાછળથી કોઈકે મોટા અવાજે કહ્યું કે ‘આજે પ્રતિકારનો દિવસ છે.’ તે વખતે તુરંત જ પયગમ્બર સાહેબે કહ્યું કે, ‘નહીં આજે ક્ષમાનો દિવસ છે.’ અને પયગમ્બર સાહેબે તે તમામે તમામ મક્કાવાસીઓને ક્ષમા આપી દીધી. જેમણે અમુક વર્ષ પૂર્વ પયગમ્બર સાહેબને પોતાના ઘરમાંથી નિષ્કાસિત થવા મજબૂર કર્યા હતા તથા તેમની વિરૂદ્ધ યુદ્ધ પણ કર્યું હતું.

ઉપર વર્ણવેલી ઘટનાઓથી મોહમ્મદ (સ.અ.વ.) સાહેબનો સ્વભાવ, આચરણ, શિષ્ટાચાર અને નૈતિક વ્યવહાર અંગે જાણવા મળે છે કે પયગમ્બર સાહેબે પોતાના જીવનથી માનવતાને કોઈને કોઈ પ્રકારે નૈતિક મૂલ્યોના પાઠ શીખવાડ્યા.

**(લેખક ડો. ઝાકીર હુસૈન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈસ્લામિક સ્ટડીઝના ડાયરેક્ટર છે.)**

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# મતદાનના 'અંતિમ' આંકડા અચાનક વધી જવા અંગે ચૂંટણીપંચ પારદર્શિતા દર્શાવે

વિશ્વ જેમ આધુનિક ટેક્નોલોજી તરફ આગળ વધતું જઈ રહ્યું છે એમ અનુમાનો કે આગાહી વધુ સચોટ બની છે અને ગણતરી તો બિલકુલ સટીક અને ઝડપી બની જ ગઈ છે. પરંતુ આપણે ત્યાં આ વખતની ચૂંટણીમાં નવું કૌતુક થયું છે. આપણે ત્યાં હાલ લોકસભાની ચૂંટણીઓ યોજાઈ રહી છે. જેના ચાર તબક્કા પૂર્ણ થઈ ગયા છે અને બાકીના ત્રણ તબક્કા પણ હવે પૂર્ણ થઈ જશે. ત્યારે આ ચૂંટણી દરમિયાન એક અભૂત પૂર્વ બાબત એ સામે આવી છે કે, કુલ મતદાનના આંકડાનો અંદાજ ચૂંટણી પંચ સાંજે છ વાગ્યા પછી દર્શાવે કે ૬૦ ટકા આસપાસ થયું છે...પણ પછી જ્યારે એ જ ચૂંટણી પંચ બિલકુલ-એક્યુરેટ એટલે કે સંપૂર્ણ આંકડા જારી કરે છે ત્યારે તેમાં ૩થી લઈને છ ટકા જેટલો જંગી ઉછાળો જોવા મળે છે. અગાઉની ચૂંટણીઓમાં પણ આ રીતે વાસ્તવિક આંકડા ચૂંટણી પંચ જાહેર કરતું પરંતુ તેમાં આટલો જંગી વધારો ક્યારેય જોવા મળતો ન હતો વળી ચૂંટણી પંચ આ વાસ્તવિક આંકડાઓ તેજ દિવસે મોડી રાત્રે અથવા બહુ-બહુ તો બીજા દિવસે પૂરેપૂરાં જારી કરી જ દેતું. પરંતુ આ વખતે તો 'નવીન' થઈ રહ્યું છે કે, મતદાનનો તબક્કો પૂર્ણ થયા બાદ એક તો દિવસો સુધી ચૂંટણી પંચ વાસ્તવિક આંકડા જારી કરતું નથી અને બીજું જારી કરે છે તો તેમાં પાંચથી છ ટકા સુધીનો ઉછાળો જોવા મળે છે...અર્થાત્ કરોડો મતો વધી જાય છે. દેશમાં ઘણી ચૂંટણીઓ ઈવીએમથી થઈ છે અને અગાઉ આવું ક્યારેય થયું નથી એટલે દેશભરના લોકોમાં ઠેર-ઠેર સંશયો-સવાલો પેદા થઈ રહ્યા છે. આવી જ પ્રશ્નાર્થભરી ચિંતા દેશના કર્મશીલો, વકીલો અને નિવૃત્ત અધિકારીઓને થતાં તેમણે તો દેશના ચૂંટણી પંચને પત્ર લખીને માંગ કરી છે કે, લોકોમાં ચૂંટણી પ્રક્રિયા બાબતે વિશ્વાસ વધારવા માટે મતદાન પૂરૂં થાય તો એના ૪૮ કલાકની અંદર જ કુલ મતદાનના આંકડા ચૂંટણી પંચની વેબસાઈટ પર પ્રદર્શિત કરે અને ખાસ કરીને દરેક મતદાન મથકના ફોર્મ ૧૭સીના ભાગ Iમાં સમાવિષ્ટ રેકોર્ડને પણ વેબસાઈટ પર મૂકે...દેશના જાગૃત નાગરિકોની આ ચિંતા બિલકુલ વ્યાજબી છે. તેમણે ચૂંટણી પંચને પાઠવેલા પત્રમાં લખ્યું છે કે, અમે વર્તમાન સામાન્ય ચૂંટણીઓના અત્યાર સુધીના તબક્કામાં મતદારોના મતદાનના આંકડામાં મોટી વધઘટને કારણે ઉદભવતી અમારી ચિંતાઓ દર્શાવવા માટે ભારતના ચૂંટણી પંચને તાત્કાલિક તેની વેબસાઈટ દ્વારા આ મતદાનના પ્રમાણિત રેકોર્ડના આંકડા જાહેર કરવા વિનંતી કરવા માટે પત્ર લખી રહ્યા છીએ. ચૂંટણી સંહિતાના નિયમોના નિયમ ૪૯જી મુજબ, મતદાનની સમાપ્તિ સમયે, પ્રિસાઈડિંગ ઓફિસરે ફોર્મ ૧૭Cના ભાગ Iમાં નોંધાયેલા મતનો હિસાબ તૈયાર કરવો પડે છે અને દરેક મતદાન એજન્ટને તેની એક પ્રમાણિત નકલ પણ આપવાની હોય છે.

ચૂંટણીના પ્રથમ તબક્કા વખતે ચૂંટણી પંચે મતદાનના દિવસે જણાવ્યું હતું કે, સાંજે ૭ વાગ્યા સુધીમાં અંદાજિત મતદાન ૬૦%થી વધુ હતું. પંચ દ્વારા તેના દ્વારા ૧૧ દિવસ પછી ૩૦મી એપ્રિલે પ્રકાશિત થયેલ મતદાર મતદાનનો ડેટા ૬૬.૧૪%નો આંકડો આપ્યો હતો. જે ૬%થી વધુનો વધારો દર્શાવે છે. એ જ રીતે, બીજા તબક્કા માટે, મતદાનના દિવસે ચૂંટણી પંચ દ્વારા જણાવાયું હતું કે અંદાજે ૭ વાગ્યા સુધીમાં ૬૦.૯૬% મતદાન થયું હતું, જે પછીથી ૩૦ એપ્રિલે સુધારીને ૬૬.૭૧% કરવામાં આવ્યું હતું. ૩૦મી એપ્રિલે ચૂંટણી પંચ દ્વારા કોઈ પણ સ્પષ્ટતા વિના, અસામાન્ય રીતે લગભગ ૬% વધુ મતદાન દર્શાવવામાં આવ્યું હતું અને મતદાનના આંકડાની રજૂઆતમાં અસાધારણ વિલંબે મતદાનના આંકડા વિશે લોકોમાં ચિંતા અને શંકાઓ ઊભી કરી છે. આપણી લોકશાહીની મજબૂત કામગીરી સુનિશ્ચિત કરવા માટે ચૂંટણી પ્રક્રિયામાં જનતાનો વિશ્વાસ ચાવીરૂપ છે. તેથી, ચૂંટણી પંચે દરેક મતદાન મથક જ્યાં અત્યાર સુધીના પ્રથમ ચાર તબક્કામાં મતદાન થયું હોય ત્યાંના ફોર્મ ૧૭Cના ભાગ Iની સ્કેન કરેલી સુવાચ્ય નકલ તરત જ કમિશનની વેબસાઈટ પર અપલોડ કરે. વધુમાં, બાકીના તબક્કાઓ માટે, આ માહિતી મતદાન સમાપ્ત થયાના ૪૮ કલાકની અંદર ECI વેબસાઈટ પર જાહેરમાં પ્રદર્શિત થવી જોઈએ.

ઉપરોકત માગણી અને લાગણી ચૂંટણી પંચને પત્ર લખનાર ઉક્ત પ્રબુદ્ધ નાગરિકોની જ નથી. પરંતુ લગભગ દરેક જાગૃત નાગરિકની છે. ત્યારે મતદારોને જાગૃત કરવાનું જણાવનાર ચૂંટણી પંચ આ બાબતે કેટલી જાગૃતિ અને પારદર્શિતા દર્શાવે છે એ બાકીના તબક્કામાં જોવું રહ્યું

# ભારતમાં મુસ્લિમ વસ્તી પરના અભ્યાસ અંગે ભાજપના નેતાઓની ટિપ્પણીઓ કેમ ભ્રામક છે

## મોદીની ઈકોનોમિક એડવાઈઝરી કાઉન્સિલ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં મુસ્લિમ વસ્તીના હિસ્સામાં વધારા અંગેના ડેટાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ પહેલાથી જ દાયકાની વસ્તી ગણતરીથી જાણીતું હતું

ચર્ચા

- અભિક દેબ



ગુરૂવારે, ૧૯૫૦ અને ૨૦૧૫ની વચ્ચે ૧૬૭ દેશોમાં ધાર્મિક લઘુમતીઓની વસ્તીના હિસ્સામાં થયેલા ફેરફારો પર વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ દ્વારા પ્રકાશિત અભ્યાસ પર ઘણા સમાચાર આઉટલેટ્સ અહેવાલ આપે છે.

મોટાભાગનાં પ્રકાશનોની હેડલાઈન એ હતી કે અભ્યાસમાં જણાવાયું છે કે ભારતમાં મુસ્લિમ વસ્તીનો હિસ્સો ૧૯૫૦માં ૯.૮૪%થી વધીને ૨૦૧૫માં ૧૪.૦૯% થઈ ગયો હતો - એટલે કે, ૪૩.૧૫% વધુ. બીજી તરફ, તે સમયગાળા દરમિયાન ભારતની હિંદુ વસ્તીનો હિસ્સો ૮૪.૬૮%થી ઘટીને ૭૮.૦૬% થયો - એટલે કે, ૭.૮૨% ઓછો.

કેન્દ્રીય પ્રધાન રાજીવ ચંદ્રશેખરે દાવો કર્યો હતો કે "વિશેષ સમુદાય"ની વસ્તીમાં વધારાને કારણે "ભારતની વસ્તી વિષયકતા" બદલાઈ રહી છે. તેમણે આ અભ્યાસને ભારતીય જનતા પાર્ટીના દાવા સાથે પણ જોડ્યો કે કોંગ્રેસ ધર્મના આધારે શિક્ષણ અને સરકારી નોકરીઓમાં આરક્ષણ લાવવા માંગે છે.

ચંદ્રશેખર દ્વારા કરવામાં આવેલો પહેલો દાવો ભ્રામક છે જ્યારે બીજો સદંતર ખોટો છે. ધર્મ મુજબ વસ્તીના હિસ્સામાં ફેરફાર અંગેના અભ્યાસના તારણો નવા નથી અને તે એક વલણને અનુસરે છે જે દશકની વસ્તી ગણતરીમાં સારી રીતે દસ્તાવેજીકૃત કરવામાં આવ્યું છે.

વસ્તી ગણતરીના ડેટા દર્શાવે છે કે દેશની વસ્તીની ધાર્મિક રચનામાં ૧૯૫૧થી માત્ર સાધારણ ફેરફારો થયા છે. વાસ્તવમાં, છેલ્લા ત્રણ દાયકામાં મુસ્લિમોનો વિકાસ દર ઘટી રહ્યો છે.

૨૦૧૫માં, શોએબ દાનિયલે હિંદુત્વ પાર્ટીના નેતાઓની દલીલોમાં રહેલી ખામીઓ વિશે લખ્યું હતું. "પાંચ ચાર્ટ કે જે મુસ્લિમ વસ્તી વૃદ્ધિના જુઠ્ઠાણાંને પંચર કરે છે" શીર્ષકવાળા લેખમાં, તેમણે દર્શાવ્યું કે કેવી રીતે વસ્તી વિષયક પરના દુષ્પ્રચારને ડેટા દ્વારા નકારી કાઢવામાં આવે છે. તે અહીં વાંચો.

કોંગ્રેસ ધર્મના આધારે ક્વોટા આપવા માગે છે તેવો બીજો દાવો જેને સ્ક્રોલ સહિતની અનેક સંસ્થાઓ દ્વારા રદિયો આપવામાં આવ્યો છે. કોંગ્રેસના મેનિફેસ્ટોમાં આવું કોઈ વચન નથી.

ભાજપના સાંસદ સુધાંશુ ત્રિવેદીએ સમાન દાવા કર્યા હતા, જ્યારે પાર્ટીના સોશિયલ મીડિયા સેલના વડા અમિત માલવિયાએ દાવો કર્યો હતો કે મુસ્લિમોની વસ્તીના હિસ્સામાં વધારો "કોંગ્રેસના દાયકાઓના શાસન"ને કારણે થયો હતો.

હકીકત એ છે કે ભાજપના નેતાઓ સામાન્ય ચૂંટણીની મધ્યમાં ભ્રામક દાવા કરવા માટે ભારતના વસ્તી વિષયક વિશે જાણીતી હકીકતનો ઉપયોગ કરી રહ્યા છે તે અભ્યાસના પ્રકાશનના સમય પર પ્રશ્નો ઉભા કરે છે. રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવે પૂછ્યું કે જ્યારે ૨૦૨૧માં યોજાનારી રાષ્ટ્રીય વસ્તી ગણતરી હજી શરૂ થઈ નથી ત્યારે અભ્યાસ કેવી રીતે ધર્મ અનુસાર દેશની વસ્તી નક્કી કરી શકે છે.

**ભારતની ધાર્મિક રચના મોટા ભાગે અપરિવર્તિત છે**

વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના સભ્ય શમિકા રવિ અને અન્ય બે વ્યક્તિઓ દ્વારા સહ-લેખિત અભ્યાસનો પરિચય જણાવે છે કે તે બદલાતા વસ્તી વિષયક વલણોનું વિશ્લેષણ કરવા માટે હાથ ધરવામાં આવ્યું હતું "દેશોની અંદર અને વચ્ચે આર્થિક અસમાનતા વધે છે, શાસનમાં તાણ આવે છે અને રાજ્યો અને લોકો વચ્ચે ઘર્ષણને વેગ આપે છે."

આ અભ્યાસમાં યુનાઈટેડ સ્ટેટ્સના ટેક્સાસની બેલર યુનિવર્સિટીના સંશોધક ડેવિસ બ્રાઉન અને યુનિવર્સિટી ઓફ સધર્ન કેલિફોર્નિયાના આંતરરાષ્ટ્રીય સંબંધોના પ્રોફેસર પેટ્રિક જેમ્સ દ્વારા લખાયેલા કેટલાક દેશોની ધાર્મિક વસ્તી વિષયક પરના ૨૦૧૭ના સંશોધન પેપરના ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

સાઉથ એશિયન એસોસિએશન ફોર રિજનલ કોઓપરેશન દેશોમાં ધાર્મિક વસ્તી વિષયક ફેરફાર પરના એક વિભાગમાં, વડાપ્રધાનની સલાહકાર પરિષદ દ્વારા અભ્યાસમાં મુસ્લિમ વસ્તીમાં વધારો અને ભારતમાં હિન્દુ વસ્તીમાં ઘટાડો નોંધવામાં આવ્યો છે.

છેવટે, ભારતમાં બહુમતી હિંદુ વસ્તીનો હિસ્સો ૧૯૫૦ અને ૨૦૧૫ની વચ્ચે ૭.૮૨ ટકા ઘટ્યો (૮૪.૬૮ ટકાથી ઘટીને ૭૮.૦૬ ટકા થયો). ૧૯૫૦માં મુસ્લિમ વસ્તીનો હિસ્સો ૯.૮૪ ટકા હતો અને ૨૦૧૫માં ૧૪.૦૯ ટકાનો વધારો થયો – તેમના હિસ્સામાં ૪૩.૫ ટકાનો વધારો. ખ્રિસ્તી વસ્તીનો હિસ્સો ૨.૨૪ ટકાથી વધીને ૨.૩૬ ટકા થયો - ૧૯૫૦ અને ૨૦૧૫ની વચ્ચે ૫.૩૮ ટકાનો વધારો. શીખ વસ્તીનો હિસ્સો ૧૯૫૦માં ૧.૨૪ ટકા વધીને ૨૦૧૫માં ૧.૮૫ ટકા થયો-તેમનો હિસ્સો ૬.૫૮ ટકા વધ્યો. બૌદ્ધ વસ્તીનો હિસ્સો પણ ૧૯૫૦માં ૦.૦૫ ટકાથી વધીને ૦.૮૧ ટકા થયો હતો.

બીજી તરફ, ભારતમાં જૈન વસ્તીનો હિસ્સો ૧૯૫૦માં ૦.૪૫ ટકાથી ઘટીને ૨૦૧૫માં ૦.૩૬ ટકા થયો હતો. ભારતમાં પારસી વસ્તીના હિસ્સામાન એકદમ ૮૫ ટકાનો ઘટાડો થયો હતો, જે ૧૯૫૦માં ૦.૦૩ ટકાથી ઘટીને ૨૦૧૫માં ૦.૦૦૪ ટકા થયો હતો..

(સ્રોતઃ વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ)

તારણો કંઈપણ નવું જાહેર કરતા નથી. ચંદ્રશેખરે સૂચવ્યા મુજબ ભારતની વસ્તીમાં નોંધપાત્ર ફેરફાર થઈ રહ્યો હોવાનો સંકેત પણ તેઓ આપતા નથી.

વસ્તીગણતરીના આંકડા દર્શાવે છે કે ૧૯૫૧માં ભારતની વસ્તીમાં મુસ્લિમોનો હિસ્સો ૯.૮% હતો, જ્યારે ૨૦૧૧માં આ હિસ્સો ૧૪.૨% હતો. સમાન સમયગાળામાં, હિન્દુઓનો હિસ્સો ૮૪.૧%થી ઘટીને ૭૯.૮% થયો હતો.

તેથી નવા અભ્યાસના તારણો વસ્તી ગણતરીના ડેટા સાથે સુસંગત છે.

વધુમાં, વડાપ્રધાનની સલાહકાર પરિષદના અભ્યાસમાં નોંધ્યું છે કે "વૈશ્વિક સ્તરે બહુમતી ધાર્મિક સંપ્રદાયનો હિસ્સો લગભગ ૨૨ ટકા નીચે ગયો છે." તેથી, ભારતની હિંદુ વસ્તીમાં ૭.૮૨%નો ઘટાડો, અભ્યાસ મુજબ, વૈશ્વિક સરેરાશ કરતા નોંધપાત્ર રીતે ઓછો છે.

**સ્થળાંતર અને ધર્મપરિવર્તન**

ગુરુવારે ચંદ્રશેખરે ભારતમાં મુસ્લિમોની વસ્તીમાં વધારો થવાના કારણો અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા. "ગેરકાયદેસર સ્થળાંતર અને ધર્મપરિવર્તનને કારણે આમાં કેટલો વધારો થયો છે?" તેમણે પૂછ્યું.

આ અભ્યાસ પોતે મંત્રીના પ્રશ્નનો કોઈ ચોક્કસ જવાબ આપતો નથી, ભલે તે વસ્તીની ધાર્મિક રચનાઓમાં ફેરફારના કારણો તરીકે "સ્થળાંતર, ધર્માંતરણ, પ્રજનન દરમાં તફાવત અને પ્રાદેશિક સીમાઓમાં તફાવત" જેવા પરિબળોને નોંધે છે.

જો કે, તે ઉમેરે છે: "અમે આ પરિવર્તનના કારણોથી દૂર રહીએ છીએ અને તેના બદલે તેમની સુખાકારીના સંચિત પરિણામ માપદંડ તરીકે લઘુમતી વસ્તીના હિસ્સા પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ."

પ્યુ રિસર્ચ સેન્ટરના અભ્યાસ દ્વારા ૨૦૨૧માં બહાર પાડવામાં આવેલા એક અભ્યાસમાં ભારતમાં વસ્તી પરિવર્તન માટે પ્રજનન દર મુખ્ય હોવાનું તારણ કાઢ્યું હતું. મુસ્લિમોમાં પ્રજનન દર હજુ પણ ભારતમાં સૌથી વધુ છે. પરંતુ ૨૦૨૨માં બહાર પાડવામાં આવેલા નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૫માં જાણવા મળ્યું છે કે છેલ્લા બે દાયકામાં તમામ ધાર્મિક સમુદાયોમાં મુસ્લિમોમાં પ્રજનન દરમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો છે.

ધી પોપ્યુલેશન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાએ ગુરુવારે નોંધ્યું હતું કે "મુસ્લિમોનો દાયકાનો વિકાસ દર ૧૯૮૧-૧૯૯૧માં ૩૨.૯% હતો જે ઘટીને ૨૦૦૧-૨૦૧૧માં ૨૪.૬% થયો હતો. આ ઘટાડો હિંદુઓની સરખામણીએ વધુ સ્પષ્ટ છે, જેમનો વિકાસ દર સમાન સમયગાળા દરમિયાન ૨૨.૭%થી ઘટીને ૧૬.૮% થયો છે."

ધાર્મિક રૂપાંતરણની વાત કરીએ તો, પ્યુ રિસર્ચ સેન્ટરના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૯૮% ભારતીય પુખ્ત વયના લોકો તે ધર્મ સાથે ઓળખાય છે જેમાં તેઓ ઉછર્યા હતા, જે ધાર્મિક રચના પર ધર્માંતરણની અસરનો અભાવ દર્શાવે છે.

દરમિયાન, ભારતમાં રહેતા ૯૯%થી વધુ લોકોનો જન્મ પણ ભારતમાં થયો હોવાનું અભ્યાસમાં જાણવા મળ્યું છે. આ ડેટા દર્શાવે છે કે સ્થળાંતરની પણ ભાગ્યે જ કોઈ અસર થઈ છે.

**ધર્મ આધારિત ક્વોટા વિશે ખોટો દાવો**

ચંદ્રશેખર અને ત્રિવેદીએ અભ્યાસના તારણોનો ઉપયોગ ખોટા દાવાને પુનરાવર્તિત કરવા માટે કર્યો હતો કે જો કોંગ્રેસ સત્તામાં આવશે તો ધર્મના આધારે અનામત રજૂ કરશે. આ દાવો વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના નેતાઓ દ્વારા અનેક ચૂંટણી રેલીઓમાં વારંવાર કરવામાં આવ્યો છે. "આમાં કેટલો વધારો (મુસ્લિમ વસ્તીમાં) ગેરકાયદેસર સ્થળાંતર અને ધર્માંતરણને કારણે થયો છે ?" ચંદ્રશેખરે ગુરુવારે પૂછ્યું. "અન્ય લઘુમતી સમુદાયોના અધિકારો પર આ વધારાની અસર શું છે ? કેટલાક પક્ષો, જેમ કે કોંગ્રેસ દ્વારા બંધારણમાં ફેરફાર કરવા અને ધર્મ આધારિત આરક્ષણ લાવવાનો એક મોટો પ્રયાસ છે." આ દાવો પાયાવિહોણો છે કારણ કે કોંગ્રેસના ઢંઢેરામાં ન તો ધર્મ આધારિત આરક્ષણની વાત કરવામાં આવી છે અને ન તો તેના કોઈ નેતાએ આવી જાહેરાત કરી છે.

**(સૌ. : સ્ક્રોલ.ઈન)**

# વીડિયો : કાશ્મીરમાં ધ વાયરના પત્રકારને ઈન્ટરવ્યુ દરમિયાન અચાનક અધવચ્ચે જ અટકાવી દેવાયા

**વીડિયોમાં ધ વાયરના વરિષ્ઠ પત્રકાર અરફા ખાનુમ શેરવાની એક સ્થાનિક વ્યક્તિનો ઈન્ટરવ્યુ લેતાં જોવા મળે છે, જે છેલ્લા દસ વર્ષમાં બેરોજગારી કેવી રીતે વધી છે તે વિશે વાત કરે છે**

(એજન્સી) તા.૧૬

જમ્મુ અને કાશ્મીરમાં પ્રેસની સ્વતંત્રતા હંમેશા મુખ્ય ચિંતાનો વિષય રહી છે, ખાસ કરીને ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી જેણે રાજ્યની સ્વાયત્તતાને આવશ્યકપણે છીનવી લીધી. પત્રકારો મુક્તપણે કામ કરી શકતા ન હોવાની હંમેશા વધુ આશંકા તો હતી જ અને તે ત્યારે પ્રદર્શિત થઈ જ્યારે ઓનલાઈન ન્યુઝ પબ્લિકેશન ધ વાયરના વરિષ્ઠ પત્રકારને જાહેરમાં કોઈ વ્યક્તિ સાથે વાત કરતી વખતે તેનો ઈન્ટરવ્યુ ટૂંકાવી દેવાની ફરજ પડી હતી. જ્યારે પત્રકાર અરફા ખાનુમ શેરવાની શ્રીનગરમાં એક સ્થાનિક વ્યક્તિ સાથે કેમેરા પર વાત કરી રહી હતી ત્યારે ઈન્ટરવ્યુ અધવચ્ચે જ રોકવાની ફરજ પડી હતી કાશ્મીરના સુરક્ષાકર્મીઓ તેને રોકવા માટે કહે તે પહેલા આ ઘટના કેમેરામાં રેકોર્ડ થઈ ગઈ હતી. વીડિયોમાં શેરવાની એક સ્થાનિક વ્યક્તિનો ઈન્ટરવ્યુ લેતી જોવા મળે છે જે છેલ્લા ૧૦ વર્ષમાં કાશ્મીરમાં કેવી રીતે બેરોજગારી વધી છે તે વિશે વાત કરે છે. જ્યારે તે વ્યક્તિ ધ વાયર સાથે વાત કરી રહ્યો હોય છે ત્યારે રસ્તાની આજુબાજુના સુરક્ષા કર્મચારીઓનું ધ્યાન શેરવાનીના કેમેરા ક્રૂ તરફ જાય છે અને ધીમે-ધીમે તે તેમની તરફ ચાલે છે. તે માણસને કહેતા સાંભળવામાં આવે છે કે, 'ખીણ તેના સૌથી મોટા પડકારોનો સામનો કરી રહી છે જે બેરોજગારી છે. અગાઉ, દરેક ઘરમાં એક કમાઉ વ્યક્તિ હતું. હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. હવે પરિવારોમાં શિક્ષિત પુરૂષો અને સ્ત્રીઓ છે પરંતુ નોકરીઓ નથી. સરકારે (કેન્દ્ર સરકાર) આવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.'




જેમ જેમ ઈન્ટરવ્યુ આગળ વધતો જાય છે તેમ પોલીસ કર્મચારીઓ કેમેરા પર્સનને તેને બંધ કરવાનું કહે છે. શેરવાની જે કર્મચારીઓથી વાકેફ છે, તે તેના કેમેરા પર્સન તરફ વળે છે. ૨૦૨૪ના વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં ભારતે ૧૮૦ દેશોમાંથી ૧૫૯મું સ્થાન મેળવ્યું છે, જે પાડોશી દેશ પાકિસ્તાનથી પાછળ છે જે ૧૫૨માં ક્રમે છે, જે વિશ્વની સૌથી મોટી લોકશાહી માટે ખતરો છે. તેના વિશ્લેષણમાં વાર્ષિક અનુક્રમણિકા પ્રકાશિત કરતી સંસ્થા, રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ (RSF)એ ૨૦૧૪થી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસન હેઠળ ભારતનો ઉલ્લેખ કરીને કહ્યું છે કે, 'વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં પ્રેસની સ્વતંત્રતા સંકટમાં છે.' આરએસએફના વિશ્લેષણમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, 'મુકેશ અંબાણી દ્વારા સંચાલિત રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જૂથ જે ઓછામાં ઓછા ૮૦ કરોડ ભારતીયો દ્વારા અનુસરવામાં આવે છે તે ૭૦થી વધુ મીડિયા આઉટલેટ્સની માલિકી ધરાવે છે' તેના ઉદાહરણને ટાંકીને વિશ્લેષણમાં કહેવામાં આવ્યું હતું કે, ભારતનું મીડિયા 'બિનસત્તાવાર રીતે કટોકટીની સ્થિતિમાં' આવી ગયું છે.

# ઉત્તર-પશ્ચિમ ભારત માટે હીટવેવ એલર્ટ; દિલ્હીમાં પારો ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે

**હવામાન કચેરીએ હરિયાણા, પંજાબ, રાજસ્થાન અને દિલ્હી માટે નારંગી ચેતવણી જારી કરી છે જેમાં શિશુઓ, વૃદ્ધો અને ક્રોનિક રોગોવાળા લોકો સહિત સંવેદનશીલ લોકો માટે 'ઉચ્ચ આરોગ્યની ચિંતા' પર ભાર મૂક્યો છે, લાંબા સમય સુધી સૂર્યના સંપર્કમાં રહેનાર અથવા ભારે કામમાં વ્યસ્ત રહેતા લોકોમાં ગરમી સંબંધિત બીમારીઓની સંભાવના વધી જવાની ચેતવણી આપી છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

આગામી પાંચ દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ ભારતમાં હીટવેવની સ્થિતિની અપેક્ષા છે. ભારતીય હવામાન વિભાગ (IMD)એ ગુરૂવારે જણાવ્યું હતું કે, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને દિલ્હીમાં મહત્તમ અસર થવાની આગાહી કરવામાં આવી છે. ૧૮ મેથી પૂર્વ અને મધ્ય ભારતમાં પણ તાજી હીટવેવની શરૂઆત થશે. IMDએ જણાવ્યું હતું કે, 'પશ્ચિમ રાજસ્થાનના કેટલાક ભાગોમાં ૧૭-૨૦ મે દરમિયાન અને પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં ૧૮-૨૦ મે દરમિયાન ગંભીર હીટવેવની સ્થિતિની ખૂબ જ સંભાવના છે.' શનિવાર સુધીમાં રાષ્ટ્રીય રાજધાનીમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. પૂર્વ રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર, ગુજરાત, ઝારખંડ, ગંગા પશ્ચિમ બંગાળ અને ઓડિશા માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન કચેરીએ અગાઉ મે મહિનામાં ઉત્તરીય મેદાનો અને મધ્ય ભારતમાં હીટવેવના દિવસોની સામાન્ય કરતાં વધુ સંખ્યાની આગાહી કરી હતી. સામાન્ય રીતે ઉત્તરીય મેદાનો, મધ્ય ભારત અને દ્વીપકલ્પના ભારતના આસપાસના વિસ્તારોમાં મે મહિનામાં લગભગ ત્રણ દિવસની ગરમીના મોજાનો અનુભવ થાય છે. એપ્રિલમાં પૂર્વ, ઉત્તરપૂર્વ અને દક્ષિણ દ્વીપકલ્પના ભારતમાં વિક્રમજનક મહત્તમ તાપમાન જોવા મળ્યું, સરકારી એજન્સીઓ અને કેટલાક રાજ્યો તરફથી શાળાઓમાં વ્યક્તિગત વર્ગો સ્થગિત કરવા માટે આરોગ્ય ચેતવણીઓ પ્રેરિત થઈ છે. કેટલાક સ્થળોએ એપ્રિલના દિવસનું સૌથી વધુ તાપમાન નોંધાયું હતું, જેમાં પારો ૪૭ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો હતો. હીટસ્ટ્રોકના કારણે કેરળમાં ઓછામાં ઓછા બે લોકોનાં મોત થયા છે. IMDના ડેટા અનુસાર ગંગાના પશ્ચિમ બંગાળમાં છેલ્લા ૧૫ વર્ષમાં આ એપ્રિલમાં હીટવેવના દિવસો, સૌથી વધુ અને ઓડિશામાં નવ વર્ષમાં સૌથી વધુ હતા. ઓડિશાએ પણ ૨૦૧૬ પછી એપ્રિલમાં સૌથી લાંબા ૧૬ દિવસના હીટવેવ સ્પેલનો અનુભવ કર્યો હતો. બુધવારે અગ્રણી આબોહવા વૈજ્ઞાનિકોના જૂથે જણાવ્યું હતું કે, સમાન હીટવેવ એકવાર ફરી આવી શકે છે. દર ૩૦ વર્ષે અને તેઓ આબોહવા પરિવર્તનને કારણે લગભગ ૪૫ ગણી વધુ સંભાવના બની ગયા છે. વર્લ્ડ વેધર એટ્રિબ્યુશન (ડબ્લ્યુડબ્લ્યુએ) જૂથે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આબોહવા પરિવર્તન દ્વારા તીવ્ર બનેલા હીટવેવ સમગ્ર એશિયામાં ગરીબીમાં જીવતા લોકો માટે જીવન વધુ મુશ્કેલ બનાવી રહ્યા છે. EI નીનોની પ્રવર્તમાન પરંતુ નબળી પડી રહેલી સ્થિતિ વચ્ચે IMDએ અગાઉ એપ્રિલ-જૂન સમયગાળા દરમિયાન ભારતમાં ભારે ગરમીની ચેતવણી આપી હતી, જે ૨ જૂને સમાપ્ત થનારી લોકસભાની સાત તબક્કાની ચૂંટણીઓ સાથે સુસંગત છે.

### કારમાં ૧૮ વર્ષની વય ધરાવતા પાંચ સ્ટૂડન્ટ્સ હતા

# જ્યોર્જિયામાં થયેલા અકસ્માતમાં ત્રણ ઈન્ડિયન સ્ટૂડન્ટ્સનાં મોત

## અકસ્માતમાં બેનાં ઘટનાસ્થળે જ મોત જ્યારે એક યુવતીએ બીજા દિવસે હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૬

જ્યોર્જિયાના આલ્ફારેટામાં થયેલા એક કાર એક્સિડન્ટમાં ત્રણ ભારતીય સ્ટૂડન્ટ્સના મોત થયા છે, જ્યારે બે લોકો ઘાયલ થયા છે. અકસ્માતનો ભોગ બનેલા તમામ સ્ટૂડન્ટ્સ માત્ર ૧૮ વર્ષના હતા અને મૃતકોમાં એક યુવક તેમજ બે યુવતીનો સમાવેશ થાય છે જેમની ઓળખ આર્યન જોષી, શ્રીયા અવસારલા અને અવની શર્મા તરીકે કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર આર્યન અને શ્રીયાના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે અવનીએ નોર્થ ફુલટન હોસ્પિટલમાં બુધવારે સવારે અંતિમ શ્વાસ લીધા હતા. આ અકસ્માતમાં ઘવાયેલા અન્ય બે સ્ટૂડન્ટ્સની ઓળખ પણ જાહેર કરવામાં આવી છે, જેમના નામ રિતવાક સમપાલ્લી અને મોહમંદ લિયાકત હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતનો ભોગ બનેલા આ સ્ટૂડન્ટ્સ અમેરિકા ભણવા માટે ગયા હતા કે પછી ત્યાંના જ સિટીઝન હતા તેની પણ કોઈ વિગતો નથી મળી શકી. પોલીસનું માનવું છે કે આ અકસ્માત ઓવર સ્પિડિંગને કારણે થયો હોઈ શકે છે, જે કારમાં આ સ્ટૂડન્ટ્સ સવાર હતા તેના ડ્રાઈવરે ફુલ સ્પીડ પર સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા તે પલ્ટી ખાઈને રસ્તાની બાજુમાં આવેલી ટ્રી લાઈનમાં ખાબકી હતી તેવું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. અમેરિકન મીડિયાના રિપોર્ટ્સ અનુસાર આ અકસ્માતમાં જીવ ગુમાવનારો આર્યન આલ્ફારેટા હાઈ સ્કૂલનો સ્ટૂડન્ટ હતો અને એક વીક બાદ તે ગ્રેજ્યુએટ થવાનો હતો, જ્યારે અવની અને શ્રીયાએ હાલમાં જ જ્યોર્જિયા યુનિવર્સિટીમાંથી પોતાનું પહેલું વર્ષ પૂરૂં કર્યું હતું. આલ્ફારેટા ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક સેફ્ટીના જણાવ્યા અનુસાર, આ અકસ્માત હેમ્બ્રી રોડ અને મેક્સવેલ રોડની વચ્ચે આવેલા વેસ્ટસાઈડ પાર્કવેમાં મંગળવારે સાંજે આઠ વાગ્યાની આસપાસ થયો હતો, જેમાં ઘાયલ થનારામાં કારના ડ્રાઈવરનો પણ સમાવેશ થાય છે. આ કારમાં કુલ પાંચ લોકો સવાર હતા, જેમાં ઘાયલ થનારા બે લોકોમાંથી એક આલ્ફારેટા હાઈસ્કૂલનો સ્ટૂડન્ટ જ્યારે બીજો જ્યોર્જિયા સ્ટેટ યુનિવર્સિટીનો સ્ટૂડન્ટ હોવાનું જાણવા મળ્યું છે. બુધવારે પોલીસે આ અકસ્માતની પ્રાથમિક તપાસ બાદ જણાવ્યું હતું કે ઓવર સ્પિડિંગને કારણે સંભવતઃ થયેલા આ અકસ્માતમાં કાર મેઈન રોડ પરથી સરકીને ટ્રી લાઈનમાં ધસી ગઈ હતી અને આ દરમિયાન કાર પલ્ટી પણ ખાઈ જતાં તેની અંદર સવાર લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી જેમાંથી બે લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા.

# મોહમ્મદ (સ.અ.વ.) સાહેબના જીવનનું નૈતિક સ્વરૂપ

ઈસ્લામની ઝલક

- પ્રો. અશ્ફરૂલ વાસે



મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ હંમેશા જ સાચા, ઈમાનદાર, દયાવાન, કૃપાશીલ, વચન પૂર્ણ કરનાર તથા અન્ય લોકોની સહાયતા કરતા અને સહયોગ પુરો પાડતા હતા. આ જ ગુણોને કારણે મક્કાના લોકો તેમને સત્યવાદી (સાદિક) તથા વિશ્વાસપાત્ર અને ન્યાયધારી(અમીન) જેવા ઉપનામોથી પોકારતા હતા.

કુર્આનમાં મોહમ્મદ (સ.અ.વ.) સાહેબના આચરણ અને વ્યવહારિક સંબંધો અંગે સ્પષ્ટપણે અલ્લાહનું કથન છે કે પયગમ્બર સાહેબ શિષ્ટતા, નૈતિકતા તથા ઉચ્ચ સ્વભાવના ઉચ્ચતમ શિખર ઉપર બિરાજમાન છે. આજ રીતે આપ આ ફાની દુનિયા છોડીને જન્નતનશીન થયા ત્યારબાદ એક વ્યક્તિએ જ્યારે પયગમ્બર સાહેબની પત્ની હઝરત આયશા (રદિ.) સાથે પયગમ્બર સાહેબના નૈતિક વ્યવહાર (અખલાક) અંગે પ્રશ્ન કર્યો તો તેમનો ઉત્તર હતો કે શું તમે કુર્આન નથી વાંચતા ? અર્થાત પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.)સાહેબનો નૈતિક વ્યવહાર કુર્આનની શિક્ષાઓ ઉપર જ આધારિત હતો.

કોઈપણ વ્યક્તિના સામાજિક સ્વભાવ અને અનૈતિકતાને જાણવા તથા પારખવા માટે એ જોવું અતિ આવશ્યક હોય છે કે તેમનો પોતીકા તથા પારકા, સગા-સંબંધીઓ તથા દૂરના લોકો, મિત્રો તથા શત્રુઓ સાથે વ્યવહાર કેવો હતો ? આ સામાજિક મૂળ નિયમનો પ્રયોગ જ્યારે આપણે મોહમ્મદ(સ.અ.વ.) સાહેબના જીવન પર કરવામાં આવે છે તો આપણે આ જાણીએ છીએ કે પરિચિત તથા અપરિચિત મિત્ર તથા શત્રુ બધાની સાથે તેમનો હરહંમેશ એક જેવો વ્યવહાર રહ્યો હતો. આને નબી અર્થાત પયગમ્બર (સ.અ.વ.) સાહેબના જીવનમાં ઘટેલી જુદી-જુદી ઘટનાઓથી સમજી અને સ્પષ્ટ કરી શકાય છે.

મક્કાવાસીઓ પયગમ્બર સાહેબની કત્લ કરવાનું ષડયંત્ર ઘડતા તથા બીજી તરફ તેમની ઉપર વિશ્વાસ મૂકીને પોતાની મહત્ત્વપૂર્ણ તથા મૂલ્યવાન વસ્તુઓને સુરક્ષાના ઉદ્દેશથી તેમની પાસે રાખતા હતા. એક પ્રસંગે મક્કાવાસીઓની યાતનાઓથી કંટાળીને જ્યારે પયગમ્બર સાહેબના અનુયાયીઓએ શ્રાપ (શાપ) આપવાની વાત કરી, તે વખતે પયગમ્બર સાહેબે પોતાના સાથીદારોને કહ્યું કે 'હું સંસાર માટે નિર્દયી અને કઠોર નહીં પરંતુ કૃપાળુ અને દયાળુ બનાવીને મોકલવામાં આવ્યો છું.'

આ જ રીતે તાયફની ઘટના અંગે પણ તાયફવાસીઓએ પયગમ્બર સાહેબ પર પથ્થરમારો કરીને ઘાયલ કરી દીધા તે સમયે પણ પયગમ્બર સાહેબે શ્રાપ આપવાને બદલે ફક્ત એટલું જ કહ્યું કે 'જો આ વખતે આ લોકો અલ્લાહનો સંદેશ સાંભળતા નથી અને તેની ઉપર વિશ્વાસ મૂકતા નથી તો કોઈ વાત નહીં, મને આશા છે કે આવનાર સમયમાં તેઓની આગામી પેઢીઓ અવશ્યપણે એક અલ્લાહ ઉપર વિશ્વાસ મૂકશે અને તેની ઈબાદત કે ઉપાસના કરશે.

મક્કાવાસીઓએ ૧૩ વર્ષ સુધી પયગમ્બર સાહેબ અને તેમના અનુયાયીઓને યાતનાઓ પહોંચાડી, તેમને કષ્ટ આપ્યું અને પીડિત કર્યા પરંતુ જ્યારે આઠ હિજરી સંવત દરમ્યાન મક્કા ઉપર વિજય મેળવ્યા પછી મોહમ્મદ (સ.અ.વ.) સાહેબે પોતાના દસ હજાર સાથીદારોની સાથે મક્કામાં પ્રવેશ કર્યો તો પાછળથી કોઈકે મોટા અવાજે કહ્યું કે 'આજે પ્રતિકારનો દિવસ છે.' તે વખતે તુરંત જ પયગમ્બર સાહેબે કહ્યું કે, 'નહીં આજે ક્ષમાનો દિવસ છે.' અને પયગમ્બર સાહેબે તે તમામે તમામ મક્કાવાસીઓને ક્ષમા આપી દીધી. જેમણે અમુક વર્ષ પૂર્વ પયગમ્બર સાહેબને પોતાના ઘરમાંથી નિષ્કાસિત થવા મજબૂર કર્યા હતા તથા તેમની વિરૂદ્ધ યુદ્ધ પણ કર્યું હતું.

ઉપર વર્ણવેલી ઘટનાઓથી મોહમ્મદ (સ.અ.વ.) સાહેબનો સ્વભાવ, આચરણ, શિષ્ટાચાર અને નૈતિક વ્યવહાર અંગે જાણવા મળે છે કે પયગમ્બર સાહેબે પોતાના જીવનથી માનવતાને કોઈને કોઈ પ્રકારે નૈતિક મૂલ્યોના પાઠ શીખવાડ્યા.

**(લેખક ડો. ઝાકીર હુસૈન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇસ્લામિક સ્ટડીઝના ડાયરેક્ટર છે.)**

# કોર્ટમાંથી રાહત હોવા છતાં જેલના સળિયા પાછળ રહેલા કાશ્મીરી પત્રકાર આસિફ સુલતાનને જામીન

## સુલતાનને પહેલીવાર ૨૦૧૮માં UAPA કેસમાં પકડવામાં આવ્યો હતો; પછી PSA હેઠળ ૨૦૨૨માં અને આખરે આ વર્ષની શરૂઆતમાં પાંચ વર્ષ જૂના કેસમાં પકડવામાં આવ્યો હતો

(એજન્સી) શ્રીનગર, તા.૧૬

પાંચ વર્ષ જૂના કેસમાં અટકાયત કર્યાના બે મહિના પછી કાશ્મીરી પત્રકાર આસિફ સુલતાનને શ્રીનગરની અદાલતે જામીન આપી દીધા છે. સુલતાન ૨૦૧૮થી જેલના સળિયા પાછળ છે - પહેલા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (પ્રિવેન્શન) એક્ટ કેસમાં અને પછી જાહેર સુરક્ષા કાયદા હેઠળ દાખલ કરવામાં આવેલા કેસમાં. જો કે, કોર્ટે જામીનની કડક શરતો નક્કી કરી હતી, જેમાં તેને એન્ક્રિપ્ટેડ મેસેજિંગ એપ્સ અથવા પ્રોક્સી નેટવર્કનો ઉપયોગ કરવાથી અને કોર્ટની પરવાનગી વગર નવો મોબાઈલ ફોન અથવા સિમ કાર્ડ ખરીદવા પર પ્રતિબંધનો પણ સમાવેશ થતો હતો.




એડિશનલ સેશન્સ જજ સંદીપ ગંડોત્રાએ તેમના જામીન ઓર્ડરમાં જણાવ્યું હતું કે, 'જ્યાં સુધી UAPA, ૧૯૬૭ હેઠળ અપરાધના આરોપોની તપાસનો સંબંધ છે, ત્યાં સુધી કોઈ વિવાદ ન હોઈ શકે કે આવા ગંભીર ગુનાઓનો સામનો કરવા માટે રાજ્યનું હિત અનિવાર્ય છે. જો કે, આ વૈધાનિક જોગવાઈનો માત્ર ઉપયોગ અન્ય બંધનકર્તા આવશ્યકતાઓને અવગણીને જામીનની અરજીઓને નકારવા માટે ઈપ્સો-ફેક્ટો વોરંટ નહીં આપે.'

તેમણે જણાવ્યું હતું કે, 'આ કોર્ટના નમ્ર અભિપ્રાયમાં, આ ઘટના પાંચ વર્ષથી વધુ સમય પહેલા બની હતી અને આરોપી અરજદારની કસ્ટડીમાં પૂછપરછ કરવા માટે તપાસ એજન્સીને અંદાજે અઢી મહિના (૭૨ દિવસ)નો પૂરતો સમય આપવામાં આવ્યો છે. આરોપીની કસ્ટડીમાં વધુ સમય માટે અટકાયત કરી રાખવાથી કોઈ હેતુ સરસે નહીં.'

શ્રીનગર સ્થિત અંગ્રેજી સામયિક, કાશ્મીર નેરેટરમાં પત્રકાર તરીકે કામ કરતો સુલતાન સુલતાનની અટકાયત જ્યારે તેની હત્યા કરાયેલા આતંકવાદી કમાન્ડર બુરહાન વાની પરની વાર્તા મેગેઝિનમાં પ્રકાશિત થઈ ત્યારે સપ્ટેમ્બર ૨૦૧૮માં પોલીસે તેની UAPA હેઠળ ધરપકડ કરી હતી ત્યારે તે આ સામયિકમાં સહાયક સંપાદક હતો.

તેમના સાથીદારો અને પરિવારજનોએ દાવો કર્યો હતો કે, તેમના પત્રકારત્વના કામ માટે તેમની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે તેમની ચાર્જશીટમાં જો કે, સુલતાન પર 'ગુનાહિત કાવતરૂં ઘડવાનો' અને 'આતંકવાદીઓને આશ્રય આપવા'નો આરોપ મૂક્યો હતો.

શ્રીનગરના બટામાલૂ વિસ્તારમાં આતંકવાદીઓ દ્વારા એક પોલીસકર્મીની જેમાં હત્યા કરાયેલી તે ગોળીબારના કેસમાં પોલીસ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ગોળીબાર બાદ આતંકવાદીઓ ભાગવામાં સફળ રહ્યા હતા.

એપ્રિલ ૨૦૨૨માં J&K હાઈકોર્ટે UAPA કેસમાં સુલતાનને આ આધાર પર જામીન આપ્યા હતા કે, 'તપાસ એજન્સીઓ કોઈપણ આતંકવાદી જૂથ સાથે તેના સંબંધો સ્થાપિત કરવામાં નિષ્ફળ રહી હતી.'

જો કે, પોલીસે સુલતાન પર ફરીથી PSA હેઠળ ગુનો નોંધ્યો, જે સરકારને બે વર્ષ સુધીના સમયગાળા માટે કોઈપણ વ્યક્તિની સુનાવણી વિના અટકાયત કરવાની મંજૂરી આપે છે.

ગયા વર્ષે ૭ ડિસેમ્બરે J&K હાઈકોર્ટે PSA હેઠળ સુલતાનની અટકાયતને 'ગેરકાયદેસર અને બિનટકાઉ' ગણાવીને રદ કરી હતી.

આ વર્ષે ૨૮ ફેબ્રુઆરીના રોજ જ્યારે તેને આખરે ઉત્તરપ્રદેશની આંબેડકરનગર જિલ્લા જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો, ત્યારે બીજા દિવસે તેની ફરીથી ધરપકડ કરવામાં આવી. આ વખતે તેને શ્રીનગર સેન્ટ્રલ જેલની અંદર કેદીઓ દ્વારા કરવામાં આવેલા આંદોલનને લઈને ૨૦૧૯ના કેસના સંબંધમાં અંદર કરવામાં આવ્યો હતો. કેદીઓએ કેટલાક કેદીઓને રાજ્યની બહાર ખસેડવા સામે વિરોધ દર્શાવ્યો હતો અને કથિત રીતે કેટલાક ફર્નિચરને આગ લગાવી દીધી હતી.

# હું એ સુનિશ્ચિત કરીશ કે કોર્ટરૂમમાં રાજકારણ ન આવવું જોઈએ : કપિલ સિબ્બલ

(એજન્સી) તા.૧૬

રાજ્યસભાના સાંસદ અને વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન (SCBA)ના પ્રમુખ પદ માટે ચૂંટણી લડી રહ્યા છે. આ પદ તેઓ છેલ્લા ત્રણ દાયકામાં ત્રણ વખત સંભાળી ચૂક્યા છે. ધ ઈન્ડિયન એક્સપ્રેસને આપેલા ઈન્ટરવ્યુમાં સિબ્બલે કહ્યું કે તેઓ એ સુનિશ્ચિત કરવા ઈચ્છે છે કે કોર્ટરૂમમાં રાજકારણ ન કરવામાં આવે. અમારી વિચારધારા એ ભારતનું બંધારણ છે. કાયદાના શાસનને જાળવી રાખવા અને નાગરિકોને રાજ્યના અતિરેકથી બચાવવા માટે વિશ્વના ઈતિહાસમાં દરેક સરકાર હંમેશા કાયદા દ્વારા અપાયેલી સત્તાઓનો ઉપયોગ કરતી હોય છે. અને વકીલો નાગરિકોની સુરક્ષા માટે છે. આ એકમાત્ર વિચારધારા છે અને મને નથી લાગતું કે આપણે તેમાં રાજકારણ લાવવું જોઈએ. હું ક્યારેય રાજકારણ લાવ્યો નથી. હું એ સુનિશ્ચિત કરવાનો ઈરાદો રાખું છું કે આવું ન થવું જોઈએ.



SCBAની ચૂંટણી ૧૬ મેના રોજ યોજાવાની છે અને ટોચના હોદ્દા માટેના દાવેદારો વર્તમાન પ્રમુખ આદિશ અગરવાલા, ઉપપ્રમુખ પ્રદીપ રાય અને વરિષ્ઠ વકીલ પ્રિયા હિંગોરાની છે. સિબ્બલે ગયા વર્ષે બારમાં ૫૦ વર્ષ પૂર્ણ કર્યા હતા, તેઓ ભૂતકાળમાં- ૧૯૯૫-૧૯૯૬, ૧૯૯૭-૧૯૯૮ અને ૨૦૦૧-૨૦૦૨-માં ત્રણ વખત SCBAના પ્રમુખ રહી ચૂક્યા છે.

તેમણે કહ્યું કે, હું ન્યાયતંત્ર અને સંસ્થા પ્રત્યે પ્રતિબદ્ધ છું. આ મારું જીવન છે, તમે જાણો છો. આ કોર્ટમાં મને ૫૦ વર્ષ થયા છે, તે ઘણો લાંબો સમય છે. હું ઈચ્છું છું કે કોર્ટનો વિકાસ થાય. હું ઈચ્છું છું કે આ દેશના દરેક નાગરિકને ન્યાય સંસ્થામાં વિશ્વાસ હોય. સિબ્બલે જણાવ્યું હતું કે, સમસ્યા એ છે કે અત્યંત અસ્થિર રાજકીય કેસનો નિર્ણય કોર્ટ દ્વારા લેવાનો છે. તમે સંક્ષિપ્તમાં દલીલ કરી છે તેનો અર્થ એ નથી કે તમે તે વિચારધારા સાથે જોડાયેલા છો. તે દુર્ભાગ્યપૂર્ણ છે કે જો તમે કોઈ સંસ્થા અથવા સમુદાયનું પ્રતિનિધિત્વ કરો છો, તો તેઓ વિચારે છે કે તમે ફક્ત તે સમુદાયને સમર્થન આપી રહ્યાં છો. તે સાચું નથી.

માર્ચમાં, દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં ED દ્વારા ધરપકડ કરાયેલ BRS નેતા કે કવિતાની જામીનની સુનાવણી દરમિયાન, સિબ્બલે સુપ્રીમ કોર્ટને કહ્યું હતું કે જ્યારે આ કોર્ટનો ઈતિહાસ લખવામાં આવશે, ત્યારે આ સુવર્ણ સમયગાળો નહીં હોય. સિબ્બલે કહ્યું કે મને લાગે છે કે કોર્ટ અને સિસ્ટમને ઘણું આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. વિવિધ સ્તરે સમસ્યાઓ છે. મને નથી લાગતું કે મારા માટે તેમાંથી દરેકનું વર્ણન કરવું યોગ્ય છે. તેથી, હું માનું છું કે આ કોર્ટનો સુવર્ણ યુગ નથી.

બારે તેની પોતાની જવાબદારીઓ અને ન્યાયાધીશોના આદરની વર્તણૂક વિશે જાણવું જોઈએ. મને લાગે છે કે બાર અને બેંચ એક જ સિક્કાની બે બાજુ છે અને સ્વતંત્ર બારને લીધે જ સ્વતંત્ર ન્યાયતંત્ર છે. આખરે, ન્યાયતંત્રની સ્વતંત્રતા કાયદાના શાસન માટે મૂળભૂત છે.

SCBAના વર્તમાન પ્રમુખ અગ્રવાલે એપ્રિલમાં "ન્યાયતંત્રની સ્વતંત્રતા માટેના જોખમને રોકવા" માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક પત્ર લખ્યો હતો. તેમણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને સુપ્રીમ કોર્ટના ઈલેક્ટોરલ બોન્ડના ચુકાદાના અમલને રોકવા માટે પણ પત્ર લખ્યો હતો. રાજનીતિ વિશે પૂછવામાં આવતા સિબ્બલે કહ્યું કે રાજકારણ કોર્ટરૂમની બહાર હોવું જોઈએ. વકીલ એ પહેલા વકીલ હોય છે. બંધારણના મૂલ્યો પ્રત્યે તેમની ફરજ છે. અમારામાંથી કેટલાક રાજકારણીઓ પણ છે પરંતુ અમે બારમાં રાજકારણ લાવી શકતા નથી... અમે બારથી સ્વતંત્ર રહીને અમારી રાજનીતિ કરી શકીએ છીએ.

# પોલીસ માહિતી એકત્રિત કરવા માટે 'ચર્ચમાં ઘૂસી રહી છે' : ખ્રિસ્તી જૂથે આસામ જિલ્લામાં ડી.સી.ને પત્ર લખ્યો

## પોલીસે સ્પષ્ટતા કરી છે કે, ફેબ્રુઆરીમાં ધમકીઓ બાદ ખ્રિસ્તી સંસ્થાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે

(એજન્સી) ગુવાહાટી, તા.૧૬

આસામના કાર્બીઆંગલોંગ જિલ્લામાં એક ખ્રિસ્તી જૂથે મંગળવારે આક્ષેપ કર્યો હતો કે, પોલીસ કર્મચારીઓ ચર્ચમાં પ્રવેશ કરી માહિતી એકત્રિત કરી રહ્યા છે, આસામ પોલીસે સ્પષ્ટતા કરી છે કે, આ ફેબ્રુઆરીમાં અનેક ધમકીઓ બાદ ખ્રિસ્તી સંસ્થાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાના પ્રયાસનો એક ભાગ છે.

કાર્બીઆંગલોંગમાં યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમ ઓફ દીફુએ જિલ્લા કમિશનરને પત્ર લખીને આરોપ મૂક્યો હતો કે, છેલ્લા અઠવાડિયામાં પોલીસ દ્વારા ચર્ચ અને તેના અનુયાયીઓના ડેટાનો રેન્ડમ સંગ્રહ કરી રહી છે. તેઓએ આક્ષેપ કર્યો હતો કે, પોલીસ કર્મચારીઓ દીપુ શહેરમાં ચર્ચ પરિસરમાં ઘૂસી રહ્યા છે, ફોટા લઈ રહ્યા છે અને પૂર્વ સૂચના અને સત્તાવાર સૂચના વિના ચર્ચ વિશે પ્રશ્નો પૂછી રહ્યા છે. તેઓએ જણાવ્યું હતું કે, આને કારણે લોકોમાં ગભરાટ અને ભયનો માનસિક માહોલ પેદા થયો છે. યોગ્ય સત્તાવાર આદેશ વિના બિનજરૂરી અવરોધથી લોકોની ભાવનાઓ દુભાઈ છે અને જૂથે વિનંતી કરી હતી કે, આ કવાયત્ બંધ કરવામાં આવે.

કાર્બીઆંગલોંગના સુપ્રિન્ટેન્ડેન્ટે જણાવ્યું હતું કે, સંસ્થાઓની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પોલીસ આસામ પોલીસ હેડક્વાર્ટરના નિર્દેશોને અનુરૂપ જિલ્લાની તમામ ખ્રિસ્તી સંસ્થાઓની યાદી તૈયાર કરી રહી છે. એક નિવેદનમાં એસપીએ જણાવ્યું હતું કે, આસામ કેથોલિક એજ્યુકેશનલ ટ્રસ્ટે ફેબ્રુઆરીમાં ખ્રિસ્તી સંસ્થાઓ અને કર્મચારીઓની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરતા પોલીસ મહાનિર્દેશકને પત્ર લખ્યા પછી આ સૂચનાઓ તમામ પોલીસ અધિક્ષકોને જારી કરવામાં આવી હતી. આસામમાં એક કટ્ટરપંથી હિન્દુ જૂથે રાજ્યભરની મિશનરી શાળાઓને તેમના પરિસરમાંથી ધાર્મિક પ્રતિમા દૂર કરવાની જાહેર ધમકી આપી હતી, જેના કારણે રાજ્યમાં ચર્ચની સંસ્થાઓમાં ચિંતા વધી હતી. આ સંસ્થાઓએ વિવિધ સ્તરે સત્તાવાળાઓને ચિંતા વ્યક્ત કરી હતી અને રાજ્યભરની મિશનરી શાળાઓના આચાર્યોએ તેમની સ્થાનિક પોલીસને પત્ર લખીને અપ્રિય ઘટનાઓ સામે રક્ષણ અને હસ્તક્ષેપ કરવા જણાવ્યું હતું.



# 'મમતા બંગાળને મુસ્લિમ રાજ્ય બનાવવા માંગે છે' : કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહ

## કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહે આરોપ લગાવ્યો કે વિપક્ષી ઈન્ડિયા બ્લોકના સભ્યો દેશમાં 'ઈસ્લામિક શાસન' લાગુ કરવા માટે કામ કરી રહ્યા છે

(એજન્સી) તા.૧૬

કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહે મમતા બેનરજી પર પ્રહાર કરતા આરોપ લગાવ્યો કે તેઓ પશ્ચિમ બંગાળને 'મુસ્લિમ રાજ્ય' બનાવવાની યોજના બનાવી રહ્યા છે. તેમણે કહ્યું કે, મમતા બેનરજી ઈચ્છે છે કે બંગાળ મુસ્લિમ બહુમતી રાજ્ય બને. છેલ્લી ચૂંટણીઓ ૨૦૨૧ વિધાનસભાની ચૂંટણીઓ પહેલા, તેમની સરકારના એક મંત્રીએ નિવેદનો કર્યા હતા અને આ દર્શાવે છે કે તે બંગાળને મિની-પાકિસ્તાનમાં ફેરવવા માંગે છે. જો કેન્દ્ર માટે ભાજપને ફરી વોટ આપવામાં આવશે, તો અમે નેશનલ રજિસ્ટર ઑફ સિટિઝન, સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (CAA) અને યુનિફોર્મ સિવિલ કોડ તેમજ વસ્તી નિયંત્રણ જેવા કાયદાઓ લાગુ કરીશું. અમે મમતાની સરમુખત્યારશાહીનો અંત લાવીશું. બીજેપીના આ નેતા બિહારના બેગુસરાઈથી સતત બીજી લોકસભા ટર્મ માટે લડી રહ્યા છે, તેમણે આરોપ લગાવ્યો કે વિપક્ષી ઈન્ડિયા બ્લોકના સભ્યો દેશમાં 'ઈસ્લામિક શાસન' લાગુ કરવા માટે કામ કરી રહ્યા છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને બિહારના પૂર્વ મુખ્યપ્રધાન લાલુ યાદવ પોતાને પછાત સમુદાયોના શુભચિંતકો કહે છે. જો કે, કોંગ્રેસે કર્ણાટકમાં મુસ્લિમોને ઓબીસીનો દરજ્જો આપીને તેમના હિસ્સાના ક્વોટાથી વંચિત રાખ્યા છે. આ બધું ભારતને ઈસ્લામિક રાજ્યમાં ફેરવવાની મોટી યોજના તરફ નિર્દેશ કરે છે. દરમિયાન, બંગાળના નાદિયા જિલ્લામાં એક રેલીને સંબોધિત કરતી વખતે, મમતા બેનરજીએ કહ્યું હતું કે નરેન્દ્ર મોદી સામાન્ય ચૂંટણી પછી સત્તામાં પાછા નહીં આવે. લોકસભાની ચૂંટણીમાં એકમાત્ર ગેરંટી એ છે કે મોદી સત્તામાં પાછા ફરવાના નથી. અમારું બ્લોક ૨૯૫ અને ૩૧૫ વચ્ચે સીટો મેળવશે જ્યારે ભાજપ મહત્તમ ૨૦૦ સીટો સુધી સીમિત રહેશે. પશ્ચિમ બંગાળમાં લોકસભાની ચૂંટણી તમામ સાત તબક્કામાં યોજાઈ રહી છે. ૨૦૧૯ની ચૂંટણીમાં, ભાજપે ૧૮ બેઠકો જીતી હતી જ્યારે તૃણમૂલ કોંગ્રેસને ૨૨ બેઠકો મળી હતી. કોંગ્રેસ માત્ર ૨ બેઠકો સાથે ત્રીજા સ્થાને રહી હતી જ્યારે ડાબેરી મોરચો માત્ર એક બેઠક જીતી શક્યો હતો.



# ભારતમાં મુસ્લિમ સંચાલિત સંસ્થાઓમાં ઉચ્ચ શિક્ષણમાં હિંદુ વિદ્યાર્થીઓની સંખ્યા મુસ્લિમ વિદ્યાર્થીઓ કરતાં વધુ છે : CSR-NOUS રિપોર્ટમાં ખુલાસો

(એજન્સી) તા.૧૬

દિલ્હી સ્થિત થિંક ટેન્ક સેન્ટર ફોર સ્ટડી એન્ડ રિસર્ચ (CSR) અને NOUS નેટવર્ક પ્રાઈવેટ લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવેલા સંયુક્ત અભ્યાસે એ માન્યતાને રદ કરી છે કે મુસ્લિમ સંચાલિત સંસ્થાઓ માત્ર મુસ્લિમોને જ સેવાઓ પૂરી પાડે છે. "ભારતમાં ઉચ્ચ શિક્ષણની મુસ્લિમ-સંચાલિત જાહેર અને ખાનગી સંસ્થાઓનો સર્વે"નો અભ્યાસ દર્શાવે છે કે દેશભરની મુસ્લિમ સંચાલિત સંસ્થાઓમાં ઉચ્ચ શિક્ષણમાં હિન્દુ વિદ્યાર્થીઓની સંખ્યા મુસ્લિમ વિદ્યાર્થીઓ કરતાં વધુ છે. આ સંસ્થાઓમાં હિન્દુઓની ટકાવારી લગભગ ૫૫ ટકા છે જ્યારે ૪૨ ટકા મુસ્લિમ વિદ્યાર્થીઓ છે. હિન્દુ વિદ્યાર્થીઓની વધુ સંખ્યા એ સૂચક છે કે મુસ્લિમ સંસ્થાઓ બિન-મુસ્લિમો સાથે ભેદભાવ કરતી નથી અને મુસ્લિમ સંસ્થાઓ માત્ર મુસ્લિમ વિદ્યાર્થીઓને જ સેવા આપે છે તેવી પ્રવર્તતી ગેરસમજ દૂર કરે છે. આ એ વાતનો પણ પુરાવો છે કે મુસ્લિમ સંચાલિત સંસ્થાઓમાં શિક્ષણનું ધોરણ અન્ય સમુદાયો દ્વારા સંચાલિત સંસ્થાઓની સમકક્ષ છે. જો મુસ્લિમ સંસ્થાઓમાં શિક્ષણની ગુણવત્તા નબળી હોત, તો હિંદુ વિદ્યાર્થીઓ ચોક્કસપણે તેમાં મોટા પ્રમાણમાં નોંધણી ન કરી હોત. મુસ્લિમ સંચાલિત યુનિવર્સિટીઓમાં, હિંદુઓ વિદ્યાર્થીઓની બહુમતી (૫૨.૭%) ધરાવે છે, જ્યારે મુસ્લિમોની સંખ્યા ૪૨.૧% છે. આ પેટર્ન મુસ્લિમ લઘુમતી દ્વારા સંચાલિત કોલેજો માટે પણ છે, જ્યાં હિંદુઓ સૌથી મોટા વિદ્યાર્થી જૂથ (૫૫.૧%) છે, ત્યારબાદ મુસ્લિમો (૪૨.૧%) અને અન્ય લઘુમતી જૂથો (૨.૮%) છે. અહેવાલના તારણોમાં મુસ્લિમ સમુદાયની ગંભીર પરિસ્થિતિ, ખાસ કરીને ઉચ્ચ શિક્ષણમાં તેમનો નજીવો હિસ્સો અને તેમના તીવ્ર ડ્રોપઆઉટ દર અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. CSR ડિરેક્ટર ડૉ. મોહમ્મદ રિઝવાને કહ્યું કે, અહેવાલના તારણો ઉચ્ચ શિક્ષણમાં મુસ્લિમ લઘુમતીની અનન્ય જરૂરિયાતોને ઓળખવા અને તે જરૂરિયાતોને સંબોધવા માટે હસ્તક્ષેપની હિમાયત કરવાના મહત્વ પર ભાર મૂકે છે. રાઉન્ડ ટેબલ મિટિંગમાં જમાત-એ-ઈસ્લામી હિન્દ (JIH)ના ઉપપ્રમુખ પ્રો. સલીમ એન્જિનિયરે આવા મહત્વપૂર્ણ અભ્યાસ કરવા માટે CSR અને NOUS ટીમની પ્રશંસા કરી અને તેમણે ચેતવણી આપી હતી કે સમુદાયની શિક્ષણની સ્થિતિ અંગેના તારણો પ્રોત્સાહક નથી. પ્રો. સલીમે આઝાદીના પાછલા ૭૫ વર્ષોમાં તેની સિદ્ધિઓ અને યોગદાનને ઓળખીને, સમુદાયને પ્રોત્સાહિત કરવાની જરૂર પર ભાર મૂકતા, તેને નિરાશ ન કરવા, તેમણે સતત કોમી રમખાણો અને વિભાજન પછીના પડકારરૂપ વાતાવરણનો સામનો કરવા માટે સમુદાયની સ્થિતિસ્થાપકતા તરફ ધ્યાન દોર્યું હતું. મુસ્લિમ લઘુમતી પ્રત્યે અનુગામી સરકારોની ઉદાસીનતાની ટીકા કરતા, પ્રો. સલીમે શોક વ્યક્ત કર્યો કે નોંધપાત્ર સચ્ચર સમિતિના અહેવાલ સહિત અસંખ્ય અભ્યાસો સમુદાયની સામાજિક-આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ પર હાથ ધરવામાં આવ્યા છે. જો કે, આ અહેવાલો તેમની ભલામણોનો કોઈ નોંધપાત્ર અમલ કરવામાં આવ્યો નથી. તેમણે અનેક શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને ઉચ્ચ શિક્ષણ અને નાગરિક સેવાઓમાં વિદ્યાર્થીઓની સિદ્ધિઓની પ્રશંસા કરી હતી. NOUS નેટવર્કના સીઈઓ અલી જાવેદે આશા વ્યક્ત કરી કે આ અહેવાલ શિક્ષણવિદો, નીતિ ઘડવૈયાઓ અને શૈક્ષણિક પ્રગતિમાં રસ ધરાવનાર કોઈપણ માટે અનિવાર્ય સ્ત્રોત બની રહેશે. આ મુસ્લિમ સંલગ્ન ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ વિશેની અમારી સમજણમાં નોંધપાત્ર યોગદાન આપશે. અભ્યાસના તારણો પર સંશોધક આબિદ ફહીમે કહ્યું કે ભારતની વસ્તીના ૧૪%થી વધુ મુસ્લિમો છે. જો કે, ઉચ્ચ શિક્ષણમાં તેમનું પ્રતિનિધિત્વ ઓછું છે. તાજેતરના અખિલ ભારતીય ઉચ્ચ શિક્ષણ સર્વેક્ષણ (AISHE-૨૦૨૧-૨૨) અનુસાર, ઉચ્ચ શિક્ષણમાં નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી માત્ર ૪.૮% મુસ્લિમ છે. આ અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે નોંધણી દર કરતાં પણ નીચો છે, જે અનુક્રમે ૧૫.૩% અને ૬.૩% છે. કુલ વસ્તીના અનુક્રમે ૧૬.૬% અને ૮.૬% છે. મુસ્લિમ સંસ્થાઓ સાથે સંલગ્ન કોલેજોમાં મુસ્લિમ વિદ્યાર્થીઓ માટે કુલ નોંધણીનો ગુણોત્તર ૧.૨૩ છે. યુનિવર્સિટીઓમાં આ ગુણોત્તર નોંધપાત્ર રીતે ઓછો છે, જે માત્ર ૦.૨૩ છે. મુસ્લિમ વિદ્યાર્થીઓ માટે સંયુક્ત કુલ નોંધણી ગુણોત્તર ૧.૪૬ છે. જો કે, IITs, IIITs, IISERs, NITs અને IIMs જેવી રાષ્ટ્રીય મહત્વની સંસ્થાઓમાં પરિસ્થિતિ વધુ ખરાબ છે, જ્યાં માત્ર ૧.૭૨% વિદ્યાર્થીઓ મુસ્લિમ છે.

ફહીમે ચિંતા વ્યક્ત કરી હતી કે ૧૭ વર્ષ પહેલાં જાહેર કરાયેલ મુસ્લિમ સમુદાયની સામાજિક-આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ અંગે સચ્ચર સમિતિના અહેવાલ છતાં તેમાં બહુ પ્રગતિ થઈ નથી. SC અને ST માટે નોંધણી દરમાં મુસ્લિમોની સરખામણીમાં ખૂબ જ વધારો જોવા મળ્યો છે. ઉચ્ચ શિક્ષણમાં તેમનો હિસ્સો ૨૦૦૬માં સંયુક્ત ૨.૪%થી વધીને SC માટે ૧૫.૩% અને ૨૦૨૧-૨૨માં ST માટે ૬.૩% થયો છે.

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના સેન્ટર ફોર સોશિયલ મેડિસિન એન્ડ કોમ્યુનિટી હેલ્થના ચેરપર્સન પ્રો. સંઘમિત્રાએ CSR અને Nous Networks ટીમની પ્રશંસા કરી હતી. તેણીએ મુસ્લિમ સમુદાય વિશે કેટલીક ગેરસમજોને સ્પષ્ટ કરવામાં તેમના કાર્યની પણ પ્રશંસા કરી હતી. પ્રો.સંઘમિત્રાએ નીતિ ઘડતરમાં સર્વસમાવેશકતાના મહત્વ પર ભાર મૂક્યો હતો. જોકે, તેણીએ નીતિ અને વાસ્તવિકતા વચ્ચેના અંતર અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેણીએ ધ્યાન દોર્યું હતું કે સચ્ચર સમિતિના અહેવાલમાં પહેલાથી જ મુસ્લિમોની વંચિત સ્થિતિનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હતું અને પુરાવા પૂરા પાડવામાં આવ્યા હતા. રજૂ કરાયેલા પુરાવા અને ભલામણો હોવા છતાં સમુદાયની સ્થિતિમાં ન્યૂનતમ પ્રગતિ દર્શાવે છે. પ્રો.સંઘમિત્રાએ પ્રાથમિક સ્તર ઉપરાંત માધ્યમિક સ્તરે પણ મુસ્લિમ સમુદાયના ડેટા એકત્રિત કરવાની ભલામણ કરી હતી.

AIMPLBના પ્રવક્તા અને દિલ્હી લઘુમતી આયોગના પૂર્વ અધ્યક્ષ ડૉ. કમલ ફારૂકીએ મુસ્લિમ સમુદાયના મૂળભૂત વલણ અને માનસિકતાને શિક્ષણ તરફ બદલવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.



જામિયા મિલ્લિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના પ્રોફેસર પ્રો. સાદિયા હલીમાએ માત્ર સાક્ષરતા દર, ગુણોત્તર, નોંધણીના આંકડા અને વિદ્યાર્થીઓ અથવા સંસ્થાઓની સંખ્યાથી જ્ઞાન અને ગુણવત્તાયુક્ત શિક્ષણને પ્રાથમિકતા આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું હતું. જામિયા મિલ્લિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના પ્રોફેસર પ્રો. માજિદ જમીલે અભ્યાસ માટે CSR-NOUS નેટવર્કની પ્રશંસા કરી. તેમણે સમુદાયમાં ડ્રોપઆઉટના ઊંચા દર અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. ભૂતપૂર્વ સિવિલ સેવક અફ્સર મહબૂબ સૈયદે મુસ્લિમ સમુદાયની સામાજિક-આર્થિક સ્થિતિને સમજવા માટે ડેટા સંગ્રહ અને અભ્યાસના મહત્વ પર ભાર મૂક્યો હતો. ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓબ્જેક્ટિવ સ્ટડીઝ અને ઓલ ઈન્ડિયા મિલી કાઉન્સિલના શ્રી નિઝામુદ્દીન શેખે ત્રણ મુખ્ય મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો: જ્ઞાનનું ઈસ્લામીકરણ, શિક્ષણ પ્રત્યે સમુદાયનો અભિગમ બદલવો અને વધુ શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરવી. આ પ્રસંગે મિલ્લત ટાઈમના તંત્રી શમ્સ તબરેઝ કાસ્મીએ પણ વક્તવ્ય આપ્યું હતું. ઓપન સેશનમાં, વિવિધ જાણીતા સહભાગીઓએ અભ્યાસ પર તેમના મંતવ્યો વ્યક્ત કર્યા હતા.

### અભ્યાસના અન્ય મુખ્ય પરિણામો

**યુનિવર્સિટીઓ :** ● AISHE ૨૦૨૦-૨૧ના ડેટા મુજબ ભારતની કુલ ૧૧૧૩ યુનિવર્સિટીઓમાંથી ૨૩ યુનિવર્સિટીઓ મુસ્લિમ લઘુમતીની છે. મુસ્લિમ સંચાલિત યુનિવર્સિટીઓનો હિસ્સો માત્ર ૨.૧% છે. ● ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ યુનિવર્સિટીઓ છે, ત્યારબાદ કર્ણાટકમાં છે. ● ૨૩ મુસ્લિમ યુનિવર્સિટીઓમાંથી, બહુમતી (૪૩.૫%) ખાનગી રીતે સંચાલિત છે, ત્યારબાદ જાહેર રાજ્ય યુનિવર્સિટીઓ (૨૬.૧%), ડીમ્ડ પ્રાઈવેટ યુનિવર્સિટીઓ (૧૩%), અને કેન્દ્રીય યુનિવર્સિટીઓ (૧૩%) છે. ● લગભગ ૬૯.૯% મુસ્લિમ યુનિવર્સિટીઓ શહેરી વિસ્તારોમાં આવેલી છે. ● શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં નોંધાયેલા કુલ ૯૭,૯૨૮ વિદ્યાર્થીઓમાંથી, ૪૨.૧% મુસ્લિમો, ૫૨.૭% હિંદુઓ અને ૫.૨% અન્ય લઘુમતી જૂથોના છે. ● મુસ્લિમ વિદ્યાર્થીઓના સંદર્ભમાં, ઉચ્ચ શિક્ષણમાં ૨૬,૦૩૯ (૬૩.૦૯%) પુરૂષ વિદ્યાર્થીઓ અને ૧૫,૨૩૬ (૩૬.૯૧%) મહિલા વિદ્યાર્થીઓ હતા. ● નોંધાયેલા ૪૧,૨૭૫ મુસ્લિમ વિદ્યાર્થીઓમાંથી, ૧% કરતા ઓછા અનુસૂચિતના છે. ● આદિવાસીઓ, ૩૪% અન્ય પછાત વર્ગના હતા, ૪૨.૮% બિન અનામત વર્ગના હતા, અને બાકીના ૧૬.૪% આર્થિક રીતે નબળા વર્ગો (EWS)માંથી હતા.

### કોલેજો

● AISHE ૨૦૨૦-૨૧ના ડેટા મુજબ ભારતમાં કુલ ૪૩,૭૯૬ કોલેજોમાંથી ૧,૧૫૫ કોલેજોનું સંચાલન મુસ્લિમ લઘુમતી સમુદાય દ્વારા કરવામાં આવે છે. તેનો અર્થ એ છે કે મુસ્લિમ સંચાલિત કોલેજોનો હિસ્સો માત્ર ૨.૬% છે. ● આ ૧,૧૫૫ કોલેજોમાંથી ૧૪૧ (૧૨.૨%) ટેકનિકલ કોલેજો ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશનમાં નોંધાયેલી છે. ● તમામ લઘુમતી જૂથોના ૭૩.૪% હોવા છતાં, મુસ્લિમ લઘુમતી સમુદાયો પાસે ટેકનિકલ કોલેજોમાં માત્ર ૧૬.૬% હિસ્સો છે. તેનાથી વિપરીત, અન્ય લઘુમતી જૂથો, જેમાં ૨૬.૬% વસ્તીનો સમાવેશ થાય છે, તેઓ ટેકનિકલ કોલેજોમાં ૮૩.૪% હિસ્સો ધરાવે છે. ● ભારતમાં ૬.૪% મુસ્લિમ કોલેજો ફક્ત છોકરીઓ માટે છે. ● ભારતમાં કોલેજોની સંખ્યાના સંદર્ભમાં ટોચના ૧૦ રાજ્યો કેરળ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર અને જમ્મુ અને કાશ્મીર છે. દેશની કુલ કોલેજોમાં આ રાજ્યોનો હિસ્સો ૯૦.૪૭% છે. ● ૧,૧૫૫ મુસ્લિમ લઘુમતી કોલેજોમાંથી, ૮૫.૫% ખાનગી (અનુદાનિત), ૧૦.૬% ખાનગી (સહાયિત) અને ૩.૯% સરકારી કોલેજો છે. ● કેરળમાં પ્રતિ લાખ વસ્તી દીઠ ૨૪.૯ કોલેજો છે જ્યારે યુપીમાં ૪.૯ કોલેજો છે અને પશ્ચિમ બંગાળમાં પ્રતિ લાખ વસ્તી દીઠ માત્ર ૧.૮ કોલેજો છે. દર લાખની વસ્તીમાં કોલેજોની રાષ્ટ્રીય સરેરાશ ૬.૪% છે. ● લગભગ ૫૭.૮% મુસ્લિમ લઘુમતી કોલેજો ગ્રામીણ વિસ્તારોમાં આવેલી છે. ● મોટાભાગની કોલેજો (૯૩.૧૬%) અંડરગ્રેજ્યુએટ સ્તરના કાર્યક્રમો ઓફર કરે છે, જ્યારે માત્ર ૬.૩૨% પીએચડી સ્તરના કાર્યક્રમો ઓફર કરે છે. ● કેરળમાં પીએચડી પ્રોગ્રામ ઓફર કરતી કોલેજોની સૌથી વધુ સંખ્યા છે, ત્યારબાદ તમિલનાડુ અને મહારાષ્ટ્ર છે. ● લગભગ ૫૧% કોલેજો માત્ર અંડરગ્રેજ્યુએટ સ્તરના કાર્યક્રમો પ્રદાન કરે છે. ● શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં નોંધાયેલા કુલ ૫,૨૪,૪૪૧ વિદ્યાર્થીઓમાંથી, ૪૨.૧% મુસ્લિમો, ૫૫.૧% હિંદુઓ અને ૨.૮% અન્ય લઘુમતી જૂથોના છે. ● મુસ્લિમ વિદ્યાર્થીઓની દૃષ્ટિએ, ઉચ્ચ શિક્ષણમાં ૧,૦૪,૧૯૩ (૪૭.૧૮%) પુરૂષ વિદ્યાર્થીઓ અને ૧,૧૬,૬૨૨ (૫૨.૮૨%) મહિલા વિદ્યાર્થીઓ હતા. ● ૯૬.૪% કોલેજોએ ૨૦૨૩ના NIRF રેન્કિંગમાં ભાગ લીધો ન હતો. ● NIRF ૨૦૨૩ કૉલેજ રેન્કિંગમાં કોઈ પણ કૉલેજ ટોપ ૧૦૦માં સ્થાન મેળવી શકી નથી. (સૌ.: ઈન્ડિયાટુમોરો.નેટ)

# ૯૪.૧૮ લાખના સાયબર ફ્રોડ કેસમાં ૧૭ આરોપીઓની ધરપકડ : બે દિવસના રિમાન્ડ

## એન્જલવન નામની ઓનલાઈન એપ્લિકેશન દ્વારા શેર બજારમાં લાખો રૂપિયાનો નફો કમાવવાની લાલચ આપી ૯૪.૧૮ લાખ જમા કરાવ્યા હતા, પકડાયેલ આરોપી તમામ વડોદરાના, જો કે માસ્ટર માઈન્ડ ફરાર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

એન્જલ-વન નામની ઓનલાઈન એપ્લિકેશન દ્વારા શેર બજારમાં લાખો રૂપિયાનો નફો કમાવવાની લાલચ આપીને ખાનગી કંપનીના પૂર્વ અધિકારીને રૂા.૯૪.૧૮ લાખનો ચુનો ચોપડનાર ૧૭ આરોપીઓને વડોદરા સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી પાડ્યા છે. આરોપીઓને આજે કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડની માગ કરતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર રાખ્યા છે. વડોદરામાં સનફાર્મા રોડ ઉપર વેદાંત ડૂપ્લેક્ષમાં રહેતા મૂળ આંધ્રપ્રદેશના રામાક્રિષ્ણા બેડુદુરી (ઉં.૫૬) અગાઉ ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા જો કે કોઈ કારણથી તેઓએ નોકરી છોડી દીધી હતી તેઓએ ગત તા.૩૦મી માર્ચે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, ગત તા.૧૬મી જાન્યુઆરીએ ફેસબૂક પર શેર માર્કેટમાં ઈન્વેસ્ટ કરી રૂપિયા કમાવાની જાહેરાત જોઈને તેના પર ક્લિક કરતા મને એક વોટ્સએપ ગૃપમાં એડ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તેઓની સૂચના પ્રમાણે મેં અલગ-અલગ કંપનીઓના એકાઉન્ટમાં કુલ રૂા. ૯૪.૧૮ લાખ જમા કરાવ્યા હતા. જેની સામે ૧૧.૨૬ કરોડનું બેલેન્સ પ્રોફિટ સહિત બતાવતું હતું. મારે રૂપિયાની જરૂરિયાત હોવાથી રૂપિયા વિડ્રો કરવાની કોશિશ કરતા થયા નહતા. મેં આ અંગે એન્જલ સિક્યૂરિટીની મેલિસ્સા નામની કર્મચારીને જાણ કરતા તેણે મને કહ્યું હતું કે, ૩ ટકા લેખે ૩૩ લાખ જમા કરાવશો તો રૂપિયા વિડ્રો થઈ શકશે એટલે મને શંકા ગઈ હતી. આ કેસમાં સાયબર ક્રાઈમ પોલીસે વડોદરાના જ ૧૭ આરોપીઓની ધરપકડ કરી છે. આ તમામ આરોપીઓને આજે કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડની માગ કરવામાં આવી હતી. સાયબર ક્રાઈમ પોલીસે રજૂ કરેલા રિમાન્ડના કારણોને ધ્યાનમાં રાખીને કોર્ટે ૧૭ આરોપીઓને પોલીસ કસ્ટડી રિમાન્ડમાં મોકલી આપ્યા છે. રિમાન્ડ દરમિયાન હવે પોલીસ માહિતી મેળવશે કે આ ટોળકીએ કેટલા લોકો સાથે છેતરપિંડી કરી છે. તે પૈસાનો ઉપયોગ શું કર્યો છે. માસ્ટ માઈન્ડ કોણ છે. કોના ઈશારે આ નેટવર્ક ચાલતુ હતું. ગત ૩૦ માર્ચે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદના ૧૫ દિવસમાં જ સાયબર ક્રાઈમ પોલીસ આરોપીઓ સુધી પહોંચી ગઈ અને એક નહી એક સાથે ૧૭ આરોપીઓની ધરપકડ કરીને રેકોર્ડ બનાવી દીધો. આ અંગે વાત કરતા સાયબર ક્રાઈમ પી.આઈ. બી.એલ. પટેલે કહ્યું હતું કે કેસનુ પગેરૂ દબાવવામાં આવ્યુ ત્યારે જાણ થઈ કે આરોપીઓ તો વડોદરાના જ છે. મોટાભાગના આરોપીઓ એક જ મહોલ્લામાં રહે છે. હવે સવાલ એ હતો કે જો એકાદ આરોપીને પણ પોલીસ ઓપરેશનની જાણ થાય તો એક બીજાને ખબર કરી દે અને ફરાર થઈ જાય એટલે ઓપરેશન એટલુ ગુપ્ત રખાયુ કે કોઈને કાનોકાન જાણ ના થાય અને ૧૭ આરોપીઓને ઝડપી પાડ્યા. ૧૭ આરોપીઓમાંથી ૧૧ આરોપીઓ એકાઉન્ટ હોલ્ડર છે, જ્યારે બાકીના ૬ એજન્ટો છે. આ એજન્ટો તેના માસ્ટર માઈન્ડના ઈશારે કામ કરતા હતા. એજન્ટોને પાંચ લાખના ટ્રાન્ઝેક્શન ઉપર ૭ હજાર જ્યારે એકાઉન્ટ હોલ્ડરોને પાંચ હજારનું કમિશન અપાતુ હતું. હવે આ કેસમાં માસ્ટર માઈન્ડ ફરાર છે. તેને પણ ઝડપી લેવામાં આવશે.

### સાયબર ફ્રોડના આરોપીઓ

(૧) અબ્રારખાન નવાબખાન પઠાણ (ઉં.૨૩, રહે.રાવપુર, વડોદરા) (એજન્ટ), (૨) શાહરૂખ રઝાકભાઈ વ્હોરા (ઉં.૨૫ રહે. સીયાબાગ, વડોદરા) (એજન્ટ), (૩) ઝરાર બિલાલભાઈ સોદાગર (ઉં.૩૧ રહે.નાગરવાડા,વડોદરા) (એજન્ટ), (૪) શેખ અદનાન ઈલ્યાસભાઈ (ઉં.૨૨, રહે. તાંદલજા,વડોદરા) (એજન્ટ), (૫) કબીરઅહેમદ મોહમદશબ્બીર મન્સુરી (ઉં.૨૧ રહે.પાણીગેટ,વડોદરા) (એજન્ટ), (૬) સોહીલ કાસમભાઈ શેખ (ઉં.૨૫ રહે. નાગરવાડા,વડોદરા) (એજન્ટ), (૭) મીર હારીશ સલીમભાઈ (ઉં.૨૪, રહે. તાંદલજા,વડોદરા), (૮) બેલીમ વસિમખાન ફિરોઝખાન (ઉં.૨૪, રહે. સોમાતળાવ,વડોદરા), (૯) મોહમદ આફતાબ મુસ્તાકભાઈ બેગ (ઉં.૨૨, રહે. સોમાતળાવ,વડોદરા, (૧૦) શેખ સલીમમિયા શોકતહુસૈન (ઉં.૪૨, રહે. રાવપુરા,વડોદરા), (૧૧) શેખ લીયાકત યુસુફભાઈ (ઉં.૪૭, રહે.પરશુરામ ભઠ્ઠા પાસે, વડોદરા), (૧૨) મહેબુબ ઈબ્રાહિમ આગેવાન, (ઉં.૨૨ રહે. આજવા મેઈનરોડ,વડોદરા), (૧૩) શાહરૂખ સીદ્દીકભાઈ ધોબી (ઉં. ૨૯ રહે. બહુચરાજી રોડ,વડોદરા), (૧૪) સાહીલ યુસુફમીયા શેખ (ઉં. ૨૪ રહે. યાકુતપુરા,વડોદરા), (૧૫) સૈયદ ઈખ્તીયારઅલી હસમતઅલી (ઉં.૨૨, રહે. બવામાનપુરા,વડોદરા), (૧૬) ગોમેસી મનિષભાઈ દવે (ઉં.૨૦, રહે. સીયાબાગ, વડોદરા), (૧૭) રમીજઅલી મુસ્તાકઅલી કાદરી (રહે.નાગરવાડા,વડોદરા)

## દિલ્હીથી વડોદરાની ફ્લાઈટના ટોઈલેટમાં બોમ્બ લખેલ ટિસ્યુ પેપર મળ્યા બાદ

# બોમ્બ સ્ક્વોડના ચેકિંગ બાદ કેન્સલ થયેલ ફ્લાઈટ બપોરે વડોદરા આવી : મુસાફરોને રાહત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

દિલ્હીથી વડોદરાની ફ્લાઈટ ટોઈલેટમાં બોમ્બ લખેલું ટિસ્યુ પેપર મળી આવ્યા બાદ એરપોર્ટ તંત્ર એલર્ટ થયું હતું. એર ઈન્ડિયા ફ્લાઈટ AI-819માં બોંબની ધમકી મળ્યાનું સામે આવતા મુસાફરોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. એર ઈન્ડિયા ફ્લાઈટ AI-819માં ફ્લાઈટમાં ૧૮૦ મુસાફરો સવાર હતા. હાલ કેન્સલ થયેલ ફ્લાઈટ ૧૦.૧૫ કલાકે દિલ્હીથી વડોદરા આવવા પ્રસ્થાન થઈ હતી. દિલ્હીથી વડોદરાની ફ્લાઈટમાં બોંબની ધમકીને પગલે એરપોર્ટ તંત્ર એલર્ટ થયું હતું. એર ઈન્ડિયા ફ્લાઈટ AI-819માં બોંબની ધમકી મળ્યાનું સામે આવતા મુસાફરોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ફ્લાઈટમાં બોંબની ધમકીને પગલે એરપોર્ટ ઓથોરિટી દ્વારા તાત્કાલિક પગલા લેવાતા બોંબ સ્કવોડની ટીમને જાણ કરવામાં આવી હતી. NSG, CISF અને બોંબ સ્કવોડની ટીમે બનાવ સ્થળ પર પંહોચી ફ્લાઈટમાં ચેકિગ હાથ ધર્યું હતું. ચેકિગ દરમ્યાન મુસાફરોને દોઢ કલાક સુધી ફ્લાઈટમાં જ બેસાડવામાં આવ્યા હતા. બોંબ સ્કવોડ ટીમ દ્વારા મોડી રાત સુધી ચેકિંગ કરવામાં આવ્યું હતું. અંતે ચેકિંગ બાદ કોઈ શંકાસ્પદ વસ્તુ ના મળી આવતા મુસાફરો સહિત તંત્રએ લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ ફ્લાઈટમાં એક યાત્રીના જણાવ્યા અનુસાર બોંબ હોવાનું સામે આવ્યા બાદ ૧૦ કિલોમીટર દૂર ફ્લાઈટને ગ્રાઉન્ડ કરવામાં આવી હતી. બોંબ સ્કવોડના આવે ત્યાં સુધી AI- 819ના યાત્રીઓને પ્રથમ દોઢ કલાક ફ્લાઈટમાં બેસાડી રાખવામાં આવ્યા હતા. AI–819 ફ્લાઈટમાં ૧૮૦ યાત્રી વડોદરા આવતા હતા દરમ્યાન આ ઘટના બનવા પામી. બૉમ્બ હોવાની માહિતીથી કેન્સલ થયેલ ફ્લાઈટ આજે ૧૦.૧૫ કલાકે દિલ્હીથી વડોદરા આવવા પ્રસ્થાન થઈ હતી. દેશમાં ચૂંટણીના માહોલ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી કેટલાક રાજ્યોમાં બોમ્બ મૂકાયાની ઘટનાઓ બની રહી છે. દિલ્હી, રાજસ્થાન અને અમદાવાદની કેટલીક શાળાઓમાં બોમ્બની ધમકીના કોલ અને ઈમેલ આવ્યા હતા. બોંબની ધમકી મળ્યાનું સામે આવતા જ બોંબ સ્કવોડ અને તંત્ર એલર્ટ થઈ જાય છે અને તપાસ કરે છે. બાદમાં બોંબની ધમકી એક અફવા હોવાનું સામે આવે છે. ગઈકાલે દિલ્હીથી વડોદરાની ફ્લાઈટમાં બોંબ લખેલું ટિસ્યુ મળી આવતા એરપોર્ટ ઓથોરિટી દ્વારા તાત્કાલિક પગલા લેવાતા બોંબ સ્કવોડ બોલાવવામાં આવી હતી. અંતે ચકાસણી બાદ કોઈ શંકાસ્પદ વસ્તુ ના મળતા આ માત્ર અફવા હોવાનું સામે આવ્યું. બોંબની ધમકી આપવા મામલે કોઈ શખ્સ દ્વારા મજાક કરવામાં આવી રહી છે કે, પછી કોઈ ચોક્કસ જૂથ દ્વારા ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે અથવા તો કોઈ આ પ્રકારની ધમકીઓ આપી કોઈ સંદેશ આપવા માંગે છે. આ મામલે સરકાર ચોક્કસ તપાસ હાથ ધરશે.

## હિન્દુ- મુસ્લિમ શ્રદ્ધાળુઓમાં આસ્થાનું અનેરૂ સ્થાન ધરાવનાર

# પીરાણા ખાતે ૧૪ કબરો શહીદ કરવા મામલે મુસ્લિમ આગેવાનો દ્વારા કલેક્ટરને આવેદન

### કટ્ટરવાદીઓએ હઝરત ઈમામશાહ બાવા, આપના વંશજો સહિત ૧૪ કબરોને શહીદ કરી સમથળ કરી દીધી હતી, દરગાહ કમિટીના સભ્યો, મુસ્લિમ આગેવાનો દ્વારા ગુનેગારો સામે કડક કાર્યવાહીની માંગ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

અમદાવાદના પીરાણા ગામમાં ઈમામ શાહ બાવાની દરગાહમાં કેટલીક કબરોને શહીદ કરવાની ઘટના સામે આવી હતી. આ ઘટનાના વિરોધમાં આજરોજ પીરાણા દરગાહ કમિટીના સભ્યો અને વડોદરાના મુસ્લિમ આગેવાનો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, પીરાણા ગામમાં ઈમામશાહ બાવાની દરગાહ આવેલી છે. તાજેતરમાં પીરાણાના ગ્રામજનો અને ટ્રસ્ટીઓને દરગાહમાં આવેલી કેટલીક કબરોને શહિદ કરી હોવાની જાણ થતા મોટી સંખ્યામાં મુસ્લિમ ગ્રામજનો અને લોકોનું ટોળું એકત્રિત થઈ ગયું હતું. આ અંગે પોલીસને પણ જાણ કરવામાં આવતા અમદાવાદ ગ્રામ્ય જિલ્લા પોલીસ વડા દ્વારા સમગ્ર બાબતને ગંભીરતાથી લઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો પીરાણા ખાતે પહોંચી ગયો હતો. ઈમામશા



અમદાવાદના પીરાણા દરગાહ ખાતે કબરો તોડવા મુદ્દે વડોદરાના મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. (તસવીર : અતિક શેખ, વડોદરા)

બાવાની દરગાહમાં જે કબરો શહિદ કરવામાં આવી છે તે અંગે પોલીસે તપાસ શરૂ કરી દીધી હતી. કેટલાક કટ્ટરવાદી તત્વો દ્વારા દરગાહની કબરો શહિદ કરવાના બનાવ બાદ સમગ્ર ગુજરાતના મુસ્લિમ સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. આજરોજ વડોદરા ખાતે પણ મુસ્લિમ અગ્રણી અને સામાજિક કાર્યકર હાજી જુનેદ શેખની આગેવાનીમાં પીરાણા દરગાહ કમિટીના સભ્યો સૈયદ શાહિદ હુસૈન, સૈયદ હિદાયત અલી, સૈયદ શમસુદ્દીન, સૈયદ હૈદર અલી, સૈયદ આશિક હુસેન એકઠા થયા હતા. તેમજ અન્ય મુસ્લિમ આગેવાનો સંજીદા સૈયદ, આરીફ મલેક, શબનમ શેખ સહિતના અગ્રણીઓ પણ હાજર રહ્યા હતા અને જિલ્લા કલેક્ટર બિજલ શાહને આવેદનપત્ર આપી ગુનેગારોને કડકમાં કડક કાર્યવાહી કરી સજા થાય તેવી માંગણી કરી હતી. સાથે જ કલેક્ટર થકી ગુજરાતના રાજ્યપાલ, ગુજરાતના ચૂંટણી કમિશનર, અમદાવાદના ચેરિટી કમિશનર અને કલેક્ટર તેમજ અસલાલી પોલીસ મથકના અધિકારીઓને પણ રજૂઆત કરવામાં આવી હતી.

## વિશાખા બા ફાઉન્ડેશનના સહયોગથી મહિલાઓને તાલીમ આપવામાં આવી હતી

# સનફાર્મા કંપની દ્વારા મહિલાઓને સિલાઈ મશીન અને બ્યુટી પાર્લર કિટનું વિતરણ કરાયું

### અંકલેશ્વર શહેરની ૭૦ જેટલી મહિલાઓને બ્યુટી પાર્લર કિટ અને સર્ટિફિકેટનું વિતરણ કરાયું

અંકલેશ્વર, તા.૧૬

સનફાર્મા કંપની દ્વારા આત્મનિર્ભર મહિલા અંતર્ગત સીએસઆર ભંડોળમાંથી વિશાખા બા ફાઉન્ડેશનના સહયોગ દ્વારા સિલાઈ કામ અને બ્યુટી પાર્લરની ત્રણ મહિનાની તાલીમ આપ્યા બાદ અંકલેશ્વર શહેરની ૭૦ જેટલી મહિલાઓને બ્યુટી પાર્લર કિટ અને પાંચ ગામની ૬૦ મહિલાઓને સિલાઈ મશીન તેમજ એનએસડીસી સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આત્મનિર્ભર મહિલા પ્રોજેક્ટ અંતર્ગત સનફાર્મા કંપની દ્વારા પોતાના સીએસઆર ભંડોળ દ્વારા મહિલાઓ આત્મનિર્ભર બને તેવા હેતુસર અંકલેશ્વર શહેરના વિવિધ વિસ્તારોની ૭૦ જેટલી મહિલાઓને બ્યુટી પાર્લર અને અંકલેશ્વર તાલુકાના ભાદી, પાનોલી, સંજાલી અને બાકરોલ ગામની ૬૦ જેટલી મહિલાઓને સિલાઈ કામની વિશાખા બા ફાઉન્ડેશન ટ્રસ્ટના સહયોગથી



(તસવીર :- મુનીર શેખ, અંકલેશ્વર)

ત્રણ મહિનાની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ બાદ નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા આ તાલીમાર્થી મહિલાઓની પરીક્ષા લેવામાં આવી હતી. દરમ્યાન આજરોજ અંકલેશ્વરના શારદા ભવન ટાઉન હોલ ખાતે સનફાર્મા કંપનીના ક્લસ્ટર હેડ પ્રવીણ અરોરા, સાઈટ હેડ સ્નેહલ શાહ, એચ.આર. હેડ બલજીત શાહ કંપનીના સીએસઆર શેહઝાદ બેલીમ અને વિશાખા બા ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રમુખ કિંજલબેન ચૌહાણની અધ્યક્ષતા હેઠળ મહિલાઓને બ્યુટી પાર્લર કિટ અને સિલાઈ મશીન વિતરણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ૭૦ જેટલી મહિલાઓને બ્યુટી પાર્લર કિટ અને નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશનનું સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું સાથે અંકલેશ્વરના ભાદી, પાનોલી, સંજાલી અને બાકરોલ ગામની ૬૦ જેટલી મહિલાઓને સિલાઈ મશીન અને નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશનનું સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ભાદી ગામના સરપંચ જુનેદ વડિયા, સંજાલી ગામના આગેવાન મોહમ્મદભાઈ ભૈયાત (લારા) અને વિશાખા બા ફાઉન્ડેશન ટ્રસ્ટના ધર્મેશ ચૌહાણ સહિત મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

## ખેડૂતોને મળતી કૃષિ વિષયક લોન મામલે

# રાજ્ય સરકાર દ્વારા બે વર્ષથી ૪ ટકા સહાય ન ચૂકવાતા સરકારમાં રજૂઆત

### કેન્દ્ર સરકારની ૩ ટકા રકમ સમયસર ચૂકવાઈ પરંતુ રાજ્ય સરકાર દ્વારા ન ચૂકવાતા ઈડર ભાજપ કિસાન મોરચાના ઉપપ્રમુખ દ્વારા રજૂઆત

ઈડર, તા.૧૬

ખેડૂતોને મળતા કૃષિ વિષયક ધિરાણમાં સમયસર વાર્ષિક ધિરાણ ભરનાર ખેડૂતોને મળવાપાત્ર ૭ ટકા વ્યાજ વળતર પૈકી રાજ્ય સરકારના ભાગે આવતી ૪ ટકા વ્યાજ વળતર સહાય છેલ્લા બે વર્ષથી ન મળતા ઈડર તાલુકા ભાજપ કિસાન મોરચાના ઉપપ્રમુખે સહકાર મંત્રી તેમજ કૃષિ મંત્રી અને મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરતા ખળભળાટ મચી ગયો છે.

ખેડૂતો દ્વારા નિયમિત રીતે સહકારી અને રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી કૃષિ વિષયક ધિરાણ એટલે કે કે.સી.સી લોન લેવામાં આવે છે જેમાં ખરીફ અને રવિ સિઝન માટે લેવાતા કૃષિ ધિરાણમાં સમયસર ધિરાણ પરત કરનાર ખેડૂતોને સને ૨૦૧૯ના ઠરાવ મુજબ કેન્દ્ર સરકારના ૩ ટકા અને રાજ્ય સરકારના ૪ ટકા મળી કુલ ૭ ટકા વ્યાજ વળતર સહાય બેંકોમાં ચૂકવવામાં આવે છે ઈડર કિસાન મોરચાના ઉપપ્રમુખ મુકેશ પટેલે રાજ્યના કૃષિ મંત્રી તેમજ સહકાર મંત્રી અને મુખ્યમંત્રીને તારીખ ૧૩ મે ૨૦૨૪ના રોજ રજૂઆત કરી છે કે ચૂંટણી દરમિયાન પ્રચારમાં ફરતી વખતે ખેડૂતો દ્વારા જાણવા મળ્યું છે કે વર્ષ ૨૦૨૧-૦૨૨ અને ૨૦૨૨-૦૨૩ આમ બે વર્ષમાં મેળવેલ કૃષિ ધિરાણમાં કેન્દ્ર સરકારની ૩ ટકા રકમ સમયસર ચૂકવાઈ ગઈ છે જ્યારે રાજ્ય સરકાર હસ્તકની ૪ ટકા વ્યાજ વળતર સહાય હજુ સુધી ચૂકવાઈ નથી પરંતુ આગામી સમયમાં ખરીફ સીઝન શરૂ થઈ રહી છે ત્યારે બે વર્ષની વ્યાજ સહાય તાત્કાલિક ધોરણે ચૂકવાય તો ખેડૂતોને મોટી રાહત થઈ શકે તેમ છે.

## ૭ પૈકી ચારનાં મૃતદેહ મળ્યા

# પોઈચામાં નર્મદા નદીમાંથી વધુ એક મૃતદેહ મળ્યો, ત્રણની શોધખોળ ચાલુ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

નર્મદા જિલ્લાના પોઈચા ગામ નજીક નર્મદા નદીમાં સુરતના આઠ લોકો ડૂબ્યા હતા, જેમાંથી સ્થાનિકોએ એકને ડૂબતા બચાવ્યો હતો. આજે ૧૬મી મે સતત ત્રીજા દિવસે એનડીઆરએફની ટીમ અન્ય લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે. ત્યારે વધુ એક મૃતદેહ આજે સવારે મળી આવ્યો હતો. નર્મદા જિલ્લાના પોઈચા ગામે મંગળવારે તા.૧૪મી મે નર્મદા નદીમાં ન્હાવા પડેલા સુરતના સાત લોકો ડૂબ્યા હતા. જેમાંથી અત્યાર સુધીમાં ચાર મૃતદેહ મળ્યા છે. એનડીઆરએફની ટીમને નંદરીયા ગામ નજીક નદીમાંથી મૃતદેહ મળ્યો હતો. જેની ઓળખ મૈત્રક ભરત બદલાણિયા તરીકે થઈ હતી. હજી પણ અન્ય ત્રણ લાપતા લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે. મૂળ અમરેલીના રહેવાસી અને હાલ સુરત રહેતા પરિવાર રાજપીપળા પાસે આવેલા પોઈચા ગામે સ્વામીનારાયણ મંદિર તેમજ અન્ય ધાર્મિક સ્થાનોના દર્શનાર્થે નીકળ્યા હતા. ત્યારે પોઈચા નજીક નર્મદા નદીમાં પરિવાર ન્હાવા ઉતર્યા હતા. આ દરમિયાન નર્મદા નદીના ઊંડા પાણીમાં પરિવારના આઠ લોકો તણાયા હતા. આ બનાવની જાણ નજીકના ગ્રામજનોને થતા તેઓએ એક વ્યક્તિને બચાવી લીધો હતો. જ્યારે પરિવારના બાકીના સાત સભ્ય ડૂબી ગયા હોવાની માહિતી મળતા ફાયર બ્રિગેડ અને એનડીઆરએફની ટીમ ઘટના સ્થળે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી.

## બોર્ડ દ્વારા ધો.૧૦ના જાહેર થયેલ પરિણામમાં

# હિંમતનગરની વસીવાલા આયશા અખ્તરહુસૈને ૯૯.૯૫ પર્સન્ટાઈલ મેળવ્યાં : ડોક્ટર બનવાની ઈચ્છા



(તસવીર : ઈશ્હાક શેઠ, હિંમતનગર)

હિંમતનગર, તા.૧૬

ગુજરાત બોર્ડ દ્વારા લેવાયેલી ધો.૧૦ની પરીક્ષાના જાહેર થયેલ પરિણામમાં હિંમતનગર પટણી સુન્ની જમાતની વસીવાલા આયશા અખ્તરહુસૈન(સોની) ૯૯.૯૫ પર્સન્ટાઈલ મેળવ્યા હતા. જેમાં મેથ્સમાં ૧૦૦ માર્કસ, સાયન્સમાં ૧૦૦ માર્કસ મેળવી સમાજનું તેમજ સ્કૂલનું નામ રોશન કર્યું છે. એક વાતચીતમાં જણાવ્યું કે પોતે ૮ કલાકનું વાંચન અને મા-બાપ તેમજ પીરો મુરશીદની દુઆથી આ તબક્કે પહોંચી છું. ઈન્શાઅલ્લાહ હવે મેડિકલમાં જઈ માસ્ટર ડિગ્રી કરી સમાજની તેમજ દેશની સેવા કરવાની ઈચ્છા.

# જૂનાગઢના તોડકાંડમાં સસ્પેન્ડ એએસઆઈ દીપક જાનીની જામીન અરજી કોર્ટે ફગાવી

જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢમાં તોડકાંડમાં આરોપી પીઆઈ તરલ ભટ્ટ કેસમાં આરોપી સસ્પેન્ડ એએસઆઈ દીપક જગજીવનભાઈ જાની (ઉં.૪૫)એ જામીન અરજી કરી હતી. જેમાં એવી દલીલ કરી છે કે, કોઈપણ એકાઉન્ટ ફ્રીઝ કે અનફ્રીઝ કરવાની સત્તા તેમને નથી. તેમણે ફક્ત પીઆઈ ગોહિલની સૂચના મુજબ કોમ્પ્યુટરની કામગીરી કરી છે. મૂળ ફરિયાદી કાર્થિક ભંડેરીએ તેમની વિરૂદ્ધ ખોટા આક્ષેપો કર્યા છે. પીઆઈ ગોહિલ અધિકારી હોઈ અને રાજકીય વગ ધરાવતા હોઈ તેમની સામે સમરી ભરી છે. આથી પોતાને પણ સાહેદ તરીકે લઈ પોતાની વિરૂદ્ધ પણ સમરી ભરવામાં આવે. પોતે પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી છે. આજ સુધી પોતાની સામે કોઈ અરજી કે ફરિયાદ થઈ નથી. આની સામે જિલ્લા સરકારી વકીલ નિરવ પુરોહિતે એવી દલીલ કરી હતી કે, આરોપીએ જ સીધા મૂળ ફરિયાદી કાર્થિક ભંડેરી પાસેથી પીઆઈ ગોહિલના નામે પૈસાની માંગણી કરી છે. આથી તે મુખ્ય આરોપી છે. સહ આરોપી દીપ શાહને હાઈકોર્ટે જામીન આપ્યા તેનો રોલ અલગ છે. આથી સમાનતાનો સિદ્ધાંત આરોપીને લાગુ પાડી શકાય નહીં. વળી તે પોલીસ કર્મચારી છે. તેને સાક્ષીઓને કઈ રીતે તોડી ફોડી શકાય એની જાણ છે. આથી જો તેને જામીન પર મુક્ત કરાય તો ફરિયાદપક્ષના સાહેદોને ધાકધમકી આપે અને પુરાવા સાથે ચેડાં કરે એવી પુરી શક્યતા છે. આથી સેશન્સ જજ હેમંતકુમાર એ.દવેએ આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.

### એક સરખા નામ હોય ફાયર ઓફિસરને પણ મુશ્કેલી

તોડકાંડમાં આરોપી એએસઆઈ દીપક જાનીનું નામ જૂનાગઢ મહાનગરપાલિકા ચીફ ફાયર ઓફિસર દીપક જાનીને મળતું આવતું હોઈ ફાયર ઓફિસરને અનેક લોકો અને પત્રકારો આરોપી માની લઈને પૂછતાં તેઓ પરેશાન થઈ ગયા છે. જો કે તોડકાંડના આરોપી એએસઆઈ દીપક જાનીના પિતાનું નામ જગજીવનભાઈ છે જ્યારે ફાયર ઓફિસર દીપક જાનીના પિતાનું નામ નવીનચંદ્ર છે પણ આખું નામ ખબર ન હોવાથી અનેક લોકોને ગેરસમજ થઈ રહી છે.

## સુરત શહેર પોલીસ કમિશનરની અપીલ બાદ

# ઉધનાની સંજયનગર, પ્રભુનગર અને પટેલનગર ઝૂંપડપટ્ટીના લોકોએ ૧૦૦થી વધુ હથિયારો સ્વૈચ્છિક જમા કરાવ્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

સુરત શહેરમાં વધતા જતા અપરાધ અટકાવવા માટે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે સ્લમ વિસ્તારમાં પબ્લિક એડ્રેસ સિસ્ટમ આધારિત ઘાતક હથિયાર લોકોની પાસે હોય તે પોલીસને જમા કરાવી દેવાના નિર્દેશ બાદ ઉધના પોલીસને ત્રણ દિવસમાં સંજયનગર પ્રભુનગર અને પટેલ નગર ઝુંપડપટ્ટીમાંથી સ્વેચ્છિક રીતે લોકોએ ૧૦૦થી વધુ તલવાર, ચપ્પુ અને ઘાતક હથિયારો જમા કરાવ્યા હતા. સુરત શહેર ૭૪ દિવસ સુધી પોલીસ કમિશનરથી વંચિત રહ્યું હતું ત્યારબાદ નવા નિયુક્ત થયેલા પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત એક તરફ લોકસભાની ચૂંટણી અને બીજી તરફ શહેરીજનો માટે કંઈક કરવાની ભાવનાને લઈને વિચારોમાં પડી ગયા હતા ત્યારે તેમણે સૌથી અગત્યનું પબ્લિક એડ્રેસ સિસ્ટમની શરૂઆત પોતાના અધિકારીઓને સમજાવીને કરી હતી જેમાં સ્લમ વિસ્તાર જ્યાં ગુનાખોરીનો ગ્રાફ અવારનવાર વધુ જોવા મળતો હોય તેવા વિસ્તારોને અસરકારક કામગીરી કરવા માટે પસંદ કરવામાં આવ્યો હતો. ઉધના વિસ્તારોના સૌથી મોટી ગણાતી સંજય નગર પ્રભુનગર અને પટેલ નગર ઝુપડપટ્ટીમાં ઉધના પીઆઈ દેસાઈ અને પોતાના સ્ટાફ સાથે નાયબ પોલીસ કમિશનર ઉપસ્થિતમાં અલગ- અલગ કોમના અલગ- અલગ રાજ્યના જે લોકો રહેતા હતા તેને તે લોકોની લેંગ્વેજ જેવી રીતે મરાઠી, હિન્દી, ગુજરાતી, પંજાબી, ઉડિયા અને ઉર્દુ ભાષાના પબ્લિક એડ્રેસ સિસ્ટમના માધ્યમથી સમાજના આગેવાન સાથે રાખીને સંભવ પ્રયાસ હાથ ધર્યો હતો પરંતુ આ પ્રથમ વખત પોલીસ કોઈપણ જાતની ધાકધમકી આપ્યા વગર અને કોમ્બિંગ કર્યા વગર ઉધના પોલીસને અસંભવિત પ્રયાસને આજે સંભવિત રીતે લોકોએ સ્વેચ્છિક પોતાના ઘરમાંથી ઘાતક હથિયાર જેવા કે ચપ્પુ તલવાર ગુપ્તી કે અન્ય હથિયારો પોલીસ સમક્ષ આવીને સમર્પણ કર્યું હતું. પિક્ચરોમાં જોવા મળે છે તેવો માહોલ સંજય નગર પટેલ નગર અને પ્રભુ નગરમાં જોવા મળ્યો હતો. ત્રણ દિવસના આ અભિયાન દરમિયાન સૌથી વધુ ઘાતક શસ્ત્ર પોલીસ સમર્થ લોકોએ સ્વૈચ્છિક રીતે આપ્યા હતા તે સંદર્ભે આજે બપોરે ઝોન બે ભગીરથ ગઢવી આ સંદર્ભે સંપૂર્ણ માહિતી આપી હતી.

CHANGE OF NAME

I have Changed My Old Name PATHAN NAZNINKHATUN SAIDKHAN To Change & New Name PATHAN NAZNINKHATUN SAEEDKHAN & I Will Be Known As New Name Which Please Note.

Address, PATHAN NAZNINKHATUN SAEEDKHAN. C1330 PACHIM CHUNARWAD OLD TIRZERI OFFICE Bharuch. 393001

નામ બદલેલ છે

મેં મારૂં નામ અબ્દુર્રહીમ ઈસ્માઈલ પટેલ હતું જે બદલીને નવું નામ **અબ્દુલરહીમ ઈસ્માઈલભાઈ પટેલ** રાખેલ છે, જેની સર્વેએ નોંધ લેવા વિનંતી

**અબ્દુલરહીમ ઈસ્માઈલભાઈ પટેલ** ૫-૪૯, સોની ચકલા, મુ.પો. કહાનવા- ૩૯૧૮૧૦ તા.જંબુસર, જિ. ભરૂચ મો.૯૭૨૩૭ ૯૨૩૪૪

**ફિલ્મી કહાનીને પણ ટક્કર મારે તેવી રિયલ સ્ટોરી**

### માતા-પિતાનું સાચુ મૂલ્ય સમજાવતી સત્ય ઘટના

# ગુમ થયેલા પોતાના બે બાળકોને શોધી કાઢવા માતા-પિતા ભિક્ષુક બન્યાં

### મુન્દ્રાના દંપતીએ બંને પુત્રોને હાવડા અને બિકાનેરથી શોધી કાઢ્યા

અમદાવાદ, તા.૧૬

બાળકો માટે માતા-પિતા ઈશ્વર સમાન હોય છે. માતા-પિતા પોતાના સંતાનને ઊની આંચ પણ ન આવે તે માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય છે ત્યારે જો બાળકો ગુમ થઈ જાય તો માતા-પિતાની શી દશા થાય ? કચ્છમાંથી ગુમ થયેલા પોતાના બે બાળકોને શોધવા માતા-પિતાએ જે કામ કર્યું તે કોઈ વાર્તા કે ફિલ્મને પણ ટક્કર મારે એવું છે. સંતાનોને શોધવા માટેનો માતા-પિતાનો સંઘર્ષ ખરેખર આદર જન્માવે તેવો છે. આ અંગે વિગતે જોઈએ તો કચ્છના મુન્દ્રામાંથી મૂળ બિહારના પરિવારના બે બાળકો જાન્યુઆરી મહિનામાં ગુમ થયા હતા. જેને શોધવા માતા-પિતાએ જે સંઘર્ષ કર્યો તે કોઈ ફિલ્મી કહાનીને ટક્કર મારે એવી રિયલ સ્ટોરીનો સંઘર્ષ છે. જેઓ પોતાના સંતાનોને શોધવા ભિક્ષુક બન્યા હતા. ૧૫ જાન્યુઆરીએ રાહુલ અને અર્પિત ઘરેથી રમતા રમતા નીકળ્યા હતા. જે બાદ ઘરે પરત ફર્યા ન હતા. બાળક ગુમ થયાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

સ્થાનિક પોલીસે તમામ રાજ્યોને બાળકોની તસવીર મોકલી હતી. ઘણા દિવસો બાદ પણ પુત્રોની ભાળ ન મળતાં આખરે માતા- પિતાએ પોતાના પુત્રોને જાતે શોધવા નીકળ્યા હતા. મુંબઈ, ગોવા, પુનાથી નેપાળ સુધીના શહેરોમાં જઈ વિવિધ સ્થળોએ તપાસ કરી હતી. ત્યારબાદ તેઓ બાગેશ્વર ધામ પણ ગયા હતા. ત્યારબાદ ગુમ થયેલા બે સંતાનોને શોધવા માતા - પિતાએ ભિક્ષુકનો વેશ ધારણ કર્યો હતો. વિવિધ શહેરોમાં ફરવાનું શરૂ કર્યું છે. આ સમય દરમિયાન ભિખારીઓ પાસેથી રાજસ્થાનના બિકાનેરમાં એક બાળકની વાત મળી હતી. ત્યાં તપાસ કરતા બિકાનેર પોલીસના સહયોગથી ત્યાંના બાળકેન્દ્રમાંથી એક પુત્ર મળી આવ્યો હતો. આમ મુન્દ્રાના દંપતીએ બંને પુત્રોને બિકાનેર-હાવડાથી શોધી કાઢ્યા હતા.

તો બીજો પુત્ર પોતે ભીખ મંગાવતી એક ગેંગની ચુંગાલમાં ફસાઈ ગયો હોવાનો ખુલાસો કર્યો હતો. વધુ ભીખ મળે તે માટે તેનું મૂંડન પણ કરાવાયું હતું. જેની પકડમાંથી તે પોતે હેમખેમ નાસી છૂટ્યો હતો. પોલીસને શરણે ગયો હોવાનું જણાવ્યું હતું. આમ માતા-પિતાએ સંઘર્ષ કર્યું તેને કારણે પોતાના બાળકોને પાછા લાવી શક્યા ત્યારે માતા-પિતાને સંતાનો છોડી દે તો એમના પર શું વીતતી હશે ? આ કિસ્સો આજના સંતાનોમાં દાખલો બેસાડે એવો છે.

# દીકરીની હત્યાના કેસમાં માતાના પ્રેમીની ફાંસીની સજા હાઈકોર્ટે આજીવન કારાવાસમાં ફેરવી : માતા નિર્દોષ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

સુરેન્દ્રનગરના ઝીંઝૂવાડા પોલીસ મથકે વર્ષ ૨૦૨૧માં ૪૧ વર્ષીય મહિલા અને તેના ૩૧ વર્ષીય પ્રેમી સામે મહિલાની પુત્રીની હત્યા કરવાના કેસમાં પ્રેમીને થયેલી ફાંસીની સજા હાઈકોર્ટે આજીવન કારાવાસમાં ફેરવી હતી. જ્યારે માતાને નિર્દોષ મુક્ત કરી હતી.

આરોપીઓ સામે પોલીસે હત્યા અને અન્ય કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. આરોપી ઉંમગ ઠક્કર અત્યારે જેલમાં છે, જ્યારે તેની પ્રેમિકા જામીન ઉપર હતી. બંનેને ૧૭ વર્ષીય સગીરાની હત્યા કરવાના કેસમાં સુરેન્દ્રનગરની કોર્ટે ફાંસીની સજા ફટકારી હતી. જેની બહાલી માટે હાઈકોર્ટને ચુકાદો મોકલી આપવામાં આવ્યો હતો. ઉપરાંત બંને આરોપીઓએ સુરેન્દ્રનગરની કોર્ટના ચુકાદા સામે હાઈકોર્ટમાં અપીલ પણ કરી હતી. હાઈકોર્ટની ડબલ જજની બેન્ચે નીચલી કોર્ટના ચુકાદામાં ફેરફાર કરતા આરોપી ઉમંગ ઠક્કરની ફાંસીની સજાને આજીવન કારાવાસ અને મહિલાને મુક્તિ આપી હતી. કેસની વિગતો મુજબ સુરેન્દ્રનગરના પાટડી તાલુકાના એક ગામમાં ઉમંગ ઠક્કર કરિયાણાની દુકાન ચલાવતો હતો. જ્યાં તે એક મહિલાના પરિચયમાં આવ્યો હતો. તે મહિલા તેના ઘરે ઘરકામ કરવા આવતી હતી. મહિલાના લગ્ન થઈ ચૂક્યા હતા અને તેને ૧૭ વર્ષની દીકરી પણ હતી. ઉમંગ અને મહિલા વચ્ચે આડાસંબંધો બંધાયા હતા. જેની જાણ મહિલાની દીકરીને થઈ ગઈ હતી. બંને પ્રેમીઓ ભાગી જવાની ફિરાકમાં હતા, પરંતુ મહિલાની દીકરી આડે આવતી હતી. આથી બંનેએ ૧૦ દિવસ અગાઉ કાવતરૂં રચ્યું હતું. જે મુજબ મહિલા પોતાની સગીર દીકરી સાથે ઉમંગના ઘરે કામ કરવા ગઈ હતી. જ્યાં બંનેએ ભેગા મળીને સગીરાની ખંજર વડે ક્રૂર હત્યા કરી નાખી હતી.

સુરેન્દ્રનગર કોર્ટે પોતાના ચુકાદામાં બોટાદકરની પંક્તિઓ ટાંકતા લખ્યું હતું કે, જનનીની જોડ સખી નહીં જડે રે લોલ, છોરું કછોરૂં થાય પરંતુ માવતર કમાવતર ન થાય. આ પંક્તિઓ આજના યુગમાં ખોટી છે. માતા અને તેના પ્રેમીએ સગીરાના પેટમાં તીક્ષ્ણ હથિયાર મારી અને ગળું કાપીને સગીરાની ક્રૂર હત્યા કરી નાખી છે. મૃતકના સગા કાકાએ પોલીસ ફરિયાદ કરી હતી. તેમજ ભાભી અને ઉમંગ ઠક્કર વચ્ચેના આડાસંબંધની જાણકારી આપી હતી. ઉમંગનો લોહીવાળો રૂમાલ, છરી, બંને આરોપીના કપડાં પોલીસે કબજે લીધા હતા. આ કેસમાં ૨૬ સાહેદો અને ૩૩ દસ્તાવેજી પુરાવાઓ તપાસવામાં આવ્યા હતા. એટલું જ નહીં મૃતકની સગી માતાએ કહ્યું હતું કે, તેની દીકરીને કોઈ અન્ય વ્યક્તિ સાથે આડા સંબંધ હતા. પરંતુ દીકરીને તેની સાથે ભાગવાની ના પાડતા આરોપી તેની દીકરીનું ખૂન કરીને ભાગી ગયો છે. જ્યારે સરકારી વકીલે જણાવ્યું હતું કે, આ બનાવ સમાજ વ્યવસ્થા માટે કલંક સમાન છે. આ બનાવ રેર ઓફ ધ રેરેસ્ટ કેસમાં આવે છે. મૃતકની શ્વાસનળી પણ કાપી નાખવામાં આવી હતી. સગી જનેતાએ શારીરિક સુખ માટે પોતાના પ્રેમીને દીકરીની હત્યામાં સાથ આપ્યો હતો. એક કસાઈ જેમ પશુને કાપે તેમ સગીરાની હત્યા કરવામાં આવી હતી. સુરેન્દ્રનગરની કોર્ટે આરોપીઓને સજા સંભળાવતા મહત્ત્વનું અવલોકન નોંધ્યું હતું કે, ભય વિના પ્રીત નાહી. આવા ગુનામાં આજીવન કારાવાસથી ગુનાની ગંભીરતાનું પ્રમાણ ઘટતું નથી. સમાજની દુર્દશા અટકાવવા આવા લોકોમાં ભય જરૂરી છે. જેથી સુરેન્દ્રનગરની કોર્ટે માર્ચ ૨૦૨૧માં બંને આરોપીઓને ફાંસીની સજા ફટકારી હતી.

### વડોદરામાં ફરી એકવાર ઠગાઈનો કિસ્સો સામે આવ્યો

# ગોત્રીમાં બિલ્ડર દંપતીએ ૧૬૦થી વધુ લોકોને ઠગ્યા, પતિની ધરપકડ, પત્ની ફરાર

### રોકાણકારોને બિલ્ડર દંપતી છેલ્લાં ૫ વર્ષથી મકાન કે દુકાનનું પઝેશન આપી રહ્યાં નથી, ૧૦૦થી વધુ લોકોનું ટોળુ ગોત્રી પોલીસ સ્ટેશનમાં ઘૂસી ગયું

અમદાવાદ,તા.૧૬

વડોદરામાં ફરી એક વાર ઠગાઈનો કિસ્સો સામે આવ્યો છે. વડોદરાના ગોત્રીમાં બિલ્ડરે ૧૬૦થી વધોરે લોકોને છેતર્યા હોવાની ઘટના છે. રોકાણકારોને બિલ્ડર દંપતી ભીખુ કોરિયા અને શિલ્પા કોરિયા છેલ્લાં ૫ વર્ષથી મકાન કે દુકાનનું પઝેશન આપી રહ્યાં નથી. ૧૦૦થી વધુ લોકોનું ટોળુ ગોત્રી પોલીસ સ્ટેશનમાં ઘુસી ગયુ હતુ. ટોળાએ પોલીસ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. પોલીસ પર બિલ્ડર વિરૂદ્ધ ફરિયાદ ન નોંધવાનો લોકોએ આરોપ લગાવ્યો છે. ગોત્રીમાં આવેલા કિશન એમ્બ્રોસિયા સ્કીમના બિલ્ડર દંપતીનું આ કારસ્તાન કર્યું છે. લોકોએ જીવનભરની કમાયેલી મૂડી ઘર અને દુકાનમાં રોકી, બિલ્ડરે રોવડાવ્યા છે. એક મહિલા પોલીસ સ્ટેશનમાં જ રજૂઆત કરતાં સમયે બેભાન થયા હોવાથી તાત્કાલિક ધોરણે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી સારવાર આપવામાં આવી હતી.લોકોના દબાણ બાદ ગોત્રી પોલીસે બિલ્ડર દંપતી વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે. બિલ્ડર ભીખુ કિશન કોરિયાની પોલીસે ધરપકડ કરી છે. જ્યારે પત્ની શિલ્પા કોરિયા ફરાર છે.

### પુત્ર, પુત્ર વધુ અને પૌત્ર બાલી ફરવા ગયા

# બોપલમાં વૃદ્ધ દંપતી ઘરમાં સૂતા હતા અને ૧૩ લાખની ચોરી થઈ

**બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ**

અમદાવાદ, તા.૧૬

અમદાવાદમાં ચોરીના બનાવો દિવસે-દિવસે વધી રહ્યાં છે. પોલીસનું સઘન પેટ્રોલિંગ હોવા છતાં ચોરી કરનારા બેફામ બનીને ચોરીના ગુનાને અંજામ આપી રહ્યાં છે. ત્યારે શહેરના બોપલ વિસ્તારમાં ચોરીની ઘટના સામે આવી છે. જેમાં ઘરમાં પુત્ર તેની પત્ની અને સંતાન સાથે બાલી ફરવા ગયો હતો અને વૃદ્ધ દંપતિ ઘરમાં સુતા હતાં. તેમણે સવારે ઉઠીને જોયું તો ઘરમાં કેટલોક સામાન વેરવિખર હાલતમાં પડ્યો હતો અને રોકડા રૂપિયા તથા સોનાના દાગીના સાથે ચોરોએ ૧૩ લાખની ચોરી કરી હતી.

મળેલી માહિતી પ્રમાણે કિશોરભાઈ રાજપુરોહિતે બોપલ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ નિવૃત્ત જીવન ગુજારે છે અને તેમનો પુત્ર ગત ૧૧મી મેના રોજ પત્ની અને સંતાન સાથે ઈન્ડોનેશિયાના બાલી ખાતે ફરવા ગયો હતો. ઘરમાં બંને વૃદ્ધ દંપત્તી એકલા હતાં. ત્યારે રાત્રે સાડા અગિયાર વાગે દંપત્તિ સુઈ ગયા હતાં. તેમને સવારે કામકાજ અર્થે રાજસ્થાનના સુમેરપુર ખાતે આવેલા જુવાઈ ડેમ ખાતે જવાનું હોવાથી તેઓ સવારે વહેલા ત્રણેક વાગ્યે ઉઠ્યા હતાં અને ઘરમાં સામાન વેરવિખેર હાલતમાં પડેલો જોયો હતો. જેથી તેમણે પત્નીને પુછ્યું હતું કે, આ થેલો અને પર્સ સોફા પર કેમ પડેલા છે. ત્યાર બાદ તેમની પત્નીએ કહ્યું હતું કે, થેલામાં તેમના દાગીના મુક્યા હતાં. ત્યાર બાદ તેમણે દીકરાના બેડરૂમમાં જઈને જોયું તો કબાટના બધા ડ્રોઅર ખુલ્લા હતાં.જેમાં તેમના દીકરાની વહુના દાગીના મુકેલા હતા તે ચોરાઈ ગયા હતાં.

૨.૮૦ લાખનો ડાયમંડ જડતરમાં બનાવેલ આઠેક તોલાનો સોનાનો હાર, ૮૭ હજારની કિંમતનું મોટુ મંગળસુત્ર તથા કાનની ડાયમંડ વાળી બુટ્ટી, એક લાખની સોનાની લેડિઝ વિંટી નંગ-૫, ૭૦ હજારનું નાનુ મંગળસુત્ર તથા ડાયમંડ વાળી કાનની બુટ્ટી, ૫૨ હજારનો પેંડલબુટ્ટીનો સેટ, ૧.૭૫ લાખની સોનાની બંગડી, તે ઉપરાંત સાસુના દાગીનાની વાત કરીએ તો ૧.૪૦ લાખના સોનાના કડા, ૧ લાખનું ડાયમંડનું નાનું તથા મોટુ મંગળસુત્ર, ૩૫ હજારની કાનમા પહેરવાની સોનાની બુટ્ટી, પાંચ નંગ સોનાની નાની મોટી ચેઈન, ચાંદીના પાયલ ચાર સેટ, બે ચાંદીના સિક્કા તથા ચાંદીના પાયલ, ચાંદીના વાસણ, એક અરમાની કંપનીની કાંડા ઘડીયાળ અને મારા દિકરાની વહુના ના પર્સમાં આશરે ૨૫ હજાર રોકડા રૂપિયા મળી ૧૩.૧૬ લાખની ચોરી થઈ હોવાની ફરિયાદ બોપલ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

# શહેરની ૧૧ જેટલી સ્કૂલોમાં ક્રમિક વર્ગ ઘટાડા માટેની કાર્યવાહી હાથ ધરાશે

### સ્કૂલોને વર્ગ ઘટાડાના હિયરીંગ માટે ૨૧મીએ કચેરીએ હાજર રહેવા સૂચના

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ શહેરમાં આવેલી શાળાઓ પાસેથી ક્રમિક વર્ગ ઘટાડા માટેની દરખાસ્ત મંગાવવામાં આવી હતી. જેના અનુસંધાને અમદાવાદ શહેરની ૧૧ જેટલી સ્કૂલોના વર્ગ ઘટાડા માટે DEO કચેરી સમક્ષ દરખાસ્ત કરી હતી. જેથી હવે વર્ગ ઘટાડાની કાર્યવાહી માટે સ્કૂલોનું હિયરીંગ રાખવામાં આવ્યું છે. ૧૧ સ્કૂલોના વર્ગ ઘટાડા માટે ૨૧ મેના રોજ હિયરીંગનું આયોજન કરાયું હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ધો.૧૦ અને ધો.૧૨માં નક્કી કરવામાં આવેલી વિદ્યાર્થી સંખ્યા જળવાતી ન હોય તેવી શાળાઓ પાસેથી ક્રમિક વર્ગ ઘટાડા માટેની દરખાસ્તો મંગાવવામાં આવી હતી. વર્ગ ઘટાડા માટેની દરખાસ્ત કરવા માટે શાળાઓને સમય આપ્યા બાદ શહેરની ૧૧ જેટલી સ્કૂલોએ કચેરી સમક્ષ ક્રમિક વર્ગ ઘટાડા માટે દરખાસ્ત કરી હતી. જેથી હવે DEO કચેરી દ્વારા વર્ગ ઘટાડા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. વર્ગ ઘટાડા માટેની કાર્યવાહી પહેલા સ્કૂલોનુ રૂબરૂ હિયરીંગ રાખવામાં આવ્યું છે. જેમાં અમદાવાદ શહેરની ૧૧ સ્કૂલોના ક્રમિક વર્ગ ઘટાડા માટેનું હિયરીંગ ૨૧ મેના રોજ બપોર ૧૧ વાગ્યે કચેરી ખાતે રાખવામાં આવ્યું છે. વર્ગ ઘટાડા માટેનું હિયરીંગ પુર્ણ થયા બાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સ્કૂલોના વર્ગ ઘટાડાના આદેશ કરવામાં આવશે. આમ, આ સ્કૂલોમાં વિદ્યાર્થી સંખ્યા જળવાતી ન હોવાના લીધે હિયરીંગ બાદ તાકીદે નિર્ણય જાહેર કરાશે. જેથી નવા શૈક્ષણિક વર્ષ પહેલા વર્ગ ઘટાડો થઈ જશે. અમદાવાદની જે સ્કૂલોએ વર્ગ ઘટાડા માટે દરખાસ્ત કરી છે, તેમાં રાયખડની આઈ.પી. મિશન સ્કૂલ, બાપુનગરની સાધના વિદ્યાલય, નારણપુરાની વિશ્વનિકેતન હાઈસ્કૂલ, પીબીડી જોષી હાઈસ્કૂલ, સરદારનગરની સાધુ વાસણીવાણી સ્કૂલ, રાયપુર દરવાજાની જી.સી. ગર્લ્સ હાઈસ્કૂલ, સરદારનગરની રેવાબા વિદ્યા વિહાર હાઈસ્કૂલ, જીવકોર વનીતા કન્યા વિદ્યાલય, ધ્રુવ એજ્યુકેશન હાઈસ્કૂલ, સરસપુરની શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલય અને નરોડાની ગાયત્રી વિદ્યાલયનો સમાવેશ થાય છે.

# જૂનાગઢના નરસિંહ મહેતા સરોવરના નવીનીકરણની કામગીરી ઝડપભેર પૂર્ણ કરવા મુખ્યમંત્રીને રજૂઆત

### ધારાસભ્ય સંજય કોરડિયા દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખાયો

જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયા દ્વારા રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખાયો છે કે જૂનાગઢ શહેરમાં હાલ મહાનગરપાલિકા દ્વારા ચાલી રહેલ શહેરની મધ્યમાં આવેલ નરસિંહ મહેતા સરોવરના નવીનીકરણની કામગીરી ગોકળગાયની ગતિથી ચાલી રહી છે. ગત વર્ષે શહેરમાં આ કામગીરીમાં કોન્ટ્રાકટર અને અધિકારીઓની બેદરકારીને કારણે વરસાદના પાણી રહેણાંક વિસ્તારોમાં ઘુસ્યા હતા અને કુત્રિમ પુર હોનારતની પરિસ્થિતી ઉભી થયેલ જેને કારણે લોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. ચાલુવર્ષે આ બાબતનું પુનરાવર્તન ના થાય તે બાબતની તકેદારી/ કે કોઈ પ્રિ-પ્લાનીંગ મહાનગરપાલિકા દ્વારા કે કોન્ટ્રાકટર ધ્વારા કરવામાં આવેલ નથી. જળસંગ્રહએ પાણીની સમસ્યા હલ કરવા માટે ઝાંઝરડા રોડ જોષીપરા તેમજ આસપાસની સોસાયટીઓમાં મુખ્ય જરૂરત હોઈ જે બાબતને ધ્યાને લઈ આકામગીરી મોનસુન પહેલા પુર્ણ થવી જોઈએ. હાલ કામની મુદત પણ પૂર્ણ થયેલ છે પરંતુ કામ પુર્ણ થયેલ નથી. હવે ચોમાસાને દોઢ માસ જેવો સમય બાકી છે. હાલની કામની ધીમી ગતિ જોતા દોઢ માસમાં કામ પુરુ થાય તેવુ લાગતુ નથી. ફરીથી વરસાદ થશે એટલે ગત વર્ષની જેમ કૃત્રિમ હોનારત સર્જાશે ત્યાં રહેણાંક વિસ્તારમાં નાના માણસો રહે છે તેની આર્થિક પરિસ્થિતી સાવ સાધારણ છે. ફરીથી પાછુ ત્યાં દીવાલ નબળી હોવાના કારણે સર્જાનાર પરિસ્થિતીની અસર આ લોકોને થશે એના જવાબદાર કોણ ? આ બાબતે મહાનગપાલિકા અને કોન્ટ્રાકરનુ ધ્યાન દોરવા છતા આ બાબતની ગંભીરતા લેવામાં આવેલ નથી કોઈ એકશન લેવાયેલ નથી કે આવનાર સમય માટેનો પ્રિ-એકશન પ્લાન કરેલ હોય તેવુ લાગતુ નથી. જે ધ્યાને લઈ તાકીદે લોકહિતમાં આ કામગીરી ઝડપભેર પૂર્ણ કરવા અનુરોધ કર્યો છે. જો કે ધારાસભ્યના આ પત્ર એ સ્થાનિક રાજકારણમાં ભારે ચર્ચા જગાવી છે. જુનાગઢ ભાજપમાં જૂથબંધી બહાર આવી છે. જૂનાગઢ શહેર ભાજપમાં ત્રણ, ચાર જૂથો છે.

### જૂનાગઢ લોકસભા બેઠક તથા માણાવદર પેટાચૂંટણી પ્રચારમાં સંપૂર્ણ અલિપ્ત રહ્યા હતા !

# પક્ષ વિરોધી પ્રવૃત્તિના આક્ષેપોનો સામનો કરી રહેલ પૂર્વમંત્રી નવાજૂની કરશે !

### ચૂંટણી બાદ વિદેશથી આવી સમર્થકો સાથે બેઠક કરતા ચર્ચાની સાથે માહોલ ગરમ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૬

જૂનાગઢ લોકસભા અને માણાવદર વિધાનસભા પેટાચૂંટણીના પ્રચાર-પ્રસારમાં ભાજપના પૂર્વમંત્રી અલિપ્ત રહ્યાના આક્ષેપો અને તેઓ વિરૂદ્ધ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવાની પાર્ટી હાઈકમાન્ડને ઉમેદવારે ફરિયાદ કર્યા બાદ અચાનક પૂર્વ કેબિનેટ મંત્રી જવાહર ચાવડા જાહેરમાં દેખાયા છે, અને ભાજપના ઉમેદવારોને હરાવવા પ્રયાસો કર્યાના આક્ષેપો વચ્ચે તેઓએ માણાવદરમાં સમર્થકો સાથે બેઠક યોજતા આગામી દિવસોમાં નવાજૂનીના એંધાણ વર્તાઈ રહ્યા છે એટલે કે પક્ષ દ્વારા તેમની સામે કોઈ પગલાં લેવાય તે પહેલા જ તેઓ કોઈપણ નિર્ણય લે તેવી શકયતા દર્શાવાઈ રહી છે. જયારથી લોકસભાની ચૂંટણી જાહેર થયેલ છે. ત્યારથી પૂર્વ કેબિનેટ મંત્રી જવાહર ચાવડા ભાજપની એકેય સભા, સરઘસ, બેઠકોમાં હાજર રહ્યા ના હતા. અને તમામમાં ગેરહાજર જેવા મળ્યા હતા. વડાપ્રધાન, મુખ્યમંત્રી, પ્રદેશ ભાજપ પ્રમુખની હાજરીમાં યોજાયેલ તમામ કાર્યક્રમોમાં જવાહર ચાવડાની સૂચક ગેરહાજરી ઉડીને આંખે વળગી હતી. જેને લઈને મતદાન બાદ લોકસભા વિધાનસભાની બેઠક માટે મતદાન પૂર્ણ થયા બાદ માણાવદરના ઉમેદવાર અરવિંદ લાડાણીએ પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલને પત્ર પાઠવીને ફરિયાદ કરી હતી. જેમાં જણાવાયું હતું કે જવાહર ચાવડાના પુત્ર રાજ ચાવડાએ મતદાન પૂર્વે પોરબંદરના ઉમેદવાર મનસુખ માંડવીયા અને માણાવદરના ઉમેદવાર અરવિંદ લાડાણીને હરાવવા માટે બેઠકો કરીને કોંગ્રેસ તરફી મતદાન કરવા અપીલ કરી પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી હતી. તેના પછી ગઈકાલે વિદેશથી આવ્યા બાદ જવાહર ચાવડાએ માણાવદરમાં તેમના સમર્થકો સાથે બેઠક કરી હતી, જો કે આ બેઠક વિદેશથી આવ્યા બાદ શુભેચ્છા મુલાકાત હોવાનું જણાવાઈ રહ્યું છે, પરંતુ આ બેઠક નવાજૂનીના એંધાણ દર્શાવી રહ્યા છે. રાજકીય માહોલની ગરમી વચ્ચે જવાહર ચાવડા ભાજપ મોવડી મંડળના પગલાંની રાહ જુએ છે કે તે પહેલા જ કંઈક નવાજૂની કરે છે તે અંગે ચર્ચાઓ શરૂ થઈ જવા પામી છે.

## તેજસ્વી તારલા

તાજેતરમાં ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષાના જાહેર થયેલા પરિણામમાં સૈયદ મિસ્બાહઝહેરા મોહંમદરઝાએ



ઝળહળતી સફળતા મેળવી ઘર-પરિવાર તેમજ શાળા અને સમાજનું ગૌરવ વધાર્યું છે. મિસ્બાહઝહરાએ ૯૨.૪૬ પર્સન્ટાઈલ રેન્ક સાથે એ-૨ ગ્રેડ મેળવ્યો છે. તેમણે અર્થશાસ્ત્રમાં ૧૦૦માંથી ૯૨ જયારે આંકડા શાસ્ત્રમાં ૧૦૦માંથી ૯૫ ગુણ મેળવી પ્રતિભાનો પરિચય આપ્યો છે.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં શેખ મોહંમદ ફાઈઝ



મો. ફારૂકએ બી-૨ ગ્રેડ મેળવી સિદ્ધિ હાંસલ કરી છે.

રાધનપુરા સુહાની તૌફિકએ



ધોરણ-૧૦ના પરિણામમાં ૯૫.૩૯ પી.આર. સાથે એ-૨ ગ્રેડ મેળવી શાળા અને પરિવારનું નામ રોશન કર્યું છે.

ધોરણ-૧૦ના પરિણામમાં મારફતિયા મનિફતારા ગુલામ મોહંમદે ૯૧.૧૩ પી.આર. સાથે એ-૨ ગ્રેડ મેળવી પરિવારનું નામ રોશન કર્યું છે.

તાજેતરમાં ધો.૧૦ એસએસસી બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું. જેમાં સુરતની કુરેશી સાનિયા ઝુબેરે ૯૦.૯૪ પર્સન્ટાઈલ રેન્ક સાથે એ-૨ ગ્રેડ



મેળવી પરિવાર સહિત સમાજનું નામ રોશન કર્યું છે. તેણીએ વિજ્ઞાન અને ગણિત વિષયમાં અનુક્રમે ૯૦ અને ૯૩ માર્કસ મેળવી ઝળહળતી સફળતા હાંસલ કરી છે.

ધોરણ-૧૦ના પરિણામમાં મેમણ નુરેફાતેમા મોહંમદઆસીફે ૯૭.૬૬



પી.આર. સાથે એ-૨ ગ્રેડ મેળવી સિદ્ધિ હાંસલ કરી છે.

ઝરગર અલીના સરફરાજ અહેમદે ધોરણ-૧૦ના પરિણામમાં ૯૩.૯૬ પી.આર. સાથે એ-૨ ગ્રેડ



મેળવી સિદ્ધિ હાંસલ કરી છે. તેણીએ બેઝિક મેથ્સમાં ૯૯ ગુણ મેળવ્યા છે.

ધોરણ-૧૦ના પરિણામમાં મારફતિયા મુનતહાબાનુ



ફઝલમહેમુદએ A-2 ગ્રેડ સાથે ૮૬.૦૩ પી.આર. મેળવી પરિવારનું ગૌરવ વધાર્યું છે.

### અમદાવાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટી દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

# ગોમતીપુરના ચારતોડા કબ્રસ્તાન અંગે ચાલી રહેલા વિવાદ મામલે મોટા ખુલાસા કર્યા

અમદાવાદ,તા.૧૬

અમદાવાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટીની માલિકી અને વહીવટી તાબા હેઠળ અમદાવાદમાં ગોમતીપુરમાં ચારતોડા કબ્રસ્તાન આવેલુ છે તેને લઈ જે વિવાદ હાલ ચાલી રહ્યો છે તે મામલે એક પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં કેટલીક વિગતો લોકો સમક્ષ મુકવામાં આવી હતી. સુન્ની મુસ્લિમ વકફ કમિટી દ્વારા ૧૯૬૯ કોમી તોફાનો દરમ્યાન બેઘર થયેલા ૧૧૪ કુટુંબોને ચારતોડા કબ્રસ્તાને કામચલાઉ ધોરણે રહેવાની પરવાનગી આપી હતી, ત્યાર બાદ તેમની પાસેથી લાયસન્સ ફી લેવાનું ચાલુ કર્યું હતુ. જો કે ત્યાર બાદ કહેવા છતાં તે લોકોએ જગ્યા ખાલી ન કરી હતી અને દિવસે દિવસે કબ્રસ્તાનમાં દબાણ વધતુ જતું હતું. હાલ ૧૧૪ની જગ્યાએ ૬૦૦થી વધુ ઝૂંપડા અને કાચા પાકા મકાનો બની ગયા છે. વળી ૧૯૯૯થી અહીંના લોકો પાસેથી કોઈપણ જાતની લાયસન્સ ફી લેવામાં આવતી નથી. આમ આ લોકો વકફ એકટ પ્રમાણે વકફના લાયસન્સી કે ભાડૂઆત નથી. વળી કબ્રસ્તાનમાં દારૂ અને ડ્રગ્સ વેચાવાની ઘટનાઓ પણ સામે આવી છે. આ અંગે વકફ કમિટીએ માધ્યમોમાં જાહેરખબર છપાવી પાંચમી મેથી કબ્રસ્તાનના જાળી ઝાંપા વાહનો માટે બંધ કરવામાં આવશે. તેવી સુચના આપી હતી જો કે ચૂંટણીને લઈ તેનો અમલ કર્યો ન હતો. આ અંગેની જાણ ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં પણ કરવામાં આવી હતી. આ મામલે વાંધા ઉભા થતા વકફના પ્રમુખ રૂબરૂ મુલાકાત માટે ચારતોડા કબ્રસ્તાન ગયા હતા. તેમની સાથે અન્ય સભ્યો પણ હતા. ત્યાં લોકોનું ટોળું એકઠું થઈ જતા કમિટીના સભ્યોને જાનનું જોખમ ઉભું થતા પોલીસને બોલાવી ત્યાંથી બહાર નીકળ્યા હતા. આ અંગે માધ્યમો અને સોશિયલ મીડિયામાં જે અફવાઓ ફેલાવવામાં આવી રહી છે તે વકફ કમિટી અને લોકલ કમિટીને બદનામ કરવાનું કાવતરૂ છે એમ અમદાવાદ સુન્ની વકફ કમિટીના પ્રમુખે એક યાદીમાં જણાવ્યું છે.

### પ્રવાસે જઈ રહેલી કારના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો

# બેકાબૂ બનેલી કાર ઓટલે સૂતેલા વૃદ્ધને કચડી દુકાનમાં ઘૂસી

### દુકાનમાં ભારે નુકસાન : બાઈકને પણ હવામાં ફંગોળી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

ઉનાની ખાઉગલીમાં આવેલી પાઉંભાજીની દુકાનમાં વહેલી સવારે એક કાર ધડાકાભેર દુકાનમાં ઘૂસી ગઈ હતી. દુકાન બહાર સૂતેલા એક વૃદ્ધ ઉપર કાર ફરી વળતા તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદમાં રહેતો પરિવાર કારમાં ફરવા નીકળ્યો હતો અને ઉનાથી દીવ તરફ જઈ રહ્યો હતો ત્યારે અચાનક ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને કાર સીધી જ દુકાનમાં ઘૂસી ગઈ હતી. કાર આટલી બધી સ્પીડમાં હતી કે અકસ્માત સર્જાતા કારની અંદર એરબેગ પણ ખુલ્લી ગયા હતા. આ કારમાં એકજ પરિવારના બાળકો સહિત ચાર જેટલા વ્યક્તિઓ સવાર હતા. કારમાં બેઠેલા ચાર વ્યક્તિઓમાંથી એક બાળક મિહિરને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જયારે અન્ય વ્યક્તિઓને નાના-મોટી ઈજા પહોંચતા તમામને ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઉના ખાનગી હોસ્પિટલે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. કાર જે દુકાનમાં ઘૂસી ગઈ હતી તે દુકાનના ઓટલે દિનેશભાઈ ગાંધી નામના વૃદ્ધ સુતા હતા. તેમની ઉપર કાર ફરી વળતા લોહીલુહાણ હાલતમાં તેમનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. આ અકસ્માત સર્જાતા રસ્તા પર પસાર થતા વાહનચાલકો તેમજ આજુબાજુના લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા અને રસ્તા ઉપર ટ્રાફિકના દૃશ્યો સર્જાયા હતા. જેથી પોલીસે પણ ઘટનાસ્થળે પહોંચી જઈ રસ્તા પર ટ્રાફિકને દૂર કરવાની તજવીજ હાથ ધરી હતી. કારના આગળનો બોનેટનો ભાગનો બુકડો બોલી ગયો હતો. અકસ્માતની જાણ નાઘેર પાંઉભાજીની દુકાનના માલિક બિપીન છગનભાઈ બાંભણીયાને થતાં તેઓ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અમદાવાદનો પરિવાર જે કારમાં સવાર હતો તે કારના આગળના ભાગે ગવર્મેન્ટ ઓફ ગુજરાતનું બોર્ડ લગાવેલું હતુ તેમજ પાછળના ભાગે કાચમાં ડૉક્ટરનો સિમ્બોલ મારેલો જોવા મળ્યો હતો. આ અકસ્માતમાં વૃદ્ધનું મોત નીપજતા તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. આ અંગે પોલીસે આગળની વધુ તપાસ માટે તજવીજ હાથ ધરી હતી.

# સાઈબર ગુનાઓ અંગે WhatsApp અને Skype કોલ્સ બાબતે સરકારે ચેતવણી જારી કરી

(એજન્સી) તા.૧૬

ગૃહ મંત્રાલયે પોલીસ અધિકારીઓ પછી હવે સાયબર ગુનેગારો દ્વારા 'ડિજિટલ ધરપકડ' કૌભાંડ અંગે ચેતવણી આપી છે. છેતરપિંડી કરનારાઓ નકલી પાર્સલ ડિલિવરી અથવા નકલી ધરપકડ જેવી વિવિધ યુક્તિઓનો ઉપયોગ કરે છે. ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર છેતરપિંડીની પ્રવૃત્તિઓને રોકવા અને સોશિયલ મીડિયા પર ચેતવણીઓ આપવા માટે માઈક્રોસોફ્ટ સાથે સહયોગ કરી રહ્યું છે. આ અંગે સતર્ક રહેવું જોઈએ અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની જાણ કરવી જોઈએ.

દેશમાં વધતા જતાં સાયબર ગુનાઓ અંગે ભારત સરકાર આ એક નવા પ્રકારની ઓનલાઈન છેતરપિંડી સામે ચેતવણી આપી રહી છે જેને 'ડિજિટલ ધરપકડ' તરીકે ઓળખવામાં આવે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પીડિતો પાસેથી પૈસા પડાવવા માટે પોલીસ અધિકારીઓ તરીકેનો ઢોંગ કરતા સાયબર ગુનેગારો સામે ચેતવણી જારી કરી છે. મંત્રાલયનું કહેવું છે કે તેને નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCRP) પર પોલીસ ઓથોરિટી, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI), નાર્કોટિક્સ વિભાગ, ભારતીય રિઝર્વ બેંક (RBI), એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓ તરીકે દર્શાવતા સાયબર ગુનેગારો દ્વારા ધાકધમકી, બ્લેકમેલ, ખંડણી અને 'ડિજિટલ ધરપકડ' અંગે મોટી સંખ્યામાં ફરિયાદો મળી છે.

**ડિજિટલ ધરપકડ શું છે અને આ કૌભાંડ કેવી રીતે કામ કરે છે ?**

આ સાયબર ગુનેગારોની મોડસ ઓપરેન્ડી અંગે મંત્રાલયે કહ્યું છે કે આ છેતરપિંડી કરનારાઓ સામાન્ય રીતે સંભવિત પીડિતને કોલ કરે છે અને માહિતી આપે છે કે તેણે ગેરકાયદે સામાન, ડ્રગ્સ, નકલી પાસપોર્ટ અથવા અન્ય કોઈપણ પ્રતિબંધિત આઈટમ ધરાવતું પાર્સલ મોકલ્યું છે અથવા તે પ્રાપ્તકર્તા છે. તેઓ પીડિતને એ પણ જાણ કરી શકે છે કે તેમના પરિવારના કોઈ સભ્ય અથવા મિત્ર આ ગુનામાં અથવા અકસ્માતમાં સામેલ હોવાનું જણાયું છે અને તે તેમની કસ્ટડીમાં છે. આ છેતરપિંડી



કરનારાઓ એ પછી 'કેસ'માં સમાધાન કરવા પૈસાની માંગ કરે છે. પીડિતોને સ્કાયપે અથવા અન્ય અન્ય વીડિયો કોન્ફરન્સિંગ એપ પર વિઝ્યુઅલી ઉપલબ્ધ રહેવાનું કહેવામાં આવે છે, જેને 'ડિજિટલ અરેસ્ટ' કહેવામાં આવે છે. મંત્રાલયનું કહેવું છે કે આ છેતરપિંડી કરનારાઓ પોલીસ સ્ટેશનો અને સરકારી કચેરીઓના નમૂનારૂપ સ્ટુડિયોનો ઉપયોગ કરે છે અને અસલી દેખાવા માટે યુનિફોર્મ પણ પહેરે છે. ગૃહ મંત્રાલયનું કહેવું છે કે આ છેતરપિંડીઓનો સામનો કરવા માટે તે અન્ય મંત્રાલયો અને તેમની એજન્સીઓ, આરબીઆઈ અને અન્ય સંસ્થાઓ સાથે કામ કરી રહ્યું છે. ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C)એ તાજેતરમાં માઈક્રોસોફ્ટના સહયોગથી આવી પ્રવૃત્તિઓમાં સામેલ ૧,૦૦૦થી વધુ Skype IDને બ્લોક કર્યા છે. તે આવા છેતરપિંડી કરનારાઓ દ્વારા ઉપયોગમાં લેવાતા સિમ કાર્ડ્સ, મોબાઈલ ઉપકરણો અને ખચ્ચર એકાઉન્ટ્સને અવરોધિત કરવાની પણ સુવિધા આપે છે. આ પ્રકારની છેતરપિંડી વિશે સાવચેત રહેવા અને જાગૃતિ ફેલાવવાની સલાહ આપવામાં આવે છે. જો કોઈને આવા કોલ્સ આવે, તો નાગરિકોએ તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ અથવા www.cybercrime.gov.in પર મદદ માટે જાણ કરવી જોઈએ.

# કેનેડાની જસ્ટિન ટ્રુડો સરકારે ઈન્ફોસિસ પર ૮૨ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો

(એજન્સી) તા.૧૬

કેનેડામાં ઈન્ફોસિસને કર્મચારીના સ્વાસ્થ્ય કરની ઓછી ચુકવણી માટે રૂા.૮૨ લાખથી વધુના દંડનો સામનો કરવો પડી રહ્યો છે. જસ્ટિન ટ્રુડોની આગેવાની હેઠળની સરકાર દ્વારા લાદવામાં આવેલ દંડ, કેનેડામાં તેની નોંધપાત્ર હાજરી હોવા છતાં, ઈન્ફોસિસની કામગીરીને ખાસ કોઈ અસર કરશે નહીં. આ દંડ કેનેડાના પસંદગીના પ્રાંતોમાં એમ્પ્લોયી હેલ્થ ટેક્સ (EHT) સાથે સંબંધિત છે. ઈન્ફોસિસ કેનેડામાં ૮૨ લાખ રૂપિયાથી વધુના દંડનો સામનો કરી રહી છે. મીડિયાના અહેવાલ મુજબ જસ્ટિન ટ્રુડોની આગેવાની હેઠળની સરકારે ભારતીય આઈટી કંપની પર ૧.૩૪ લાખ કેનેડિયન ડોલરનો દંડ લગાવ્યો છે. કેનેડાની સરકારે આરોપ લગાવ્યો હતો કે, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ પૂરા થયેલા વર્ષ માટે કર્મચારી સ્વાસ્થ્ય કરની ઓછી ચૂકવણીને કારણે ઈન્ફોસિસ પર દંડ લાદવામાં આવ્યો હતો.

**કેનેડા સરકારે શું કહ્યું :**

અહેવાલ મુજબ બેંગ્લુરૂ સ્થિત ઈન્ફોસિસને ગયા અઠવાડિયે કેનેડાના નાણા મંત્રાલય તરફથી ઓર્ડર મળ્યો હતો. આ આદેશમાં કંપની પર ૧,૩૪,૮૨૨.૩૮ કેનેડિયન ડોલરનો દંડ લગાવવામાં આવ્યો છે. કંપનીના નિયમનકારી ફાઈલિંગમાં નોંધવામાં આવ્યું કે, "૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ પૂરા થયેલા વર્ષ માટે કર્મચારી હેલ્થ ટેક્સની કથિત ઓછી ચુકવણી પર દંડ લાદવામાં આવ્યો."

**ઈન્ફોસિસે દંડ અંગે શું કહ્યું :**

કેનેડિયન દંડના જવાબમાં ઈન્ફોસિસે કહ્યું કે, દંડની કંપનીની નાણાકીય કામગીરી અથવા અન્ય પ્રવૃત્તિઓ પર કોઈ દેખીતી અસર થશે નહીં. ઈન્ફોસિસ કેનેડામાં વ્યાપક હાજરી ધરાવે છે. જેમાં સમગ્ર દેશમાં કંપનીની અનેક સ્થળોએ ઓફિસ આવેલી છે. આમાં આલ્બર્ટા, ઑન્ટેરિયોનું મિસિસોગા, બ્રિટિશ કોલંબિયાના બર્નાબી અને ઑન્ટેરિયો (ઓટાવા)માં અન્ય એકનો સમાવેશ થાય છે.




**કેનેડાનો એમ્પ્લોયી હેલ્થ ટેક્સ (EHT) શું છે :**

એમ્પ્લોયી હેલ્થ ટેક્સ (EHT)એ ઓન્ટેરિયો અને બ્રિટિશ કોલંબિયા જેવા પસંદગીના કેનેડિયન પ્રાંતોમાં નોકરીદાતાઓ પર લાદવામાં આવેલ ફરજિયાત પેરોલ ટેક્સ છે. આ કરની ગણતરી કર્મચારીઓના વળતરના વિવિધ સ્વરૂપોના આધારે કરવામાં આવે છે, જેમાં પગાર, બોનસ, કરપાત્ર લાભો અને સ્ટોક વિકલ્પોનો સમાવેશ થાય છે. તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય પ્રાંતની અંદર આરોગ્યસંભાળ સેવાઓના ભંડોળમાં યોગદાન આપવાનો છે.

ઉદાહરણ તરીકે, ઑન્ટારિયોમાં, EHTએ કર્મચારીઓના મહેનતાણા પર એમ્પ્લોયર દ્વારા ચૂકવવામાં આવવી જોઈએ જેઓ:

- ઑન્ટેરિયોમાં એમ્પ્લોયરની કાયમી ઓફિસ પર પ્રત્યક્ષ રીતે કામ કરતાં હોય.
- ઑન્ટેરિયોમાં નોકરીદાતાની કાયમી ઓફિસ સાથે સંકળાયેલા હોય.
- એમ્પ્લોયરની કોઈપણ કાયમી ઓફિસમાં પ્રત્યક્ષ રીતે કામ કરતાં ન હોય પરંતુ ઑન્ટેરિયોની કાયમી ઓફિસમાંથી અથવા તેના દ્વારા ચુકવણી મેળવતા હોય.

# બંગાળની રાજકીય હિંસક સંસ્કૃતિ બદલવાની જવાબદારી તેના નેતાઓ પર છે : તૃણમૂલ સુપરસ્ટાર ઉમેદવાર દેવ

**તેમણે કહ્યું, 'નેતાઓ અને તેમના અનુયાયીઓ બંનેને બદલવાની જરૂર છે, મતદારોએ એવા લોકોને મત આપવો જોઈએ જેઓ લાયક છે અને જેઓ તેમના જીવનમાં પરિવર્તન લાવશે, તેઓએ સ્ટેજ પર બકવાસ કરનારાઓને નહીં પણ એવા નેતાઓને મત આપવો જોઈએ જે લોકોનો આદર કરે છે'**



(એજન્સી) તા.૧૬

તૃણમૂલ કોંગ્રેસના સુપરસ્ટાર ઉમેદવાર અને ત્રીજી ટર્મ માટે મહત્વાકાંક્ષી સાંસદ દીપક અધિકારી ઉર્ફે દેવે જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં રાજકીય હિંસાની સંસ્કૃતિને બદલવાની સખત જરૂર છે અને તેની મુખ્ય જવાબદારી રાજ્યના રાજકીય નેતાઓની છે.

બંગાળના ચોક્કસ ખિસ્સામાં ચૂંટણી સંબંધિત હિંસાનું ચિત્ર જાણીતું હોવા છતાં પહેલાં ત્રણ તબક્કાઓ પ્રમાણમાં શાંતિપૂર્ણ રહ્યા પછી ચૂંટણીના ચોથા તબક્કાના મતદાન બાદ રાજકીય હિંસા થઈ હોવાની જાણ થઈ હતી. મીડિયા સાથે વાત કરતા અધિકારીએ દાવો કર્યો કે, તેણે રાજ્યના પશ્ચિમ મિદનાપુર જિલ્લામાં ઘાટલનો ગૃહ મતવિસ્તાર ઘાટલમાંથી આવા ફેરફારોની શરૂઆત કરી છે.

દેવે કહ્યું, "અલબત્ત, હું હિંસાની નોંધાયેલી ઘટનાઓથી ચિંતિત છું. એટલે જ હું મારા પ્રચાર દરમિયાન અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવાથી સખત રીતે દૂર રહું છું. હું ક્યારેય એવું કંઈ બોલતો નથી કે, જે મારા અનુયાયીઓને લડવા માટે ઉશ્કેરે, શું રાજકીય લડાઈ થવી જોઈએ, મને લાગે છે કે, તેમના કાર્યકરોને હિંસાથી દૂર રાખવાની જવાબદારી મુખ્યત્વે બંગાળના નોતાઓની છે.

અભિનેતા-નેતા TMC ઉમેદવાર અને પદ્મશ્રી એવોર્ડ વિજેતા કાલીપદા સોરેનના સમર્થનમાં ઝારગ્રામમાં તેમના રોડ શો પછી બોલી રહ્યા હતા.

સોમવારે મતદાન દરમિયાન દિવસભર દુર્ગાપુર અને બીરભૂમમાંથી હિંસાના છૂટાછવાયા બનાવો નોંધાયા હતા, જ્યારે ટીએમસી અને ભાજપના સમર્થકો વચ્ચે બંને પક્ષોના કાર્યકરો સાથે ઘર્ષણના પરિણામે અને ભાજપના ઉમેદવાર દિલીપ ઘોષના ઓછામાં ઓછા એક સુરક્ષાકર્મી ઘાયલ થયા હતા. એક ટીએમસી કાર્યકર. કેતુગ્રામ, બીરભૂમમાં મતદાનના માંડ કલાકો પહેલાં હત્યા કરાયેલી મળી આવી હતી.

દેવે કહ્યું, "નેતાઓ અને તેમના અનુયાયીઓ બંનેને બદલવાની જરૂર છે. મતદારોએ એવા લોકોને મત આપવો જોઈએ જેઓ લાયક છે અને જેઓ તેમના જીવનમાં પરિવર્તન લાવે છે. તેઓએ સ્ટેજ પર બકવાસ કરનારાઓને નહીં પણ એવા નેતાઓને મત આપવો જોઈએ જે લોકોનો આદર કરે છે."

તેણે આગળ કહ્યું, "હું વિશ્વને બદલી શકતો નથી, પરંતુ જો હું મારી જાતને બદલી શકું અને જો લોકો મારામાં તે પરિવર્તન જોઈ શકે અને કંઈક શીખી શકે, તો મને લાગે છે કે મારું કામ કરી દીધું છે."

સોમવારના મતદાન દરમિયાન દિવસ કેટલો આનંદદાયક રીતે શરૂ થયો હતો જ્યારે બર્દવાન-દુર્ગાપુર બેઠકના બે વિરોધી ઉમેદવારો, દિલીપ ઘોષ અને ટીએમસીના કીર્તિ આઝાદ તકની મીટિંગ દરમિયાન એકબીજાને શુભેચ્છા પાઠવતા અને ગળે લગતા જોવા મળ્યા હતા અને તે કેટલી ઝડપથી હુમલાઓમાં બગડ્યું હતું. ભાજપના ઉમેદવારનો કાફલો અને પોલીસ સાથે અથડામણ થવા લાગી હતી, દેવે કહ્યું કે, તે પણ ઘટનાક્રમથી દુઃખી છે.

અધિકારીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાજકીય નેતાઓએ તેમના રાજકીય જોડાણને ધ્યાનમાં લીધા વિના પ્રથમ "કામદારો વચ્ચે મિત્રતા"નો સંદેશ ફેલાવવો જોઈએ.

દેવે જાહેર કર્યું કે, તેમણે તેમના ગૃહ મતવિસ્તારમાં TMC કાર્યકરોને "કડક સંદેશ" મોકલ્યો છે કે, જો તેઓ પ્રચાર દરમિયાન તેમના ભાજપ સમકક્ષો સાથે સામસામે આવે તો આવા નારા ન લગાવે જોય બાંગ્લા પણ નહીં. અધિકારીએ ઝારગ્રામ જેવા આદિવાસી પટ્ટામાં મતદારો સુધી પહોંચવા માટે તેમની પાર્ટી પાસે તેમના "સ્ટાર પાવર"ની જરૂર ના હોવાનો દાવો કર્યો અને કહ્યું કે, આ પગલામાં કંઈ ખોટું નથી.

દેવે દલીલ કરી કે, "મને લાગે છે કે, હું પણ પાર્ટીનો સ્ટાર પ્રચારક છું. દીદી અને અભિષેકની જેમ હું પણ રાજ્યની મોટાભાગની બેઠકો પર જઈ રહ્યો છું. જો હું એક બેઠક કે ઉમેદવારને પણ મદદ કરી શકું તો કેમ નહીં ?"

# 'સરમુખત્યારોનો અંત હાથકડી અને શબપેટી સાથે થાય છે' : અર્થશાસ્ત્રી પરકલા પ્રભાકરે ચૂંટણી પછી મોદી અને ભાજપના ભવિષ્યની વાત કરી

**પરકલા પ્રભાકરે આગાહી કરી હતી કે ભાજપ આ ચૂંટણીમાં ૨૦૦થી ૨૨૦ લોકસભા બેઠકો વચ્ચે જીતશે જ્યારે રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન બહુમતીના આંકડાથી નીચે જશે. પરકલા પ્રભાકરે એમ પણ જણાવ્યું હતું કે ૫ જૂને બિન-ભાજપ સરકારની રચના થશે એવી તેઓ અપેક્ષા રાખે છે**

(એજન્સી) તા.૧૬

**લોકસભા ચૂંટણી ૨૦૨૪:** પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી અને ભારતીય જનતા પાર્ટીના ટીકાકાર પરકલા પ્રભાકર, જે ભાજપના નેતા અને નાણામંત્રી નિર્મલા સીતારમણના પતિ પણ છે, તેમણે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પાર્ટી ૨૫૫ લોકસભા બેઠકો જીતશે, જે તેમના "૪૦૦ પાર" દાવાથી વિરોધાભાસી છે. આ અર્થશાસ્ત્રીએ કહ્યું હતું કે લગભગ બધા સરમુખત્યારોનો અંત હાથમાં હાથકડી અથવા શબપેટી સાથે થાય છે. ધ વાયર સાથેની મુલાકાત દરમિયાન, પરકલા પ્રભાકરે આગાહી કરી હતી કે ભાજપ ૨૦૦થી ૨૨૦ લોકસભા બેઠકો જીતશે જ્યારે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) બહુમતીના આંકડાથી નીચે જશે. ધ વાયરના કરણ થાપરે પરકલા પ્રભાકરને પૂછ્યું કે, જો ભાજપ તમારી અપેક્ષા મુજબ ખરાબ પ્રદર્શન કરે છે, તો તમે નરેન્દ્ર મોદી માટે શું ભવિષ્ય જુઓ છો ? તેના પર, અર્થશાસ્ત્રીએ જવાબ આપ્યો કે, તમે જાણો છો કે આ એક જટિલ પ્રશ્ન છે, પરંતુ જો તમે વિશ્વના ઈતિહાસમાં જુઓ તો, લગભગ તમામ સરમુખત્યારોના શાસનનો અંત તેમના હાથમાં હાથકડી અથવા શબપેટી થાય છે. પરકલા પ્રભાકરે જણાવ્યું હતું કે લોકસભા ચૂંટણીના પરિણામો આવશે તેના બીજા દિવસે, ૫ જૂને તેઓ બિન-ભાજપ સરકારની રચના થવાની અપેક્ષા રાખે છે. કેટલાક રાજ્યો પરની તેમની આગાહીના આધારે, પ્રભાકરે કહ્યું કે ભાજપ ઉત્તર ભારતમાં ઓછામાં ઓછી ૮૦-૯૫ લોકસભા બેઠકો ગુમાવશે. પરકલા પ્રભાકરની આગાહી ઉત્તર ભારતમાં ભગવા શિબિર માટે નિરાશાજનક પ્રદર્શન દર્શાવે છે. આ પહેલા પરકલા પ્રભાકરે નરેન્દ્ર મોદીને ફરીથી ચૂંટવા સામે ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે જો ભાજપ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી જીતીને ફરી સત્તામાં આવશે તો 'ભારતનો નકશો બદલાઈ જશે.' પરકલા પ્રભાકરે એવી ચેતવણી આપી હતી કે જો ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પીએમ મોદી ફરીથી ચૂંટાય છે, તો સમગ્ર દેશમાં લદ્દાખ-મણિપુર જેવી સ્થિતિ સર્જાશે.



# ભાજપની તાનાશાહી, વિપક્ષ મુક્ત રાજનીતિ આ ચૂંટણીમાં સૌથી મોટો મુદ્દો : કન્હૈયાકુમાર

**પ્રચાર દરમ્યાન મીડિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં 'બહારના લોકોને' ટિકિટ વહેંચવાને લઈને કોંગ્રેસમાં વિવાદના કેન્દ્રમાં રહેલા પૂર્વ JNUSU પ્રમુખે કહ્યું કે, વર્તમાન સાંસદ મનોજ તિવારી પોતે બિહારના છે, જ્યારે મોદી ગુજરાતના છે તેઓ વારાણસીથી ચૂંટણી લડી રહ્યા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસના ઉત્તર-પૂર્વ દિલ્હીના ઉમેદવાર કન્હૈયાકુમારે કહ્યું છે કે, આ ચૂંટણીમાં સૌથી મોટો મુદ્દો દેશમાં તાનાશાહી (સરમુખત્યારશાહી) વધી રહી છે તે છે કારણ કે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) વિપક્ષના સફાયાનો પ્રયાસ કરી રહી છે.

પ્રચાર દરમ્યાન એક ઈન્ટરવ્યુમાં કુમારે કહ્યું કે, ભાજપની સરમુખત્યારશાહી સામે અવાજ ઉઠાવવા માટે વિપક્ષોએ ઈન્ડિયા બ્લોકના રૂપમાં હાથ મિલાવ્યા છે. સૌથી મોટી સમસ્યા એ છે કે, તાનાશાહી વધી રહી છે. લોકશાહીનો અવાજ-જેઓ શાંતિ પ્રેમી છે, ન્યાય પ્રેમી છે, જેઓ પ્રગતિ ઈચ્છે છે - તેમના માટે સૌથી મોટો મુદ્દો એ છે કે, ભાજપ કઈ રીતે વિપક્ષનો સફાયો કરવા માંગે છે અને એક પ્રકારની રાજનીતિ આચરવા માંગે છે જ્યાં કોઈ વિરોધ ન હોય અને તેથી જ ઈન્ડિયા બ્લોકની તમામ ગઠબંધન પાર્ટીઓ આ તાનાશાહી સામે એકજૂટ થઈ છે. જવાહરલાલ નહેરૂરુ યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયનના પૂર્વ પ્રમુખ ૨૦૧૬ના રાજદ્રોહ પછી ફાયરબ્રાન્ડ વિદ્યાર્થી નેતા તરીકે ચર્ચામાં આવ્યા હતા. ૨૦૧૮માં તેઓ ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાયા હતા અને બિહારના બેગુસરાયથી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી લડ્યા હતા જ્યાં તેઓ ભાજપના સાંસદ ગિરિરાજસિંહ સામે હારી ગયા હતા. ૨૦૨૧માં તેઓ કોંગ્રેસમાં જોડાયા હતા અને હવે પાર્ટી દ્વારા ઉત્તર-પૂર્વ દિલ્હીમાં ભારત જોડાણના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતર્યા છે. આમ આદમી પાર્ટી (AAP) અને કોંગ્રેસ રાષ્ટ્રીય રાજધાનીમાં સાથે મળીને ચૂંટણી લડી રહ્યા છે, તેઓ અનુક્રમે ચાર અને ત્રણ બેઠકો પર લડી રહ્યા છે. તેમના વિરોધી અને ઉત્તર-પૂર્વ દિલ્હીના સાંસદ મનોજ તિવારી દ્વારા મતવિસ્તારમાં 'બહારના' હોવાના આરોપોને નકારી કાઢતા, કુમારે કહ્યું કે, જ્યારે તેઓ બિહારના છે, તો તિવારી પણ બિહારના છે. તેમણે કહ્યું કે, મનોજ તિવારી પોતે બિહારના છે. નરેન્દ્ર મોદી ગુજરાતના હોવા છતાં વારાણસીથી ચૂંટણી લડી રહ્યા છે. આથી આ આરોપો ટકી શકશે નહીં. કન્હૈયાની ઉમેદવારી પાર્ટીના પૂર્વ અધ્યક્ષ અરવિંદરસિંહ લવલીના રાજીનામાને પગલે દિલ્હી કોંગ્રેસમાં કચવાટ વચ્ચે આવી છે કારણ કે, લવલીએ 'અજાણ્યા' એવા કન્હૈયાકુમાર અને ઉદિત રાજ (ઉત્તર પશ્ચિમ દિલ્લી ઉમેદવાર)ને પક્ષ દ્વારા ટિકિટ આપવામાં આવતા રાજીનામું ધરી દીધું હતું લવલી ત્યારબાદ ભાજપમાં જોડાયા છે, જ્યારે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યો રાજકુમાર ચૌહાણ, નીરજ બસોયા અને નસીબસિંહ જેમણે AAP સાથેના જોડાણની ટીકા કરીને પાર્ટી છોડી દીધી હતી તેઓ પણ ભગવા પાર્ટીમાં જોડાયા છે.

**આ બીજી વખત છે જ્યારે તમે લોકસભાની ચૂંટણી લડી રહ્યા છો. ૨૦૧૯ અને ૨૦૨૪ની ચૂંટણીમાં શું તફાવત છે ? :-** આ વખતે સૌથી મોટો ફરક એ છે કે, છેલ્લી વખત અમે અમારા દમ પર ચૂંટણી લડી રહ્યા હતા અને આ વખતે અમે ઈન્ડિયા ગઠબંધનનો ભાગ છીએ અને હું કોંગ્રેસ પાર્ટીનો ઉમેદવાર છું. અગાઉની ચૂંટણીમાં મને સૌથી મોટો પડકાર એ હતો કે મતદારો વિચારતા હતા કે, જો ભાજપને હરાવવાનું છે તો તેમને કોણ હરાવશે ? આ વખતે એવી કોઈ મૂંઝવણ નથી. જેઓ ભાજપને ટેકો આપે છે અને હજુ પણ ભાજપને (સત્તામાં) ઈચ્છે છે તેઓ અલગ છે, પરંતુ જેમણે ૨૦૧૪ અને ૨૦૧૯માં ભાજપને મત આપ્યો હતો અને જેઓ ભાજપના કામથી સંતુષ્ટ નથી અને અનુભવે છે કે, તેણે તેના વચનો પૂરા કર્યા નથી, તેઓ માટે હવે ઈન્ડિયા જોડાણના ઉમેદવારના રૂપમાં એક જ વિકલ્પ છે અને તે હું છું તેથી ગયા વખત જેવો મોટો પડકાર આ વખતે નથી.



**તમે મનોજ તિવારીનો સામનો કરી રહ્યા છો. તેઓ એકમાત્ર એવા સાંસદ છે જેમને બીજેપી દ્વારા દિલ્હીમાં રિપીટ કરવામાં આવ્યા છે. તમે તેને કેવી રીતે પડકાર આપશો ? :-** ભાજપ કોને ઉમેદવાર બનાવશે કે નહીં તે ભાજપનો આંતરિક મામલો છે. હું તેના પર ટિપ્પણી કરવા માંગતો નથી. પરંતુ જો તમે મતવિસ્તારમાં જશો તો તમે જોશો કે ચૂંટણીઓ રોજેરોજ બદલાઈ રહી છે. સત્તામાં હોવાના ઘમંડ કે અતિશય આત્મવિશ્વાસમાં તેઓએ તેમને ફરીથી અહીં ઉમેદવાર બનાવ્યા છે, પરંતુ કદાચ તેઓને ખ્યાલ હશે કે જ્યારે તેઓએ છ (સાંસદ) બદલ્યા, ત્યારે તેઓએ તેમને પણ બદલ્યા હોવા જોઈએ.

**તમે કહ્યું છે કે, આ બંધારણ બચાવવાની લડાઈ છે. તમારા મતે ચૂંટણીનો સૌથી મોટો મુદ્દો કયો છે ? :-** સૌથી મોટો મુદ્દો એ છે કે, તાનાશાહી કઈ રીતે વધી રહી છે. લોકશાહીનો અવાજ, જેઓ શાંતિ પ્રેમી છે, ન્યાય પ્રેમી છે, જેઓ પ્રગતિ ઈચ્છે છે - તેમના માટે સૌથી મોટો મુદ્દો એ છે કે, ભાજપ કઈ રીતે વિપક્ષનો સફાયો કરવા માંગે છે અને એક પ્રકારની રાજનીતિ આચરવા માંગે છે જ્યાં કોઈ વિરોધ ન હોય અને તેથી જ ઈન્ડિયા ગઠબંધનની તમામ પાર્ટીઓ આ તાનાશાહી સામે એકજૂટ થઈ છે. પરંતુ જો આપણે અહીં મતવિસ્તારની વાત કરીએ તો રસ્તાઓ એક મોટી સમસ્યા છે, ટ્રાફિક જામ છે, તમે જોઈ શકો છો કે કેવી રીતે રસ્તાઓ પર પાણી ભરાઈ રહ્યું છે, કાયદો અને વ્યવસ્થા વગેરે અહીં મોટા મુદ્દાઓ છે.

**જો આપણે આ મતવિસ્તારની વાત કરીએ તો તમને અહીં 'બહારના' કહેવામાં આવ્યા છે, જે આ મતવિસ્તારના નથી. તમે તેને કેવી રીતે પ્રતિસાદ આપો છો ? :-** એ સાચું છે કે, હું બહારનો માણસ છું અને હું બિહારનો રહેવાસી છું. પરંતુ સવાલ એ છે કે, આ આરોપ કોણ ઉઠાવી રહ્યું છે ? મનોજ તિવારી પોતે બિહારના છે. નરેન્દ્ર મોદી ગુજરાતના હોવા છતાં વારાણસીથી ચૂંટણી લડે છે. આ આક્ષેપો ટકી શકશે નહીં.

**દિલ્હી કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અરવિંદરસિંહ લવલી દ્વારા રાજીનામા પત્રમાં તમારી ઉમેદવારીની ટીકા કરવામાં આવી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, બહારના વ્યક્તિને ટિકિટ આપવામાં આવી છે. તેમણે AAP સાથે કોંગ્રેસના ગઠબંધનની પણ ટીકા કરી છે. તમારી ઉમેદવારીના વિરોધમાં કોંગ્રેસ કાર્યાલયની બહાર કોંગ્રેસના કાર્યકરો દ્વારા વિરોધ પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું. તમે આનો કેવી રીતે પ્રતિભાવ આપો છો ? :-** આ તેમના મંતવ્યો છે, તેમને જવાબ આપવાની જવાબદારી મારી નથી. તેમના આક્ષેપોનો જવાબ આપવાની જવાબદારી કેન્દ્રીય નેતૃત્વની છે.

**તો શું આની અસર AAP સાથેના ગઠબંધન પર પડી છે ? :-** ના, AAP સાથેના ગઠબંધન પર કોઈ અસર જોવા મળી નથી.

**(સૌ.: ધ વાયર.ઈન)**

# આઠ નાની છોકરીઓની તસ્કરી, તેઓને લોહીના વેપારની ફરજ પાડવામાં આવી અરૂણાચલ પ્રદેશમાં પોલીસ અને સરકારી અધિકારીઓ પણ આ ષડયંત્રમાં સામેલ છે

**પોલીસનું કહેવું છે કે આરોપીઓ આસામના ગામડાઓમાં ગરીબ ઘરોને ટાર્ગેટ કરે છે અને છોકરીઓના માતા-પિતાને તેઓના વધુ સારા જીવનનું વચન આપીને તેઓની તસ્કરી કરે છે**

(એજન્સી) તા.૧૬

અરુણાચલ પ્રદેશ રાજ્યમાં કાર્યરત બાળ તસ્કરી અને વેશ્યાવૃત્તિના ષડયંત્ર સામેની કાર્યવાહીમાં ધરપકડ કરાયેલા ૨૧ લોકોમાં બહુવિધ સરકારી કર્મચારીઓ, જેમાં એક નાયબ પોલીસ અધિક્ષક અને આરોગ્ય સેવાઓ નિયામકના નાયબ નિયામકનો સમાવેશ થાય છે.

પાંચ સગીર છોકરીઓ - એક ૧૦ વર્ષની, એક ૧૨ વર્ષની અને ત્રણ ૧૫ વર્ષની – જેઓને પોલીસ દ્વારા છેલ્લા ૧૦ દિવસમાં રાજ્યની રાજધાની ઈટાનગર અને તેની આસપાસના ત્રણ અલગ અલગ સ્થળોએથી બચાવી લેવામાં આવી છે. આ પાંચેય છોકરીઓને આસામના ગામડાઓમાંથી ઈટાંગર લઈ જવામાં આવી હતી. તેમાંથી બે - ૧૦ વર્ષીય અને ૧૨ વર્ષીય - જ્યારે તેઓ માત્ર ૮ વર્ષની હતી ત્યારે ઈટાનગર લઈ જવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં જે ૨૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે તેમાંથી ૧૦ પર પીડિતોની તસ્કરી કરવાનો, ગ્રાહકોની વિનંતી કરવાનો અને પીડિતોને ગ્રાહકો સુધી લઈ જવાનો આરોપ છે. અન્ય ૧૧ એવા લોકો છે જેમની ઓળખ 'ગ્રાહક' તરીકે કરવામાં આવી છે જેમણે પીડિતાઓનું કથિત રીતે જાતીય શોષણ કર્યું હતું. તેમાં અરુણાચલ પોલીસના ડેપ્યુટી એસપી બુલંદ મેરિક, આરોગ્ય સેવાઓ નિયામકના નાયબ નિયામક ડૉ. સેનલરરોન્યા; અરુણાચલ પોલીસ સકોન્સ્ટેબલ; જાહેર બાંધકામ વિભાગ સાથે મદદનીશ ઈજનેર; અને ગ્રામીણ બાંધકામ વિભાગના જુનિયર એન્જિનિયરનો સમાવેશ થાય છે.

ધરપકડ કરાયેલા આરોપીઓ પર IPCની કલમ ૩૭૩ હેઠળ આરોપો મૂકવામાં આવ્યા છે જે પોક્સો એક્ટ અને અનૈતિક ટ્રાફિકિંગ એક્ટ હેઠળ વેશ્યાવૃત્તિ માટે સગીરોની ખરીદી સાથે સંબંધિત છે. પોલીસ અધિક્ષક રોહિત રાજબીર સિંહે જણાવ્યું હતું કે સરકારી કર્મચારીઓના મૂળ વિભાગોને ધરપકડની જાણ કરવામાં આવી છે. સિંહે જણાવ્યું હતું કે, અમને ૪ મેના રોજ બાળ તસ્કરી અને વેશ્યાવૃત્તિની રિંગ અંગે માહિતી



મળી હતી. બે સગીર છોકરીઓની તસ્કરી કરવામાં આવી હતી અને પડોશી રાજ્યોમાંથી લાવવામાં આવી હતી અને તેનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો હતો. બે સ્થળોએ દરોડા પાડ્યા બાદ અને ચાર છોકરીઓના બચાવ બાદ, પોલીસને જાણવા મળ્યું કે બાળ તસ્કરીની રિંગ બે બહેનો દ્વારા ચલાવવામાં આવી રહી છે – એક પુષ્પાંજલિ મિલી, અને ગુવાહાટી સ્થિત પૂર્ણિમા મિલી, જે ઈટાનગરમાં બ્યુટી પાર્લર ચલાવી રહી છે. આ બંને મૂળ આસામના ધેમાજી જિલ્લાની છે. એક કે બે મહિના માટે, તેમને પાર્લરમાં કામ કરાવવામાં આવે છે, પરંતુ તે પછી, તેઓને વેશ્યાવૃત્તિમાં ધકેલી દેવામાં આવે છે. પીડિતોમાંથી એકને ૨૦૨૦માં અહીં લાવવામાં આવી હતી, તે સમયે તે ૮ વર્ષની હતી. તે પછી તેણી ભાગવામાં પણ સફળ રહી હતી. આરોપીઓએ વોટ્સએપ ગ્રુપ બનાવ્યા હતા જ્યાં તેઓ પીડિતોના ફોટા "તેમની કિંમત" સાથે શેર કરતા હતા. તેમણે કહ્યું કે પીડિતો હાલમાં બાળ કલ્યાણ ગૃહમાં છે અને તેઓ તબીબી સારવાર લઈ રહી છે, અને તેઓને મનોવૈજ્ઞાનિક કાઉન્સેલિંગ આપવામાં આવશે.

# મોડાસાના સાકરિયા ગામે જમીન પચાવી પાડતા પિતા-પુત્ર અને પૌત્ર સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ

**આઠ મહિના અગાઉ ખરીદેલ જમીન પર ખેતી કરવા જતાં જમીનમાંથી નીકળી જાવ નહીં તો તમારૂં નામ લખી મરી જવાની તથા લાશો પાડી દેવાની ધમકી આપતા જમીન માલિકે ફરિયાદ નોંધાવતા કલેક્ટરનો ત્રણેય સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધવા આદેશ**

મોડાસા, તા.૧૬

મોડાસા તાલુકાના સાકરિયા ગામમાં આવેલ જમીન ગાંધીનગર રહેતા જમીન માલિકો પાસેથી મોડાસામાં રહેતા કોન્ટ્રકટરે જમીન ખરીદી કરી હતી બાજુની સરકારી પડતર જમીન પર ગેરકાયદેસર ભોગવટો કરનાર વૃદ્ધ તેના પુત્ર અને પૌત્રએ જમીન ખરીદનાર કોન્ટ્રાક્ટર ખેતી કરવા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી જમીનમાં પ્રવેશ કરશો તો લાશો પાડી દેવાની ધમકી આપી વૃદ્ધે જમીન માલિકને તમારૂં નામ લખી મરી જવાની ગર્ભિત ધમકી આપતાં મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ત્રણ શખ્સો સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસાના વલ્લભ ટર્નામેન્ટમાં રહેતા અને કોન્ટ્રાકટર અરૂણકુમાર કૌશિકભાઈ સુથારે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવતા જણાવ્યું છે કે સાકરિયા ગામની સીમમાં આવેલ સર્વે નંબર-૩૯૦ અને જૂનો સર્વે નંબર-૩૩૨ ખાતા નંબર-૧૩૬૧ ૧.૯૫ હેક્ટર જમીન આઠ મહિના અગાઉ જમીનના માલિક પાસેથી ખરીદી કરી હતી ત્રણ મહિના પછી અરૂણ કુમાર ખેતી કરવા જતા બાજુમાં સરકારી પડતર જમીન પર ગેરકાયદેસર ભોગવટો કરનાર કનુભાઈ પૂનમચંદ ઉપાધ્યાય તેમના પુત્ર ભદ્રેશ કનુભાઈ ઉપાધ્યાય અને પૌત્ર રિહેન કનુભાઈ ઉપાધ્યાયે ખેતી કરવા નહીં દઈ સર્વે નંબર-૩૯૦ જમીન તેમની હોવાનું જણાવી ઝઘડો કરી જમીન અંગે કોઈ દસ્તાવેજી પુરાવા આપ્યા વગર અરૂણકુમારને ઉંમર લાયક વૃદ્ધ કનુભાઈ ઉપાધ્યાયે જમીનમાંથી નીકળી જાવ નહીં તો તમારૂં નામ લખી મરી જવાની ગર્ભિત ધમકી આપી અને અવારનવાર ઝઘડો કરતાં હોવાની સાથે ભદ્રેશ ઉપાધ્યાય અને તેના પુત્ર રિહેન ઉપાધ્યાયે હાથમાં ધારિયું લઇ બિભસ્ત ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી જમીન તેમની હોવાનું જણાવી જમીન પરથી ચાલ્યા જાઓ નહીંતર લાશો પાડી દેવાની ધમકી આપી જમીન પચાવી પાડી ગેરકાયદેસર રીતે ખેતી કરતા અરૂણકુમાર સુથારે જિલ્લા કલેકટર કચેરીએ ઓનલાઈન અરજી કરતા જિલ્લા કલેક્ટરે ત્રણે સામે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ગુન્હો નોંધવા આદેશ કર્યો હતો. મોડાસા રૂરલ પોલીસે અરૂણકુમાર કૌશિકભાઈ સુથારની ફરિયાદના આધારે સાકરિયા ગામના ૧) કનુ પુનમચંદ ઉપાધ્યાય, ૨)ભદ્રેશ કનું ઉપાધ્યાય અને ૩) રિહેન ભદ્રેશ ઉપાધ્યાય સામે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

**છેલ્લા ત્રણ દિવસથી વડોદરાના તાંદલજા-અકોટા વિસ્તારમાં વીજપુરવઠો ખોરવાતા લોકોમાં રોષ**

# વીજ ધાંધિયાથી ત્રસ્ત લોકો મધરાત્રે અધિકારીના નિવાસસ્થાને પહોંચ્યા : પોલીસ બોલાવી લીધી



(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૬

વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી નવા સ્માર્ટ વીજ મીટરનો વિરોધ થઈ રહ્યો છે. તો બીજી તરફ શહેરના તાંદલજા, અકોટા સહિતના વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી વીજ પુરવઠો ખોરવાતો હોવાની સમસ્યાથી ત્રાહિમામ્ પોકારી ઊઠેલા વિસ્તારના લોકોએ મોડી રાત્રે અધિકારીઓના નિવાસ્થાને મોરચો માંડ્યો હતો. જો કે, પરિસ્થિતિ વધુ વશે તે પહેલાં જ પોલીસનો બંદોબસ્ત ખડકી દેવાયો હતો.

સરકારના પાયલોટ પ્રોજેક્ટ નવા સ્માર્ટ વીજ મીટરનો ઠેર-ઠેર વિરોધ થઈ રહ્યો છે. વડોદરા શહેરમાં પણ છેલ્લા ત્રણ ચાર દિવસથી જુદા જુદા વિસ્તારોમાં લોકોની ફરિયાદ ઉઠી છે. નવા પ્રીપેડ વીજ મીટરમાં રિચાર્જ કરાયાના બે ત્રણ દિવસમાં જ રિચાર્જ પૂરૂં થઈ જતું હોવાનું વીજ ગ્રાહકો જણાવી રહ્યા છે. શહેરના સુભાનપુરા ગોત્રી અકોટા સહિતના વિવિધ વિસ્તારોમાં લોકો દ્વારા વીજ કચેરીએ પહોંચી ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે અને નવા સ્માર્ટ વીજ મીટર કાઢી નાખી જૂના મીટર લગાવી આપવા પ્રબળ માંગ ઉઠી છે. તો બીજી તરફ શહેરના તાંદલજા, અકોટા સહિતના વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી વીજ પુરવઠો ખોરવાતા સ્થાનિક રહીશો હેરાન પરેશાન થઈ ઉઠ્યા છે. ગત મોડી રાત્રે અકોટા સબ ડિવિઝનની કચેરી ખાતે રજૂઆત કરવા ગયેલા લોકોને કડવો અનુભવ થયો હતો જુનિયર અધિકારીએ સિનિયર અધિકારીને લોકોની ફરિયાદ મામલે મોબાઈલ ફોન કરતા સિનિયર અધિકારીએ જુનિયર અધિકારીનો ફોન લેવાની તસ્દી પણ લીધી ન હતી. જેના કારણે લોકોમાં વધુ આક્રોશ ફેલાતા તાંદલજા વિસ્તારના રહીશોએ વિદ્યુત કોલોની જીઈબીના અધિકારીઓના નિવાસસ્થાને મોડી રાત્રે ૨:૦૦ વાગ્યા ના સુમારે મોરચો માંડ્યો હતો. જો કે, તુરંત પોલીસ બોલાવી લેવામાં આવી હતી. પી.આઈ. સહિતનો કાફલો વિદ્યુત કોલોની ખાતે પહોંચ્યો હતો.

સ્થાનિક રહીશે જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ દિવસથી વીજ પુરવઠો ખોરવાયો છે. વીજ કચેરીમાં ધક્કા ખાઈને થાકી ગયા છે કોઈ અધિકારી સાંભળતું નથી. જેથી કરીને મોડી રાત્રે અમારે અધિકારીઓના નિવાસ્થાને વિદ્યુત કોલોની આવવાની ફરજ પડી છે, પરંતુ રજૂઆત કરે તે પહેલા જ પોલીસ બોલાવી દીધી છે. અમારા ઘરમાં નાના બાળકો છે વૃદ્ધો છે, કાલ ઊઠીને કોઈ મોટી ઘટના બનશે તો જવાબદાર કોણ ?

**ઠાસરાના મોરઆંબલી ગામે**

# વરઘોડામાં ડાન્સ કરવા મુદ્દે એકની હત્યા, ચાર ગંભીર ઈજાગ્રસ્ત

**ચાર શખ્સોએ ઘાતક હથિયારો વડે પાંચ વ્યક્તિ પર જીવલેણ હુમલો કર્યો હતો**

નડિયાદ, તા.૧૬

ઠાસરા તાલુકાના મોરઆંબલી ગામે લગ્ન પ્રસંગમાં ડાન્સ કરવા જેવી નજીવી બાબતે ઝઘડો થતા ભારે નાસ ભાગ મચી હતી. ચાર વ્યક્તિઓએ ચપ્પુ લઈને હુમલો કરતા એક વ્યક્તિનું મોત થયું હતું જ્યારે ચાર વ્યક્તિઓ ઘાયલ થયા હતા. લગ્નના ખુશીના અવસર પર માતમ છવાઈ ગયો હતો આ બનાવની જાણ ડાકોર પોલીસને થતા તેઓ રાત્રે પહોંચી જઈ મામલો થાળે પાડ્યો હતો. આ અંગે મળતી માહિતી મુજબ ઠાસરા તાલુકાના મોરઆંબલી ગામે ગતરાત્રીના ૧૧ વાગ્યાની આસપાસ લગ્નના વરઘોડો બસ સ્ટેન્ડ નજીક આવતા ડાન્સ કરવા જેવી બાબતે મામલો બિચકાયો હતો. આ માથાકૂટે ઉગ્ર સ્વરૂપ લેતા ૪ આરોપીઓ આક્રમક બની ચાકુ જેવા ઘાતક હથિયારો લઈ આવી ૫ વ્યક્તિઓ પર હુમલો કર્યો હતો. આ હુમલાની ઘટનામાં ગામના ગોવિંદભાઈ પ્રભાતભાઈ સોલંકીનુ મોત નિપજ્યું હતું. જ્યારે ૪ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી છે જેઓને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમા ખસેડાયા છે. આ બનાવમાં મરણ જનાર વ્યક્તિને પીએમ અર્થે ઉમરેઠ સરકારી હોસ્પિટલમાં ખસેડાયા છે. બનાવની જાણ ડાકોર પોલીસને થતાં પોલીસ પણ દોડી આવી હતી. આ ઉપરાંત નડિયાદ ડિવિઝનના ડીવાયએસપીને ઘટના મામલે જાણ થતા તેઓ દોડી આવ્યા હતા. સમગ્ર મામલે ડાકોર પોલિસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. ડાકોર પોલીસે નરવતસિહ ભારતસિંહ સોલંકીની ફરિયાદના આધારે હુમલો કરનાર સુરવેરસિહ ઉર્ફે જીગ્નેશ મહેન્દ્રસિંહ પરમાર, અંકુર રતનભાઈ પરમાર, અલ્પેશ મોહનભાઈ પરમાર, ચેતન રમેશભાઈ પરમાર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

**સાથે રહેવા સતત દબાણ કરવા મામલે**

# નાંદોદ તાલુકાના કુમસ ગામમાં વિધવાને પરિણીત પ્રેમીએ પતાવી દીધી

**પથ્થર વડે હુમલો કર્યા બાદ સાડી વડે ગળે ટૂંપો દઈ ઘાતકી હત્યા કરી**

રાજપીપળા, તા.૧૬

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના કુમસગામની સીમમા ૪૫ વર્ષીય વિધવા મહિલાની હત્યા તેના પરણિત પ્રેમી દ્વારા કરવામાં આવી હોવાનો પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. વિધવા પ્રેમિકા તેના પરણિત પ્રેમી સાથે રહેવા માટે સતત દબાણ કરતા પ્રેમીએ પહેલા પથ્થર વડે હુમલો કરી અને પછી તેની જ સાડીથી ગળે ટુંપો દઈ તેની હત્યા કરી હોવાની વિગતો પૂછપરછમાં બહાર આવતા પોલીસે હત્યારાની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવની વિગત એવી છે કે, મરણ જનાર રમીલા ચૈતર વસાવા તા.૧૪/૫/૨૪ના રોજ ગામની સીમમાં ઘાસ ચારો લેવા ગઈ હતી અને મોડે સુધી ઘરે પરત ના આવતા આ કેસની ફરિયાદી અને તેની દીકરી તથા જમાઈ તેને શોધવા માટે ગામની સીમમાં ગયા હતા પણ મરણ જનારનો કોઈ અતો પતો મળી આવ્યો ન હતો. જેથી નાંદોદ તાલુકા ખોજળવાસા ગામમાં રહેતા રાવજી કાંતિ વસાવા સાથે મૃતકનો પ્રેમ સંબંધ હોય તેથી તેને ખબર હશે તેમ માની આ અંગે પૂછપરછ કરવા આરોપી રાવજી વસાવાના ઘરે ખોજલવાસા ગામમાં ફરિયાદી તેના પતિ સાથે ગઈ હતી પરંતુ મૃતક મહિલા ત્યાં પણ મળી ન હતી. જેથી કુમસગામ પરત આવતા હતા ત્યારે રસ્તામાં આરોપી રાવજી વસાવા મળતા તેને રમીલાબેન વિશે પૂછતા આરોપીએ એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળા ગાળી કરી હાથમાં રહેલું શેરડી કાપવાનું કોઈતું મારવા ઉગામ્યું હતું અને ફરિયાદી તથા તેના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે મૃતકની લાશ બીજા દિવસે ગામના સીમમાં આવેલ શેરડીના ખેતરમાંથી મળી આવી હતી. પોલીસે રમીલા વસાવાની હત્યાનો ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ ચાલુ કરતા આ ગુનામાં શંકાની સોય મરનારના પ્રેમી રાવજી વસાવા સામે તકાતા પોલીસે તેની શકના આધારે તની અટકાયત કરી પોલીસ મથકે લાવી તેની પૂછતાછ કરવામાં આવતા એવી વિગત બહાર આવી હતી કે, રમીલા વસાવાનો પતિ ચૈતર વસાવાના મૃત્યુ બાદ રાવજી વસાવા સાથે પ્રેમ સબંધ બંધાયો હતો અને રમીલા રાવજીને તેની સાથે રાખવા સતત દબાણ કરતી હતી અને આ અંગે મરનાર અને આરોપી વચ્ચે ઝઘડો પણ થયો હતો અને રાવજી વસાવાની પત્ની હયાત હોય અને રમિલાના દબાણથી કંટાળી ગયો હતો. આથી તેણે મારનારને કુમસગામની સીમમાં મળવા બોલાવી હતી અને ત્યાં પહેલા પત્થર વડે રમીલા વસાવાના માથા ઉપર હુમલો કર્યા બાદમાં તેની જ સાડી વડે ગળે ટુંપો દઈ તેની હત્યા કરી નાખી હોવાની કબૂલાત કરતાં આમલેથા પોલીસે હત્યારા રાવજી કાંતિ વસાવા સામે હત્યાનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

**સિંહ પરિવારના આંટાફેરાથી સ્થાનિકો ભયભીત**

# કોડીનારની સિમેન્ટ કંપનીની કોલોનીમાં સિંહ પરિવારના ધામા, બે સિંહ બાળ પાંજરે પૂરાયા

કોડીનાર, તા.૧૬

ગીર સોમનાથના કોડીનારમાં આવેલી ખાનગી સિમેન્ટ કંપનીની રેસીડેન્સીયલ કોલોનીમાં આજે વહેલી સવારે સિંહ અને સિંહણે પોતાના ૩ બચ્ચા સાથે ચડી આવ્યા હતા. કોલોનીના સિક્યુરિટી ગાર્ડને આ ઘટના ધ્યાને આવતા તંત્રને જાણ કરતા વનવિભાગ દ્વારા રેસ્ક્યુ કામગીરી હાથ ધરાઈ હતી. ૬ કલાકની સખત જહેમત બાદ ૨ સિંહ બાળને પાંજરે પૂર્યા હતા જ્યારે હજુ લખાય છે ત્યાં સુધી ૧૨ કલાક બાદ પણ વન વિભાગ દ્વારા એક સિંહ બાળની શોધખોળ ચાલુ છે જે મળ્યા બાદ ત્રણેય સિંહ બાળને તેમના પરિવાર સાથે મિલન કરાવાશે.

કોલોનીમાં અને મંદિર પરિસરમાં સિંહ પરિવારનાં આંટાફેરાની ઘટના સિક્યુરિટી ગાર્ડનાં ધ્યાને આવતાની સાથે કંપની દ્વારા તંત્રને જાણ કરતા વનતંત્ર, પોલીસ અને કંપનીનાં સિક્યુરિટી સ્ટાફે કોલોની અને મંદિર પરિસરને કોર્ડન કરી લીધો હતો. વનતંત્ર દ્વારા સિંહને સલામત રીતે ખસેડવા રેસ્ક્યુ કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે આ સમગ્ર રેસક્યુ દરમિયાન સિંહ અને સિંહણ મંદિરની દીવાલ ટપી પાછળ ખેતરમાં જતા રહ્યા હતા અને ત્રણેય સિંહ બાળો કોલોનીમાં ઘૂસી જતા વન વિભાગ દ્વારા છ કલાકની સતત જહેમત બાદ બે સિંહ બાળોને નોર્થ કોલોનીમાંથી સલામત રીતે પાંજરે પૂરી અને અન્ય એક સિંહ બાળનું સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. કોડીનારની ખાનગી સિમેન્ટ કંપનીમાં આવી ચડેલા સિંહ પરિવારને કારણે અહીંની કોલોનીમાં ભયનો માહોલ છવાયો છે.તો સવારના સમયે અફડા તફડી પણ મચી હતી.

**સ્કોલરશિપમાં છેતરપિંડી કરાઈ હોવાના આક્ષેપ સાથે**

# પાદરાનો વિદ્યાર્થી ન્યાયની આશા સાથે પગપાળા વડોદરા કલેક્ટર કચેરીએ પહોંચ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬



પાદરાના યુવક સાથે સ્કોલરશીપમાં છેતરપિંડી થઈ હતી. જેને લઈને યુવક પ્રતીક આજે વડોદરા શહેરના ભગતસિંહ ચોક ખાતેથી પદયાત્રા કરી જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવા પહોંચ્યો હતો. પાદરા તાલુકાના ધાયલ ગામે રહેતો પરમાર પ્રતીક કનુભાઈ સાથે સ્કોલરશીપમાં રૂપિયા અઢી લાખની છેતરપિંડીને લઈને છેલ્લા છ મહિનાથી ગાંધીનગર તેમજ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ધક્કા ખાઈ રહ્યો છે. પ્રતીક પરમારે રાજયના મુખ્યમંત્રી-ગૃહમંત્રીને પણ રજૂઆત કરી છતાં યોગ્ય ન્યાય ન મળતા પ્રતીક પરમારે આજે વડોદરા શહેર વીર ભગતસિંહ ચોક ખાતેથી પદયાત્રા કરી જિલ્લા કલેક્ટર કચેરી પહોંચ્યો હતો. તેણે અધિકારીઓએ સ્કોલરશીપમાં રૂપિયા અઢી લાખની છેતરપિંડી કરી હોવાના આક્ષેપો કર્યા હતા. પ્રતીક પરમારને આગળ ભણવું છે, પરંતુ સ્કોલરશીપ ન મળતા તેનું કેરિયર જોખમાઈ રહ્યું છે વડોદરા શહેર નર્મદા ભુવન ખાતે આવેલા કલ્યાણ વિભાગના કર્મચારી અને અધિકારીઓને પણ વારંવાર રજૂઆત કરી છતાં યોગ્ય ન્યાય ન મળતા તેણે આજે ન્યાય મેળવવા માટે ભગતસિંહ ચોકથી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પદયાત્રા કરી હતી.

**સગીરાને ભગાડી જઈ યૌનશોષણ કર્યું હતું**

# વીરપુર તાલુકાના કોયલા ગામના આરોપીને પોક્સો એક્ટ હેઠળ ૨૦ વર્ષની સખત કેદ

વીરપુર, તા.૧૬



૧૬ વર્ષની સગીરાને લલચાવી ભગાડી જવાનો કેસ લુણાવાડાના એડિશનલ સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતા ઈ.પી.કો.કલમ તેમજ પોકસો એક્ટ હેઠળ આરોપીને ૨૦ વર્ષની સખત કેદ અને દંડની સજા ફટકારવામાં આવી છે આ કેસની વિગત મુજબ મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના કોયલા ગામના આરોપી અજય વિનુભાઈ રોહીતે સને ૨૦૨૧માં ૧૬ વર્ષની સગીરાને લલચાવી ફોસલાવી ભગાડી જઈ યૌનશોષણ કર્યાનો આરોપી વિરૂદ્ધ વીરપુર પોલીસ સ્ટેશનમાં પોકસો એક્ટ તેમજ ઈ.પી.કો. કલમ મુજબ ગુનો નોંધાયો હતો. ત્યારબાદ મહીસાગરના એડિશનલ સેશન્સ જજની કોર્ટમાં સ્પે.પોકસો. કેસ શરૂ થયો હતો આરોપી વિરૂદ્ધ આ કેસ ચાલી જતા અને સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી સ્પે.પોકસો જજ અને એડિશનલ સેશન્સ જજ જે.એન.વ્યાસે આરોપી અજય રોહીતને ઈ.પી.કો.કલમ તેમજ પોકસો એક્ટ હેઠળ ૨૦ વર્ષની સખત કેદ અને દંડ ફટકારતો હુકમ કર્યો છે અને ભોગ બનનારને મહીસાગર કાનુની સેવા સત્તા મંડળને રૂપિયા ત્રણ લાખ વળતર પેટે ચૂકવવાનો હુકમ કર્યો છે.

# દાંતા તાલુકામાં કમોસમી વરસાદે વ્યાપક તારાજી સર્જી

**ઊભા પાકો ઢળી પડ્યા, કાચા મકાનોને પણ નુકસાન**



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

ડીસા, તા.૧૬

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં કમોસમી વરસાદી માહોલ સતત ત્રણ દિવસથી સર્જાઈ રહ્યો છે. બરફના કરા સાથેના કમોસમી વરસાદ અને વાવાઝોડાને લઈ દાંતા તાલુકામાં અનેક જગ્યાએ ખેડૂતોના પાકને અસર પડી છે. તેમના ખેતરમાં ઊભા પાક આડા પડી ગયા છે. તો સાથે સાથે દાંતા તાલુકાના સાંડોસી સહિત કેટલાક ગામે કાચા ઘરોને પણ ભારે નુકસાન થયું છે. આ વરસાદ અને વાવાઝોડાને લઇ તેમના ઘરોના પતરા ઊડીને તૂટી ભાંગ્યા હતા. હવે આ રહીશો પોતાના ઘરોને લઇ ચિંતામાં મૂકાયા છે. ખેતી અને ઘરોને ભારે નુકસાન થતા આ લોકો કુદરત આગળ હારી ગયા છે. કમોસમી વરસાદ અને કુદરતના માર આગળ ખેડૂતો અને રહીશો સરકાર સામે આશ લગાવી જોઈ રહ્યા છે. કમોસમી માવઠા અને વાવાઝોડાથી થયેલા નુકસાનને લઈ સરકાર વળતર આપે તેવી માગણી કરી રહ્યા છે. કમોસમી વરસાદથી થયેલી હોનારત બાદ ખેડૂતો નિરાશ બેઠા છે. હવે સરકાર કોઈ યોગ્ય પગલાં ભરે તેની રાહ જોઈ રહ્યા છે. આમ તાલુકામાં કુદરતી કહેરથી વ્યાપક તારાજી સર્જાઈ છે.

# આવતી કાલે વડોદરાના મચ્છીપીઠમાં વિનામૂલ્યે હાડકાનો ચેકઅપ કેમ્પ યોજાશે

વડોદરા, તા.૧૬

અવકાફે નવાબ સાહેબ મુસાફરખાના મસ્જિદ ટ્રસ્ટ, મચ્છીપીઠ દ્વારા આગામી ૧૮/૦૫/૨૦૨૪ શનિવારના રોજ મુસાફરખાનાં મસ્જિદ હોલ ખાતે નિઃશુલ્ક હાડકા ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નિષ્ણાત તબીબો દ્વારા હાડકા ના દર્દ, સાંધા ના દુખાવા, શરીર જકડાઈ જવું, ચાલવામાં પડતી તકલીફ સહિતની તકલીફો અંગે તપાસ કરી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. આ કેમ્પ સવારે ૭.૩૦ કલાકેથી રાતના ૯.૩૦ કલાક સુધી ચાલુ રહેશે.

**શાંતિ ડહોળવાનો અસામાજિક તત્ત્વોનો પ્રયાસ**

# પાલનપુરમાં ઈન્સ્ટાગ્રામ પર મુસ્લિમ સમાજ ઉશ્કેરાય તેવી પોસ્ટ કરાતા રોષની લાગણી

**મુસ્લિમ આગેવાનોએ ફરિયાદ નોંધાવી, પી.આઈ.એ કાર્યવાહી કરવાની ખાતરી આપી**







(તસવીર : અપ્સર ચૌહાણ, પાલનપુર)

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૧૬

પાલનપુરમાં કોટ વિસ્તાર અંદર વર્ષોથી ભાઈચારો રાખી રહેતા હિન્દુ મુસ્લિમ ધર્મના લોકોની શાંતિ ડહોળવાનો અસામાજિક તત્વો દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પર ઋત્વિક પલ્સર નામના આઈડીથી મુસ્લિમ સમાજના લોકોની લાગણી દુભાય તેવી એક પોસ્ટ કરવામાં આવી હતી ત્યારબાદ આ પોસ્ટ વાયુવેગે સોશિયલ મીડિયા વાઈરલ થતાં વાતાવરણ તંગ બની જવા પામ્યું હતું. ઈન્સ્ટાગ્રામ પર લખવામાં આવ્યું હતું કે 'બજરંગદલસે મિયાભાઈ તો ક્યાં મિયાભાઇ કા બાપ ભી ડરતા હૈ.' આવી પોસ્ટ કરવામાં આવી હતી જેથી મુસ્લિમ સમાજમાં રોષ ફેલાઈ ગયો હતો .ત્યારબાદ બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ માઈનોરિટી સમિતિના પ્રમુખ સાજીદ મકરાણી વોર્ડ નંબર પાંચના કોર્પોરેટર સરફરાજ સિંધી અને સામાજિક આગેવાન સઈદભાઈ અને સાદિકભાઈએ પાલનપુર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી હતી અને પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશનના પીઆઈ પટની દ્વારા તાત્કાલિક આ ઈસમની ધરપકડ કરવામાં આવશે અને તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી જેથી મામલો થાળે પડ્યો હતો.

**સુરતના ઘોડદોડ રોડ પરની ઘટના**

# દોઢ વર્ષની માસૂમ બાળા પર લોખંડની પ્લેટ પડતાં મોત

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

ઘોડદોડ રોડ પર એક દોઢ વર્ષની માસૂમ બાળા રમતી હતી ત્યારે તેના પર લોખંડની પ્લેટ પડી ગઈ હતી. જેથી બાળકીને નાક અને ગળાના ભાગે ઈજા પહોંચી હતી. જેથી તેણીને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ લવાઈ હતી. જ્યાં તબીબોએ બાળકીને મૃત જાહેર કરતાં પરિવાર શોકમાં ગરક થઈ ગયું હતું.

ઘોડદોડ રોડ પર આવેલા રામચોકની સામે સુભાષનગરમાં રહેતા પંકજભાઈ ભરતભાઈ મેડાની દોઢ વર્ષની દીકરી વૈશાલી ઘર નજીક રમતી હતી. પિતા સામાન ભરતાં હતાં. આ દરમિયાન બાળકી પર લોખંડની પ્લેટ પડી ગઈ હતી. જેથી તેણીને ગળાના ભાગે તથા નાકના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તાત્કાલિક સારવાર માટે પિતા પંકજભાઈ બાળકીને લઈને સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં બાળકીને તપાસ કરીને ફરજ પરના તબીબોએ તેણીને મૃત જાહેર કરી હતી. બાદમાં મૃતદેહને પીએમ માટે ખસેડવામાં આવ્યો હતો. દીકરીના મોતને લઈને પરિવાર શોકમાં ગરક થઈ ગયો હતો. શોકગ્રસ્ત માતા પીએમ વગર જ દીકરીને લઈ જવાની કોશિષ કરતી હતી. જો કે, ફરજ પરના સિક્યુરિટી સહિતના સ્ટાફે સમજાવટથી કામ લીધું હતું. જેથી માતા બાળકીના પીએમ માટે માની હતી.

**ફરિયાદમાં ખોટા નામ લખાવ્યા મામલે**

# ભાવનગરમાં હીરા ઉદ્યોગનું હાર્દ ગણાતા માધવરત્ન વસ્તી વિવાદ, વેપારીઓએ સજ્જડ બંધ પાળ્યો

ભાવનગર, તા.૧૬

ભાવનગરમાં હીરા ઉદ્યોગનું હાર્દ ગણાતા નિર્મળનગર સ્થિત માધવરત્ન કોમ્પલેક્ષમાં ફાયર સેફટી નહીં હોવાથી ત્રણ નોટીસના અંતે સોમવારે સાંજે સીલ લાગ્યા હતા. દરમિયાનમાં ડાયમંડ એસો.ના હોદ્દેદારો, વેપારી આગેવાનો અને ફાયર તંત્ર વચ્ચે આ મામલે ઘર્ષણ થયુ હતું. મંગળવારે માધવરત્નના સીલ ખોલાવવા દિવસભર ઘમાસાણ ચાલ્યું હતું, પરંતુ ડાયમંડ એસો.ના આક્ષેપ મુજબ તંત્રના અધિકારીઓ મળ્યા જ ન હતા. જેના કારણે સીલ ખોલાવવાની કાર્યવાહી થઈ શકી ન હતી. તેવામાં ફરજમાં રૂકાવટની ફરિયાદ નોંધાયાનો મામલો સામે આવતા ડાયમંડ એસો.ના હોદ્દેદારો અને વેપારીઓ ભડક્યા હતા. આ મામલે બુધવારે કલેકટર કમિશનર અને એસ.પી.ને આવેદન પત્ર પાઠવી ફરિયાદ ખોટી રીતે થઈ હોવાનું અને જેના નામો લખાવાયા છે તે વ્યક્તિઓ તે સમયે સ્થળ પર પણ ન હતા. તેવી રજૂઆત કરાઈ હતી આ સાથે ડાયમંડ એસો.ના પ્રમુખ ઘનશ્યામ ગોરશીયાએ આ સમગ્ર કાર્યવાહી રાજકીય ઈશારે થઈ રહ્યાનો સણસણતો આક્ષેપ કર્યો હતો અને ગુરૂવારે હિરાબજાર બંધનું એલાન અપાયું હતું જે મુજબ આજે સવારથી જ નિર્મળનગર હીરાબજારે સજ્જડ બંધ પાળ્યો હતો.

**અંકલેશ્વર ખરોડ ચોકડી નજીક**

# ટ્રક ચાલકને લૂંટથી બચાવવા પડેલ યુવક પણ લૂંટાયો

અંકલેશ્વર, તા.૧૬

અંકલેશ્વર ખરોડ ચોકડી નજીક ટ્રક ચાલકને લૂંટથી બચાવવા પડેલા યુવાન પણ લુંટાયો હોવાની ઘટના સામે આવી છે. ટ્રક ચાલક અને યુવકને માર મારી બંને પાસેથી મોબાઈલ અને રોકડ મળી ૧૪,૬૦૦ રૂપિયાની લૂંટ ચલાવી હતી. ઘટના અંગે પાનોલી પોલીસ દ્વારા લૂંટનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી. ધામરોડ પાટીયા અને ખરોડ ચોકડી વચ્ચે અંકલેશ્વર તરફ આવતા માર્ગ પર ઘટના બની હતી.

બનાવની વિગતો અનુસાર અંકલેશ્વર તાલુકાના ખરોડ ગામ ખાતે ઓડ ફળિયામાં રહેતા ૨૪ વર્ષીય કિશોર પ્રવીણ ઓડ તેના મિત્ર અવિચંદ ઉર્ફે લાલો વસાવા જોડે બાઈક પર સુરતથી અંકલેશ્વર તરફ આવી રહ્યા હતા. ત્યાં ધામરોડ પાટીયાથી ખરોડ ચોકડી વચ્ચે તેઓ ભારત પેટ્રોલ પંપ સામે રોડ સાઈડ એક ઉભેલી ટ્રક પાસે લઘુશંકા કરવા માટે ઉભા રહ્યા હતા ત્યાં ખેતરમાં એક ઈસમને કેટલાક ઈસમો માર મારી રહ્યા હતા જેને લઈ તેઓ બંને ત્યાં દોડી ગયા હતાને ટ્રક ચાલકોને મારથી બચાવવા જતાં ૬ જેટલા લૂંટારૂઓએ તેમને પણ માર માર્યો હતો અને તેમની પાસેથી મોબાઈલ કિંમત ૫ હજાર અને તેમજ ટ્રકના ડ્રાઈવર કૈયુમ સત્તારખાન શાહને મારી તેની પાસેથી ૪૬૦૦ રૂપિયા રોકડા અને અને ૫ હજારની કિંમતનો મોબાઈલની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. ઘટના અંગે ઈજાગ્રસ્તોને ખરોડની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. તો કિશોર ઓડની ફરિયાદ આધારે પાનોલી પોલીસે લૂંટનો ગુનો દાખલ કરી અજાણ્યા ૩ ઈસમો સામે ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી.

## તેજસ્વી તારલા

તાજેતરમાં ધો.૧૦ એસએસસી બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું. જેમાં સુરતની કુરેશી સાનિયા ઝુબેરે ૯૦.૯૪ પર્સન્ટાઈલ રેન્ક સાથે એ-૨ ગ્રેડ મેળવી પરિવાર સહિત સમાજનું નામ રોશન કર્યું છે. તેણીએ વિજ્ઞાન અને ગણિત વિષયમાં અનુક્રમે ૯૦ અને ૯૩ માર્કસ મેળવી ઝળહળતી સફળતા હાંસલ કરી છે.



### વડોદરા

વડોદરાની બરોડા હાઈસ્કૂલના વિદ્યાર્થી પઠાણ મોહમ્મદમઆઝ અમજદ ખાને તાજેતરમાં લેવાયેલી ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં ૯૪.૬૪ પર્સેન્ટાઈલ રેન્ક સાથે ઉત્તીર્ણ થઈ એ-૨ ગ્રેડ મેળવ્યો છે.



### ધોળકા

ધોળકાની FMCT સ્કૂલની વિદ્યાર્થીની મનસુરી બુશરાબાનુ ફિરોજભાઈ ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં ઈંગ્લીશ મીડિયમમાં ૯૨.૯૩ PR સાથે A-2 ગ્રેડ મેળવી ઉત્તીર્ણ થયેલ છે.



### પાલેજ

પાલેજ અહમદનગર વિસ્તારમાં રહેતી પટેલ માહીન ઈલ્યાસ ધો.૧૨ સાયન્સમાં ૮૨.૬ ટકા માર્ક્સ સાથે ઉત્તીર્ણ થયેલ છે જેમાં અંગ્રેજીમાં ૯૨ ગુણ તેમજ બાયોલોજી વિષયમાં ૮૮ ગુણ પ્રાપ્ત કરી ગામ તેમજ શાળાનું ગૌરવ વધાર્યું છે.



### પાલિતાણા

પાલિતાણાના મલેક સમીર રફીકભાઈએ ધો.૧૨ એચ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ૮૩.૩૧ પીઆર સાથે બી-૧ ગ્રેડ મેળવી શાળા તેમજ પરિવારનું નામ રોશન કર્યું છે.



**જાહેર ચેતવણી**

આથી જાહેર જનતાને આ ચેતવણી આપી જણાવવાનું કે અમારા અસીલ નામે મુસબ મોહંમદહનીફ રાજપુત રહે.ઈલોલ, તા.હિંમતનગરનાઓની સુચના અને ફરમાઈસથી જાહેર કરીએ છીએ કે અમારા અસીલ એ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડિસ્ટ્રીકટના તાલુકે સાણંદના મોજે ગામ કલ્યાણની સીમમાં આવેલ ખાતા નં.૧૮૮ ના બ્લોક/સર્વે નં.૧૨૦/૬ જેનું ક્ષેત્રફળ ૦-૧૭-૨૦ હે.આરે.ચો.મી. જેનો આકાર રૂા.૦.૮૧ પૈસાવાળી જુની શરતની ખેતીની પિયત જમીન તથા તેના સાથે જોડાયેલા તમામ પ્રકારના હક્કો, હિતો, સહીતની કુલ સઘળી જમીનનો દાવો સાણંદના મે.પ્રિન્સિપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં રે.દી.મું.નં.૫૧/૨૦૦૪ થી દાખલ કરેલ છે.

મારી સુચના અને ફરમાઇસથી મુસબ મોહંમદહનીફ રાજપુરા

સ્થળ : સાણંદ — સમીરખાન જી. પઠાણ (એડવોકેટ)

તા. ૧૬-૫-૨૦૨૪ — શેડ નં.૫, મિરઝાપુર ડિસ્ટ્રીક્ટ કોર્ટ, મિરઝાપુર, અમદાવાદ.

### નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજનાઓને લઈ પરિપત્ર થયો જારી

# રાજ્યમાં દીકરીઓ માટેની યોજનાનો અમલ શરૂ : ૧૦ દિ'માં ડોક્યુમેન્ટ કલેક્ટ કરવાના રહેશે

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર,તા.૧૬

ગુજરાત સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્ર માટે બે નવી યોજનાઓ શરૂ કરવાના બજેટમાં જાહેરાત કરાઈ હતી. ખાસ કરીને દીકરીઓ માટેની ૧૬૫૦ કરોડના ખર્ચની આ યોજનાઓમાં પ્રથમ નમો લક્ષ્મી અને બીજી નમો સરસ્વતી છે. આ બંને યોજનાઓ દીકરીઓના શિક્ષણ સાથે પોર્ટલ શરૂ થાય તે પહેલા વિદ્યાર્થીનીઓના જરૂરી પુરાવા કલેક્ટ કરવા સૂચના અપાઈ છે. ૧૦ દિવસની અંદર ડોક્યુમેન્ટ કલેક્ટ કરવા શાળાઓને સૂચના અપાઈ છે. બંને યોજનાઓની જાણ વિદ્યાર્થીનીઓ અને વાલીઓ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી પણ સોંપવામાં આવી છે. યોજના માટેનું પોર્ટલ શરુ થાય ત્યારે સરકારી, અનુદાનિત તેમજ ખાનગી શાળાઓમાં ધોરણ ૯થી ૧૨માં અભ્યાસ કરતી અંદાજિત ૧૦ લાખ કન્યાઓને આપવામાં આવશે. આ યોજનાથી ધોરણ ૯થી ૧૨ માં કન્યાઓ વધુ સંખ્યામાં પ્રવેશ મેળવશે તેમજ આ ધોરણોમાં કન્યાઓનો ડ્રોપ આઉટ રેટ ઘટશે અને સાથે તેમના શિક્ષણ અને પોષણમાં સહાય મળશે જેનાથી કન્યા સશક્તિકરણ માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) માન્યતા પ્રાપ્ત રાજ્યની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર શાળાઓમાં ધોરણ ૧૧-૧૨માં વિજ્ઞાન પ્રવાહ લેવા પર કુલ રૂ.૨૫,૦૦૦ની સહાય ચૂકવવામાં આવશે. નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત ગુજરાત બજેટ ૨૦૨૪-૨૫માં અંદાજિત રૂ.૪૦૦

## સ્કોલરશીપ પોર્ટલ શરૂ થાય તે પહેલા વિધિ કરવી જરૂરી : DBTથી રકમ છાત્રાઓને મળશે

સંબંધિત છે અને તેમને તેમના અભ્યાસ માટે આર્થિક સહાય પૂરી પાડવા માટે શરૂ કરવામાં આવી છે. શાળાની વિદ્યાર્થીનીઓને સ્કોલરશીપ મળી રહે તે માટે સરકાર તરફથી સર્ક્યુલર ફરતો કરાયો છે એટલે કે હવે આ યોજનાનો વિધિવત અમલ શરૂ કરાયો છે. નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના શરૂ કરવાને લઈ સર્ક્યુલર જાહેર કરાયો છે. યોજના મુજબ વિદ્યાર્થીનીઓના માતાના એકાઉન્ટમાં સ્કોલરશિપ જમા થશે. જે અંતર્ગત સ્કોલરશીપ વિદ્યા સમીક્ષા કેન્દ્રના સીટીએસ ઉપર રજીસ્ટ્રેશન કરવા સૂચના આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓ ધોરણ ૯ થી ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે હેતુથી કન્યાઓ માટે નમો લક્ષ્મી યોજના શરૂ કરવામાં આવી છે. ધોરણ ૯થી ૧૨ નો અભ્યાસ પૂર્ણ કરનારી દરેક કન્યાને નમો લક્ષ્મી યોજના અંતર્ગત રૂ. ૫૦,૦૦૦ની નાણાકીય સહાય ચૂકવવામાં આવશે. આ યોજનાનો લાભ રાજ્યની થશે. નમો લક્ષ્મી યોજના માટે ગુજરાત બજેટ ૨૦૨૪-૨૫માં અંદાજિત રૂ.૧૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪-૨૫થી ધોરણ ૧૧-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા વિજ્ઞાન સાધના યોજના શરૂ કરવામાં આવી રહી છે. વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષા ૫૦%થી વધુ ગુણ સાથે પાસ કરનાર વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સંલગ્ન શાળાઓ અને કેન્દ્રીય કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજનાના કારણે દર વર્ષે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા અંદાજે ૧૫ લાખ વિદ્યાર્થીઓને સીધા DBTથી નાણાકીય સહાયનો લાભ મળશે. આ યોજનાના આરંભની સાથે જ્ઞાનસેતુ મેરિટ સ્કૉલરશીપ, જ્ઞાનસાધના મેરિટ સ્કૉલરશિપ, જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઑફ એક્સલન્સ અને રક્ષાશક્તિ સ્કૂલ્સ હેઠળ ૬૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને અંદાજિત રૂ. ૬૧ કરોડના લાભોનું વિતરણ કરવામાં આવશે.

### રાજ્યમાં બેવડી ઋતુનો અનભવ

# હીટવેવની આગાહી વચ્ચે પારો ૪૩ ડિગ્રીને પાર : અનેક સ્થળોએ ભારે પવન સાથે વરસાદ

● અમદાવાદ અને ડીસામાં ૪૩.૬ ડિગ્રી તાપમાન ● અમરેલી, કચ્છ, જામનગર અને સિદ્ધપુરમાં વરસાદી માહોલ






અમદાવાદ, તા.૧૬

રાજ્યમાં 'મે' મહિનો એટલે આકરી ગરમીનો મહિનો. જો કે વાતાવરણમાં પલટો આવતા છેલ્લા ચાર દિવસથી કેટલાક સ્થળોએ વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે તો ક્યાંક તીવ્ર ગરમી પણ પડી રહી છે.

છેલ્લા ચાર-પાંચ દિવસથી રાજ્યમાં મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. છેલ્લા ચાર દિવસથી રાજ્યમાં છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા હાલ પણ રાજ્યના કેટલાક વિસ્તારોમાં હીટવેવની આગાહી કરી છે તો કેટલાક વિસ્તારોમાં હજી પણ કમોસમી વરસાદ વરસવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આજે સતત ચોથા દિવસે અમરેલી અને કચ્છ જિલ્લામાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો છે.

અમરેલી જિલ્લામાં ખાંભા શહેર અને આસપાસનાં ગામડાંમાં બપોરના સમયે મિની વાવાઝોડા જેવી સ્થિતિ જોવા મળી હતી. ભારે પવન સાથે વરસાદ વરસતાં રસ્તાઓ પાણી પાણી થયા હતા. છેલ્લા ચાર દિવસથી જિલ્લામાં છૂટોછવાયો વરસાદ થતા ખેડૂતોની ચિંતા વધી છે જ્યારે કચ્છમાં સતત ચોથા દિવસે કમોસમી વરસાદનો દર યથાવત્ રહેવા પામ્યો છે. આજે દિવસભરની સખત ગરમી બાદ સાંજના ચાર વાગ્યા બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને હળવાથી ભારે વરસાદી ઝાપટાં પડ્યાં હતાં. જિલ્લાના ભચાઉ, અંજાર, નખત્રાણા, માંડવી અને મુન્દ્રા તાલુકામાં જોરદાર પવન સાથે કમોસમી વરસાદ પડ્યો હતો. ભચાઉ નગરમાં તેજ પવન અને ભયાનક ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં વરસતાં માર્ગો પર પાણી વહી નીકળ્યાં હતાં. તાલુકાના દૂધઈપટ્ટીના શિકરા, આંબરડી, કુંભારડી અને મોરગરમાં ભારે વરસાદનાં ઝાપટાં વરસ્યાં હતાં. કમોસમી વરસાદના કારણે વરિયાળી, અજમો અને રજકો સહિતના પાકોમાં વ્યાપક નુકસાની થઈ હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. પશ્ચિમ કચ્છના નખત્રાણા અને તાલુકામાં પણ કમોસમી વરસાદ પડ્યો હતો. મોન્સૂનામાં કરાં સાથે વરસાદ પડ્યો હતો. માંડવી તાલુકાના ગઢશીશા ગામે ધોધમાર વરસાદ વરસતાં અંદાજિત અડધોથી પોણો ઈંચ પડી ગયો હતો. વરસાદના પગલે ગામની ગલીઓમાં પાણી ભરાઈ જતાં હાલાકી ઊભી થઇ હતી ત્યારે જામનગર જિલ્લાના ધ્રોલ અને લાલપુર તાલુકામાં કમોસમી વરસાદ વરસ્યો હતો. ધ્રોલ પંથકના લતીપર, ફલ્લા, જાયવા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસ્યો તો લાલપુરમાં પણ વરસાદી માહોલ છવાયો હતો.

ઉત્તર ગુજરાતમાં સિદ્ધપુરના વાતાવરણમાં એકાએક પલટો જોવા મળ્યો હતો. સિદ્ધપુર શહેરમાં ભારે પવન બાદ ધીમી ધારે વરસાદ પાડવાનો શરૂ થયો હતો. આજુબાજુનાં ગામોમાં પણ કમોસમી વરસાદ પડ્યો. સિદ્ધપુર શહેરમાં પણ ભારે પવન ફૂંકાતાં ધૂળની ડમરીઓ ઊડી હતી. શહેરમાં પણ વરસાદી છાંટાં પડ્યાં છે અને ભરઉનાળે ચોમાસા જેવો માહોલ જોવા મળી રહ્યો છે. પાટણ જિલ્લામાં સવારથી જ વાતાવરણમાં અસહ્ય ઉકળાટ જોવા મળ્યો હતો.

હવામાન વિભાગ દ્વારા આગામી ૩ દિવસ માટે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લામાં હીટવેવની આગાહી કરી છે. આ ઉપરાંત આજે સમગ્ર ગુજરાત રાજ્યમાં ગાજવીજ સાથે વીજળીના ચમકારા અને વરસાદી છાંટાં વરસી શકે છે.

### આશ્ચર્યચક્તિ કરી દે તેવો અકસ્માત

# ડીસા-રાધનપુર હાઈવે પર 'ઈકો'માં આખલો ઘૂસી જતાં આખલાનું મોત : ચાલકની ગંભીર સ્થિતિ



અમદાવાદ,તા.૧૬

રાજ્યમાં અનેકવાર રખડતા ઢોરનો ત્રાસ સામે આવ્યો છે જેને લઈને અકસ્માત પણ સર્જાય છે. જો કે ડીસા-રાધનપુર હાઈવે પર એક એવો અકસ્માત સામે આવ્યો છે. જેણે સૌને ચોંકાવી દીધા છે. અકસ્માતની વાત કરીએ તો બનાસકાંઠા ડીસા-રાધનપુર હાઈવે પર દોડી રહેલી ચાલુ ઈકો કારમાં આગળથી આખલો ઘૂસી જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં આખલાનું મોત થયું હતું તો ઈકો કારના ચાલકને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. અકસ્માતના દશ્યો જોઈ રાહદારીઓ પણ આશ્ચર્યમાં મુકાયા હતા. બનાસકાંઠા જિલ્લાના ડીસા-રાધનપુર હાઈવે પર શિહોર નજીકથી આજે એક ઈકો કાર પસાર થઈ રહી હતી. ત્યારે જ સામેની તરફથી એક આખલો દોડતો દોડતો અચાનક આવીચડયો હતો અને કૂદકો લગાવી ઈકોની અંદર ઘૂસી ગયો હતો. વિચિત્ર અકસ્માતના કારણે ઈકોનું ફીડલું થઈ ગયું હતું. ઈકો કારના આગળના ભાગે જ આખલો ટકરાઈને અંદર ઘૂસી જતાં ડ્રાઈવર કારની અંદર દબાઈ જતા ગંભીર ઈજા પહોંચી હતી. જેને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે પાટણના ધારપુર સિવિલમાં ખસેડવામાં આવ્યો છે. જયારે આખલાને ગંભીર ઈજા થતા ઈકોમાં જ મોત થયું હતું. ઈકો કાર અને આખલા વચ્ચે સર્જાયેલા અકસ્માતના પગલે નેશનલ હાઈવે પર લોકોના ટોળા ઉમટયા હતા. જે રીતે અકસ્માત સર્જાયો હતો તેના દશ્યો જોઈ લોકો પણ આશ્ચર્યમાં મુકાયા હતા.

# માવઠાએ શાકભાજીની ખેતી કરતા ખેડૂતોની દશા બગાડી

## અમદાવાદ APMC માર્કેટમાં બટાકા ૨૦ રૂપિયા પ્રતિ કિલો, ડુંગળી ૨૧ રૂપિયા પ્રતિ કિલો

અમદાવાદ, તા.૧૬

હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. જેના લીધે ચોમાસા જેવી પરિસ્થિતિ સર્જાતા વાતાવરણમાં ગરમીનું પ્રમાણ ઘટ્યું હતું. જેની સીધી અસર શાકભાજીના ભાવ પર જોવા મળી છે. આજે અમદાવાદના APMC માર્કેટમાં શાકભાજીની આવકમાં વધારો થતા તેના ભાવમાં ઘટાડો નોંધાયો હતો.

સામાન્ય રીતે ઉનાળામાં શાકભાજીના ભાવ વધી જતા હોય છે કારણ કે, ગરમીના લીધે શાકભાજી ઝડપથી બગડી જાય છે. તથા તેની ખેતી કરવા માટે પણ પૂરતા પ્રમાણમાં પાણીની જરૂર પડે છે. પરંતુ જો યોગ્ય કાળજી રાખવામાં ન આવે તો શાકભાજીના છોડ અને વેલા સૂકાઈ જાય છે. જેના લીધે શાકભાજીના ભાવમાં વધારો થતો હોય છે. પરંતુ હાલ હવામાનમાં થતા ફેરફારને લીધે ગુજરાત અને તેની આસપાસના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો હતો.

આમ વાતાવરણમાં ગરમીનું પ્રમાણ ઘટ્યુ હતું. જેના લીધે આજે શાકભાજીના ભાવમાં ૨ રૂપિયાથી લઈને ૧૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. જેમાં ટામેટા, આદુ, દૂધી, કાકડી, મેથી અને બીટના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. આ સાથે રીંગણ, ફૂલાવર, ચોળી, વટાણા, કારેલા, ગાજર, રતાળુ, પરવર, ગિલોડા, રવૈયા વગેરે શાકભાજી પણ સસ્તા બન્યા છે.

અમદાવાદ APMC માર્કેટમાં શાકભાજીના ભાવની વાત કરીએ તો બટાકા ૨૦ રૂપિયા પ્રતિ કિલો, ડુંગળી ૨૧ રૂપિયા પ્રતિ કિલો, રીંગણ ૧૨ રૂપિયા પ્રતિ કિલો, કોબીજ ૧૨ રૂપિયા પ્રતિ કિલો, ફૂલાવર ૨૫ રૂપિયા પ્રતિ કિલો, વાલોર ૬૦ રૂપિયા પ્રતિ કિલો, ટામેટા ૧૩ રૂપિયા પ્રતિ કિલો, ચોળી ૬૦ રૂપિયા પ્રતિ કિલો, મરચા ૨૫ રૂપિયા પ્રતિ કિલો તથા લીંબુ ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો ભાવ નોંધાયો છે. જ્યારે આદુ ૧૧૦ રૂપિયા પ્રતિ કિલો, દૂધી ૧૨ રૂપિયા પ્રતિ કિલો, વટાણા ૭૦ રૂપિયા પ્રતિ કિલો, ભીંડા ૪૫ રૂપિયા પ્રતિ કિલો, કાકડી ૩૦ રૂપિયા પ્રતિ કિલો, કારેલા ૪૫ રૂપિયા પ્રતિ કિલો, ગુવાર ૩૫ રૂપિયા પ્રતિ કિલો, મેથી ૫૦ રૂપિયા પ્રતિ કિલો, કોથમીર ૨૫ રૂપિયા પ્રતિ કિલો, ફૂદીનો ૨૦ રૂપિયા પ્રતિ કિલો, ગાજર ૨૦ રૂપિયા પ્રતિ કિલો અને સૂકું લસણ ૨૧૦ રૂપિયા પ્રતિ કિલો ભાવ નોંધાયો છે. આ સિવાય રતાળુ ૬૦ રૂપિયા પ્રતિ કિલો, સુરણ ૮૦ રૂપિયા પ્રતિ કિલો, સરગવો ૨૫ રૂપિયા પ્રતિ કિલો, પરવર ૩૦ રૂપિયા પ્રતિ કિલો, ગિલોડા ૫૦ રૂપિયા પ્રતિ કિલો, તુરિયા ૩૫ રૂપિયા પ્રતિ કિલો, ગલકા ૧૦ રૂપિયા પ્રતિ કિલો, બીટ ૧૨ રૂપિયા પ્રતિ કિલો અને રવૈયા ૨૮ રૂપિયા પ્રતિ કિલો ભાવ નોંધાયો છે. શાકભાજી માર્કેટના વેપારીઓએ જણાવ્યું હતું કે, ત્રણ દિવસ પહેલાના ભાવની સરખામણીમાં આજે શાકભાજીના ભાવમાં ૨ રૂપિયાથી લઈને ૧૫ રૂપિયા સુધીનો ઘટાડો નોંધાયો છે.

# યુવતી અને તેના સાસરિયાઓને રક્ષણ આપવા બાબતે ચાર દિવસમાં નિર્ણય લેવા માટે હાઈકોર્ટે પોલીસને આપ્યો આદેશ

## પિયરના લોકોને સ્થાનિક રાજકારણીનો ટેકો હોવાનો યુવતીનો આક્ષેપ

અમદાવાદ, તા.૧૬

ગુજરાત હાઈકોર્ટમાં શહેરની એક યુવતી દ્વારા જોઈએ. કેસની વિગતો મુજબ યુવતીએ પોતાના પરિવાર વિરુદ્ધ જઈને એપ્રિલ

## રજૂઆત છતાં પોલીસે રક્ષણ નહીં આપ્યાનો યુવતીએ કર્યો ખુલાસો

અરજી કરાઈ હતી તેમાં યુવતી અને તેના સાસરિયાઓએ પિયર પક્ષ સામે પોલીસ રક્ષણ માંગ્યું હતું. અરજીમાં જણાવ્યું હતું કે, તેણીએ તેના માતા-પિતાની મરજી વિરુદ્ધ અલગ જ્ઞાતિમાં લગ્ન કર્યા હોવાથી તેના પિતા તેના અને તેના પતિ તેમજ સાસરિયાઓ ઉપર હુમલો કરી શકે છે. આથી તેઓને પોલીસ રક્ષણ મળવું મહિનામાં લગ્ન કર્યા હતા. હવે તે પોતાના પતિ સાથે સાસરિયામાં રહે છે. યુવતી અને તેના પતિના સંબંધના પહેલેથી જ યુવતીના પિયરના લોકો વિરોધી હતા. યુવતીએ આક્ષેપ કર્યો હતો કે, તેના પિયરના લોકોને સ્થાનિક રાજકારણીનો સપોર્ટ છે. યુવતીના સંબંધી અરજદારો પૈકી એક અરજદાર ઉપર હુમલો પણ થયો હતો. તે બાબતે સર્ટિફિકેટ કોર્ટ સમક્ષ રજૂ કરાયું હતું. પોલીસ સમક્ષ રજૂઆત કરી હોવા છતાં પોલીસે રક્ષણ નહીં આપ્યું હોવાનું યુવતી દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો.

આ અરજીની સુનાવણી જસ્ટિસ નિશા ઠાકોરની સમક્ષ ચાલી જતાં સરકાર પક્ષ તરફથી કોર્ટને જણાવાયું હતું કે, યુવતીએ કૃષ્ણનગર પોલીસ મથકે રક્ષણ માટે અરજી આપી હતી. જે મુદ્દે પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. પોલીસે રક્ષણ આપવા અરજદારની અરજી ઉપર વિચાર કરાયો હતો. જો કે, યુવતી અને તેના સાસરિયાઓને રક્ષણ આપવા કોર્ટે પોલીસ કમિશનરને ચાર દિવસમાં નિર્ણય લેવા હાઈકોર્ટે જણાવ્યું હતું.

### ધો.૧૦-૧૨ના પરિણામ બાદ એન્જિનિયરિંગમાં પ્રવેશ શરૂ

# ડિપ્લોમાની ૬૮ હજાર બેઠકો માટે ૧૩ જૂન સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકાશે

અમદાવાદ, તા.૧૬

ધોરણ ૧૦ અને ૧૨નું પરિણામ જાહેર થઈ ગયું છે દર વર્ષ કરતા આ વર્ષે પરિણામ ઉંચુ આવ્યું છે જેની અસર આગામી અભ્યાસ ક્રમોના એડમીશન પર જોવા મળશે ત્યારે ધોરણ ૧૦ બાદ ધોરણ ૧૧ અને ડીપ્લોમામાં આ વર્ષે માટે વિદ્યાર્થીઓનો ઘસારો રહેશે તેવું લાગી રહ્યું છે. કારણ કે આ વર્ષે વધુ પરિણામ આવ્યું છે. જેથી ધોરણ ૧૦ બાદ એન્જિનિયરિંગ લાઈનમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ ડિપ્લોમા એન્જિનિયરિંગમાં પ્રવેશ લઈ શકશે. આ વર્ષે વધુ પરિણામન કારણે ૬૮ હજારમાંથી ૫૮ હજાર બેઠક ભરાવાની શક્યતા છે. ડિપ્લોમા એન્જિનિયરિંગ માટેની એડમિશન કમિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જે માટે વિદ્યાર્થીઓ આગામી ૧૩ જૂન સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. રજિસ્ટ્રેશન માટે એસીપીડીના મેમ્બર સેક્રેટરીના જણાવ્યા અનુસાર ડિપ્લોમા એન્જિનિયરિંગ માટે કુલ ૬૮ હજાર બેઠક પર પ્રવેશ માટે ૧૦૭ જેટલી સેલ્ફ ફાયનાન્સ, ૫ ગ્રાન્ટેડ અને ૩૧ જેટલી સરકારી પોલીટેકનીક એન્જિનિયરિંગ કોલેજો છે. ડિપ્લોમા પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા માટે કેવી રીતે રજીસ્ટ્રેશન કરવું. તેની તમામ વિગતો એડમીશન કમિટી પ્રોફેશનલ કોર્સીસ ACPDCની વેબસાઈટ પર મુકવામાં આવી છે. ડિપ્લોમા પ્રવેશ માટે રજિસ્ટ્રેશન દરમિયાન જરુરી યુ ડાયસ નંબર જે તે વિદ્યાર્થીના સ્કૂલ લીવિંગ સર્ટીફીકેટમાં ૧૮ અંકનો નંબર લખવો જરુરી છે. ધોરણ ૧૦નું પરિણામ આ વખતે ઉંચુ આવ્યું છે. જેના કારણે પ્રવેશ પ્રક્રિયામાં મેરીટ પણ ઉંચુ જશે. જો કે આ વખતે પણ ૭૫ ટકા બેઠકો ભરાય તેવી શક્યતા સેવાઇ રહી છે. ગત વર્ષે ધોરણ ૧૦નું ૬૨ ટકા પરિણામ જાહેર થયું હતું. તેની સામે આ વખતે ૮૨ ટકા પરિણામ જાહેર થયું છે. આ ઉપરાંત પૂરક પરીક્ષા બાદ પણ વિદ્યાર્થીઓ ડિપ્લોમા એન્જિનિયરિંગ તરફ આવતા હોય છે. તેને જોતા આ વખતે ૬૮ હજારમાંથી ૫૮ હજાર બેઠકો પર વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તો બાકીની ૧૦ હજાર બેઠકો ખાલી રહે તેવી શક્યતા છે. ગત વર્ષે ૧૫ હજારથી વધુ બેઠકો ખાલી રહી હતી.

# રાજ્યના ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા તા.૨૪મી જૂનથી લેવાશે

● શિક્ષણ બોર્ડે પૂરક પરીક્ષા માટેની તારીખ જાહેર કરી ● ધોરણ-૧૦ અને ૧૨ના બે લાખ કરતા વધુ વિદ્યાર્થી પૂરક પરીક્ષા માટે લાયક

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પુરક પરીક્ષાની તારીખ જાહેર કરી છે. જે અનુસાર, રાજ્યમાં ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા ૨૪ જૂનના રોજ લેવામાં આવશે. આ વખતે રાજ્યના ૨ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે લાયક બન્યા છે. આ ઉપરાંત ધોરણ-૧૨ સાયન્સના પણ કેટલાક પાસ થયેલા વિદ્યાર્થીઓ પરિણામ સુધારવા માટે પુરક પરીક્ષામાં ઉપસ્થિત રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ માસમાં લેવામાં આવતી ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પુર્ણ થયા બાદ દરવર્ષે જુલાઈ માસમાં પુરક પરીક્ષા લેવામાં આવતી હોય છે. પરંતુ ચાલુ વર્ષે પુરક પરીક્ષામાં ધરખમ ફેરફાર કરાતા પરીક્ષા વહેલી યોજવાનું નક્કી કરાયું છે. ધોરણ-૧૦માં બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓના બદલે હવે ૩ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવાશે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓના બદલે ૨ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવાશે.

જ્યારે ધોરણ-૧૨ સાયન્સમાં અત્યાર સુધી ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવાતી હતી, તેના બદલે આ વખતે ગમે તેટલા વિષયમાં નાપાસ હોય તેમની પુરક પરીક્ષા લેવાશે. ઉપરાંત માર્ચની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ જો પોતાનું પરિણામ સુધારવા માંગતા હોય તો તેઓ પણ પુરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકે તેવો પણ નિર્ણય લેવાયો હતો. દરમિયાન શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, ધોરણ-૧૨ સાયન્સની પુરક પરીક્ષા ૨૪ જૂનના રોજથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. જોકે, બોર્ડ દ્વારા પરીક્ષા અંગેનો વિગતવાર કાર્યક્રમ હજુ જાહેર કર્યો નથી, પરંતુ આગામી દિવસોમાં બોર્ડ દ્વારા પરીક્ષા અંગેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવશે. આ વખતે રાજ્યના ૨ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે લાયક બન્યા છે. જેમાં ધોરણ-૧૦ના૧.૫૬ લાખ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે લાયક બન્યા છે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૨ વિષયમાં નાપાસ ૨૫ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે લાયક બન્યા છે. જ્યારે ધોરણ-૧૨ સાયન્સમાં ગમે તેટલા વિષયમાં નાપાસ વિદ્યાર્થી પુરક પરીક્ષા આપી શકે છે. જેથી સાયન્સમાં કુલ ૧૯ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે લાયક છે.

# જ્ઞાન સહાયકની સમીક્ષાના પ્રમાણપત્ર ૧૮મી સુધીમાં સ્કૂલોને આપવા તાકીદ

## પ્રમાણપત્ર રજૂ નહીં કરે તો સ્કૂલોને જ્ઞાન સહાયકના કરાર રિન્યુ કરાશે નહીં

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૧૬

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂંક પામેલા જ્ઞાન સહાયકોનો કરાર ૮ મેના રોજ પુર્ણ થયો છે. ત્યારે નવા શૈક્ષણિક વર્ષમાં પ્રથમ દિવસે જ જ્ઞાન સહાયકો મળી રહે તે માટે હાલના જ્ઞાન સહાયકોની કામગીરીની સમીક્ષા કરી તેમના કરાર ૧૧ માસ માટે રિન્યુ કરવાનું નક્કી કરાયું છે. આ માટે સ્કૂલ મેનેજમેન્ટને ૧૫ મે સુધીમાં જ્ઞાન સહાયકોની કામગીરીની સમીક્ષા કરી સંતોષકારક કામગીરી હોય તો તે અંગેનું પ્રમાણપત્ર આપવાનું નક્કી કરાયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, જ્ઞાન સહાયક યોજના અંતર્ગત માધ્યમિક શાળાઓમાં તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂંક મેળવેલા જ્ઞાનસહાયકોનો કરાર ૮ મે સુધી કરવામાં આવ્યા હતા. દરમિયાન, જ્ઞાનસહાયકોના કરારની મુદત પૂર્ણ થઈ હોવાથી જ્ઞાનસહાયકની કામગીરીની સમીક્ષા બાદ કરાર રિન્યુ કરવા સંદર્ભે શાળાઓને સુચના આપવામાં આવી હતી. સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં દ્વિતીય સત્ર શરૂ થયેથી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય સૂચારુરૂપે ચાલી શકે અને નવું સત્ર શરૂ થયેથી વેકેશન ખુલ્યાના પ્રથમ દિવસથી જ જ્ઞાન સહાયક ઉપલબ્ધ થઈ શકે તે હેતુસર ૧૧ માસના સમયગાળા સુધી જ્ઞાનસહાયકોના કરાર રીન્યુ કરવા અંગેની કામગીરી હાથ ધરવા જણઆવાયું હતું. જ્ઞાનસહાયક કરાર પૂર્ણ થતા SMDC- શાળા સંચાલક મંડળ દ્વારા તેઓએ કરેલી કામગીરીની સમીક્ષા પૂર્ણ કરવા જણાવાયું હતું. સમીક્ષા બાદ જ્ઞાનસહાયકની કામગીરી સંતોષકારક જણાય તો તે બદલનું પ્રમાણપત્ર જ્ઞાનસહાયકને આપવા પણ સુચના અપાઈ હતી. જેથી હવે અમદાવાદ શહેર DEO દ્વારા સ્કૂલોને પત્ર લખી જ્ઞાન સહાયકની સંતોષકારક કામગીરીના પ્રમાણપત્ર ૧૭ અને ૧૮ મેના રોજ કચેરી ખાતે ફરજિયાત જમા કરાવવા માટે તાકીદ કરી છે. જો, સ્કૂલો દ્વારા સમયમર્યાદામાં પ્રમાણપત્ર રજૂ નહીં કરવામાં આવે તો જ્ઞાન સહાયક રિન્યુ કરવામાં નહીં આવે તેમ પણ જણાવાયુંછે.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - 33/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS